# ચિત્ત પ્રમાર્જન

યાને

# અન્તઃકરણ શુદ્ધિ

[તથા અતિમનનીય પ્રકીર્ણક સંગ્રહ]

卐


* લેખક *

પરમ પૂજ્યપાદ આચાર્ય

શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ. સા.

ચરણચંચરીક કલ્યાણસાગર


卐


* પ્રકાશક *

શ્રી સીમંધરસ્વામિ • જૈન જ્ઞાનમંદિર

મહેસાણા

ગુજરાત

# ચિત્ત પ્રમાર્જન
## યાને
# અન્તઃકરણ શુદ્ધિ

[તથા અતિમનનીય પ્રકીર્ણક સંગ્રહ]

卐

* લેખક *

પરમ પૂજ્યપાદ આચાર્ય

શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ. સા.

ચરણચંચરીક કલ્યાણસાગર

卐

* પ્રકાશક *

શ્રી સીમંધરસ્વામિ જૈન જ્ઞાનમંદિર

મહેસાણા

ગુજરાત

વીર સંવત ૨૫૦૪
વિક્રમ સંવત ૨૦૩૪
સને ૧૯૭૮

જામળા નિવાસી પટવા ભોગીલાલ
એમચંદના કુટુંબીજનો, સ્નેહીજનો
તરફથી સમ્યગ્ બોધાર્થે
સાદર અર્પણ.

મુદ્રક :—
પેજ નંબર ૭૩ થી ૨૪૪ સુધી
શ્રી બહાદુરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ,
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

# પ્રસ્તાવના

પરમ પૂજ્ય આચાર્યશ્રી કલ્યાણસાગરસૂરિશ્વરજી મ. સા.ના ઉંડાણુના ચિંતન મનન અને પરિશીલનના પરિપાકરૂપે પૂજ્ય આચાર્યશ્રીના શુભ હસ્તે લખાયેલ આ ગ્રન્થ (પુસ્તક) કદમાં ભલે લઘુ હોય, પરંતુ ઝોલા ખાતી પ્રાણિમાત્રની જીવનનૌકા માટે દીવાદાંડીની જેમ આશીર્વાદરૂપ બનીને રહેશે.

આ નાનકડા ગ્રંથમાં "ચિત્તપ્રમાર્જન અને તેના અન્તર્ગત અઢાર પેટા વિષયો," "ઈક્કોવિ નમુક્કારો" "નિગોદ નરકાદિનું સ્વરૂપ અને તેની વેદના" "પૃથ્વી ચતુષ્કના જીવોની સંખ્યાનું પ્રમાણ" "વનસ્પતિનું સ્વરૂપ" "માનવ દેહનું મૂલ્યાંકન" "ભવવૈરાગ્ય શતક સાર્થ" "ધર્મારાધન અને નવકારવાળીનું ફળ" "શ્રી સીમન્ધરસ્વામિજી અંગે કિંચિત્ સમીક્ષા," "જિનેન્દ્ર દર્શન પૂજન વિધિ" "શ્રી નમસ્કાર મહાત્મય" "કષાય ચતુષ્કના નિગ્રહનો ઉપાય" "સ્તુતિ, સ્તવન કાયોત્સર્ગની સમીક્ષા" "યાન્ત્રિક વ્યાપાર" "પંચ પરમેષ્ઠિ ભગવંતોનો આદર કે અનાદર" "કંબળ ઓઢવાનો ઉદ્દેશ" "પૂજ્ય ગુરુમહારાજનો વિનય" "વાણીનો અવિવેક" "માતાપિતાની પ્રાથમિક ભુમિકા અને તેના નિયમો" "થોભો વાંચો અને વિચારો" "રોગોત્પત્તિનું મૂળ" "સાંવત્સરિક મહાપર્વની સમાલોચના" "જૈનોની જીવદયા" "અષ્ટકર્મ બન્ધન તથા તેનું ફળ" "પૂ. આગમોદ્ધારકશ્રીનાં

પ્રવચનોમાંથી ચન્દવા પૂંઠીયા આદિ વિષયક અવતરણો।" "પત્રસદ્ઉપદેશ" "વંદન વિવેચન" "આવશ્યક ક્રિયાનું વિહંગાવલોકન" અને "ધર્મારાધન પ્રસંગે લાચારી" જેવાં દૈનિક જીવને સ્પર્શતા અનેક વિષયો આવરી લેવામાં આવ્યા છે. હું એ જ વિષયો, અને કેટલાંક સ્થળે લેખકશ્રીનાં મૂળ શબ્દોનો જ પ્રયોગ કરી બે શબ્દો લખવાનો દુઃસાહસ કરી અનધિકાર ચેષ્ટા કરી રહ્યો છું સુજ્ઞમહાશયો ક્ષન્તવ્ય ગણશે.

પ્રભુ પૂજન સેવા ભક્તિ, તપ, આરાધના, જિનેશ્વરદેવની આશાતના, માતાપિતાની ભૂમિકા આદિ અનેક માર્મિક વિષયોની તલસ્પર્શી ચર્ચા કરી બાળજીવોને બોધ પમાડવા જે પ્રયાસ કર્યો છે, તે ખૂબ જ સ્તુત્ય છે. બાળજીવો ઉપર મહાઉપકારક નિવડશે એ નિઃશંક છે.

આમ તો પૂજ્ય મહારાજશ્રીએ પ્રત્યેક વિષયો ઉપર વેધક દૃષ્ટિએ પાથરેલ હોવા છતાં 'ચિત્ત પ્રમાર્જન' પ્રકરણ 'શ્રી સીમન્ધરસ્વામિ જિન અંગે સમીક્ષા' 'ચતુર્ગતિક દુઃખનું તાદૃશ્ય'' માતાપિતાની પ્રાથમિક ભૂમિકા' 'રોગોત્પત્તિનું મૂળ' 'સાંવત્સરિક મહાપર્વ'' જૈનોની જીવદયા' આદિ વિષયો ઉપર તો હદ કરી દીધી છે. આત્મામાં ઉંડે ઉંડે પણ ગુણનો આદર અને સત્યની પ્રીતિ હોય તો, એ આત્માઓ ઉપર આ ગ્રન્થ મહા ઉપકાર કરશે કરશે અને કરશે એવું મને ભાસે છે.

પૂજ્ય આચાર્ય ભગવંતે શ્રી જિનેન્દ્રપૂજાનો મહિમા અને અષ્ટપ્રકારી પૂજાનો વિધિ સંક્ષેપમાં પણ પદ્ધતિસર ખૂબ

જ સુન્દર શૈલીમાં સમજાવેલ છે, એ ઉક્તવિધિએ પૂજા કરનાર શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજાનો વાસ્તવિક આનન્દ માણી શકે.

લેખક મહાશય સ્વયં પરમ તારક શ્રી સીમન્ધરસ્વામિજી પરમાત્માનાં ભવોભવ પરમ આરાધક બને, અને સમગ્ર વિશ્વ (પ્રાણિમાત્ર) પરમ આરાધક બને એવી પ્રબળ ભાવનાથી પ્રેરાઈ આચાર્યશ્રી મહાવિરાયકાય મણિમય જિન બિમ્બોથી વિભુષિત અને જેમાં એકી સાથે અગણિત કોટાકોટિ પુણ્યવંત આરાધકો સદાકાળ જિનેન્દ્રભક્તિમાં લીન બની સ્વપરનું પરમશ્રેય સાધી શકે એવા અતિભવ્યાતિભવ્ય અલૌકિક જિનમન્દિરો ઠેર ઠેર નિર્માણ થાય એવી ભાવનાનું સ્પષ્ટ ચિત્ર તેઓશ્રીનાં લખાણ ઉપરથી ઉપસી આવે છે.

દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામિજી પરમાત્મા અંગેની સમીક્ષામાં મારા જેવા અનેક અબુધ જીવોને દેવાધિદેવના વાસ્તવિક સ્વરૂપનું ભાન અને જ્ઞાન કરાવી હૈયામાં દેવાધિદેવ પ્રત્યેની ઉત્કટ ભક્તિ જાગૃત કરવામાં મહાઉપકાર કર્યો છે.

ચિત્તપ્રમાર્જન પ્રકરણમાં તો, એકે એક વિષયોની એટલી વિશદરૂપે ચર્ચા કરી છે કે, એ ચર્ચા આત્માને સ્પર્શી જાય, તો ગમે તેવો મહાપાપાત્મા પરમ ધર્માત્મા બન્યા વિના રહે જ નહિ. વિરાધક આરાધક બની જાય, દુર્જન સજ્જન બની જાય, દાનવ માનવ બની જાય, અધમાધમ ઉત્તમોત્તમ બની જાય, શઠ સન્ત બની જાય, મારક તારક બની જાય, કથીર જેવો આત્મા કંચન જેવો બની જાય, ભોગી યોગી બની જાય, રોગી નિરોગી બની જાય, અજ્ઞાની જ્ઞાની બની

જાય, પૂજક પૂજ્ય બની જાય, અને સેવક સેવ્ય બની જાય, એવો મારો દૃઢ આત્મવિશ્વાસ છે.

જિનાજ્ઞાની અખંડ આરાધનાનાં વર્ણનમાં તો એવી કલ્પનાતીત હદ કરી છે કે જિનાજ્ઞાની આરાધના એ જ તન, મન, ધન, જીવન, માતા, પિતા; ભ્રાતા, ત્રાતા, કાયા, માયા (મૂડી), છાયા, ઋદ્ધિ, સિદ્ધિ; સમૃદ્ધિ, મતિ, ગતિ, આત્મા અને મોક્ષ ' અર્થાત્ જિનાજ્ઞા એ જ સર્વસ્વ એ ઉપરથી સહુ કોઈ જાણી શકે કે પૂજ્ય ગુરુમહારાજને જિનાજ્ઞામાં કેવી કલ્પનાતીત અતૂટ શ્રદ્ધા છે.

જીહ્‌વેન્દ્રિયના મહાપાપને પણ ખૂબ જ વિશદરૂપે તર્કપૂર્ણ દૃષ્ટાન્તો આપીને સચોટ રીતે સમજાવેલ છે.

અનન્તાનન્ત પરમતારક તીર્થંકર પરમાત્માને કઇ કોટીએ વંદન નમસ્કાર થવા જોઇએ તેનું ખૂબ જ તલસ્પર્શી વિવેચન ' ઈક્કો વિ નમુક્કારોમાં જણાવેલ છે એ કોટીએ (પ્રકારે) વંદન નમસ્કાર થતાં રહે, તો મોહ, અજ્ઞાન અને મરણનું મરણ નિકટના ભવિષ્યમાં થયું જ સમજો.

માતાપિતાની ભૂમિકામાં કરેલ તલસ્પર્શી વિવેચનનો સંપૂર્ણ બોધ ન હોય તેવા આત્માઓને ત્યાં સુધી માતા પિતા બનવાનો અધિકાર જ નથી અને એ બોધ વિના માતા પિતા બન્યાં કે બનતાં હોઇએ તો એ માતાપિતાઓ સન્તાનોનો મહાભયંકર દ્રોહ કરી રહ્યા છે એમ સમજવું.

રોગોત્પત્તિનું મૂળ અને બુદ્ધિભ્રષ્ટતા ઉપર પણ ખૂબ માર્મિક હૃદયગંમ વિવેચન કર્યું છે.

સાંવત્સરિક મહાપર્વ અંગે સમીક્ષા કરીને પૂજ્ય મહારાજશ્રીએ ૪૦-૪૨ વર્ષથી ઉકળતા ચરુ જેવા પ્રશ્નને સદાને માટે શાન્ત પ્રશાન્ત કરવા માટે આક્ષેપાત્મક ભાષા પ્રયોગ વિના મૌલિક સિદ્ધાન્ત પૂર્ણ રૂપે જળવાય રહે તે લક્ષ્યાંક રાખીને સુન્દરતમ માર્ગદર્શન આપ્યું છે. આ મૌલિક ઉપાય પૂજ્ય સકળ જૈન શ્રી સંઘ અપનાવે આચરે, તો પૂજ્ય જિનશાસનમાં પરમ આનંદ પ્રમોદ પ્રવર્તે.

જીવદયા કોની કરવી એ અંગે જૈનોની જીવદયા એ શિર્ષક તળે લખાયેલ લેખમાં ખૂબ સુન્દર પ્રકાશ પાડયો છે.

જ્ઞાનાવરણીય આદિ આઠે કર્મોનો બંધ તેમજ તેનાં શુભાશુભ વિપાકોથી જીવાત્માને સુખદુઃખના કેવા કેવા અનુભવો કરવાં પડે તેનું સ્વરૂપ સારી રીતે સમજાવ્યું છે.

આધુનિક ગતાનુગતિક રીતે અનન્ત પરમતારક શ્રી તીર્થંકર પરમાત્મા આદિ તારક મહાપુરુષોના ચિત્રોવાળા ભરાવાતા ચન્દ્રવા, પૂંઠીયા અંગે પરમપૂજ્યપાદ બહુશ્રુત આચાર્યશ્રી આગમોદ્ધારકશ્રીએ આશાતનાના મહાપાપથી બચાવવા કરેલ પ્રયાસ ખૂબ જ વેળાસરનો અને સ્તુત્ય છે. એ પ્રયાસને પૂ૦ લેખકશ્રી એ પુનરમુદ્રણ કરાવી પ્રસ્તુત પુસ્તકમાં સ્થાન આપ્યું તે લેખક મહાશયે અગમબુદ્ધિ વાપરી ખૂબજ ઉચિત કર્યું એમ કહું તો પણ અતિશયોક્તિ નહિ ગણાય.

પ્રસ્તુત પુસ્તક માટે મારા જેવો અબુધ, અજ્ઞાન આત્મા શું લખી શકે ? ક્યાં સિંધુ અને ક્યાં બિંદુ ? ક્યાં રજ અને ક્યાં ગજ ? ક્યાં કણ અને ક્યાં મણ ? અર્થાત્ આ

પુસ્તકને સમજવા જેટલી અલ્પ કોઠાસૂઝ મારામાં ન હોવા છતાં પૂજ્ય મહારાજશ્રીના શુભ સૂચનથી પુસ્તક વાંચીને બે શબ્દો લખવાની ધૃષ્ટતા કરી છે, તેને સુજ્ઞ વાચકો ક્ષન્તવ્ય ગણશે.

આહાર જેમ વધુ ને વધુ વાગોળાય તેમ તેની મધુરપ વધે છે. સુખડને જેમ ઘસીએ તેમ તેની સુવાસ ફેલાવે છે. આ પુસ્તક પણ ફરી ફરીને વાંચતા વાચકના જીવનમાં સદ્ગુણોની સુવાસ અને ઔદાર્ય ઓજસની અભિવૃદ્ધિ કરે છે.

આધુનિક નવલકથાની માફક તે સ્થૂલ રસને પીરસતું ન હોવાથી હાથમાં લીધા પછી સંપૂર્ણ પુસ્તક વાંચન થાય તેવું કદાચ ન પણ બને, પરંતુ વાચકના હાથમાં પુસ્તક આવતાં પ્રકરણે પ્રકરણે જિજ્ઞાસા વધે એ નિઃશંક છે. તેમાં રહેલી નવીનતાને લીધે જીવનના સર્વોત્તમ શિખરો તરફ લઈ જતી કેડી ઉપર આપણું ગમન થાય છે. તેથી જ આ પુસ્તક હાથમાં આવતા ધીમે ધીમે પણ સંપૂર્ણ વાંચ્યા વિના વાચકને સંતોષ નહિ થાય તેવો મારો દૃઢ આત્મ વિશ્વાસ છે.

તપ, ત્યાગ, ક્રિયા અનુષ્ઠાન, પૂજા, સેવા, ભક્તિ, સ્તુત આદિ ધર્મ આરાધનના શબ્દોથી આબાલવૃદ્ધ જૈન સંઘ પરિચિત હોવા છતાં આ બધી બાબતો માટે મહદંશે " જાણ્યું છતાં અજાણ્યું " જેવી પરિસ્થિતિ છે તેથી જાણે અજાણે આપણે અનેક આશાતનાના ભોગ બનતા હોઈએ છીએ, અને પરંપરાએ એના ફળસ્વરૂપે અનેક દુઃખોનો અનુભવ અનિચ્છાએ પણ કરવો પડે છે. પ્રસ્તુત પુસ્તકના સમગ્ર અંગો અજ્ઞાનરૂપ

અંધકારને દૂર કરવામાં સૂર્યસમાન પ્રકાશ પાથરનાર બનશે, જેથી અનેક પુણ્યવન્ત આત્માઓ આશાતનાદિના મહાપાપોથી બચીને મહાદુઃખોની પરંપરાથી મુક્તિ મેળવી શકશે.

આજે સમગ્ર જગત ત્રાહિમાં ત્રાહિમામ્ પોકારી રહયું છે. કોઇ જીવને કોઇ વાતે ચેન નથી આધિ ભૌતિક સામગ્રીની પ્રચુરતા હોવા છતાં આત્મશાંતિનો અંશમાત્ર છાંટો નથી. જગત આખું શાંતિની શોધમાં છે ત્યારે પ્રશ્ન થાય છે કે આ અશાંતિનું કારણ શું ? શાંતિ કયાં અને કેવી રીતે મળશે ?

આ બધા પ્રશ્નોના જવાબ આ પુસ્તકના જુદા જુદા અંગોમાં આડકતરી કે સિધી રીતે આવરી લેવામાં આવ્યો છે. પુસ્તક વાંચ્યા પછી શાંતિનો માર્ગ અવશ્ય મળશે એ માર્ગે જવાથી પરમ શાંતિનો અનુભવ થયા વિના રહેશે નહિ.

આ પુસ્તકનાં પ્રત્યેક અંગ સુવાસિત પુષ્પની ગરજ સારે છે. પૂજ્ય ગુરુદેવે આ પુષ્પોની સુંદર ગૂંથણી કરી એવી સુંદર માળા બનાવી છે, કે જે પુણ્યવન્ત આત્મકલ્યાણની પરમ ઉચ્ચતમ ભાવનાથી આ પુષ્પમાળને ધારણ કરી ધર્મારાધનામાં પરમરત બનશે તે પુણ્યવન્ત નિકટના ભવિષ્યમાં અનન્ત દુઃખમય જન્મ મરણના ફેરામાંથી સદાને માટે મુક્ત બની મોક્ષનાં પરમ અધિકારી બની શકશે. પ્રસ્તુત પુસ્તક માત્ર જૈન સંઘ માટે જ નહિ. પરન્તુ સમગ્ર વિશ્વ માટે પરમ ઉપકારક નિવડશે એવી દૃઢાત્મ શ્રદ્ધા છે.

આવા સુન્દર પુસ્તકની પ્રસ્તાવના લખવાનો અપૂર્વ મારા

જેવા પામર અજ્ઞને આપીને પૂજ્ય ગુરુદેવે મારા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. તેથી હું અહોધન્યતા અનુભવું છું. આ મહાઉપકારના ઋણથી હું કોઇ રીતે મુક્ત થઇ શકું તેમ નથી. આ મહાઉપકાર મારા માટે જીવનના અન્ત સુધી અવિસ્મરણીય બનીને રહેશે.

અન્તમાં હે તારક ગુરુદેવ ! આપનાં હાર્દિક આશીર્વાદ સદાકાળ મળતાં રહે એ અપેક્ષાએ લેખનના દુઃસાહસથી વિરમું છું.

શ્રી વીર સંવત ૨૫૦૪ નાં
શ્રાવણ વદી અષ્ટમી શનીવાર
ન્યૂ કલ્પતરુ સોસાયટી,
અમદાવાદ-૧૪

જયન્તીલાલ અમૃતલાલ મહેતા

# 卐 અનુક્રમણિકા 卐


| નંબર | નામ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧ | ચિત્ત પ્રમાર્જન યાને અન્તઃકરણ શુદ્ધિ | ૧ |
| ૨ | ઇક્કો વિ નમુક્કારો | ૨૭ |
| ૩ | નિગોદના જીવોનું સ્વરૂપ | ૨૯ |
| ૪ | નિગોદનું દુઃખ સ્વરૂપ | ૩૨ |
| ૫ | આકાશ પ્રદેશનું સ્વરૂપ | ૩૨ |
| ૬ | નરક વેદના | ૩૩ |
| ૭ | પંદર પરમાધામિઓ કૃત વેદનાનું સ્વરૂપ | ૩૬ |
| ૮ | નરકમાં દશ અત્યન્ત અનિષ્ટ (ક્લિષ્ટ) | ૩૯ |
| ૯ | નરકમાં દશ પ્રકારે અનન્ત વેદના | ૩૯ |
| ૧૦ | તિર્યંચ વેદના | ૪૦ |
| ૧૧ | મનુષ્ય વેદના | ૪૦ |
| ૧૨ | દેવ વેદના | ૪૨ |
| ૧૩ | પૃથ્વી આદિ ચતુષ્કના જીવોનું સંખ્યાનું પ્રમાણ | ૪૩ |
| ૧૪ | વનસ્પતિનું સ્વરૂપ | ૪૪ |
| ૧૫ | મનુષ્ય શરીરનું મૂલ્યાંકન | ૪૫ |
| ૧૬ | અથ સાર્થં ભવ વૈરાગ્ય શતકમ્ | ૪૭ |
| ૧૭ | ધર્મારાધનનું ફળ | ૯૭ |
| ૧૮ | નવકારવાળીનું ફળ | ૯૯ |

| નંબર | નામ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૯ | શ્રી સીમંધરસ્વામિ જિન અંગે કિંચિત સમીક્ષા | ૧૦૨ |
| ૨૦ | શ્રી જિનેન્દ્ર દર્શન-પૂજન વિધિ | ૧૧૦ |
| ૨૧ | ત્રણ મુદ્રાનું સ્વરૂપ | ૧૧૪ |
| ૨૨ | ત્રણ અવસ્થાનું સ્વરૂપ | ૧૧૫ |
| ૨૩ | શ્રીજિનેશ્વરપરમાત્માની પૂજાથી થતો અષ્ટકર્મનો ક્ષય | ૧૧૫ |
| ૨૪ | શ્રી જિનેશ્વર પરમાત્માનાં દર્શન પૂજનનું ફળ | ૧૧૬ |
| ૨૫ | સાત પ્રકારની શુદ્ધિ | ૧૧૯ |
| ૨૬ | શ્રી જિનમન્દિર પ્રવેશ વિદ્ધિ | ૧૨૨ |
| ૨૭ | પ્રદક્ષિણાના દુહા | ૧૨૨ |
| ૨૮ | અંગ પૂજાના અધિકારી કોણ | ૧૨૪ |
| ૨૯ | અંગ પૂજા ક્રમ | ૧૨૪ |
| ૩૦ | સ્વસ્તિક આલેખનની સમીક્ષા | ૧૨૬ |
| ૩૧ | સ્વસ્તિક આલેખન સમયે બોલાતા દુહા | ૧૨૭ |
| ૩૨ | શ્રી નમસ્કાર (પંચ પરમેષ્ઠિ) મહાત્મ્ય | ૧૨૮ |
| ૩૩ | ક્રોધ નિગ્રહનો મુખ્ય ઉપાય સાધુપદ આરાધન | ૧૩૭ |
| ૩૪ | માન નિગ્રહનો મુખ્ય ઉપાય ઉપાધ્યાયપદ આરાધન | ૧૩૭ |
| ૩૫ | માયા નિગ્રહનો મુખ્ય ઉપાય આચાર્યપદ આરાધન | ૧૩૮ |
| ૩૬ | લોભ નિગ્રહનો મુખ્ય ઉપાય સિદ્ધપદ આરાધના | ૧૩૯ |
| ૩૭ | સ્તુતિ સ્તવનાદિની સમીક્ષા | ૧૪૧ |
| ૩૮ | કાયોત્સર્ગની સમીક્ષા | ૧૪૩ |
| ૩૯ | યાન્ત્રિક વ્યાપાર એટલે મહાપાપ | ૧૪૪ |
| ૪૦ | અનન્તાનન્ત પરમતારક પંચ પરમેષ્ઠિ ભગવન્તોનો આદર કે અનાદર | ૧૪૫ |

| નંબર | નામ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૪૧ | કંબળ ઓઢવાનો ઉદ્દેશ | ૧૪૯ |
| ૪૨ | વસતિ ગમનાગમન અને પૂજ્યપાદશ્રીનો વિનય | ૧૫૦ |
| ૪૩ | તર્પણીનો ઉપયોગ કરે | ૧૫૦ |
| ૪૪ | વાણીનાં અવિવેકથી બચો | ૧૫૧ |
| ૪૫ | માતા પિતાની પ્રાથમિક ભૂમિકાની કિંચિત સમીક્ષા | ૧૫૨ |
| ૪૬ | માતા પિતાની પ્રાથમિક ભૂમિકા | ૧૫૩ |
| ૪૭ | પરમ પુણ્યવન્ત ભાવિ સન્તાનના બનનાર માતાપિતાએ પાલન કરવા યોગ્ય આવશ્યક નિયમો | ૧૬૨ |
| ૪૮ | થોભો વાંચો અને વિચારો | ૧૬૫ |
| ૪૯ | રોગોત્પત્તિનું મૂળ | ૧૬૬ |
| ૫૦ | સાંવત્સરિક મહાપર્વ વિષયક કિંચિત સમાલોચના | ૧૭૪ |
| ૫૧ | જૈનોની જીવદયા | ૧૭૮ |
| ૫૨ | જ્ઞાનાવરણીય કર્મબન્ધના કારણો | ૧૮૩ |
| ૫૩ | જ્ઞાનાવરણીયકર્મ બંધનું ફળ | ૧૮૪ |
| ૫૪ | દર્શનાવરણીય કર્મ બંધના કારણો | ૧૮૪ |
| ૫૫ | દર્શનાવરણીય કર્મ બંધનુ ફળ | ૧૮૫ |
| ૫૬ | વેદનીય કર્મ બંધના કારણો | ૧૮૫ |
| ૫૭ | શાતાવેદનીય કર્મનું ફળ | ૧૮૬ |
| ૫૮ | અશાતાવેદનીય કર્મનું ફળ | ૧૮૬ |
| ૫૯ | મોહનીય કર્મમાં પ્રથમ દર્શન મોહનીય કર્મ બંધના કારણો | ૧૮૬ |
| ૬૦ | દર્શન મોહનીય કર્મનું ફળ | ૧૮૬ |

| નંબર | નામ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૬૧ | ચારિત્ર મોહનીય કર્મ | ૧૮૭ |
| ૬૨ | ચારિત્ર મોહનીય કર્મનું ફળ | ૧૮૭ |
| ૬૩ | હાસ્ય મોહનીય કર્મ | ૧૮૭ |
| ૬૪ | રતિ મોહનીય કર્મ | ૧૮૭ |
| ૬૫ | અરતિ મોહનીય કર્મ | ૧૮૮ |
| ૬૬ | ભય મોહનીય કર્મ | ૧૮૮ |
| ૬૭ | શોક મોહનીય કર્મ | ૧૮૮ |
| ૬૮ | જુગુપ્સા મોહનીય કર્મ | ૧૮૮ |
| ૬૯ | સ્રીવેદ | ૧૮૮ |
| ૭૦ | પુરૂષવેદ | ૧૮૮ |
| ૭૧ | નપુંસક વેદ | ૧૮૯ |
| ૭૨ | ત્રીશ મોહનીય સ્થાનકો | ૧૮૯ |
| ૭૩ | આયુષ્ય કર્મબંધના કારણો | ૧૯૧ |
| ૭૪ | તિર્યંચાયુષ્ય | ૧૯૧ |
| ૭૫ | મનુષ્યાયુષ્ય | ૧૯૧ |
| ૭૬ | દેવાયુષ્ય | ૧૯૧ |
| ૭૭ | નામકર્મ બંધના કારણો | ૧૯૨ |
| ૭૮ | અશુભ નામકર્મ | ૧૯૨ |
| ૭૯ | અશુભ નામકર્મનું ફળ | ૧૯૨ |
| ૮૦ | શુભ નામકર્મ | ૧૯૩ |
| ૮૧ | શુભનામ કર્મનું ફળ | ૧૯૩ |
| ૮૨ | શ્રી તીર્થંકરનામ કર્મ | ૧૯૩ |
| ૮૩ | શ્રી તીર્થંકર નામ કર્મનું ફળ | ૧૯૪ |
| ૮૪ | ઉચ્ચગોત્રનું ફળ | ૧૯૪ |

| નંબર | નામ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૮૫ | નીચ ગોત્ર | ૧૯૪ |
| ૮૬ | નીચ ગોત્રનું ફળ | ૧૯૪ |
| ૮૭ | અન્તરાયકર્મ બંધના કારણો | ૧૯૫ |
| ૮૮ | દાનાન્તરાયનું ફળ | ૧૯૫ |
| ૮૯ | લાભાન્તરાયનું ફળ | ૧૯૫ |
| ૯૦ | ભોગાન્તરાયનું ફળ | ૧૯૫ |
| ૯૧ | ઉપભોગાન્તરાયનું ફળ | ૧૯૬ |
| ૯૨ | વીર્યાન્તરાયનું ફળ | ૧૯૬ |
| ૯૩ | આગમોદ્ધારક પ્રવચન શ્રેણી વિભાગ પ્રથમ | ૧૯૭ |
| ૯૪ | આગમોદ્ધારક પ્રવચન શ્રેણી વિભાગ બીજો | ૧૯૯ |
| ૯૫ | વ્યાજ ભક્ષણના દોષથી બચો અને બચાવો | ૨૦૦ |
| ૯૬ | તપ ઉદ્યાપન | ૨૦૧ |
| ૯૭ | ઉચ્ચ ગોત્રને બાંધવાનો રસ્તો પરગુણ પ્રશંસા, ને દોષાચ્છાદન | ૨૦૨ |
| ૯૮ | ઉજમણામાં ચન્દ્રવા પૂંઠિયા | ૨૦૨ |
| ૯૯ | ઉજમણાના ચન્દ્રવા પૂંઠિયાની વ્યવસ્થા | ૨૦૩ |
| ૧૦૦ | ચન્દ્રવા પૂંઠિયાના આલેખો (ચિત્રો) સંબંધી | ૨૦૬ |
| ૧૦૧ | ચન્દ્રવા આદિના માપો | ૨૦૮ |
| ૧૦૨ | પ. પૂ. આગમોદ્ધારક મહારાજ સાહેબે વર્ષો પહેલાં યુવાનોને કરેલ માર્મિક ઉદ્‌બોધન | ૨૦૯ |

| નંબર | નામ | પૃષ્ઠાંક |
| --- | --- | --- |
| ૧૦૩ | શ્રી પર્યુષણા અષ્ટાહ્નિકા વ્યાખ્યાન પત્રાંક-૪૭-૪૮થી અવતરણ | ૨૧૦ |
| ૧૦૪ | અણમોલ મોતી | ૨૧૧ |
| ૧૦૫ | સાગર સમાધાન | ૨૧૨ |
| ૧૦૬ | એક પ્રશ્નનું સમાધાન | ૨૧૫ |
| ૧૦૭ | સાધર્મિક ભક્તિનું મહત્વ | ૨૧૯ |
| ૧૦૮ | સારભૂત વચનામૃતો | ૨૧૯ |
| ૧૦૯ | સાધર્મિક ભક્તિ | ૨૧૯ |
| ૧૧૦ | સાધર્મિક ભક્તિ ઉપબૃંહણા-સ્થિરીકરણાદિ ન થાય તો દર્શનાચારનો અતિચાર | ૨૨૧ |
| ૧૧૧ | જમાડનારને જમનાર ફળ આપી જાય | ૨૨૪ |
| ૧૧૨ | શાસન મહેલની સીડી | ૨૨૫ |
| ૧૧૩ | જૈન શાસનની કીડ યાને ઉદ્દેશ | ૨૨૬ |
| ૧૧૪ | આગમોદ્ધારક પર્યુષણા અષ્ટાહ્નિકા વ્યાખ્યાન | ૨૨૭ |
| ૧૧૫ | આગમોદ્ધારક ભગવતી દેશના સંગ્રહ ભાગ બીજો પત્રાંક ૪૫૫થી અવતરણ | ૨૨૮ |
| ૧૧૬ | હરિભદ્રસૂરિ વિરચિત શ્રી ધર્મબિન્દુ ગ્રંથ | ૨૨૯ |
| ૧૧૭ | શ્રીમદ્ હરિભદ્રસૂરિ વિરચિત શ્રી સંબોધ પ્રકરણ | ૨૩૦ |
| ૧૧૮ | વંદનનું વિવેચન | ૨૪૦ |
| ૧૧૯ | આવશ્યક ક્રિયાનું વિહંગાવલોકન | ૨૪૨ |
| ૧૨૦ | ધર્મારાધન પ્રસંગે લાચારી યાને લૂલો બચાવ | ૨૪૩ |

★ ★

"ॐ ह्रीं श्रीं अर्हं श्री सीमन्धरस्वामिने नमः ह्रीं स्वाहा."

લેખકઃ-**કલ્યાણસાગર** ( સ્થળ ભાવનગર )

**પ્રારંભઃ**-શ્રી વીર સંવત્ ૨૫૦૩ ના ભાદ્રપદ શુકલા ચતુર્થી શુક્રવાર ( સાંવત્સરિક મહાપર્વ દિન )

# ચિત્ત પ્રમાર્જન યાને અન્તઃકરણશુદ્ધિ

---

રાત્રિના ચરમ ( અન્તિમ ) પ્રહરે જાગૃત થઈને સર્વ પ્રથમ સર્વમન્ત્રશિરોમણિ મન્ત્રાધિરાજ રાજેશ્વર શ્રી નમસ્કાર મહામંત્રનું પરમ પ્રસન્નચિત્તે સ્મરણ કરી આત્માને નિમ્નલિખિત પ્રશ્નો પૂછી ચિત્ત પ્રમાર્જન કરવું. અર્થાત્ અન્તઃકરણશુદ્ધિ કરવી.

હે આત્મન્! તું કોણ? તું ક્યાંથી આવ્યો? તું ક્યાં જવાનો? તારી જ્ઞાતિ કઈ? તારૂં કુળ કયું? તારૂં ગોત્ર કયું? તારા પૂર્વજોએ કરેલ ધર્મારાધના અને શાસનપ્રભાવનાના અનેક સુકાર્યોમાંથી તેં કેટલાં કર્યાં? અનન્તાનન્ત પરમતારક શ્રી તીર્થંકર પરમાત્મા પ્રમુખ તારક મહાપુરુષોએ કર્મ નિર્જરાના ઉદ્દેશથી કરેલ આકરા અભિગ્રહોમાંથી તેં એકાદ-બે અભિગ્રહો કર્યાં ખરા? અભિગ્રહો તો ન કર્યાં, પરન્તુ અભિગ્રહ કરવાની ભાવના પણ થઈ ખરી? જીવમાત્રને અનન્ત મહાતારક શ્રી જિનશાસનના પરમોચ્ચતમ અનુરાગી બનાવી દઉં એવા પરમોચ્ચતમ ભાવ ક્ષણાર્ધ પુરતો પણ આવ્યો ખરો? આરાધના, પ્રભવાના, આકરા અભિગ્રહો

તેમજ પરમોચ્ચતમ ભાવ ન આવ્યાનું મનોદુઃખ કેટલું ? પૂર્વોપાર્જિત પ્રબળ પુણ્યોદયે પ્રાપ્ત થયેલ મહામૂલી ધર્મ-સામગ્રીમાં ભાવી અનન્તકાળ માટે આત્માની અનન્ત મહા-તેજઃ સ્વરૂપ પરમોજ્જવલતા પ્રકટાવવાનું અનન્ત મહા-સામર્થ્ય સાહજિક સ્વરૂપે રહેલ છે એવો પરમદૃઢાત્મવિશ્વાસ આવ્યો ખરો ?

અનન્તાનન્તભવ સંચિત અનન્ત મહાપુણ્યોદયે પણ પરમ સુદુર્લભાતિસુદુર્લભ આર્યદેશ પંચેન્દ્રિયની પરિપૂર્ણતા-યુક્ત ઉચ્ચ જ્ઞાતિ જાતિ કુળવાળો ચિન્તામણિ રત્ન જેવો નિરોગી માનવભવ તેમાં પણ સુવર્ણમાં સુવાસની જેમ આર્હત ધર્મની પ્રાપ્તિ એટલે તો પૂછવું જ શું ? પરન્તુ એ બધું સાર્થક અને સફળ ક્યારે ? પરમોત્કટભાવે ધર્મારાધન કરી સફળ બનાવે ત્યારે. ધર્મ આરાધનદ્વારા સફળ ન બનાવ્યાની મનોવેદના કે પીડા કેટલી ? જ્ઞાત અજ્ઞાતભાવે પણ અનન્ત મહાતારક શ્રી જિનાજ્ઞાનો લોપ, ઘાત કે અપલાપ થઈ ન જાય તે માટે સતત જાગૃત રહ્યો ખરો ? સતત જાગૃત ન રહ્યાનો પશ્ચાતાપ કેટલો ?

અનન્તાનન્ત પરમતારક શ્રી જિનેશ્વરદેવની અનન્ત-કરુણા સ્વરૂપ અપ્રતિમ કૃપાથી પ્રાપ્ત થયેલ તન મન અને ધનથી અનન્ત મહાતારક શ્રી જિનશાસનની રક્ષા આરાધના અને પ્રભાવના કેટલી કરી ? રક્ષા આદિના પુણ્ય પ્રસંગો ઉપ-સ્થિત થાય, ત્યારે તું લાભ લેવા આનન્દ વિભોર બને છે, કે પેટમાં તેલ રેડાય છે ?

હે આત્મન્! તને નિરન્તર કોરી ખાય તેવું અતિનિન્દનીય કોઇ મહાપાપ તો તેં કર્યું નથી ને ? મહાપાપ સેવન

કરીને સ્વજાતને પરમપુણ્યવન્ત કે મહાધર્મધુરન્ધરધ્વજની કોટિમાં ખપાવી નથી ને? પ્રબળ પુણ્યોદયે તું મહાસજ્જન કે સન્તશિરોમણિરૂપે ભલે વિશ્વવિખ્યાત બન્યો હોય, તો પણ તારૂં ગૂઢાતિગૂઢ મહાપાપ તારા આત્માથી કે અનન્ત-મહાજ્ઞાનિના જ્ઞાનમાં ગુપ્ત ( છુપું ) રહી શકે ખરૂં ? તારો આત્મા જ તને પોકારી પોકારીને જણાવશે ના ના ના તારૂં એ મહાપાપ સમય માત્ર પણ પ્રચ્છન્ન (ગુપ્ત) રહેવા સમર્થ નથી.

હે આત્મન્! અતિતીવ્રાસક્તિ આચરેલ મહાપાપોનો અતિદારુણ અને મહાકટુ વિપાકોદય તારે વેદવાનો અવસર ન આવે, તે માટે પરમ પૂજ્યપાદ તારક ગીતાર્થ ગુરુ મહા-રાજનો સુંયોગ પ્રાપ્ત કરી એકાન્તમાં બાળકની જેમ અતિ સરળતાથી જે જે પાપો જે જે રીતે તીવ્રતા મન્દતાથી સેવ્યાં હોય, તે રીતે સ્પષ્ટ આલોચન ( નિવેદન ) કરીને ગુરુદત્ત પ્રાયશ્ચિત પરમ વીર્યોલ્લાસ પૂર્વક પૂર્ણ કરી આત્મશુદ્ધિ કરી ખરી ?

હે આત્મન્! તારી પાસે શેષ રહેલ માનવભવની અમૂલ્ય આયુઃ ક્ષણોને સંપૂર્ણ સફળ બનાવવા પરમોલ્લસિતભાવે ધર્મારાધન કરવા ઉપયોગશીલ બન્યો ખરો ? ધર્મારાધનદ્વારા મહામૂલા માનવભવને સફળ બનાવવા પરમોપયોગશીલ ન બન્યો હોય, તો તારૂં ડહાપણ શાણપણ કે બુદ્ધિકૌશલ્ય શું કામનું ? ધર્મારાધનમાં તો સાહજિક એટલું અચિન્ત્ય મહાસામર્થ્ય છે કે એક અન્તમુહૂર્ત જેટલા લઘુતમ સમયની પરમોત્કટ ભાવની ધર્મારાધના પણ અનન્ત તેજઃ પુંજમય આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને પ્રકટાવી શકે છે. તત્પશ્ચાત્ તારા ઉપર મહામોહ અને અજ્ઞાનની આસુરી શક્તિની

અંશમાત્ર અસર નહિ થાય, કારણ કે પરમોત્કટ ભાવની ધર્મારાધના તને સર્વોપરિ મહાવિશ્વવિજેતા બનાવી દેશે. ત્રિકાલાબાધિત એ નક્કર સત્ય તારે ત્રણ કાળમાં કદિએ ભૂલવા જેવું નથી.

અનન્ત મહામૂલા માનવભવની એક એક આયુઃ ક્ષણ કેવી લાખેણી અમૂલ્ય અને અલભ્ય છે, તેની પ્રતીતિ કરવી હોય, તો અગીયાર (૧૧) મા ગુણસ્થાનકમાં ઉપશમ શ્રેણીએ કાળધર્મ પામી ૩૩૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ ત્રણસો ત્રીશ કોડાકોડી પલ્યોપમની ઉત્કૃષ્ટ આયુઃસ્થિતિએ સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયેલ "લવસપ્તમ" માટે શાસ્ત્રકાર મહર્ષિને પૂછી આવ, કે એ દેવ પાસે માનવભવની કેટલી આયુઃ ક્ષણો અધિક હોત, તો એ મુનિનો આત્મા ઉપશમશ્રેણીથી નીચે ઉતરી ક્ષપકશ્રેણીએ આરૂઢ થઈ કેવળજ્ઞાન કેવળદર્શન પામી સર્વ કર્મનો અન્ત કરી મોક્ષમાં ગયા હોત? તેના પ્રત્યુત્તરરૂપે શાસ્ત્રકાર મહર્ષિઓ એમજ જણાવશે કે "લવસપ્તમ દેવ" પાસે મુનિના ભવમાં માત્ર સાત લવ એટલે સાડાચાર મિનિટમાં કંઈક ન્યૂન માનવભવની આયુઃક્ષણો અધિક હોત, તો એટલા અત્યલ્પ કાળમાં ઉપશમ શ્રેણીથી નીચે ઉતરી પુનઃ સપ્તમ ગુણસ્થાનકે આવી દર્શનમોહ સપ્તકનો ક્ષય કરી ક્ષાયિકસમ્યકત્વ પામી ક્ષપકશ્રેણી આરૂઢ બારમા ગુણસ્થાનકે મોહનો સર્વથા અભાવ (ક્ષય) કરી તેરમા ગુણસ્થાનકના બીજા પાયામાં કેવળજ્ઞાન કેવળદર્શન પામી, ત્રીજા ચોથા પાયામાં મન વચન અને કાયયોગનો નિરોધ કરી, ચૌદમા ગુણસ્થાનકે શૈલેશીકરણ કરી અસંખ્ય કોટાકોટી યોજન પ્રમાણ એક રજ્જુલોક એવા સાત રજ્જુલોકમાં કિંચિત્ ન્યૂન પ્રમાણ અતિસુદૂર અન્તરે રહેલ સિદ્ધશિલા ઉપર સમયાન્તર વિના પહોંચી શકત. પરન્તુ સાતલવ જેટલા

અલ્પાયુષ્યના કારણે મુનિ ઉપશમશ્રેણિએ કાળધર્મ પામીને અસંખ્ય કોટાકોટી વર્ષ પ્રમાણ એક પલ્યોપમ એવા ત્રણસો ત્રીશ કોડાકોડી પલ્યોપમ પ્રમાણ અતિ સુદીર્ઘ આયુઃસ્થિતિએ સર્વાર્થસિદ્ધ વિમાનમાં "લવસપ્તમ" દેવપણે જે શય્યામાં ઉત્પન્ન થાય છે, ત્યાંથી પ્રણામાંગુમાને માત્ર ૧૦૧૨ યોજન જેટલા અત્યલ્પાન્તરે એટલે અસંખ્યાતમે ભાગે સિદ્ધ પરમાત્મા હોવા છતાં સિદ્ધશિલા ઉપર પહોંચવા સમર્થ નથી. ત્યારે મનુષ્યભવમાં આત્મા પૂર્ણ પરાકાષ્ઠાએ જિનાજ્ઞાનો સર્વતો-મુખી પરમ આરાધક બને, તો સાતલવ જેટલા અત્યલ્પાયુઃ કાળમાં "આત્મા પરમાત્મા" બની શકે છે. એથી ફલિત એ થયું, કે આત્મા અનન્ત મહાશક્તિનો આવિષ્કાર મનુષ્ય-ભવમાં જ કરી શકે છે.

હે આત્મન્! ચિન્તામણિરત્ન જેવી મનુષ્યભવની અમૂલ્ય આયુઃક્ષણો તને અનાયાસે મળી છે. તે એકએક ક્ષણને જિજ્ઞાસાની શ્રેષ્ઠતમ આરાધના કરીને સફળ બનાવ! અપ્રમત્તભાવે રત્નત્રયીની આરાધનામાં પરમ ઉપયોગશીલ બન! તારી અનન્ત ઋદ્ધિ–સિદ્ધિના આવિષ્કારનો એજ એક પરમ રામબાણ ઉપાય છે.

પછી ઈશાન ખૂણા સન્મુખ બનીને બદ્ધાંજલિ નતમસ્તકે નિમિલિત નેત્રે અનાન્તાન્ત પરમતારક દેવાધિદેવ "નમો જિણાણં" કહી, નિમ્ન લિખિત સ્તુતિએ પરમાત્માની સ્તવના કરવી.

જગજ્જન્તુ–નિસ્તારણે યાન પાત્રં,<br>
સમારામ-વિશ્રામ–સંલીનચિત્તમ્ ।<br>
નતાનેકનાકેન્દ્ર–પાદારવિન્દં,<br>
સ્તુવે સ્મામિ સીમન્ધરં દેવદેવમ્ ॥ ૧ ॥

પછી આત્માને ઉદ્‌બોધન કરવું, કે હે આત્મન્! તું કેવો અનન્ત પુણ્યશાળી કે તારા જેવા અધમાધમ મહાપામર પાપાત્માને અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવ શ્રી સીમન્ધર સ્વામિજી પરમાત્માની અનન્ત મહાકરુણામય પરમહિમશીલા સ્વરૂપ સાક્ષાત્ નિશ્રા મળી તેમાં પણ અનન્ત તારકશ્રીના પરમ પવિત્ર પાદારવિન્દમાં મસ્તક સ્થાપન કરવાનો પરમ સુયોગ પ્રાપ્ત થયો. એવી માનસિક ભાવનાએ કલ્પના કરી પુનઃ ત્રણવાર "નમો જિણાણં" કરી માનસિક ભાવનાથી દેવાધિદેવને ત્રણ પ્રદક્ષિણા દઇને પરમ વિનમ્રાતિવિનમ્રભાવે નિમ્ન લિખિત અભ્યર્થના કરવી.

હે સીમન્ધરસ્વામિન્ મહાપ્રભો! આપ જેવા અનન્ત મહાતારક સાક્ષાત્ વિચરી રહ્યાં હોવા છતાં મારા જેવો અધમાધમ નિષ્પુણ્યક મહાપામર પાપાત્મા આપના અનન્ત મહાતારક દર્શનના લાભથી વંચિત રહે છે. આપના વિરહનાં અન્તસ્તાપથી નિરન્તર શેકાઈ રહ્યો છું. મહાવ્યથિત છું. નિરાધાર છું.

હે નાથ! એક સમય એવો હતો, વિનય, વિવેક, વિશુદ્ધ વિચાર, સંયમ, સદાચાર, પરનાર સહોદર, પરોપકાર, ગુણાનુરાગ, દયા, દાન, ન્યાય, નીતિ, ઔદાર્ય, ઔચિત્ય, દાક્ષિણ્ય, પાપભીરુતા, સહિષ્ણુતા, ઋજુતા, મૃદુતા, લઘુતા, નમ્રતા, આદિ પાયાના જન્મજાત ગુણોથી માનવજીવન છલોછલ સભર હતું. "તાણાવાણા" "ક્ષીરનીર" "દુગ્ધ શર્કરા" "પુષ્પ સુવાસ" કે તુષાર ધવલની જેમ ઓતપ્રોત હતું. આજે એ આદર્શ ગુણોનો નિરન્તર હ્રાસ થતો જાય છે. શત સહસ્રધા વિનિપાત થતો જાય છે. એ ગુણો મૃતપ્રાયઃ બન્યા એમ કહું તો પણ અતિશયોક્તિ કે અસત્યોક્તિ તો ન જ

ગણાય. પાયાના એ ગુણો વિશ્વવ્યાપકરૂપે દર્શન થવાની ઉર્મિઓ અને તરંગોને મનમાં જ સમાવી દેવા પડે છે. મારા એ અરમાનો કયારે પૂર્ણ થશે?

વિષ વમતા વિકરાળ વિષય વિષધરના વિસ્ફોટક વિકારે અધ:પતનનો મહાહુતાશ પ્રજ્વલિત કર્યો છે, અને કાળમીંઢ ક્રૂર કષાય કૃપાણે કાળો કેર પ્રવર્તાવી બળતામાં ઘૃતની આહૂતિ દેવાનું કાર્ય કરી મહાહુતાશને વડવાનળ કે દાવાનળમાં પરિવર્તિત કરી સમગ્ર વિશ્વને ભડકે બળતું કરી દુષ્કાળમા અધિક માસ જેવી પરિસ્થિતિ સર્જેલ છે. તેમાં પણ મહાઅજ્ઞાનના વિપરીત માર્ગદર્શન અનુસાર અતિદારુણ અટ્ટહાસ્યપૂર્વક તાંડવલીલાનૃત્ય કરતું મહામોહરાજાનું પ્રવર્તી રહેલ મહાભયંકર કાળજાળ સામ્રાજ્ય એટલે તો પૂછવું જ શું? એ સામ્રાજ્ય અનન્ત મહાતારક શ્રી જિનશાસનનો ઘોર ઉપહાસ કરી રહેલ છે. જિનશાસનના ઘોર અપમાનપૂર્વક અણછાજતા અડપલા કરવામાં અંશમાત્ર કચાશ રાખી નથી, અને હજી શી ખબર? જિનશાસન પ્રત્યે કેવા કેવા અભદ્ર ચેડા કરશે? એવા હૂંડા અવસર્પિણી જેવા મહાભૂંડા કપરા કાળમાં ભરતક્ષેત્રમાં મારો જન્મ, કે જ્યાં નથી હાલમાં આપ જેવા સાક્ષાત્ અનન્ત મહાતારક તીર્થંકર પરમાત્મા, નથી ગણધર મહારાજા, નથી કેવળજ્ઞાની, નથી મન:પર્યય જ્ઞાની, નથી અવધિજ્ઞાની, નથી પૂર્વધર કે, વિશિષ્ટ કોટિના બહુશ્રુત.

હે નાથ! "કસ્ય બ્રવીમિ" ક્યાં અને કોની પાસે જઇને પોકાર કરૂં. આપના વિરહની વેદનાથી મારૂં મન સદા આકુળ વ્યાકુળ રહે છે. આપની અનન્ત મહાતારક પુણ્ય નિશ્રાને પામવા મન: નિરન્તર ઝુરી રહ્યું છે, ઝંખી રહ્યું છે.

આપના પ્રત્યક્ષ પુણ્ય દર્શન પામવાને નેત્રો નિરંતર અહ-મહમિકાની જેમ તલપાપડ થઇ રહ્યા છે.

હે નાથ! મારી પાસે કોઈ દિવ્ય શક્તિ, લબ્ધિ, દેવ-સહાય અથવા પાંખ હોત તો ઊડીને આપની પાસે આવીને દર્શન–વંદનાદિનો અપૂર્વ લાભ મેળવી શકયો હોત! અનન્ત-ભવે પણ પરમ અતિસુદુર્લભ ચિત્રાવેલીકલ્પ સુધાસ્યન્દિની એવી આપની અનન્ત મહાતારક અમોઘ દેશના શ્રવણ કર-વાનો અચિન્ત્ય મહાલાભ મેળવીને સ્વજાતને પરમ અહો-ધન્ય માનત! ત્રણ પ્રદક્ષિણા દઇને બદ્ધાંજલિ પૂર્વક નતમસ્તકે પરમ વિનમ્રભાવે અભ્યર્થના કરીને પૂછત, કે હે કરુણાસિન્ધો! મારા ભવો કેટલા? કયા ક્ષેત્રમાં, અને કયા તીર્થંકર ભગ-વન્તના શાસનમાં મારો મોક્ષ થશે? આવી આવી ઉદ્ભવેલ અનેક ઉર્મિઓ–તરંગો મનમાં જ શમાવવા પડે છે. હે નાથ! મારા એ અરમાનો કયારે પૂર્ણ થશે?

હે નાથ! હે ત્રિભુવનતારક! હે કૃપાવતાર! હે કરુણા-સાગર! હે દયાનિધે! હે વાત્સલ્યવારિધે! હે પીયૂષ મહો-દધે! હે ત્રિલોકપૂજ્ય! હવે તો હદ થઇ, મહામોહ અને મહાઅજ્ઞાનથી તંગ આવી ગયો છું. "ત્રાહિ માં ત્રાહિમામ્" પોકારી રહ્યો છું. એવા વિકટ સંયોગોમાં આપજ એક મારી પરમ આધારશિલા છો. આપ જ શરણરૂપ છો. આપના અનન્તાનન્ત પરમ ઉપકારથી અનુગૃહીત એવો હું આપને પ્રતિસમયે પરમવિનમ્રાતિવિનમ્ર કૃતજ્ઞભાવે ત્રિવિધ ત્રિવિધ અનન્તાનંત શતકોટિશઃ વંદનપૂર્વક પ્રાર્થના કરું છું કે મારો ઉદ્ધાર કરો.

હે અનન્તાનન્ત મહાતારક પ્રભો! આપના અચિન્ત્ય ચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત મહાપ્રભાવે મારા મન વચન

કાય યોગો અવિશુદ્ધ અખંડ નિર્મળ રહો પરમ પવિત્ર બનો. સદાકાળ આપની અખંડ ભક્તિથી મારૂં જીવન પરમ સુવાસિત બનો. આપની અનન્ત મહાતારક આજ્ઞાનું અખંડ આરાધન નિરંતર થતું રહો. આપની આજ્ઞાની અખણ્ડ આરાધના એ જ મારૂં જીવન. એજ મારૂં તન, એજ મારૂં મન. એ જ મારૂં ધન, એ જ મારી માતા, એ જ મારા પિતા, એ જ મારી માયા, એ જ મારી કાયા, એ જ મારી છાયા, એ જ મારી ઋદ્ધિ, એ જ મારી સિદ્ધિ, એ જ મારી મતિ, એ જ મારી ગતિ, એજ મારો આત્મા, એજ મારો મોક્ષ. અર્થાત્ "જિનાજ્ઞૈવ સર્વસ્વમ્" એ મુદ્રાલેખથી મારો આત્મા સદા પરમ સુવાસિત રહો.

હે અચિન્ત્ય–ચિન્તામણિ કલ્પભૂત અનન્તાનન્ત પરમ તારક પ્રભો! આપની અનન્ત કરુણા સ્વરૂપ પરમ કૃપાનો સ્વયંભૂરમણ મહાસાગર મારા ઉપર રેલાઈ રહ્યો છે. આપની અનન્ત કરુણા પુષ્કરાવર્ત્ત મહામેઘની જેમ નિરન્તર વર્ષી રહી છે, તો પણ મહામોહનીય કર્મની મનમોહક મદોન્મત્ત–માદકતાથી મૂર્છિત બનેલ મારા જેવો અધમાધમ પરમ પામર પાપાત્મા જિનાજ્ઞાની પરમ સુવાસથી સુવાસિત થતો નથી. અનન્ત મહાતારક આરાધનાના સમયે પણ મહદંશે મહાપ્રમાદ સેવન કરતો હોય છે. નિરન્તર (નખશિખ) મહાપ્રમાદમાં જ રચ્યોપચ્યો રહે છે. તો પણ આ પાપાત્માને અંશમાત્ર આંચકો આવતો નથી, બળતરા થતી નથી, કે અરે અધમાધમ મહાપામર પાપાત્મન્! તું આ શું કરી રહ્યો છે. અનન્તભવે પણ પરમ સુદુર્લભ અને ચિન્તામણિ રત્નથી પણ અનન્તગુણા મહામૂલા એવા માનવભવ એમને એમ હારી જવા છતાં નિશ્ચિંતપણે મહામોહરૂપ કુમ્ભકર્ણ નિદ્રામાં ઘોરે છે.

હે અચિન્ત્ય-ચિન્તામણિ કલ્પભૂત અનન્તાનન્ત પરમ તારક વિભો! ભવચક્રમાં આજદિન પર્યંત મારા જીવે આપની અનન્ત મહાતારક આજ્ઞાની અણુ પરમાણુ જેટલી પણ વિરાધના કરી હોય, કરાવી હોય, કે કરતાની અનુમોદના કરી હોય, તો અનન્તાનન્ત પંચપરમેષ્ઠિ-ભગવન્તોની સાક્ષીએ અનન્તાનન્ત શતકોટિશઃ વિવિધ-ત્રિવિધ મિચ્છામિ દુક્કડં દઉં છું.

હે અચિન્ત્યચિંતામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમતારકેશ! આપના અનન્તાનન્ત મહાપ્રભાવે ભવચક્રમાં આજદિન પર્યંત મારા જીવે આપની અનન્ત મહાતારક આજ્ઞાનુસાર કોઈ પણ રીતે જે કંઈ આરાધના કરી હોય, કરાવી હોય, કે કરતાની અનુમોદના કરી હોય, તેમજ અન્ય કોઇ પણ જીવે કોઈ પણ રીતે આરાધના કરી હોય, કરાવી હોય, કરતાની અનુમોદના કરી હોય તેનું પ્રતિસમયે ત્રિવિધ ત્રિવિધ અનન્તાનન્ત શતકોટિશઃ અનુમોદન કરૂં છું.

હે અચિન્ત્ય-ચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમતારક જિનેશ! આપના અનન્તાનન્ત પરમપુણ્યપ્રભાવે મારી નિમ્નલિખિત ભાવનાઓ શીઘ્રાતિશીઘ્ર પરિપૂર્ણ થાઓ એજ એક મારી પરમ વિનમ્રાતિવિનમ્ર હાર્દિક અભ્યર્થના.

૧ ભવોભવ અનન્ત મહાતારક જિનશાસન પ્રાપ્તિ થાઓ.
૨ ભવોભવ પરમ શ્રદ્ધાવાન બનું.
૩ ભવોભવ પરમ જ્ઞાનવાન્ બનું.
૪ ભવોભવ પરમ ચારિત્રવાન બનું.
૫ ભવોભવ પરમ ત્યાગી બનું.
૬ ભવોભવ પરમ તપસ્વી બનું.
૭ ભવોભવ પરમ નિરીહી બનું.

૮ ભવોભવ પરમ ક્ષમાશીલ બનું.
૯ ભવોભવ પરમ વિનમ્ર બનું.
૧૦ ભવોભવ પરમ સરળ બનું.
૧૧ ભવોભવ પરમ સંતોષી બનું.
૧૨ ભવોભવ પરમ ઉદાર બનું.
૧૩ ભવોભવ પરમ ગુણાનુરાગી બનું.
૧૪ ભવોભવ અખણ્ડ બાળબ્રહ્મચારી બનું.
૧૫ ભવોભવ શ્રી સિદ્ધગિરિરાજનો પરમ ઉપાસક બનું.
૧૬ ભવોભવ શ્રી નમસ્કાર મહામન્ત્રનો પરમ સ્મારક બનું.
૧૭ ભવોભવ અનન્ત મહાતારક શ્રી જિનાજ્ઞાનો અખણ્ડ આરાધક બનું.
૧૮ ભવોભવ અનન્ત મહાતારક શ્રી જિનશાસનનો પરમ સેવક બનું.

૧

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમતારક પ્રભો! આપના અનન્ત મહાપ્રભાવે ભવોભવ આપનું અનન્ત મહાતારક શ્રી જિનશાસન પ્રાપ્ત થાઓ. એની પ્રાપ્તિ વિના હું કલ્પનાતીત અનન્તાનન્ત પુદ્ગગલપરાવર્તકાળથી ચતુર્ગતિક સંસારમાં અનન્તાનન્ત મહાદુઃખો સહન કરતો, અથડાતો–કૂટાતો પરિભ્રમણ કરતો આવ્યો, તો પણ આ સંસારથી મારો છેડો ન ફાટ્યો, અંત ન આવ્યો. હજી આરો કે ઓવારો દેખાતો નથી. અનન્તમહાતારક શ્રી જિનશાસન વિના ત્રણે કાળમાં કદાપિ મારો ઉદ્ધાર છે જ નહિ. એ વાત ત્રિકાલાબાધિત નક્કર સત્ય હોવા છતાં અનંતી વાર અનંતમહાતારક જિનશાસન પામીને હારી ગયો. એટલે જ હે નાથ! હવે તો ગુણગુણિની જેમ અવિનાભાવ સમ્બન્ધે આપનું અનન્ત-

મહાતારકજિનશાસન આત્મસાત્ બનો ! ક્ષીરનીરની જેમ ઓતપ્રોત અને તાણાવાણાની જેમ એકમેક બનો, એજ એક પૌનઃ પુન્ય પરમ વિનમ્રાતિવિનમ્ર હાર્દિક અભ્યર્થના.

૨

હે અચિન્ત્ય ચિન્તામણિકલ્પભૂત પરમતારક પરમેશ્વર ! આપના અનન્તમહાતારક પરમપ્રભાવે સદૈવ અનન્તમહાતારક શ્રી જિનશાસન પ્રત્યેની અવિહડ અકાટચ શ્રદ્ધાથી મારો આત્મા અમૂલપૂલ સભર રહો. પરમાદર્શ અખંડ સુશ્રદ્ધા પુષ્પની મઘમઘતી મધુર સુવાસથી મારો આત્મા સદાકાળ પરમ સુવાસિત રહો. અનાદિકાળની અચળ એવી પૃથ્વી કદાચિત્ ચલિત બને એવી કલ્પના કરી શકાય. પરન્તુ આપના અનન્ત મહાતારક જિનશાસનની અખણ્ડ શ્રદ્ધાથી મારો આત્મા અંશમાત્ર અર્થાત્ અણુ પરમાણુ જેટલો પણ વિચલિત થાય એવી કલ્પના કોઈ પણ ન કરી શકે એવો પરમ આદર્શ શ્રદ્ધાવાન ભવોભવ બનું.

૩

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમતારક પરમેષ્ઠિન્ ! આપના અનંત પુણ્યપ્રભાવે દ્વાદશાઙ્ગીનું સમ્પૂર્ણ જ્ઞાન છઠાણવડીયા ભાવમાં પરમ ઉત્કૃષ્ટ ભાગે એક ને એક બેની જેમ જીભના ટેરવે રમે એવો અદ્ભુત કોટિનો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય, તો પણ "હું જ્ઞાની છું" "હું મહાજ્ઞાની છું" "હું બહુશ્રુત છું" "હું શ્રુતકેવળી છું" એવો તુચ્છ મિથ્યાભાવ મારા મનમાં કદાપિ ન સ્ફૂરો. અનન્તમહાતારક શ્રી જિનશાસનની રક્ષા આરાધના અને પ્રભાવના આદિના અતિ વિશિષ્ટ પુણ્ય પ્રસંગ વિના ન થાઓ

તેમજ કોઇક પુણ્યવન્ત અતિતીવ્ર જ્ઞાનાવરણીય કર્મના ઉદયે વર્ષો સુધી અપ્રમત્તભાવે જ્ઞાનાચારનો પુરુષાર્થ કરે. એટલે અધ્યયન કરવા છતાં એક અક્ષર ગ્રહણ કરી (ભણી) ન શકે. અનેકવાર અનેક રીતે સમજાવવા છતાં એક અક્ષર ધારણ ન કરી શકે, તો પણ તું મહા અજ્ઞાની છે, મહા જડ છે, મહા મૂર્ખ છે, બુદ્ધિનો બળદિયો છે. બુદ્ધિનો બારદાન છે, બુદ્ધિનો જામ છે, અક્કલનો ઓથમીર છે. એવો કોઈ તિરસ્કૃતપૂર્ણ અસભ્ય વાણી વ્યવહાર, અભદ્ર આચરણ કે મિથ્યા અભિમાનરૂપ જ્ઞાનનું અજીર્ણ કદાપિ ન થાય તેવો પરમ જ્ઞાનવાન્ બનું.

૪

હે અચિન્ત્ય ચિન્તામણિ કલ્પભૂત અનન્તાનન્ત પરમતારક જગત્ પ્રભો! આપના અનન્ત પુણ્ય પ્રભાવે અતિ લઘુતમ બાલ્યાવસ્થામાંજ જેવું અણિશુદ્ધ અખણ્ડ નિર્મળ ચારિત્ર ઉદયમાં આવો. અન્ય કોઇપણ આત્મા સકારણ કે નિષ્કારણ અપવાદો સેવતા હોય, તો પણ તે આત્માઓ પ્રત્યે અંશમાત્ર તિરસ્કાર, ઘૃણા કે તેજોદ્વેષ ન પ્રગટો, તેમજ "હું ચારિત્રશિલ છું" "હું શુદ્ધ ક્રિયાશીલ છું" "હું અપ્રમત્ત યોગી છું" એવી તુચ્છતાથી મનઃ કદાપિ કલુષિત ન બને એવો પરમ આદર્શ ચારિત્રવાન ભવોભવ બનું.

૫

હે અચિન્ત્ય ચિન્તામણિ કલ્પભૂત અનંતાનન્ત પરમતારક જગન્નાથ! આપના અનન્ત પુણ્યપ્રભાવે અનેક ભવોમાં ધર્મારાધન કરતાં બંધાયેલા પુણ્ય ઉદયમાં આવે, અને તેના પ્રભાવે દેવેન્દ્ર અને નરેન્દ્ર જેવી ઋદ્ધિ સિદ્ધિ સમૃદ્ધિ અનાયાસે મળી જાય, તો પણ તે સર્વસ્વને તૃણવત્ ગણીને ત્યાગ

કરીને સર્વ વિરતિ સંયમ અઙ્ગીકાર કરતાં અંશમાત્ર કચવાટ કે સંકલ્પ વિકલ્પ ન થાય. તેમજ ત્યાગ કર્યા પછી કદાપિ મનમાં વિચાર સરખોએ ન આવે 'હું એક સમયનો ચક્રવર્તી જેવો મહાસમ્રાટ (રાજવી) હતો'—એવો પરમ આદર્શ ત્યાગી ભવોભવ બનું.

૬

હે અચિન્ત્ય ચિન્તામણિ કલ્પભૂત અનન્તાનન્ત પરમ-તારક શ્રી આદીશ્વરજી! પરમાત્માએ કરેલ વર્ષીતપ, અથવા તેથી પણ અધિક આપના અનન્ત મહાજ્ઞાનમાં જે શક્ય હોય તે તપઃ પરમ ઉત્કૃષ્ટ ભાવે મારાથી સદાકાળ થતું રહો.

હે નાથ! મહાપામર આ પાપાત્માને ભૂતપ્રેતાદિના વળ-ગાડની જેમ પેટની વેઠ અનાદિકાળથી વળગેલી છે. તેમાં પણ રસનેન્દ્રિયની મહાઆસક્તિ એટલે "કડવા તુમ્બડા ને સોમલનો વઘાર" એ રસાસ્વાદના મહાપાપે તો અનાદિ કાલીન ભવભ્રમણની ભયંકર ભૂતાવળ. સ્પર્શેન્દ્રિય સમ્પૂર્ણ શરીરવ્યાપક હોવા છતાં કાર્યક્ષેત્ર અત્યલ્પ ફક્ત સ્પર્શનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું. નાસિકાના નસ્કોરાં બે, અને કાર્ય કેવળ એક સૂંઘવાનું. નેત્રો બે અને કાર્ય કેવળ એક જ જોવાનું. કાન બે અને કાર્ય કેવળ એક જ સાંભળવાનું. ત્યારે રસના (જિહ્વા) એક અને કાર્યો એકી સાથે કે ભિન્ન ભિન્ન રીતે બે કરવાના, ખાવાનું ને ગાવાનું. વિના હાડના ત્રણ આંગળના માસના ટુકડા (જિહ્વા) ઉપર બત્રીસ આરક્ષક (દાંત) અને બે દ્વાર (ઓષ્ટ)નું નિયંત્રણ હોવા છતાં ભીમકાય ભલભલા ભડ-વીરોનું, અને મેરુ મહીધર જેવા માન્ધાતાઓનું છઠ્ઠીનું ધાવણ કાઢી નાખ્યું. ભલભલા ચમરબંધીઓને દાતણની ચીરની જેમ જીવતા ને જીવતા ચીરી નાખ્યા. પીકશાસન

જેવાઓનું પાણી ઉતારી નાખતા કદાપિ પાછું વાળીને જોયું નથી.

હે નાથ! આ જિહ્વાની કારમી કરામતે મહારમખાણો સર્જી રક્તપાતની મોટી મોટી નદીઓ રેલાવીને સાગરોના સાગર ઉભરાવ્યા.

રામાયણ અને મહાભારતના રમખાણો એનાજ મહાપાપની ફલશ્રુતિ છે. મહાતપસ્વી શ્રી સિંહકેસરી મહામુનિને માસક્ષમણના પારણાના દિને જિહ્વા આસક્તિના મહાપાપે 'સિંહકેસરી' મોદક માટે ભાનભૂલા બનાવીને સમગ્ર દિવસ તો ભટકાવ્યા પણ રાત્રિએ પણ ઘરેઘર ભટકાવ્યા. રસ સ્વાદના મહાપાપે શ્રી મङ્ગુ આચાર્ય જેવા બહુશ્રુત વ્યન્તર નિકાયમાં ધકેલાયાં. શ્રી જિનશાસનના મહાપ્રભાવક હજાર વર્ષના ચારિત્ર પાલક, મહાસમર્થ વિદ્વાન અને ૫૦૦ (પાંચસો) શિષ્યોના ગુરુમહારાજ આચાર્ય શ્રી કણ્ડરીક મહારાજાને જિહ્વા આસક્તિના મહાપાપે ત્રણસો ત્રીસ કોડાકોડી પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિએ સાતમી નારકીના અપ્રતિષ્ઠાન નરકાવાસમાં ૫,૬૮,૯૯,૫૮૪ (પાંચ કરોડ, અડસઠ લાખ, નવ્વાણું હજાર, પાંચસો ચોર્યાસી મહારોગો પૂર્ણ પરાકાષ્ટાએ નિરન્તર વેદવાની આકરામાં આકરી શિક્ષા ફટકારી દીધી.

શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવના પરમ પુણ્ય પ્રસંગે "અમારિ ઘોષણા" હરાવનાર "શ્રી સોદાસ મહારાજા" એ મહોત્સવના પુણ્યતમ દિવસોમાં જ રસનેન્દ્રિયની આસક્તિના મહાપાપે પ્રચ્છન્ન (ગુપ્ત) રીતે ગુલાબ ચમ્પાના પુષ્પથી પણ અતિસુકુમાર દુગ્ધવાન કરતાં ત્રણ ચાર વર્ષના નિર્દોષ બાળકોનો હત્યાકાણ્ડ સર્જાવી, તેના કલેજાના માંસના ટુકડામાં તાતી ધારવાળા છરાથી ચીરા દેવરાવી તાતા તમતમતા તાજા

મસાલા ભરાવી કડકડતા ઘી તેલમાં વધારાવી તૈયાર કરાવેલ માંસનું ભોજન અત્યાસક્તિથી વાપરે છે. આ છે રસાસ્વાદના મહાપાપની પરાકાષ્ટા.

સમગ્ર વિશ્વ બ્રહ્માંડ જેવા અનન્તાનન્ત વિશ્વ બ્રહ્માણ્ડો હોય તો તેને પણ એક સમય માત્રમાં જાણવા જોવાની અને તેને મહત કરવાનું અનન્ત મહાસામર્થ્ય અકૈક આત્મપ્રદેશે સહજરૂપે તાદાત્મ્ય સમ્બન્ધે હોવા છતાં ત્રણ આંગળના આક્તિના મહાપાપે મહાભયંકર દુર્દશામાં આત્મા એવો ફંગોળાઈ ગયો કે 'અનન્ત કાળ સુધી ધરતીના કયા છેડે વસ્યો? તેનું જ આ ભાઈસાહેબને ભાન નથી રહ્યું.

હે નાથ! આવી નટખટ નિર્લજ્જ જિહ્વા આસક્તિના કાળા કરતૂતની કમકમાટી ભરી કારમી કહાણી કરતાં (કહેતાં) પણ હું ભયંકર નામોશી અનુભવું છું. અનેક સ્વયમ્ભૂરમણ મહાસાગરથી પણ અધિક માતાનું સ્તનપાન કરવા છતાં અનન્તા મેરુપર્વતથી પણ અધિક ભોજન કરવા છતાં કળ ન વળી, વૃત્તિઓ તૃપ્ત અને શાન્ત પ્રશાન્ત ન બની. જળપાનની તો વાત જ કરવા જેવી નથી. આજે પણ વાપરવા બેસું ત્યારે જોનારને તો એમ જ લાગે કે જાણે ભૂખડીભારસમાંથી જ ઊભો થઈને આવ્યો ન હોય! જાણે ભવચક્રમાં આજે પહેલીજ વાર વાપરવા મલ્યું ન હોય! એવી કારમી પરિસ્થિતી મારી છે. રે જિહ્વે! આ છે તારો મહાક્રૂર દારૂણ અંજામ.

હે નાથ! લાભાન્તરાય કર્મના જબ્બર (તિવ્ર) ક્ષયોપશમે ચક્રવર્તી જેવા અતિ સ્વાદિષ્ટ, અભીષ્ટ, મનોજ્ઞ, પરમાન્ન જેવા સુમધુર ભોજ્ય પદાર્થો, પણ પ્રતિદિન મળવા સુલભ બને તો પણ અંશમાત્ર રસાસક્તિ કે રસ ગારવતા ન આવે.

તેમજ લાભાન્તરાય કર્મમાં તીવ્ર અશુભોદયે અન્નજળના દર્શન પણ અતિ દુર્લભ બને તો પણ અંશમાત્ર દીન–હીન અધીર, કાયર, ભીરુ, બેબાકળો અન્તસ્તાપ કે આક્રંદ કરનારો ન બનું એવો પરમ આદર્શ તપસ્વી ભવોભવ બનું.

૭

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમતારક જિનાધીશ! આપના અનન્તપુણ્યપ્રભાવે ભવોભવ ચારિત્રધર્મની અણિશુદ્ધ અખંડ નિર્મળ આરાધના, અને ઉપશમભાવપૂર્વક અત્યુગ્ર નિર્મળ તપ કરતાં પરમસામર્થ્ય શાલિની અનેક મહાલબ્ધિઓ પ્રકટ થાય, અચિન્ત્ય સામર્થ્ય-શાલિનરેન્દ્રો અને દેવેન્દ્રો જેવા પરમભક્ત બની અનન્તપરમતારક જિનશાસનની રક્ષા પ્રભાવનાદિ તેમજ પર્યુપાસનાદિમાં નિરન્તર ઉપસ્થિત રહી સેવાભક્તિમાં તત્પર રહે, તો પણ ચિત્તમાં અંશમાત્ર એવો મદ કે ખળભળાટ ન જાગો, કે હું કેવો પ્રબળ પુણ્યશાળી? મારો કેવો પ્રબળ પ્રભાવ? કે મારા મનમાં જે શુભ સંકલ્પ ઉદ્‌ભવે તે ક્ષણાર્ધના વિલંબ વિના તૂર્ત જ પૂર્ણ થાય છે. એવી અતિતુચ્છ–ક્ષુદ્ર ઈહા લિપ્સા, કે ઈપ્સાનો અંશ પણ ન ઉદ્‌ભવે તેવો પરમ આદર્શ નિરીહી ભવોભવ બનું.

૮

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમતારક જિનેશ! આપના અનન્તપુણ્યપ્રભાવે અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામીજીપરમાત્માની ક્ષમા જેવી પરમ અજોડ કોટીની "ક્ષમા" મારા આત્મામાં પૂર્ણ પરાકાષ્ઠાએ એવી વિકસ્વર બનો, કે કોઈ આત્મા નિષ્કારણ તેજોદ્વેષથી મારા ઉપર અણછાજતા અને અકલ્પ્ય હડ-

હડતા અસત્ય કલંકો ચઢાવે, આક્ષેપો કરે, ભારોભાર નિંદા કરે, મહાભયંકર અસહ્ય ઉપસર્ગો કરે, ધગધગતા ખેરના અંગારમાં પાપડની જેમ શેકે, કે ભડભડતી આગમાં બાળે, અથવા જીવતી ને જીવતી ચામડી ઉધેડી તાતી ધારવાળા શસ્ત્રોથી ચીરા દઇને રોમેરોમ અકથ્ય અપાર અસહ્ય વેદના થાય તેવા તાતા તોખાર તમતમતા ગરમ મસાલા ભરીને કડકડતા ઘી તેલમાં વઘારે, વડાં ભજીયાંની જેમ તળે, તો પણ એ આત્મા ઉપર અંશમાત્ર રોષ તો ન થાવો, પરન્તુ એ આત્માએ નિષ્કારણ બાંધેલ અતિચિકણા કર્મનો મહાકટુ વિપાક એ આત્માને વેદવો (ભોગવગો) ન પડે, એ માટે એને હું આપનો ધર્મ પ્રાપ્ત કરાવવા એના ઉપર ભાવદયા સ્વરૂપ પુષ્કરાવર્તમહામેઘનો એવો અપૂર્વ ધોધ વર્ષાવું કે સહજમાં આપનો અનન્તમહાતારક ધર્મ પામી નિષ્પ્રયોજન બાંધેલ અતિચિકણા કર્મ પ્રત્યે અત્યુંડાણથી એટલે તલસ્પર્શી તીવ્રાતિતીવ્ર ઘોરપશ્ચાત્તાપનો મહાહુતાશ પ્રકટાવી સર્વ કર્મેન્ધનોની આહૂતી દઈ ભસ્મ–સાત કરીને કાચી બે ઘડીમાં અનન્ત આનન્દધામ સ્વરૂપ મુક્તિપદને પામે. એવી ભવ્ય ભાવના જીવમાત્ર પ્રત્યે કેળવાય એવો પરમ આદર્શ ક્ષમાશીલ ભવોભવ બનું.

૯

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત તીર્થેશ! આપના અનન્તપુણ્યપ્રભાવે મહા દર્શન જ્ઞાનાદિ ગુણો ગમે તેવા વિશિષ્ટ કોટીએ વિકસ્યા હોય, તો પણ અંશમાત્ર "અહંભાવ" ન આવે, તેમજ અન્ય કોઈ આત્મા પ્રત્યે તિરસ્કાર, ઘૃણા કે અસભ્ય વર્તન ન કરૂં, એવો પરમ આદર્શ વિનમ્ર ભવોભવ બનું.

૧૦

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમતારક વિશ્વેશ! આપના અનન્ત પુણ્યે, પ્રભાવે સરળતા પુષ્પની મઘમઘતી મધુર સુગન્ધથી હું એવો પરમ સુગન્ધી બનું કે, જાગૃતાવસ્થામાં તો માયા દુર્ગન્ધ ન સ્પર્શે એ સ્વાભાવિક છે, પરંતુ સ્વપ્ન કે મૂર્છિત અવસ્થામાં પણ માયા તો નહિ, પણ માયા દુર્ગંધનો અંશ પણ ન સ્પર્શી શકે એવો પરમ સરળ બનું.

હે નાથ! માયા મહા ભૂડી છે એ તો ત્રિકાલાબાધિત નક્કર સત્ય છે જ, પરન્તુ માયાની છાયા પણ એવી મહાભૂંડી છે, કે તેની કલ્પના કરવી પણ અતિદુષ્કર છે. માયાધીન બને તેનું મહાભૂંડું થાય એ તો નિર્વિવાદ નિઃશંક છે જ. પરંતુ માયાની છાયાને આધીન બનેલા ચક્રવર્તિ જેવા અચ્છા અચ્છા સમ્રાટો, અને મૂછના મરોડમાં મોટા મોટા મોદકો મૂકીને મ્હાલતા મોટા મોટા માન્ધાતા મનાતા માનવીઓનાં માન મૂકાવી મરાવી નાખ્યા. ભલભલા ભીમકાય ભડવીરોને ભ્રમરની ભ્રૂકુટીએ ભાન ભૂલાવી ભીષણ ભવ ભ્રમરાવર્તમાં ભ્રમણ કરાવી ફંગોળી નાખ્યા. ધર્મધ્વજ લેખાતા વાદિવેતાલ જેવા વિદ્વાનો અને દિગ્ગજ પ્રકાણ્ડ પણ્ડિતોના દાંત ખાટા કરી ધમરોળી નાખ્યા. જેની ચાલે ધરતી ધ્રૂજે અને જેની હાકે બ્રહ્માણ્ડ ખળભળે એવા મહાબળિયાઓના પગ નીચેથી ધૂળ કાઢી નાખી. અરે, અનન્તાનન્ત પરમ પુણ્યશાળી તીર્થઙ્કર પરમાત્માના આત્માને પણ આ માયાએ ન મૂકચા. અનન્તાનન્ત પરમાતારક શ્રી મલ્લિનાથજી પરમાત્માનો આત્મા તીર્થઙ્કર નામકર્મ બાંધીને નિકાચિત કરવાવાળા ભવમાં પણ મહામાયાને ન કળી શકયો,

અને એના વિરૂઆ વિપાકરૂપે આત્મા ઉપર પાપના અનંતા પર્વતો ખડકાયા, સ્ત્રીવેદ બંધાયું અને અનન્તજ્ઞાનિભગવન્તના જ્ઞાનમાં આશ્ચર્ય ગણાયું. અવેદી સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા હોવા છતાં એ અનન્ત મહાતારકશ્રીને પણ ઉચિત ઉચિત વ્યવહાર સાચવવા પૂજ્યપાદ ગણધર મહારાજાની સાથે ન વિચરતાં, સાધ્વીજી મહારાજાઓની સાથે વિચરવાનું, રહેવાનું અને આહારપાણી કરવાનું રાખ્યું હતું. માયાની આકરી શિક્ષાના આ અટળ નિયમથી અનન્ત મહાસામર્થ્યશાળી તીર્થંકર પરમાત્મા ન બચી શકયા, તો મારા જેવા અધમાધમ મહાપામર પાપાત્માનું તો પૂછવું જ શું ? મારું તે કયું ગજું કે હું એ માયાનો તાગ પામી એનાથી બચી શકું ? હે નાથ! એ મહાપાપનો અંશ પણ મને ન સ્પર્શે એવો પરમ આદર્શ સરળ ભવોભવ બનું.

૧૧

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત અનંતાનન્ત પરમતારક દયાસિન્ધો! આપના અનંત પુણ્ય પ્રભાવે ચક્રવર્તી જેવા રાજા–મહારાજાઓ રત્નકમ્બલાદિ જેવા અમૂલ્ય ઉપકરણોના રાશિ ને રાશિ ખડકી દે, સ્વીકારવા માટે અત્યાગ્રહપૂર્વક આજિજી કરે, કાકલુદી કરે, પગમાં આળોટે તો પણ સ્વીકારવા માટે અંશમાત્ર મન ન લલચાય એવો પરમ આદર્શ સંતોષી ભવોભવ બનું.

૧૨

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમતારક કૃપાસિન્ધો! આપના અનન્તાનન્ત પુણ્ય પ્રભાવે ઔદાર્ય પ્રકાશની પરમ પ્રભાવથી મારો આત્મા એવો પરમ સુપ્રકાશિત બનો કે, જાણે ભુવનની પરમ સારભૂત ઋદ્ધિ–સમૃદ્ધિ

અનન્ત મહાતારક જિનશાસનની સેવા, ભક્તિ, રક્ષા. આરાઅ રાધના તેમજ પ્રભાવનાદિમાં અંશમાત્ર કચવાટ શીઘ્રાતિશીઘ્રપણે પરમ હર્ષોલ્લાસથી અર્પણ કરું. અરે, મારી કાયાથી પણ જિનશાસનની સેવા–ભક્તિ થતી હોય, તો તે કાયા પણ પરમ સહર્ષથી અર્પણ કરતાં અંશમાત્ર વિચાર સરખોએ ન આવે એવો પરમ આદર્શ ઉદાર ભવોભવ બનું.

૧૩

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમતારક કરુણાસિન્ધો! આપના અનન્ત પુણ્ય પ્રભાવે ગુણાનુરાગ મહાગુણની મઘમઘતી મધુરતાથી મારો આત્મા એવો પરમ સુમધુર બનો કે પરના પરમાણુ પ્રમાણ ગુણને તેમજ સ્વના (પોતાના) પરમાણુ પ્રમાણ દોષને મેરુ મહિધર તુલ્ય માનનારો બનું. તેમજ એવો સમૂર્છિમ બનું કે સ્વના ગુણ અને પરના દોષનો વિચાર સ્વપ્નમાં પણ ન આવે એવો પરમ આદર્શ ગુણાનુરાગી ભવોભવ બનું.

૧૪

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમતારક જ્ઞાનસિન્ધો! આપના અનન્તપુણ્યપ્રભાવે અંતરાત્મામાંથી એવો અંતર્નાદ ઊઠે કે આત્મામાં સહજ સ્વરૂપે રહેલ અનંત લબ્ધિઓ, અનંત ઋદ્ધિ–સિદ્ધિઓ, તેમજ આત્માના અનંત ગુણોનું પ્રકટીકરણ જિજ્ઞાસાપૂર્વક અણિશુદ્ધ અખણ્ડ બ્રહ્મચર્ય પાલનથી જ થાય છે.

હે નાથ! હું પણ કામવિજેતા શ્રી સ્થૂલભદ્રજી મહામુનિ જેવો પરમ આદર્શ અખણ્ડ બાળબ્રહ્મચારી ભવોભવ બનું.

૧૫

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમતારક સતૂકલ્યાણ ચિન્તામણે! આપના અનંતપુણ્યપ્રભાવે સર્વ તીર્થ શેખર શિરોમણિ તીર્થાધિરાજ રાજેશ્વર શ્રી સિદ્ધગિરિરાજ મહાતીર્થના પરમ આદર્શ ઉપાસક ભવોભવ બનું.

૧૬

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમોતારક પરમાનન્દ ચિન્તામણે! આપના અનંતપુણ્યપ્રભાવે અચિન્ત્ય ચિન્તામણિ કલ્પભૂત અનંત મહામહિમાવંત મંત્રાધિરાજ રાજેશ્વર શ્રી નમસ્કાર મહામંત્ર એજ મારૂં મન, એજ મારું તન, એજ મારું ધન. અર્થાત્ હું સ્વયમેવ નમસ્કાર મહામંત્ર સ્વરૂપ બની જાઉં એવો પરમ આદર્શ નમસ્કાર મહામંત્રનો સ્મારક (જાપક) ભવોભવ બનું.

૧૭

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત પરમતારક વિશ્વકલ્યાણ ચિન્તામણે! આપના અનંતપુણ્યપ્રભાવે અનંત મહાતારક શ્રી જિનાજ્ઞાનો પરમ શ્રેષ્ટતમ બનું.

હે નાથ! આપની આજ્ઞાની આરાધના વિનાની નર–નરેન્દ્રની કે દેવદેવેન્દ્રની ઋદ્ધિ, સિદ્ધિ અને અફાટ વૈભવાદિ પણ મહાભયંકર અતિશયરૂપ છે. જ્યારે અનંત મહાતારક જિનાજ્ઞા યુક્ત દાસ જીવન પણ પરમ આશીર્વાદરૂપ છે અર્થાત્ જિનધર્મ રહિત મને ચક્રવર્તિપણું કે દેવેન્દ્રપણું મળતું હોય, તો તે પણ ન જોઇએ, પરંતુ જિનધર્મથી અધિવાસિત એવા કુળમાં ભલે દાસ થઉં પણ મારો જન્મ એવા ધાર્મિક કુળમાં થયો, જેથી આપની આજ્ઞાની આરાધના કરવી

પરમ સુલભ બને એવો પરમ આદર્શ જિનાજ્ઞાનો આરાધક ભવોભવ બનું

૧૮

હે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્ત પરમ તારક પરમકલ્યાણચિન્તામણે! આપના અનન્ત પુણ્યપ્રભાવે સૂક્ષ્મનિગોદ સ્વરૂપ અનાદિની અવ્યવહાર રાશિમાંથી નીકળીને પરંપરા આજે હું આપનું અનંત મહાતારક જિનશાસન પામ્યો તે આપના અનન્તાનન્ત પરમ ઉપકારનો જ પરિપાક છે. આપે જિનશાસન સ્થાપનાનો અનન્ત મહાઉપકાર ન કર્યો હોત, તો મોક્ષમાર્ગ જ ચાલુ ન હોત, મોક્ષમાર્ગ ન હોત, તો વ્યહાર રાશિની પ્રાપ્તિનો અભાવ, વ્યવહાર રાશિ પ્રાપ્તિના અભાવમાં ત્રસપણ નો અભાવ, ત્રસપણાના અભાવમાં પરંપરા એ જિનશાસનની પ્રાપ્તિનો અભાવ, જિનશાસન પ્રાપ્તિના અભાવમાં સમ્યક્ત્વ પ્રાપ્તિનો અભાવ, સમ્યક્ત્વ પ્રાપ્તિના અભાવમાં રત્નત્રયી પ્રાપ્તિનો અભાવ, રત્નત્રયી પ્રાપ્તિના અભાવમાં કેવળજ્ઞાન અને મુક્તિપદ પ્રાપ્તિનો અભાવ, સારાંશમાં ફલિતાર્થ એ થયું કે ચરાચર આ વિશ્વનું વિશ્વસ્વરૂપે અને ચતુષ્પરેમષ્ઠિ ભગવન્તોનું અસ્તિત્વ આપના અનન્ત મહાઉપકારને જ આભારી છે. અનન્તજ્ઞાનિભગવન્તોએ આપના અનંત મહાઉપકારની સર્વોપરિતા વર્ણવી છે, તે યુક્તિ યુક્ત યથાર્થ નક્કર સત્ય જ છે.

આપનો અનન્ત કારુણિક વાત્સલ્ય ભાવ તેમજ અનંત મહાઉપકારક મારા ઉપર પુષ્કરાવર્ત મહામેઘની જેમ નિરંતર વર્ષી રહેલ છે. એ મહાઉપકાર ઋણથી સર્વથા મુક્ત થાય એવી તો આ ભાઈ સાહેબની યોગ્યતા કે તેવડ જ ક્યાં છે? પરંતુ અણુ પરમાણુ જેટલો અત્યલ્પાંશે પણ ઋણમુક્ત ત્યારેજ

થયો ગણાઉં, કે જ્યારે જીવમાત્રને આપના અનન્ત મહાતારક જિનશાસન પ્રાપ્તિ કરાવી ક્ષીરનીરની જેમ આત્મસાત્ કરાવી શકું. તે માટે હે નાથ! મારા આત્મામાં એવું અનન્ત મહા-સામર્થ્ય પ્રકટ થાઓ કે જીવ માત્રમાં આપનું અનંત મહા-તારક જિનશાસન ઠાંસી ઠાંસીને એવું ભરી દઉં કે મોહ અને અજ્ઞાનનો અણુપરમાણુ જેટલો અંશ પણ આત્માને ન સ્પર્શે, અર્થાત્ અનંત મહાતારક શ્રી જિનશાસન અને જિનાજ્ઞાની અખણ્ડ આરાધના વિના અન્ય કોઈ પાપ વિચાર જ ન આવે. પાપ એવો શબ્દ આપના અનંતમહાજ્ઞાન વિના વિશ્વમાં અન્ય કોઈ સ્થળે શોધ્યો પણ ન મળે એવો પાપનો મહાદુષ્કાળ સદાને માટે પાડનાર બનું તો જ આપના અનંત મહાતારક જિનશાસનની યત્કિંચિત સેવા કરી ગણાશે અને તેથી અત્ય-લ્પાંશે ઋણમુક્ત થવાનો આત્મસંતોષ માનીશ. હે નાથ! અનંત મહાતારક જિનશાસનનો એવો પરમ વિનમ્ર સેવક ભવોભવ બનું.

હે નાથ! હે કરુણાસિન્ધો! સીમન્ધરસ્વામિન્ પ્રભો! આપના શરણ વિના અનાદિકાલીન મહામોહ અને ઘોર અજ્ઞાન-રૂપ અતિ ગાઢ અંધકારથી નિરંતર વ્યાપ્ત એવા આ ચાતુ-ર્ગતિક ઘોર ભવારણ્યમાં આપના શરણ વિના જીવમાત્ર અથડાઇ–કૂટાઈ રહ્યા છે.

હે નાથ! ભવસાગરમાં ઝોલા ખાતી મારી જીવનનૌકા માટે પરમ દીવાદાંડીરૂપ, ભવારણ્યમાં અટવાયેલ માટે પર-માદર્શ પથિકાશ્રમરૂપ ભવરણમાં ભમતા જીવો માટે માન-સરોવરયુક્ત નન્દનવન સમ, અને ભવદવ તાપ શમાવવા માટે પુષ્કરાવર્તમહામેઘ સ્વરૂપ અતિવિરાટ મણિમય જિનબિંબ યુક્ત અતિભવ્યાતિભવ્ય પરમ અજોડ મહાતીર્થ સ્વરૂપ અને

આપના અનંત મહાજ્ઞાનમાં ચરમસીમાએ જે ઉત્તમમાં ઉત્તમ દ્રવ્યથી (પદાર્થથી) શકય હોય, તે પરમ શ્રેષ્ઠતમ દ્રવ્યથી પરમ મહાતારક જિનમંદિરજી નિર્માણ થાઓ કે જેમાં એકી સાથે લાખો ક્રોડો પુણ્યવંત આરાધકો પરમ પ્રસન્ન ચિત્તે નિરંતર પ્રભુભક્તિ કરતા રહે.

એ જિનમંદિરજીની ચારે બાજુ અતિવિશાળ પરમ સુવાસિત પુષ્પિત ઉદ્યાન હોય, જેથી રજઃ આદિથી પ્રભુજીની આશાતના ન થાય, અને સુવાસિત વાતાવરણથી આરાધકોના ચિત્ત પ્રસન્ન રહે. ઉદ્યાનની નિકટમાં ઉત્તર દિશાએ રત્નજડિત સુવર્ણનો અતિ વિશાળ મેરુપર્વત નિર્માણ થાઓ કે જેના ઉપર અગણિત પુણ્યવન્ત શ્રાવક શ્રાવિકાઓ દિવ્ય રેશમી વસ્ત્રમાં રત્નજડિત સુવર્ણ મુકુટો તથા આભૂષણાદિથી પરમ વિભૂષિત બની સાક્ષાત્ ઈન્દ્ર ઈન્દ્રાણી અને દેવ દેવીઓની ઝાંખી કરાવે એ રીતે સજ્જ થઈને પરમાનંદોલ્લસિત પ્રસન્ન ચિત્તે ચિન્તામણિરત્નમય જિનબિમ્બને પરમ સબહુમાને ધારણ કરી પ્રભુજી મસ્તકે છત્રાદિ ધારણ કરતા, અને બન્ને બાજુ શ્વેત ચામરો વિંજતા ભાવનાના હીલોળે ચઢેલા મેરુ પર્વત ઉપર આવીને પ્રભુજીનું સ્નાત્ર કરતાં અનેક પુણ્યવંતા અત્યુત્કટ ભાવનામાં ચઢતાં ત્યાં ને ત્યાં ક્ષપકશ્રેણીએ આરૂઢ થઈ કેવળજ્ઞાન, કેવળદર્શન પામે એવું સ્નાત્રપૂજન નિત્ય-નિત્ય થતું રહો. સ્નાત્રપૂજા પૂર્ણ થાય, એટલે ભાવપૂર્વક ચૈત્યવંદન કરી પંચશબ્દ વાજિંત્રોનો મહાઘોષ અને પ્રભુભક્તિ સભર ગવાતા ધવળ મંગળ ગીતોથી યુક્ત પ્રભુજીને સબહુમાન લાવીને જિનમંદિરજીમાં ભદ્રપીઠ ઉપર વિરાજમાન કરે, તે સમયે પ્રત્યેક સ્નાત્રકારોનું ચક્રવર્તિના ભોજનથી પણ અતિ સુમધુર અને પરમ સ્વાદિષ્ટ મિષ્ટાન્નોથી સાધાર્મિકવાત્સલ્ય

કરી, દૂધ અને જળથી ચરણકમળનું પ્રક્ષાલન કરી, ભાલ-પ્રદેશે કેસર કસ્તૂરીનું તિલક કરી પહેરામણીરૂપે પૂજાનું દિવ્ય રેશમી વસ્ત્ર યુગલ, સવાક્રોડ સુવર્ણ મુદ્રાનું રત્નજડિત સુવર્ણનું શ્રીફળ ઉપર સકળ સમીહિત પૂરક ચિન્તામણિરત્ન પ્રભાવનારૂપે અર્પણ કરવારૂપ તેમનું મારાથી પ્રતિદિન સાધર્મિક વાત્સલ્ય થતું રહો. દ્રવ્ય સાધર્મિક વાત્સલ્ય સાથોસાથ તેમના આત્માનું પરમ ઉત્કૃટ ભાવવત્સલ્ય પણ મારાથી નિરંતર થતું રહો. અર્થાત્ તે સર્વને તેમજ વિશ્વવર્તિ જીવમાત્રને આપના પરમ ઉપાસક અને આરાધક બનાવી શકું. સમગ્ર વિશ્વ એક જિનશાસનમય બની જાય એવું મારાથી નિરંતર થતું રહો. હે નાથ! એજ એક પરમ વિનમ્રાતિવિનમ્ર હાર્દિક અભ્યર્થના. ॥ શિવમસ્તુ સર્વ જગતઃ ॥

હે સીમન્ધરસ્વામિન્ પ્રભો! માતા-પિતા, ભ્રાતા-પુત્ર, મિત્ર--કલપ્રાદિની બલા (લપ)ને આ જીવ ભૂતપ્રેતના વળગાડની જેમ અનાદિથી વળગી રહ્યો છે તેમાં કલત્ર (સ્ત્રી)નું આકર્ષણ બંધન અતિતીવ્ર હોય છે. એ બલાના બંધનથી મુક્તિ મેળવવી અતિદુરારાધ્ય હોય છે. પશુ, પક્ષિ કે મનુષ્યને તો એ બલાએ ન મૂકયા. પરંતુ મહાસામર્થ્યશાળિ બલિષ્ઠ દેવતાઓનો પણ આ બલા પીછો છોડતી નથી. પહેલા બીજા એમ બે દેવલોક સુધી જ દેવીઓ હોવા છતાં ત્રીજાથી ઠેઠ આઠમાં દેવલોક સુધી પહોંચી જાય છે. જો કે કાયાથી વિષય સેવન તો કેવળ પહેલા બીજા દેવલોક સુધીજ હોય છે. પણ આ લપ ત્રીજાથી આઠમા સુધી પહોંચી દર્શન સ્પર્શન હાવભાવ દ્વારા કેડો મૂકતી નથી.

હે નાથ! આપના અનંતમહાજ્ઞાનમાં મારો દેવનો ભવ હોય, તો પણ એ બલા કે લપ ગળું પકડી કનડગત ન કરે,

તે માટે ઉપપાત શૈયામાંથી ઉભો થાઉં તેવો સિદ્ધો જ મૂળ શરીરે સપરિવારે આપની અનંત મહાતારક નિશ્રામાં જ સદા રહેનારો થાઉં. દેવલોકમાંથી મૂળ શરીરે મનુષ્યલોકમાં આવવું ભલે આશ્ચર્ય ગણાય, તો પણ આપની અનંત મહાતારક નિશ્રામાં જ મારો વાસ હજો. આપના નિર્વાણ બાદ પુનઃ તીર્થંકર પરમાત્મા ન થાય, ત્યાં સુધી પૂજ્ય ગણધર મહારાજાઓ અને પૂર્વધરાદિ મહર્ષિઓની મહાતારક નિશ્રામાં જ મારો વાસ હજો અર્થાત્ ટૂંકમાં દેવલોકનું સમ્પૂર્ણ આયુષ્ય આપ જેવા અનન્તાનન્ત પરમ તારકોની નિશ્રામાં જ પૂર્ણ થાઓ. પરસ્પર પ્રતિબોધ કરી ધર્મ પમાડવાની કરેલી ભાવનાવાળા પ્રત્યેક પુણ્યવંત આરાધક આત્માઓને આપની અનંત મહાતારક નિશ્રામાં લાવનારો થાઉં જેથી એ આત્માઓ પણ ધર્મ પામી શીઘ્રાતિશીઘ્ર આત્મશ્રેયઃ સાધે. એ જ રીતે જીવમાત્રને આપનો અનંત મહાતારક ધર્મ પમાડનારો બનું. એવો પરમ અભ્યુદય મારો થાઓ એ જ એકનો એક પરમ શુભાભિલાષ.

●

## ઇક્કો વિ નમુક્કારો

ત્રૈકાલિક અનન્તાનન્ત પરમતારક તીર્થઙ્કર પરમાત્માના અનન્તાનન્ત આત્માઓ તેમના ત્રૈકાલિક જ્ઞાન દર્શન ચારિત્ર તપઃ બળ વીર્ય–પ્રમુખ અનન્તાનન્ત મહાગુણો તેઓના આઠે કર્મની ત્રૈકાલિક અનન્તાનન્ત કર્મપ્રકૃતિઓ, અનન્તાનન્ત કાર્મણ વર્ગણાઓ અને તેના અનન્તાનન્ત પુદ્ગળ પરમાણુઓ તીર્થંકર પરમાત્માઓના ત્રૈકાલિક અનન્તાનન્ત પુણ્ય શરીરો, અનન્તાનન્ત છ પર્યાપ્તિઓ, અનન્તાનન્ત સપ્ત ધાતુઓ, એ તારકશ્રીના અનન્તાનન્ત અંગ ઉપાંગો, અનન્તાનન્ત શરી-

રોમાં કેશ, રોમ, નખ, દાંત, જિહ્વા, છીદ્રો આદિ જેટલા વિભાગો હોય, તે અનન્તાનન્ત તેમજ એ સર્વના અનન્તાનન્ત પુદ્ગળ પરમાણુઓ, ત્રૈકાલિક અનંતાનંત પંચપરમેષ્ઠિ ભગવંતો તથા ત્રૈકાલિક ષડ્દ્રવ્યોના જે જે પ્રકારે થતા હોય, તે સર્વ અનન્તાનન્ત અર્થાત્ ચૌદ રજ્જુલોકમાં જે જે રીતે થતા હોય, તે સર્વ અનન્તાનન્તને સમ્મિલિત (એકત્રિત) કરતાં જે અંક થાય, તેને અનન્તાનન્ત પુદ્ગળ પરાવર્ત કાળ સુધી સમયે સમયે ગુણાકાર કરતાં આપના જ્ઞાનમાં જે અંક થાય, તેવા અનન્તાનન્ત સબહુમાને અને તેટલી જ સંખ્યાએ હે અચિન્ત્ય ચિન્તામણિકલ્પભૂત અનન્તાનન્તપરમતારક દેવાધિદેવ શ્રી સીમંધરસ્વામિ પ્રમુખાનન્તાનન્ત પંચપરમેષ્ઠિ ભગવન્તઃ! આપ સહુને પ્રતિસમયે વંદન કરૂં છું, નમસ્કાર કરું છું. પ્રણામ કરું છું.

હે અચિંત્યચિંતામણિકલ્પભૂત અનંતાનંતપરમતારક દેવાધિદેવ શ્રી સીમંધરસ્વામિન્ પ્રભો! "ચિત્તપ્રમાર્જન અને અંતઃકરણ શુદ્ધિ"નું આલેખન કરતાં મારી મતિમન્દતા, મૂઢતા, જડતા કે અનુપયોગાદિ મહાદોષથી જાણે અજાણે આપની અનંતમહાતારક આજ્ઞાથી વિપરીત વિચારાયું કે લખાયું હોય, તો આપની તેમજ અનંતાનંત પંચપરમેષ્ઠિ ભગવંતોની અનંત મહાતારક સાક્ષીએ "ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં" "મિચ્છામિ દુક્કડં" "મિચ્છામિ દુક્કડં"

॥ ઇતિ ચિત્તપ્રમાર્જન યાને અન્તઃકરણ શુદ્ધિઃ ॥

# નિગોદના જીવોનું સ્વરૂપ

શ્રી જીવાભિમજી સૂત્રમાંઃ—આકાશ પ્રદેશની રચના મોદક જેવી વૃત એટલે ગોળ હોવાથી તે ગોલક કહેવાય છે. છ દિશાએ લોક હોય ત્યાં પૂર્ણ ગોળક કહેવાય, અને એક બે દિશામાં અલોક હોય ત્યાં ખણ્ડ ગોલક બને છે. પૂર્ણ ગોલક અસંખ્ય આકાશ પ્રદેશ સ્વરૂપ હોય છે. તે પ્રત્યેક ગોલકના સર્વ આકાશ પ્રદેશોને અવલંબિને અસંખ્ય નિગોદો હોય છે. તેવા અસંખ્ય ગોળા ચૌદ રજ્જુલોકમાં હોય છે. પરંતુ એક ગોળકના આકાશ પ્રદેશની સંખ્યા તો સમગ્ર લોકાંકાશ પ્રદેશના અખંખ્યાતમે ભાગે જ હોય છે. કારણ કે અસંખ્યાત આકાશ પ્રદેશ ઉપર એક નિગોદનો ગોળો રહે છે. એ ગોળામાં અસંખ્ય નિગોદો હોય છે, અને એક એક નિગોદમાં અનન્તા જીવો હોય છે. એક નિગોદના અનન્ત જીવોનું સ્વરૂપ આદિ રહિત વ્યતીત થયેલ અનન્ત ભૂતકાળ અને અન્ત વિનાનો અનન્ત અનાગત એટલે ભવિષ્યકાળ એ અતીત અનાગતકાળના જેટલા સમય થાય, તેમાં વર્તમાન-કાળનો એક સમય ઉમેરતાં જે અનન્તાનન્ત સમય થાય તે અનન્તાનન્ત અંકને તે જ અનન્તાનન્ત અંકથી ગુણાકાર કરતાં જે અંક આવે તેને તેજ અંકથી પુનઃ પુનઃ ગુણાકાર કરવો. એમ અંકે અંકે અનંતીવાર ગુણાકાર કરતાં જે અંક આવે તેટલા અનન્તા જીવો એક નિગોદમાં હોય છે. એવી અસંખ્ય નિગોદનો એક ગોળો થાય, અને એવા અસંખ્ય નિગોદના ગોળા ચૌદ રજ્જુલોકુમાં ઠાંસી ઠાંસીને ભરેલ છે.

પાંચ સ્થાવરમાંથી સાધારણ વનસ્પતિને નિગોદ કહેવાય અને શેષ ચાર સ્થાવર પ્રત્યેક કહેવાય.

સમ્પૂર્ણ લોકાકાશના જેટલા અસંખ્ય આકાશ પ્રદેશો, તેટલા અસંખ્ય આત્મપ્રદેશો એક આત્માના હોય છે. તેમાંના એક એક આત્મપ્રદેશે અનન્તાનન્ત કર્મવર્ગણાઓ એક એક કર્મવર્ગણામાં અનન્તાનન્ત પરમાણુઓ, અને એક એક પરમાણુએ સર્વ જીવથી અનન્તગુણા રસાણુઓ હોય છે. (રસાણુઓ એટલે એવા રસના ભાગ પલિચ્છેદો) એવો સૂક્ષ્મ નિગોદનો જીવ એક શ્વાસોચ્છ્વાસમાં સાડાસત્તર ભવ કરે. એટલે અઢારવાર જન્મે અને સત્તરવાર મરે. એક દિવસના ૧૯૬૬૦૮૦ ઓગણીશ લાખ છાસઠ હજાર એંશી ભવ થાય. એક નિગોદ એટલે અનન્તા જીવોનું ઔદારિક શરીર એક, પરન્તુ પ્રત્યેક જીવના તૈજસ કાર્મણ શરીર ભિન્ન હોય છે. નિગોદના જીવો આઠમે અનન્તે. લોકાલોકાશના જેટલા પ્રદેશો તેટલા પ્રદેશો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આત્માના હોય છે. નેત્રભ્રકુટીના એક વાળાગ્ર ઉપર નિગોદના અસંખ્ય ગોળા એક એક ગોળે અસંખ્ય નિગોદો, એક એક નિગોદે અનન્તા જીવો હોય છે.

પ્રશ્નઃ—નિગોદના જીવો કયા કર્મથી અનન્તાકાળ અવ્યહવાર રાશિમાં રહે?

ઉત્તરઃ—નિગોદના જીવો સ્થૂલ આશ્રવ સેવન કરવા તો સમર્થ નથી. પરંતુ જીવ પરસ્પર એક બીજાને વિંધતા એક એક શરીરમા અનન્તા જીવો રહે છે. જીવ માત્રને પૃથક્ પૃથક્ શરીરરૂપી ગૃહ ન મળવાથી પરસ્પર દ્વેષમાં પ્રધાન–કારણભૂત નિવાસસ્થાન માટે અત્યન્ત સંકીર્ણ એક ઔદારિક શરીર ગૃહરૂપે મળવાથી જીવ જીવને પરસ્પર વિંધીને નિકાચિત વૈર બાંધે છે. નિગોદના જીવને મન નથી પરંતુ મિથ્યાત્વ, અવિરતિ, કષાય યોગ, પ્રમાદ અને અન્યોન્યને પીડા બાધા

ઉપજાવવાથી નિગોદના જીવો દુષ્કર્મથી બંધાય છે. વિષભક્ષણ જાણે અજાણે થઇ જાય, તો પણ મારે મારે'ને મારે જ. તેવી રીતે મનો વિના પણ કર્મ બંધાય.

સિદ્ધના જીવો સદાકાળ પાંચમા અનંતે અને એક નિગોદના જીવો આઠમે અનન્તે. આઠમું અનંત એટલું વિરાટ છે કે અનંતકાળે પણ એક નિગોદ ખાલી થવાની નથી.

પ્રશ્નઃ—નિગોદના ગોળામાંથી અનંતા જીવો કઇ રીતે જન્મે મરે ?

ઉત્તરઃ—સર્વ ગોળાની સર્વ નિગોદમાંથી સમયે સમયે અનંતા જીવવાળો અસંખ્યાતમો ભાગ (સમયે સમયે) જન્મે અને મરે છે.

અનંતાનંત જીવોની આત્મપ્રદેશની જાળ લોકમાં તાણા વાણાની જેમ વ્યાપક બનીને રહે છે.

લોક (વિશ્વ) અસંખ્ય કોટાકોટી પ્રમાણ યોજનનો હોય છે પ્રત્યેક પ્રમાણ યોજન સંખ્યાત ઉત્સેધાંગુલ યોજનના હોય છે. પ્રત્યેક ઉત્સેધાંગુલ યોજન સંખ્યાત અંગુલનો હોય છે પ્રત્યેક અંગુલ અસંખ્યાત અંશનો (ભાગનો) હોય છે. પ્રત્યેક અંશ (ભાગ)ને પ્રદેશ કહેવાય છે. પ્રત્યેક પ્રદેશે અસંખ્ય નિગોદના ગોળા હોય છે. પ્રત્યેક ગોળે અસંખ્ય નિગોદો હોય છે.

પ્રત્યેક નિગોદે અનંતાનંત જીવો હોય છે.
પ્રત્યેક જીવને અસંખ્ય આત્મપ્રદેશો હોય છે.
પ્રત્યેક આત્મપ્રદેશે અનંતી કર્મવર્ગણાઓ હોય છે.
પ્રત્યેક કર્મવર્ગણાએ અનંતા પરમાણુઓ હોય છે.
પ્રત્યેક પરમાણુએ અનંતા પર્યાયો હોય છે.

પ્રત્યેક પર્યાયે અનંતાનંત વર્ણ-ગંધ-રસ-સ્પર્શ હોય છે.

સર્વ ગોળાની સર્વ નિગોદમાંથી અનંતા જીવવાળો અસંખ્યાતમો ભાગ સમયે સમયે જન્મે-મરે છે. અનંતાનંત જીવોના આત્મપ્રદેશની જાળ તાણાવાણાની જેમ લોકમાં વ્યાપીને રહેલ છે.

卐

## નિગોદનું દુઃખ સ્વરૂપ

સાતમી નારકીનો જીવ ૫૬૮૯૯૫૮૪ પાંચ ક્રોડ અડસઠ લાખ નવ્વાણુ હજાર પાંચસો ચોરાશિ રોગો પૂર્ણ પરાકાષ્ઠાએ પ્રતિ સમયે વેદતાં ત્રણસો ત્રીસ કોડાકોડી પલ્યોપમ પ્રમાણ સમ્પૂર્ણ આયુ પૂર્ણ કરે. એ ત્રણસો ત્રીસ કોડાકોડી પલ્યોપમના જેટલા અસંખ્ય કોડાકોટી સમય થાય, તેટલી વાર કોઈ જીવ સાતમી નારકીમાં તેત્રીશ સાગરોપમના પૂર્ણ આયુષ્યે અપાર અનંત મહાવેદના કષ્ટો સહન કરે, તેનાથી પણ અનંતગણું મહાદુઃખ નિગોદના જીવને પ્રતિસમયે વેદવું પડે છે.

મોહાધીન બનેલ અનંતા ચૌદ પૂર્વધરો અને અનંતા અગ્યારમા ગુણસ્થાનકવાળા સર્વથા આત્માઓ જિનશાસનને હારી જવાથી અનન્તી ચોવીશી સુધી સૂક્ષ્મનિગોદમાં પ્રતિસમયે અનંત દુઃખ વેદવું પડે છે.

★

## આકાશ પ્રદેશનું સ્વરૂપ

પંચમાઙ્ગ શ્રી ભગવતીજી સૂત્રમાં ચરમશાસનપતિ અનંતાનન્ત પરમતારક દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામિજી પરમાત્મા

શ્રી મુખે જણાવે છે કે હે ગૌતમ ! અંગુલના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશો છે, તે (આકાશપ્રદેશ)ને સમયે સમયે એક એક ખાલી કરતાં અસંખ્ય ઉત્સર્પિણી–અવસર્પિણી એટલે અસંખ્ય ચોવીશીનો કાળ વ્યતીત થાય, તો પણ અંગુલના અસંખ્ય ભાગમાં રહેલ આકાશપ્રદેશો ખાલી ન થાય. એટલા ઠાંસી ઠાંસીને આકાશ પ્રદેશોથી ભરેલો આ લોકાકાશ છે.

ઉક્ત લોકાકાશના એકૈક આકાશપ્રદેશે નિગોદની અનન્તાનન્ત મહાવેદના અને દુઃખ દાવાનળનો સતત અનુભવ કરતાં અનન્ત નન્ત પુદ્ગળપરાવર્ત વ્યતીત થયાં, તો પણ આ જીવને હજી સંસારથી વૈરાગ્ય થતો નથી. સંસારનો રસ ઓછો થતો નથી. કેવો ભારે ગુરુકર્મી આ જીવ છે.

## નરક વેદના

પ્રથમ રત્નપ્રભાથી ઉત્તરોત્તર નીચે સાત નરક પૃથ્વીઓ છે તે નરકાવાસો અભ્યન્તર વર્તુળ (ગોળ) બાહ્ય ચતુષ્કોણ અને નીચેથી ક્ષૂરપ્ર એટલે તાવેથા આકારની અત્યન્ત દુર્ગન્ધમય સૂર્ય ચન્દ્ર નક્ષત્રાદિથી રહિત મહાભયંકર ઘોર અન્ધકાર યુક્ત, અત્યુષ્ણશીતાદિ જન્ય અનેક પ્રકારની અસહ્ય અનન્ત મહાવેદનાઓ અસાધ્ય લાકખો ક્રોડો મહારોગો, પરમાધામિકૃત મહાકષ્ટો, તેમ જ પરસ્પર અને ક્ષેત્રજન્ય મહાવેદનાઓથી ભરપૂર (સાતે નરકો) હોય છે.

ઉક્ત નરકાવાસો કોઈક સ્થળે અતિઘૃણા જન્ય મેદ માંસ મજ્જા ચરબી ફેફસા આદિથી વ્યાપ્ત, કોઈક સ્થળે નદીના પ્રવાહ જેવા શોણિત રક્ત પરૂ આદિથી વ્યાપ્ત કોઈક સ્થળે કુમ્ભીપાકમાં રન્ધાતા પ્રાણિઓ કોઈક સ્થળે વજ્ર સમાન

અતિતીક્ષ્ણ ચાંચવાળા કાક શૂકાદિથી કરાતી મહાભયંકર વેદના કોઈક સ્થળે મહાક્રૂર શ્વાન, વરૂ, વ્યાઘ્ર દીપ, સિંહાદિથી કરાતી ઘોર વેદના, કોઈક સ્થળે અતિતીક્ષ્ણ શસ્ત્રપાતજન્ય અપાર મહાવેદના કોઈક સ્થળે ધગધગતા ઉકળતા ત્રપુ (શિશા) રસ પાન અને તામ્રરસપાન કરાવતા પરમાધામિઓની અસહ્ય વેદનાઓ, કોઈક સ્થળે અત્યન્ત સડીગયેલ કલેવરોની દુર્ગન્ધની અક્ષમ્ય વેદના. કોઈક સ્થળે વજ્ર જેવી કરવત અને અન્ત્રથી અતિક્રૂરતા પૂર્વક શરીરો વહેરતા (ચિરતા) પરમાધામિઓની અતિદારુણ વેદના કોઈક સ્થળે પરમાધામિઓએ કરેલ મહાશિલા વૃષ્ટિથી કચડાતા જીવોની મહાકારમી વેદના. કોઈ સ્થળે મહાક્રૂર પરમાધામિઓ નારકિઓને પકડીને ધગધગતી અગ્નિજ્વાળામાં હોમે તેની અકથ્ય મહાવેદના એવી લાકખો ક્રોડો મહાવેદના નારકીના જીવો નિરન્તર અનિચ્છાએ વેદે છે.

ક્ષણવારમાં નરકાવાસમાં જીવો ઉત્પન્ન થાયછે. અતિસંકીર્ણ (બહુ સાંકડા) અને મહાકુટિલ નિષ્કૂટમાં અતિદુષ્કરતાએ પ્રવેશ કરે છે.

નરકાવાસના ભવનમાં મહાદ્વાર અને ભીંતવાળા ઘાટિકાલય હોય છે. અનન્તાનન્ત પરમતારક ચરમશાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામીજી પરમાત્માએ નરકમાં જણાવેલ નિષ્કૂટોમાં અતિદુર્ગન્ધમય મળ, મૂત્ર, રુધિર, શોણિત પરૂ ચરબી શ્લેષ્મ, કફના બળખા, આદિથી અતિબિભત્સ, જોવામાં અતિ દુષ્કર અને મહાત્રાસજન્ય અશુચિથી ભરપૂર હોય છે. એ નિષ્કૂટોમાં કર્મવશથી અન્તર્મુહૂર્ત્તમાં દુઃખના નિવાસરૂપ શરીર ગ્રહણ કરે છે. નાસિકા નેત્ર કર્ણબાહુ રહિત, મહાભયંકર શ્યામવર્ણનું, અવ્યક્ત ઇન્દ્રિયવાળું નપુંસક વેદવાળું અતિરૌદ્ર શરીર હોય છે.

અતિ સંકીર્ણ નિષ્કૂટ ( કુમ્ભી ) માં જેમ જેમ શરીર પુરાઇને પુષ્ટ થાય તેમ તેમ કુમ્ભીપાકની અંદરના અતિ તીક્ષ્ણ તાતી ધારવાળા છરાથી શરીર ચિરાતા ગુણના તીવ્ર મહાવેદનાથી ફૂત્કાર એ પ્રમાણે શબ્દ કરતા તુચ્છ નિષ્કૂટમાંથી બહાર નીકળવા પ્રયાસ કરે છે.

તેટલામાં પરમધામિઓ તેને જોઇને કોલાહલ શબ્દ કરતાં સહર્ષ તેના (નારકીના જીવ) પ્રતિ દોડે છે. મારો, કાપો, છેદો, ભેદો, છોલો, કાઢો, ફાડો, પકડો એ મહા પાપીને, પગમાં ફાંસો નાંખો એ રીતે બોલતાં કોઈક પરમાધામી તેને અતિ તીક્ષ્ણ કુન્તલ (ભાલા) થી વીંધે છે. કોઈક બાણથી વીંધે છે કોઇક ખડ્ગથી છેદન ભેદન કરે છે. ઉષ્ણ નરકમાં એટલી બધી સીમાતીત ઉષ્ણતા હોય છે, કે કોઈક મહા સામર્થ્ય શાળી દેવ લાખ યોજન પ્રમાણના મેરુ પર્વત જેવી મહાહિમશિલાને ઉપાડીને નરકમાં ફેંકે, તો એ મહાહિમશિલા ઉષ્ણ કરકમાં પડતા પહેલાં જ બાષ્પીભવન થઇને આકાશમા સર્વથા વિલય અદૃશ્ય બની જાય એવી સીમાતીત ઉષ્ણતામાં ઉત્પન્ન થયેલ નારકીના જીવને કોઈ દેવ ગ્રીષ્મ-ઋતુમાં ઉપાડીને ધગધગતા ખેરના અંગારા જેવા અતિપુજ્વલિત ઈંટના નિભાડા ઉપર અથવા ધગધગતી ચિતા ઉપર શયન કરાવે, તો એ ઉષ્ણ નારકીના જીવને એવો અનુભવ થાય કે મને રૂની તળાઇમાં સુવડાવ્યો છે. અને તૂર્તજ સુખ પૂર્વક નિદ્રા આવી જાય. હવે વિચારો કે ઉષ્ણ નરકમાં કેટલી સીમાતીત અનન્ત ઉષ્ણતા હશે ?

શીત નરકમાં એટલી બધી સીમાતીત શીતતા હોય છે, કે એક લાખ યોજન પ્રમાણ મેરુપર્વત સમાન વજ્ર જેવો અથો (બોટ) ગોલકને કિંશુક પુષ્પના જેવો તપાવીને ફક્ત

( લાલચોળ ) બનાવીને કોઇક મહાસમર્થશાળી દેવ પૂર્ણ પ્રયત્ને શીત નરકમાં ફેંકે, તો તે ગોળો પડતાં પહેલાં જ હિમશિલા જેવો પરમ શીતળ બની જાય.

૩૮૧૧૧૭૨૯૭૧૦ ત્રણ હજાર આઠસો અગીયાર ક્રોડ, સત્તર લાખ ઓગણત્રીશ હજાર સાતસો વીશ મણનો એક ભાર એવા એક હજાર ભાર એટલે ૩૮૧૧૧૭૨૯૭૨૦૦૦૦ આડત્રીસ લાખ, અગીયાર હજાર, એકસો બહોંતેર ક્રોડ, સત્તાણુ લાખ વીશ હજાર મણનો વજ્ર જેવો લોહગોલક શીત નરકમાં નાંખે, તો ગળી જાય શીત નરકમાં ઉત્પન્ન થયેલ નારકીના જીવને પોષ માઘ માસની અસહ્ય ઠંડીમાં પણ કોઇ દેવ ઉપાડીને હિમશિલા ઉપર શયન કરાવે તો એ શીત નારકીના જીવને એવો અનુભવ થાય કે મને રૂની તળાઈમાં સુવડાવ્યો છે. અને એ હિમશિલા ઉપર જ નિદ્રાધીન બની જાય એ ઉપરથી વિચારો કે શીત નરકમાં કેવા સીમાતીત અનન્ત શીતતા હશે ?

## પંદર પરમાધામિઓ કૃત વેદનાનું સ્વરૂપ

૧ અમ્બરઃ — અમ્બર નામના પ્રથમ પરમાધામી નિઃશૂકપણે નારકિઓને આકાશમાં ૫૦૦ ૫૦૦ યોજન ઉછાળી નીચે ફેંકે છે.

૨ અમ્બરિષઃ—અમ્બરિષ નામના બીજા પરમાધામી નારકિઓને તાતીધારવાળા છરાથી ટૂકડે ટૂકડા કરી મહાવેદના ઉપજાવે છે.

૩ શ્યામઃ—શ્યામ નામનો શ્યામવર્ણનો ત્રીજા પરમધામી દોરડાથી હસ્તથી, યષ્ટિશી (લાકડીથી) મુષ્ટિથી તેમજ અન્ય શસ્ત્રોથી અનેકધા પ્રહારો કરે છે.

૪ શબલઃ—શબલ નામનો કાબર ચિત્ર વર્ણનો ચોથો પરમાધામી નારકિઓને હૃદય, આંતરડા, ચરબી, ચર્મ ઉઘેડીને કલેવરને વલુરી નાંખે છે.

૫ રૌદ્રઃ—નામનો પાંચમો પરમાધામી નારકિઓને કુન્તલ, બરછી ત્રિશૂળ પ્રમુખ અતિતીક્ષ્ણ શસ્ત્રો ઉપર પરોવીને રૌરવ કદર્થના કરે છે.

૬ ઉપરૌદ્રઃ—ઉપરૌદ્ર નામનો છઠ્ઠો પરમાધામી નારકિઓના અંગોપાંગ ભાંગી નાંખે છે.

૭ કાળઃ—કાળ નામનો શ્યામ વર્ણવાળો સાતમો પરમાધામી નારકિઓને કડકડતા તેલમાં ભજીઆ અને વડાની જેમ તળે છે.

૮ મહાકાળઃ—મહાકાળ નામનો આઠમો પરમાધામી નારકિઓને સ્વશરીરના માંસના ખંડે ખંડ (ટૂકડે ટૂકડ) કરીને બલાત્કારે ભક્ષણ કરાવે છે.

૯ અસિપત્રઃ—અસિપત્ર નામનો નવમો પરમાધામી અસિપત્રવાળા વૃક્ષના વનો વિકુર્વ એટલે નારકિઓએ વૃક્ષો નીચે આવીને બેસે, કે તૂર્ત જ એના ઉપર અસિપત્રનો પાતકરી તલતલ જેટલાં ખંડે ખંડ કરે.

૧૦ ધનુઃ– ધનુ નામનો દશમો પરમાધામી ધનુષ્યમાંથી બાણો છોડીને નારકિઓના ૧ર્ણ નાસિકા છેદે છે.

૧૧ કુમ્ભીઃ—કુમ્ભીનામનો અગ્યારમો પરમાધામી નારકિઓ કુમ્ભીપાકમાં પકાવે (રાંધે) છે.

૧૨ વાલુકઃ—વાલુક નામનો બારમો પરમધામી અતિતપ્ત વજ્ર સમાન કદમ્બ પુષ્પ જેવી વાલુકા ( રેતી ) માં નારકિઓને ચણાની જેમ શેકે છે.

૧૩ વૈતરાણીઃ—વૈતરાણી નામનો તેરમો પરમાધામી પરૂ તથા રુધિર યુક્ત અતિતપ્ત તામ્ર તથા ત્રપુ ( શિશા ) ના રસવાળી નદીમાં નારકિઓને નાંખીને મહારૌરવ અસહ્ય કદર્થના કરે છે.

૧૪ ખરસ્વરઃ—ખરસ્વર નામનો ચૌદમો પરમાધામી નારકિઓના વજ્ર સમાન કંટકવાળા શાલ્મલી વૃક્ષ ઉપર ચઢાવી અરેરાટ કરતા એ જીવોને ઘસડે છે.

૧૫ મહાઘોષઃ—મહાઘોષ નામનો પંદરમો પરમાધામી આક્રન્દ અને ચીસો પાડતા નારકિઓને બળાત્કારે પકડીને પશુઓની જેમ વાડામાં પૂરે છે.

પરસ્ત્રી સેવન કરનારાઓને પરમાધામી એનું એ દુષ્કર્મ સ્મરણ કરાવી એને અંગારા જેવી ધગધગતી લોહની પુતળી સાથે બળાત્કારે આલિંગન કરાવે છે.

ઉપરથી મુદ્ગરાદિથી પ્રહારો કરે છે. કોઈક પરમાધામી અગ્નિસમાન અતિતપ્ત ધોંસરીએ નારકિઓને જોડીને ગાડું વહન કરાવે છે. ન ચાલે તો ઉપરથી વિજ્ર જેવા લોહમુદ્ગરથી પ્રહારો કરે છે.

હજારો લાખો ક્રોડો વર્ષોથી પ્રારમ્ભીને અનેક પલ્યોપમ અને સાગરોપમ પ્રમાણ અતિદીર્ઘકાળ પર્યન્ત નિરન્તર ઉક્ત મહાવેદનાઓથી ત્રાસિત થયેલ નારકિઓ પાંચસો પાંચસો યોજન ઉંચે ઉછાળીને નીચે થડે તે સમર્થ પરમાધામિઓ અતિતીક્ષ્ણ ચાંચવાળા પક્ષિઓ વિકુર્વીને ફાડી વિદારીને અનન્ત મહાવેદનાઓનો અનુભવ કરાવે છે. તે સમયે અતિ-કરુણ અર્તસ્વરે નારકિઓ પોકાર પાડે છે હે તાત! હે માતઃ! હે ભ્રાતઃ! હે નાથ! હે સ્વામિન્! હે દેવ! હું આપને

વંદન કરૂં છું, નમસ્કાર કરૂં છું તમારો દાસ છું. આપને શરણે આવ્યો છું. અરરર આ દીન દુઃખી અનાથને મારો મા, મારૂં રક્ષણ કરો. રક્ષણ કરો. આવી આજીજી અને કાકલુદી પૂર્વકની શરણાગતિ સ્વીકારવા છતાં પરમાધામિઓના મનઃ ઉપર કોઈ અસર થતી વિશેષ પ્રકારે નિર્દયતા—ક્રૂરતાથી ત્રાસ આપે છે.

## નરકમાં દશ અત્યન્ત અનિષ્ટ (કલિષ્ટ)

(૧) શબ્દ (૨) વર્ણ (૩) ગન્ધ (૪) રસ (૫) સ્પર્શ (૬) ગતિ (૭) બુદ્ધિ (૮) બળ (૯) વીર્ય (૧૦) નારકિઓને ન ગમતી ઉક્ત દશ વસ્તુઓ અત્યન્ત હોય છે.

## નરક દશ પ્રકારે અનન્ત વેદના

(૧) ક્ષુધા (૨) તૃષા (૩) શાંત (૪) ઉષ્ણ (૫) રોગ (૬) ભય (૭) દાહ (૮) ખરજ (૯) પરવશતા અને (૧૦) શોક. નારકિઓને આ દશ પ્રકારની અનન્ત વેદનાઓ અત્યન્ત તીવૃતાએ નિરન્તર વેદવી પડે છે. આપણા જેવા સ્થૂલ બુદ્ધિ-વાળા સામાન્ય આત્માઓ ગણી ન શકે એટલા અગણિત કાળ પર્યન્ત નિરન્તર અત્યન્ત તીવૃતાએ અનન્ત વેદના વેદતાં વેદતાં જયારે અનન્તાનન્ત પરમોપકારક પરમતારક દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માનાં જન્મ—દીક્ષા—કે કેવળજ્ઞાન આ પ્રમાણમાંથી કોઈ એક અનન્ત મહાતારક કલ્યાણકના પરમ પુણ્ય પ્રસંગે સાતે નરકોમાં પ્રકાશ અને ક્ષણભર શાન્તિ અર્થાત્ સાત વેદનીયનો અનુભવ થાય. ક્ષણભર પછી તો એ જ મારો, કાપો, છેદો, ભેદો, ચીરો, ફાડો. બાળો આદિની અત્યન્ત તીવ્ર અનન્ત વેદના ચાલુ ચાલુ' ને ચાલુ જ.

આ છે અતિશાણી ડાહ્યી અને મહાબુશાલિની ગણાતી એવી માનવ જાતે અતિતીવ્રતાએ સીફત પૂર્વક કરેલ સંસાર-રસ (પાપ) નો પરિપાક.

## તિર્યંચ વેદના

એકેન્દ્રિયથી સંજ્ઞિ-અસંજ્ઞિ તિર્યન્ચ પંચેન્દ્રિય જીવો પ્રત્યક્ષપણે અનેક પ્રકારે અસહ્ય દુઃખો વેદી રહ્યા છે. અતિ-શીત-ઉષ્ણ-વર્ષા-વાયુ-અભાવ ક્ષુધા તૃષા-શસ્ત્રઘાત-ભાર-વહન-દોહન-છેદન-ભેદન-અંકન-નયન-વધ-બંધન-પાશ-વાગુર બન્ધ પાંજરાદિમાં પૂરાવું તેમજ પરાધીનતા આદિનું સીમાતીત અસહ્ય દુઃખ તિર્યન્ચોને અહોનિશ અનિચ્છાએ વેદવું પડે છે.

## મનુષ્ય વેદના

જ્ઞાન-દર્શન-ચારિત્ર-બળ વીર્યના અધિપતિ એવા આત્માને માતા પિતાના શોણિત શુક્ર મિશ્રિત અતિ ઘૃણિત અને મહાદારુણ અશુચિમાં ઉત્પન્ન થવું પડે. મહાભયઙ્કર અશુચિપૂર્ણ અન્ધકારમય અતિસંકીર્ણ ગર્ભાવાસમાં અંગ-ઉપાંગો સંકોચીને ૨૭૦ બસો સીત્તેર દિવસ અથવા કોઈક ન્યૂનાધિક સમય પર્યન્ત ઉંધા મસ્તકે લટકતા રહેવા આદિની કેવી અસહ્ય વેદનાઓ હોય છે. તેનું સ્વરૂપ અનન્તજ્ઞાની-ભગવન્તો સ્વયં શ્રી મુખે જણાવે છે કે અતિતીક્ષ્ણ મુખવાળી વજ્ર જેવી ૩૫૦૦૦૦૦૦ સાઢાત્રણક્રોડ સોયો ખેરના અંગારા જેવી જ્વાજલ્યમાન બનાવી કોઈક મહાસામર્થ્યશાળી સશક્ત દેવ સમકાળે એટલે એકી સાથે મનુષ્યની સમગ્ર રોમરાજીમાં ચાંપી દે અર્થાત ઘોંચી દેવાથી જેટલી વેદના થાય તેના કરતાં આઠ ગુણી વિશેષ વેદના ગર્ભાવાસમાં રહેલ જીવને થાય,

અને ગર્ભથી યોનિમાર્ગ બહાર પ્રસૂતિ થાય તે સમયે યન્ત્રમાં પીલતા જીવોને જે વેદના થાય તેના કરતાં શત સહસ્ર અર્થાત્ લાકખો ગુણી વિશેષ વેદના દુઃખ થાય છે.

ગર્ભવાસમાં જે રીતે મળ મૂત્ર અસાતભાવે મળ મૂત્ર વિષ્ટાદિમાં આળોટવું વિષ્ટાદિથી વિલિપ્ત આંગળીઓ મુખમાં નાંખવી દાંત આવે ત્યારે અનેકવાર મલોત્સર્ગ થવો. જ્વરાદિનું આવવું યૌવન અવસ્થામાં ઇન્દ્રિયોનું ચાપલ્ય મોહનું મહાભયંકર યુદ્ધ વિષય વિકારોનો વિત્રસ, વિષય વિલાસોનાં અતિરેકથી શારીરિક અને માનસિક શક્તિનો મહાહ્રાસ, તજ્જન્ય મહાભયંકર ક્ષયાદિના અસાધ્ય રોગો ઇષ્ટ અને ઐચ્છિક વસ્તુઓનો, પુત્ર-પુત્રી આદિ કુટુમ્બ પરિવારના નિર્વાહની ભયંકર ચિન્તા વ્યાપાર-લેવડ-દેવડની તેમ જ માન પ્રતિષ્ઠાની દારુણ ચિન્તા તેમ જ વૃદ્ધાવસ્થામાં દિનપ્રતિ-દિન શારીરિક બળની ક્ષીણતા, ઇન્દ્રિયોની શિથિલતા અશુભ કર્મની પ્રબળતા, પ્રચણ્ડ રોગોની પ્રચૂરતા, માન પ્રતિષ્ઠતાની હીનતા, આજ્ઞાની ઉત્થાપના અથવા અવજ્ઞા, પુત્ર પૌત્રાદિ કુટુંબ પરિવારથી તિરસ્કાર, રસાસ્વાદની તીવ્ર આસક્તિ હોવા છતાં તદનુરૂપ ભોજ્ય પદાર્થો પ્રાપ્તિનો અભાવ. વૃદ્ધાવસ્થામાં પણ આર્થિક પરિસ્થતિની પ્રચણ્ડ મુંઝવણ અશક્ત અવસ્થામાં પણ દુર્બળ આર્થિક પરિસ્થિતિના કારણે પ્રેષ્યતા અને દાસત્વનું દુઃખ, શેઠના અપમાન જનક તાતા તીર જેવા કટુ વચનોથી હડધૂત થવું વિવેક અને બુદ્ધિહીન સ્ત્રી પુત્ર પુત્રી આદિ કુટુંબ પરિવાર, અનેક કન્યાઓ વન્ધ્યત્વ, બુદ્ધિહીનતા, અન્ધતા, બધિરતા, અજ્ઞાનતા, જડતા, મૂઢતા, તુચ્છતા કુટિલતા, વક્રતા લોલુપતા, ક્રોધ માન-માયા-લોભાદિનો અતિરેક આ રીતના અનેક મહાદુર્ગણો અને દોષોથી ભરપૂર

એવું ધર્મવિહોણું મનુષ્ય જીવન ટૂંકમાં આધિ વ્યાધિ અને ઉપાધિના મહાતાપથી નિરન્તર તપ્ત રહે છે. અનેક મહા-દુઃખોને અને વિટમ્બણાઓ સહન કરતો મહાકષ્ટથી જીવન પૂર્ણ કરે છે.

## દેવ વેદના

ક્રોધાદિ કષાય અને વિષય વિલાસના અતિરેકથી અતિ-કલુષિત ચિત્તવાળા દેવોને પણ સુખ હોતું નથી. કેટલાંક દેવો તો મનુષ્ય લોકના અન્ત્યજ એટલે ચંડાળ મહેતર જાતિ જેવા કિલ્બિષિક જાતિના હોવાથી ઈન્દ્ર મહારાજા પ્રમુખ મહર્દ્ધિક દેવોની આજ્ઞા પાલનાદિનું દુઃખ કેટલાક દેવોની અતિસ્વરૂપ-વતી દેવીઓ અન્ય દેવો અપહરણ કરીને (ઉપાડીને) મહા-ન્ધકારમય એવા ગુપ્તસ્થાનમાં છુપાઇ જાય કે છ-છ માસ શોધ્યા ન મળવાથી નિરન્તર ઝુરવાનું દુઃખ મળ્યા પછી અન્ય દેવોથી સેવાયેલ (ભોગવાયેલ) દેવીઓ પ્રત્યે ગાઢ રાગ અને પુનઃ કોઇ દેવ અપહરણ કરી ન જાય તેની ચિન્તા અને તકેદારીનું દુઃખ અપહરણ કરનાર દેવો પાસેથી દેવી મેળવતાં પરસ્પર યુદ્ધમાં મહાવીર્યવાન્ મહર્દ્ધિક દેવોના અતિતીવ્ર પ્રહા-રોથી દેવને અન્ય મહર્દ્ધિક દેવની અતિ વિપુલ ઋદ્ધિ સિદ્ધ સમૃદ્ધિ અને અતિ સ્વરૂપવતી દેવીઓ દેખીને ઝુરવાનું દુઃખ. પુષ્પમાળા જબાન થવાથી (કરમાવાથી) શરીરની રૂપ કાન્તિ નિસ્તેજ બનવાથી અવધિજ્ઞાનાદિથી કેવળ છ માસનું આયુષ્ય શેષ રહ્યું છે. ત્યાર પછી આ રત્નોના વિમાનો, દેવીઓ, દેવ પરિવાર, તેમ જ સમગ્ર ઋદ્ધિ સિદ્ધિ અનિચ્છાએ ત્યાગ કરીને અસહ્ય દુર્ગન્ધમય મળ મૂત્રાદિની ભયંકર અશુચિમાં પ્રાયઃ બસોસીત્તોતેર દિવસ ઉંધા મસ્તકે લટકવું પડશે. એમ જાણી નિરન્તર ઝુરતા રહેવું દુઃખ સમયે સમયે

સંખ્ય અસંખ્ય દેવાનું ચ્યવન થાય છે. તેમાંથી મોટા ભાગના માછલામાં ઉત્પન્ન થાય. ઉદ્યાન બાગ બગીચાના પુષ્પોની આસક્તિવાળા દેવો વનસ્પતિકાળમાં ઉત્પન્ન થાય. વાવડીઓની તીવ્રાસક્તિવાળા દેવો અપ્કાકમાં ઉત્પન્ન થાય. અને રત્નોમાં તીવ્રાસક્તિવાળા દેવો પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે આ છે દેવલોકના સુખોનો તીવ્રાસક્તિ પૂર્વક કરે રસાસ્વાદનો પરિપાક.

દેવ મનુષ્ય તિર્યંચ કે નરકમાં જ્યાં નજર કરો ત્યાં અનન્તાનન્ત દુઃખના ડુંગરો અને દાવાનળો ભડકે બળી રહ્યા છે, આવું પ્રત્યક્ષ જોયું, જાણ્યું અને અનુભવ્યા પછી પણ મહા મોહ અને મહા અજ્ઞાનનો કેવો ભયંકર કરુણ અંજામ છે, કે આ જીવને સંસારથી વૈરાગ્ય થતો નથી.

હે આત્મન્! એકાન્તે પરમ શ્રેયસ્કર શ્રી વીતરાગ પરમાત્મા પ્રણીત જિનધર્મનું આરાધન કરી તો જ તું નરકાદિ ચતુર્ગતિ સંસાર દુઃખની પરંપરાથી સર્વથા મુક્ત બની શાશ્વત અનન્ત આનંદનો પરમ ભોક્તા બની શકીશ.

## પૃથ્વી આદિ ચતુષ્કના જીવોનું સંખ્યાનું પ્રમાણ.

સચિત આમળા ફળપ્રમાણ સચિત પૃથ્વીકાયના જે જીવો છે. તે પ્રત્યેક જીવને પારાપત એટલે કબુતર પ્રમાણના એક એક શરીરમાં એક એક જીવ સ્થાપન કરીને પરાતાપથી સ્થાલી આકારનો ૧૦૦૦૦૦ એક લાખ યોજન પ્રમાણનો જમ્બૂદ્વીપ સંપૂર્ણ ભરી દેવામાં આવે, તો પણ સમાવેશ ન થાય જીવો શેષ (બાકી) રહી જાય. એટલા અસંખ્ય જીવો સચિત્ત પૃથ્વીકયના કણિયામાં હોય છે.

નાસિકાના છિદ્ર પ્રમાણ પૃથ્વીકાયના સચિત્ત કણીયાને ચક્રવર્તિની દાસી (પરિચારિકા) એકવીસ વાર વાંટીને એકવીશ વાર ચાળે, તો પણ કેટલા પૃથ્વીકાયના જીવોને સ્પર્શ થવાથી મૃત્યુ પામે, એટલા અસંખ્ય એટલે અગણિત જીવો પૃથ્વીકાયના કણિયામાં છે.

એક જળબિન્દુમાં જે જીવો છે તે પ્રત્યેકને જીવને "સરસવ" પ્રમાણના એક એક શરીરમાં એક એક જીવ સ્થાપન કરીને તે સરસવથી સ્થાલી આકારનો એક લાખ યોજનપ્રમાણનો જમ્બૂદ્વીપ સંપૂર્ણ ભરવામાં આવે, તો તેમાં સમાવેશ ન થાય. અગણિત જીવો શેષ રહિત જાય એટલા અસંખ્ય જીવો જળના એક બિન્દુમાં હોય છે.

એક બરંટી કે તન્દુલ પ્રમાણ અગ્નિકાયમાં જે જીવો છે તે પ્રત્યેક જીવને "ખસ ખસ" પ્રમાણના એક એક શરીરમાં એક એક જીવ સ્થાપન કરીને તે ખસખસથી એક લાખ યોજન પ્રમાણનો જમ્બૂદ્વીપ સંપૂર્ણ ભરવામાં આવે, તો પણ તેમાં સમાવેશ ન થાય. અગણિત જીવો શેષ રહી જાય એટલા અસંખ્ય જીવો અગ્નિના એક કણિયામાં હોય છે.

## વનસ્પતિનું સ્વરૂપ

વિશ્વમાં કુલ અઢાર ભાર વનસ્પતિનું વર્ણન આવે છે, તેમાં ૬ ભાર પત્ર (પાંદડા), ૮ ભાર ફળફૂલ અને ૪ ભાર વેલડીની જાત કુલ ૧૮ ભાર વનસ્પતિ જાણવી.

એક સ્થળે એવો ઉલ્લેખ છે કે વિશ્વમાં જેટલા પ્રકારની વનસ્પતિ છે તે પ્રત્યેકનું એક એક પત્ર એકત્રિત કરીને તોલતાં ૧૮ ભાર થાય.

લોકપ્રકાશ ગ્રન્થના આધારે એક ભાર એટલે ૩૮૧૧, ૧૭,૨૯૭૨૦ ત્રણ હજાર આઠસો અગીયાર ક્રોડ, સત્તર લાખ, ઓગણત્રીશ હજાર, સાતસો વીશ મણનો એક ભાર થાય. મતાન્તરે ૩૮૧૧૧૨૯૭૨૦ ત્રણસો એક્યાંશી ક્રોડ, અગીયાર લાખ, ઓગણત્રીશ હજાર, સાતસો વીશ મણનો એક ભાર થાય.

## મનુષ્ય શરીરનું મૂલ્યાંકન

આધુનિક વૈજ્ઞાનિકોએ મનુષ્યદેહમાં રહેલ પદાર્થોનું સંશોધન કરી પ્રત્યેક પદાર્થોનું પૃથક્કરણ કરી તેનું પ્રમાણ નીચે પ્રમાણે જણાવેલ છે.

(૧) લગભગ ૧૦ કીલોગ્રામ "ચરબી" જેમાંથી ૨૦ ગોટી સાબુની બની શકે.

(૨) લગભગ એક હજાર પેન્સીલો બની શકે તેટલો "કાર્બન".

(૩) લગભગ મધ્યમ કદનો એક ખીલો બને તેટલી "લોહધાતુ".

(૪) લગભગ એક નાની વાટકી ભરાય તેટલી "શર્કરા" (ખાંડ).

(૫) લગભગ એક ચપટી બલવણ (મીઠા) જેટલું "મેગ્નેશીયમ".

(૬) લગભગ એક હજાર દીવાસળીના ટોપચા થાય તેટલું "ફોસ્ફરસ".

(૭) લગભગ દશ ગેલન જેટલું "જળ".

(૮) લગભગ એક ચપટી જેટલું "ગન્ધક".

(૯) લગભગ ૨૦૦ થી ૨૫૦ ગ્રામ "ચૂનો"

આ બધી વસ્તુઓ શુદ્ધ સ્વરૂપે હોય, તો તેનું મૂલ્ય વિક્રમ સં. ૨૦૩૪ની અસહ્ય મોંઘવારીમાં પણ રૂા. ૨૦૦) અંકે રૂપીયા બસોથી અધિક મૂલ્યાંકન થઈ શકે તેમ નથી.

જેની ચાલે ધરા ધ્રૂજે, જેની હાકે (રાડે) પર્વતો થરથર કમ્પે. અને સમુદ્રો ખળભળે, જેના પડતા બોલ ઝીલવા લાક્રખો અને ક્રોડો અંજલિઓ તત્પર હોય, અરે જેની આંગળીના ટેરવે સમગ્ર વિશ્વ નાચતું હોય ?, જેના નેત્રોન્મેષે એટલે આંખના મટકે સમગ્ર વિશ્વ મુગ્ધ બનતું હોય, તો પણ ધર્મ વિહોણા આ પુષ્ટ માનવદેહનું મૂલ્ય આજની ઘડીએ બસો રૂપીયા એટલે ૦ા (પા) તોલા સુવર્ણથી અધિક ન હોય, છતાં લાખ યોજનનો સુવર્ણ મેરુ તો જાણે એના ખીસ્સામાં જ હોય, એવા મહામાનમાં માનવ મહાલતો હોય છે. આ છે માનવીની અતિકારુણિક કારમી દશા.

આ આપણી મૂર્ખતા ઉપર સમગ્ર વિશ્વ ઉપહાસ કરે ઠેકડી ઉડાડે તો પણ આશ્ચર્ય પામવા જેવું નથી.

# ॥ અથ સાર્થં ભવવૈરાગ્યશતકમ્ ॥

---

મૂલમ્ઃ—

સંસારમ્મિ અસારે, નત્થિ સુહં વાહિ વેઅણાપઉરે ।
જાણંતો ઇહ જીવો, ન કુણઈ જિણદેસિઅં ધમ્મં ॥ ૧ ॥

સંસ્કૃત છાયાઃ—

સંસારેऽસારે સારે નાસ્તિ સુખં વ્યાધિ–વેદના પ્રચુરે ।
જાનન્નિહ જીવો ન કરોતિ જિન દેશિતં ધર્મમ્ ॥ ૧ ॥

અનેક પ્રકારની પ્રચુર મહાવ્યાધિ અને વેદનાઓથી સભર એવા આ સંસારમાં ક્યાંય સુખ નથી, એવું નક્કર સત્ય જાણવા છતા એ અનન્તાન્ત પરમતારક શ્રી જિનેશ્વર પરમાત્મા ઉપદિષ્ટ ધર્મનું કરતો નથી.

મૂલમ્ઃ—

અજ્જં કલ્લં પરં પરારિં, પુરિસા ચિંતંતિ અત્થસંપત્તિં ।
અંજલિગયં વ તોયં, ગલંતમાઉં ન પિચ્છન્તિ ॥ ૨ ॥

સંસ્કૃત છાયાઃ—

અદ્ય કલ્યે પરસ્મિન્ પરતરસ્મિન્ પુરુષાશ્ચિન્તયન્ત્યર્થં
સમ્પત્તિમ્ । અંજલિગતમિવ તોયં ગલદાયુર્ન પશ્યન્તિ ॥૨॥

આજે મળશે, કાલે મળશે, પોર મળશે, પરાર મળશે, એ રીતે ધન સમ્પત્તિની ચિન્તામાં ચક્રવર્તિ અને દેવદેવેન્દ્રોની ઋદ્ધિ સિદ્ધિ દેતાએ પ્રાપ્ત ન થાય એવી અમૂલ્ય ચિન્તામણિ

રત્ન જેવી મહામૂલી મનુષ્ય ભવની એક ક્ષણ અંજલિત જળમાંથી નિરન્તર ટપકતા ઝરતા જળની જેમ નિરથક હારી રહ્યો છે તેને તું જોતો નથી.

મૂલમ્:—

જં કલ્લે કાયવ્વં તં અજ્જં ચિય કરેહ તુરમાણા ।
બહુ વિગ્ઘો હુ મુહુત્તો, મા અવરણ્હં પડિક્ખેહ ॥ ૩ ॥

સંસ્કૃત છાયા:—

યત્ કલ્યે કર્તવ્યં, તદદ્યૈવ કુરુધ્વં ત્વરમાણાઃ ।
બહું વિઘ્ન એવ મુહૂર્તો; માઽપરહ્નં પ્રતીક્ષધ્વમ્ ॥ ૩ ॥

જે ધર્મ કાર્ય શુભકાર્ય કાલે કરવાનો હો તે આજે જ વિના વિલમ્બે ત્વરિત ગતિએ કરો એક મુહૂર્ત માત્ર સમય પણ અનેક મહાવિઘ્નોથી ભરપૂર હોય છે માટે પશ્ચાત્ પ્રહરે કરવાનું ધર્મ કાર્ય પણ એક ક્ષણની પ્રતીક્ષા કર્યા વિના શીઘ્રાતિશીઘ્ર કરવું.

મૂલમ્:—

હી ! સંસારસહાવ-ચરિયં નેહાણુંરાય રત્તા વિ ।
જે પુવ્વણ્હે દિટ્ઠા, તે અવરણ્હે ન દીસન્તિ ॥ ૪ ॥

સંસ્કૃત છાયા:—

હી સંસાર સ્વભાવ ચરિતં સ્નેહાનુરાગ રક્તા અપિ ।
યે પૂર્વા દૃષ્ટાસ્તેઽપરા ન દૃશ્યન્તે ॥ ૪ ॥

સંસાર સ્વભાવનું સ્વરૂપ જ એવું વિચિત્ર અને મહા ભયંકર છે કે ભલભલાને સહેજે મહાખેદ કે આઘાત થયા વિના ન રહે, સ્નેહાનુરાગથી રક્ત એવા સ્વજન કુટુંબાદિને

પ્રથમ પ્રહરે જે સ્વરૂપે જોયા હોય, તે સ્વરૂપે પશ્ચાત્ પ્રહરે જોવા મળતા નથી. કારણે કે સમ્પૂર્ણ સંસાર ક્ષણભંગુર અને પરિવર્તનશીલ છે.

મૂલમ્—

મા સુયહ જગ્ગિયવ્વે, પલાઇયિવ્વમ્મિ કિસ વિસેમેહા ?
તિન્નિ જણા અણુલગ્ગા, રોગો અ જરા અ મચ્ચૂ અ ।।૫।।

સંસ્કૃત છાયા:—

મા સ્વપિત જાગરિતવ્યે પલાયિતવ્યે કસ્માદ્ વિશ્રામ્યથ ?।
ત્રયો જના અનુલગ્ના રોગશ્ચ જરા ચ મૃત્યુશ્ચ ।। ૫ ।।

હે આત્મન્! રોગ વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આ ત્રણ અનાદિકાળથી તારી પાછળ પડયા છે. એનાથી સમ્પૂર્ણ રક્ષણ અને પરમ મહાવિજય મેળવવો હોય, તો મોહાધીન બનીશ નહિ. વિષય, કષાય અને પ્રમાદની ઘોર નિદ્રામાં કુંભકર્ણની જેમ ઘોરીશ નહિ મહામોહ અને અજ્ઞાનથી સદા સજાગ રહેવું. ક્ષણાર્ધના વિલંબ વિના વિષય કષાયની બળબળતી આગથી પલાયન થઈ શ્રી જિનશાસનરૂપ નન્દનવનમાં આવી પરમ પ્રસન્નતાની અખણ્ડ શીતળતા અને ચિત્તસમાધિ પુષ્પના પરમ પરમરાટના આસ્વાદને તું માણી લે. જિનાગમ રૂપી રત્નદીપકોના પરમ સુતેજની ઝળહળતી મહાજ્યોત નન્દનવનને પરમ સુશોભિત કરી રહી છે. એ મહા જ્યોતમાં હે આત્મન્! તારી અનન્તગુણ સમ્પતિ અને અખૂટ આનંદ સમૃદ્ધિનું તું દર્શન કર. જેથી તને જ્ઞાન અને ભાન થાય કે તું કેવો પરમમહર્દ્ધિક છે. સમ્યગ્દર્શન રૂપ અભેદ્ય વજ્રકવચ, પ્રભુ ભક્તિરૂપ રત્નમય છત્ર, સંયમરૂપ વસુનંદક (ઢાલ) અને તપરૂપ તીક્ષ્ણ ખડ્ગ ધારણ કરી અજેય મહાસુભટની જેમ

નિર્ભીક બની મોહમહામલ્લનો પરમ વિજેતા બન. એજ એક માત્ર આત્મશ્રેયનો પરમ રામબાણ ઉપાય છે.

મૂલમ:—

દિવસ–નિસાઘડિમાલં, આઉસલિલં જિઆણં ઘેત્તૂણં ।
ચંદાઇચ્ચ બઇલ્લા કાલાડરહટ્ટં ભમાડન્તિ ॥ ૬ ॥

સંસ્કૃત છાયા:—

દિવસ નિશાઘટિમાલયા, આયુઃ સલિલં જીવાનાં ગૃહીત્વા ।
ચન્દ્રાડડદિત્યલિવર્દૌ, કાલાડરહટ્ટં ભ્રમયતઃ ॥ ૬ ॥

અહોરાત્ર રૂપ ઘટમાલિકાથી આયુઃ જળ ધારણ કરીને સંસારરૂપ મહાકૂપ ઉપર રહેલ કાળરૂપ અરહટ્ટ (રહેંટ) રક્ત અને શ્વેત વર્ણવાળા મહાબળવાન્ સૂર્ય–ચન્દ્રરૂપી બળદો પરિભ્રમણ કરાવે છે અર્થાત્ નિરન્તર આયુષ્યનો હ્રાસ થતો જાય છે. ॥ ૬ ॥

મૂલમ્:—

સા નત્થિ કલા તં નત્થિ, ઓસહં તં નત્થિ કિંપિ વિન્નાણં ।
જેણ ધરિજ્જઈ કાયા, ખજ્જન્તી કાલ સપ્પેણ ॥ ૭ ॥

સંસ્કૃત છાયા:—

સા નાસ્તિ કલા તન્નાસ્ત્યૌષધં તન્નાસ્તિ કિમપિ વિજ્ઞાનમ્ ।
યેન ધાર્યતે કાયઃ ખાદ્યમાનઃ કાલસર્પેણ ॥ ૭ ॥

કાળરૂપી મહાસર્પથી ખવાતી આ કાયાનાં રક્ષણ માટે કોઈ કળા નથી, કોઈ ઔષધ નથી, કોઈ વિજ્ઞાન નથી. એ કાળ મહાસર્પના મુખમાંથી મુક્તિ મેળવવા માટે માત્ર એકજ ર મબાણ ઉપાય છે વિષહર ચિન્તામણિરત્નકલ્પ જિનધર્મનું આરાધન કરવું તે. ॥ ૭ ॥

મૂલમ્:—

દીહરફણિંદનાલે, મહિયરકેસર, દિસામહદલિલ્લે ।
ઓ! પીયઈ કાલભમરો જણમયરંદં પુહવિપઉમે ॥૮॥

સંસ્કૃત છાયા:—

દીર્ઘફણીન્દ્રનાલે મહીધર કેસરે દિશામહાદલે ।
ઓ! (પશ્ચાતાપ:) પિબતિ કાલભ્રમરો જનમકરન્દ
પૃથ્વી પદ્મે ॥ ૮ ॥

મહાખેદની વાત છે કે શેષનાગરૂપ મોટું નાળચું, પર્વતરૂપ કેસરા અને દિશાદિરૂપ વિશાળ પત્રદળોવાળા પૃથ્વી-રૂપ કમળમાં રહેલ જન–જીવરૂપ રસને કાળરૂપ ભ્રમર પાન કરે છે. ॥ ૮ ॥

મૂલમ્:—

છાયામિસેણ કાલો, સયલજિઆણં છલં ગવેસંતો ।
પાસં કહ વિ ન મુંચઈ, તા ધમ્મે ઉજ્જમં કુણહ ॥૯॥

સંસ્કૃત છાયા—

છાયામિસેણ કાલઃ સકલજીવાનાં છલં ગવેષંતો ।
પાર્શ્વં કથમપિ ન મુઞ્ચતિ તસ્માદ્ ધર્મે ઉદ્યમં કુરુધ્વમ્ ॥૯॥

કાયાની છાયા એ વાસ્તવિક છાયા નથી પરંતુ છાયાના બહાને સકળ જીવરાશિના છળ પ્રપંચને શોધતો કાળ નિરન્તર સાથે જ ફરે છે. ક્ષણમાત્ર કોઈ જીવનો કેડો મૂકે તેમ નથી. માટે હે આત્માઓ! અનન્તાનન્ત પરમતારક શ્રી જિનેશ્વર પરમાત્મોપદિષ્ટ ધર્મારાધનમાં પરમ ઉદ્યમશીલ બનો. ॥ ૯ ॥

મૂલમ્:—

કાલમ્મિ અણાઈએ, જીવાણં વિવિહકમ્મવસગાણં ।
તં નત્થિ સંવિહાણં, સંસારે જંન સંભવઈ ॥ ૧૦ ॥

સંસ્કૃત છાયાઃ—

કાલેઽનાદિકે જીવાનાં વિવિધ કર્મવશગાનામ્ ।
તન્નાસ્તિ સંવિધાનં સંસારે યન્ન સંભવતિ ॥ ૧૦ ॥

અનાદિકાળથી ક્રોધ, માન, માયા, લોભ, રાગ દ્વેષાદિ વગેરે અનેક પ્રકારના કર્મને આધીન બનેલ જીવોને અનાદિકાળના આ સંસારમાં કોઈ એવો સમ્બન્ધ નથી કે જે ન સમ્ભવતો હોય. અર્થાત્ પ્રત્યેક જીવના પ્રત્યેક સંબંધો અનન્ત અનન્ત વાર થઇ ચૂકયા છે. આ છે ધર્મ વિહૂણા જીવોની અતિકારમી દયનીય દશા. જીવ માત્રને શરણ અને તરણરૂપ હોય, તો માત્ર જિનધર્મ જ છે. ॥ ૧૦ ॥

મૂલમ્ :—

બંધવા સુહિણો સવ્વે, પિઅ–માયા પુત્ત–ભારિયા ।
પેઅ વણાઓ નિત્તન્તિ, દાઊણં સલિ લંજલિં ॥ ૧૧ ॥

સંસ્કૃત છાયાઃ—

બાન્ધવાઃ સુહૃદઃ સર્વે માતા–પિતરૌ પુત્ર–ભાર્યાઃ ।
પ્રેતવનાદ્ નિવર્તન્તે દત્વા સલિલાઽગ્-જલિમ્ ॥ ૧૧ ॥

રે જીવ ! ભ્રાતા, ત્રાતા, માતા–પિતા, સ્ત્રી, પુંત્ર, મિત્રાદિ કોઈ તારા આત્માના સગા સ્નેહિ કે સમ્બન્ધિઓ નથી. એ તો માત્ર કર્મજન્ય સમ્બન્ધે કાયાના સગા છે, કારણ કે દેહનો અગ્નિ સંસ્કાર કરી જલાંજલિ આપી પ્રેતવન (સ્મશાન) થી સહુ પાછા ફરીને પોતપોતાના સ્થાને નિઃશંકપણે પહોંચી જાય છે. માટે આ પ્રશસ્ત માય મુર્છાનો ત્યાગ કરી સંયમ ધર્મમાં પરમ ઉદ્યમશીલ બન ! એ જ મોક્ષ પ્રાપ્તિનો પરમ રાજપથ છે. ॥ ૧૧ ॥

મૂલમ્:—

વિહુડન્તિ સુઆ વિહુડન્તિ, બંધવા વિહુડન્તિ સુસંચિઆ અત્થા ।
ઇક્કો કહ વિ ન વિહુડઈ ધમ્મો, રે જીવ ! જિણુભણિઓ ॥૧૨॥

સંસ્કૃત છાયા:—

વિઘટન્તે સુતા વિઘટન્તે બાન્ધવા વિઘટન્તે સુસંચિતા અર્થાઃ ।
એકઃ કથમપિ ન વિઘટતે ધર્મો રે જીવ ! જિણુભણિતઃ ॥૧૨॥

રે જીવ ! પુત્રો વિયોગ થાય છે. બાન્ધવો વિખૂટા પડે છે. અને અનેક પ્રબળ પરિશ્રમોથી પ્રાપ્ત કરીને સુસંચિત કરેલ ધન સમ્પત્તિનો પણ વિયોગ થાય છે પરન્તું જિનેશ્વર ભાષિત ધર્મ જ એક એવી અદ્ભુત વસ્તુ છે, કે તે કદાપિ કોઈનો ત્યાગ કરતી નથી. માટે આ સંસારમા અન્ય કોઈની સાથે સંબંધ ન બાંધતાં માત્ર એક જિન ભાષિત ધર્મની સાથે જ છેડાછેડી બાંધવા જેવા છે. ॥ ૧૨ ॥

મૂલમ્:—

અડકમ્મપાસબદ્ધો જીવો સંસાર ચારએ ઠાઇ ।
અડ કમ્મપાસ મુક્કો, આયા સિવ મંદિરે ઠાઇ ॥ ૧૩ ॥

સંસ્કૃત છાયા:—

અષ્ટ કર્મ પાશ બદ્ધો જીવ ! સંસાર ચારકે તિષ્ઠિતિ ।
અષ્ટ કર્મ પાશ મુક્ત આત્મા શિવ મન્દિરે તિષ્ઠતિ ॥ ૧૩ ॥

અષ્ટ કર્મ રૂપ નાગચૂડથી બંધાયેલ આ જીવ સંસાર રૂપ કારા ગૃહવાસ સેવન કરતો સ્થાન સ્થાન પરિભ્રમણ કરે છે ત્યારે અષ્ટ કર્મના પાશબદ્ધથી મુક્ત થયેલ જીવ સમયાન્તર વિના શિવસદને પહોંચી અનન્ત કાળ માટે અનન્ત આનન્દનો ભોકતા બને છે. ॥ ૧૩ ॥

મૂલમ્ઃ—

વિહવો સજ્જણસંગો, વિસય સુહાઈ વિલાસલલિઆઈ ।
નલિણી દલગ્ગઘોલિર–જલ લવ પરિ ચંચલં સવ્વં ॥૧૪॥

સંસ્કૃત છાયાઃ—

વિભવઃ સજ્જન સઙ્ગો વિષય સુખાનિ વિલાસ લલિતાનિ ।
નલિની દલાગ્ર ઘૂર્ણચિતૃ જલ લવ પરિ ચઞ્ચલં સર્વમ્ ॥૧૪॥

ધન પદાર્થાદિ વૈભવ, સગા સમ્બન્ધિ સ્નેહિ સજ્જનો નો સંગ, તેમજ સ્ત્રી આદિના અતિ લલિત વિષય વિલાસો કમળ પત્રના અગ્રભાગે સ્થિત અતિ ચંચળ જળબિન્દુ જેવા અતિ ચપળ અને ક્ષણભંગુર છે તેમાં કયાંય આસક્ત થવા જેવું નથી. ॥ ૧૪ ॥

મૂલમ્ઃ—

તં કત્થ બલં તં કત્થ, જુવ્વણં અંગચંગિમા કત્થ? ।
સવ્વમનિચ્ચં દિઠ્ઠં નટઠં કયં તેણ ॥ ૧૫ ॥

સંસ્કૃત છાયાઃ—

તત્ કુત્ર બલં? તત્ કુત્ર યૌવનમ્? અઙ્ગચઙ્ગિમા કુત્ર? ।
સર્વમનિત્યં પશ્યત દૃષ્ટં કૃતાન્તેન ॥ ૧૫ ॥

દેહનું તે બળ કયાં ગયું? યૌવન કયાં ગયું? દેહનું સૌન્દર્ય કયાં ગયું? રૂપ લાવણ્ય કયાં ગયું? આ સર્વ અનિત્ય છે. તેને તમે જુવો આપણાથી જોવાયેલ આ સર્વને યમરાજા એટલે કાળે નષ્ટ ભ્રષ્ટ કરી દીધું ॥ ૧૫ ॥

મૂલમ્ઃ—

ઘણ કમ્પાસ બદ્ધો, ભવન પર ચઉપ્પહેસું વિવિહાઓ ।
પાવઈ વિડંબણાઓ, જીવો કો ઈત્થ સરણંસે? ॥ ૧૬ ॥

સંસ્કૃત છાયાઃ—

ઘન કર્મ પાશ બદ્ધો ભવનગર ચતુષ્પથેષુ વિવિધાઃ ।
પ્રાપ્નોતિ વિડમ્બના જીવઃ કોઽત્ર શરણં તસ્ય ? ॥ ૧૬ ॥

સંસાર નગરના ચાતુર્ગતિકરૂપ ચતુષ્થ (ચૌટા) માં ઘન (અતિગાઢ) કર્મ પાશથી બંધાયેલ આ જીવ અનેક પ્રકારે મહાવિડમ્બનાઓને પામે છે. વિડમ્બિત આ જીવને સંસારમાં કોણ શરણ હોય ? અર્થાત્ અનન્તાન્ત પરમતારક શ્રી જિનેશ્વર ભગવન્ત નિર્દિષ્ટ અરિહંતાદિ ચાર શરણા વિના અન્ય કોઈ શરણ હોતું નથી. માટે હે ભવ્ય આત્મન્ ! તું ધર્મારાધનમાં પૂર્ણ ઉપયોગશીલ બન ? ॥ ૧૬ ॥

મૂલમ્ઃ—

ઘોરમ્મિ ગબ્ભવાસે, કલ–મલ જંબાલ અસુઈ બીભચ્છે ! ।
વસિઓ અણંત ખૂત્તો, જીવો કમ્માણુભાવેણ ॥ ૧૭ ॥

સંસ્કૃત છાયાઃ—

ઘોરે ગર્ભવાસે કલ મલ જમ્બાલાશુચિ બિભત્સે ।
ઉષિતોઽનન્તકૃત્વો જીવઃ કર્માનુભાવેન ॥ ૧૭ ॥

શુક્ર શોણિત રૂપ કાદવની અતિબિભત્સ અશુચિથી ભરપૂર એવા અતિદારુણ આ ગર્ભાવાસમાં કર્મના પ્રભાવથી આ જીવ અનન્તી વાર રહ્યો. તો પણ આ જીવની કેવી દારુણ દયનીય દશા છે, કે જ્યાં આ જીવ ઉત્પન્ન થયો, તે સ્થાનની અરુચિ કે અણગમો તો આ જીવને અંશમાત્ર નથી, પરન્તુ આ જીવમાં તે સ્થાનનું અત્યાકર્ષણ અને ગાઢ આસક્તિના તો પ્રત્યક્ષ દર્શન થાય છે. ॥ ૧૭ ॥

મૂલમ્ઃ—

ચુલસીઈ કિર લોએ, જોણીણું પમુહ સય સહસ્સાઈં ।
ઇક્કિ ક્કમ્મિ અ જીવો, અણંત ખુત્તો સમુપ્પન્ને ॥૧૮॥

સંસ્કૃત છાયાઃ—

ચતુરશીતિઃ કિલ લોકે યોનીનાં પ્રમુખ શત સહસ્રાણિ ।
એકૈકસ્યાં ચ જીવોઽનન્તકૃત્વઃ સમુત્પન્નઃ ॥ ૧૮ ॥

વિશ્વમા જીવને ઉત્પન્ન થવા યોગ્ય ચોરાશિલાખયોનિ-(સ્થાનકો) છે એક એક યોનિમાં અનન્તાનન્તી વાર ઉત્પન્ન થવા છતાં, આ જીવને ઉત્પત્તિ સ્થાનથી અંશમાત્ર ત્રાસ કે અણગમો થતો નથી. આ છે આપણી વિષયાસક્તિની પારાશીશી. ॥ ૧૮ ॥

મૂલમ્ઃ—

માયા–પિય બંધૂહિં, સંસારત્થેહિં પૂરિઓ લોઓ ।
બહુ જો નિવાસીહિં, ન ય તે તાણું ચ સરણું ગ ॥ ૧૯ ॥

સંસ્કૃત છાયાઃ—

માતા–પિતૃ–બન્ધુભિઃ સંસાર સ્થૈઃ પૂરિતો લોકઃ ।
બહુયોનિ નિવાસિભિઃ ન ચ તે ત્રાણું ચ શરણું ચ ॥૧૯॥

સંસારવર્તિ અને ચોરાશી લાખ યોનિ નિવસિત માતા-પિતા ભ્રાતા આદિથી સભર એવા ચૌદરજ્જુ–લોકાત્મક આ વિશ્વ–બ્રહ્માણ્ડમાં રે જીવ તારૂં રક્ષણ કરવાને અને તને શરણ રૂપ થવાને કોઇ સમર્થ નથી. એક જિન ધર્મજ શરણ અને રક્ષણ કરવા માટે સમર્થ છે માટે ધર્મને શરણે થઇને આરાધન કર ॥ ૧૯ ॥

મૂલમ્ઃ—

જીવો વાહિવિ લુત્તો, સફરો ઈવ નિજ્જલે તડપ્ફડઈ ।
સયલો વિ જણો પિચ્છઈ, કો સક્કો વે અણા વિગમે? ॥૨૦॥

સંસ્કૃત છાયાઃ—

જીવો વ્યાધિ વિલુપ્તઃ શફર ઇવ નિર્જલે તડફડયતિ ।
સકલોઽપિ જનઃ પ્રેક્ષતે કઃ શક્તો વેદના વિગમે? ॥૨૦॥

વ્યાધિથી વ્યાકુળ બની વિના જળના મત્સ્યની જેમ ટળવળતા અને હાય વોય કરતાં આ જીવને સમગ્ર સગા સમ્બન્ધિઓ જુવે છે. તો પણ વેદનાને દૂર કરવાને કોણ સમર્થ છે? અર્થાત્ વેદના દૂર કરવા કોઇ સમર્થ નથી. ॥૨૦॥

મૂલમ્ઃ—

મા જાણસિ જીવ! તુમં, પુત્ત-કલત્તાઈ મજ્ઝ સુંહહેઊ ।
નિઉણં બંધણ ભેયં, સંસારે સંસરં તાણં ॥ ૨૧ ॥

સંસ્કૃત છાયઃ—

મા જાનીહિ જીવ! ત્વં પુત્ર-કલત્રાદિ મમ સુખહેતુઃ ।
નિપુણં બન્ધન મેતત્ સંસારે સંસરતામ્ ॥ ૨૧ ॥

રે જીવ! પુત્ર કલત્રાદિ મારા સુખના કારણ રૂપ છે એમ તું જાણીશ (માનીશ) નહિ. સંસારમાં પરિભ્રમણ કરતાં આ જીવને પુત્ર કલત્રાદિ ગાઢ બંધનનું કારણ હોય છે. ॥૨૧॥

મૂલમ્ઃ—

જણણી જાયઇ જાયા, જાયા માયા પિઆ ય પુત્તોઅ ।
અણવસ્થા સંસારે, કમ્મવસા સવ્વ જીવાણં ॥ ૨૨ ॥

સંસ્કૃત છાયાઃ—

જનની જાયતે જાયા, જાયા માતા–પિતા ચ પુત્રશ્ચ ।
અનવસ્થા સંસારે, કર્મવશાત્ સર્વ જીવાનામ્ ॥ ૨ ॥

આ સંસારમા કર્માધીન સર્વ જીવોની કેવી અનવસ્થા છે કે, આ ભવની માતા ભવાન્તરમા પત્ની બને છે અને આ ભવની પત્ની ભવાન્તરમાં માતા બને છે. એજ રીતે પિતા–પુત્ર, પુત્ર–પિતા, બને છે આવું મહાભયંકર સંસારનું કારમું ચિત્ર જાણવા છતાં આ સંસારથી વૈરાગ્ય ન થાય, એ આ જીવની કેવી ભયંકર નિષ્ઠુરતા ॥ ૨૨ ॥

મૂલમ્ઃ—

ન સા જાઈ ન સા જોણી ન તં ઠાણં ન તં કુલં ।
ન જાયા ન મુઆ જત્થ, સવ્વે જીણા અણંતસો ॥ ૨૩ ॥

સંસ્કૃત છાયાઃ—

ન સા જાતિર્ન સા યોનિર્ન તત્સ્થાનં ન તત્ કુલમ્ ।
ન જાતા ન મૃત્તા યત્ર સર્વે જીવા અનન્તશઃ ॥ ૨૩ ॥

આ વિશ્વ બ્રહ્માણ્ડમાં કોઈ એવી જાતિ નથી, કોઈ એવી યોનિ, કોઈ એવું સ્થાન નથી, કોઈ એવુ કૂળ નથી, કે જયાં સર્વજીવો અનન્તીવાર જન્મ્યા મર્યા ન હોય! ॥૨૩॥

મૂલમ્ઃ—

તં કિં પિ નત્થિ ઠાણં, લોએ વાલગ્ગકોડિત્તં પિ ।
જત્થ ન જીવા બહુસો, સુહ–દુક્ખ પરંપરા પત્તા ॥૨૪॥

સંસ્કૃત છાયાઃ—

તત્ કિમપિ નાસ્તિ સ્થાનં, લોકે વાલાગ્રકોટિમાત્રમપિ ।
યત્ર ન જીવા બહુશઃ સુખ–દુઃખ પરમ્મરા પ્રાપ્તાઃ ॥૨૪॥

આ વિશ્વમાં વાળાગ્રના અસંખ્યાતમા ભાગ જેટલું પણ કોઈ સ્થાન નથી, કે જયા સમગ્ર જીવો અનેકવાર સુખ-દુઃખની પરમ્પરાને ન પામ્યા હોય? ॥ ૨૪ ॥

મૂલમ્ઃ—

સવ્વાઓ રિદ્ધિઓ પત્તા સવ્વે વિ સયણ સંબંધા ।
સંસારે તા વિરમસુ તત્તો જઇ મુણસિ અપ્પાણં ॥૨૫॥

સંસ્કૃત છાયાઃ—

સર્વા ઋદ્ધયઃ પ્રાપ્તાઃ સર્વેઽપિ સ્વજન સમ્બન્ધાઃ ।
સંસારે તસ્માદ્ વિરમ તતો યદિ જાનાસ્યાત્માનમ્ ॥ ૨૫ ॥

અનાદિકાલીન સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતાં મળેલ દેવ-દેવેન્દ્રાદિની સર્વ સમૃદ્ધિઓ અને માતા-પિતા કલત્રાદિની સાથે પરસ્પર અનન્તીવાર થયેલ સર્વ સમ્બન્ધોને તું જાણે છે, માટે સંસારની મોહજાળથી પરમ વિરકત બની ધર્મા-રાધન કર ॥ ૨૫ ॥

મૂલમ્ઃ—

એગો બંધઈ કમ્મં, એગો વહુ-બંધ-મરણ-વસણાઈં ।
વિસહઇ ભવમ્મિ ભમડઇ, એગું ચ્ચિઅ કમ્મવેલવિઓ ॥૨૬॥

સંસ્કૃત છાયાઃ—

એકો બધ્નાતિ કર્મ, એકો વધ-બન્ધ-મરણ-વ્યસનાનિ ।
વિષહતે ભવે ભ્રામ્યતિ, એક એવ કર્મ વઞ્ચિત! ॥૨૬॥

કર્મ એકાકી જ બાંધે છે તેના ફળ રૂપે વહુ-બંધ-મરણ તેમજ આપત્તિ આદિ પણ જીવ એકાકી જ ભોગવે છે સહન કરે છે કર્મથી પ્રતારાયેલ (છેતરાયેલ) જીવ એકાકી જ સંસારમા પરિભૂમણ કરે. અર્થાત્ અશુભ કર્મની શિક્ષા

ભોગવવા માતા-પિતા પુત્રાદિમાંથી એક પણ જીવ સહાયક બનતો નથી. ॥ ૨૬ ॥

મૂલમ્:—

અન્નો ન કુણઈ અહિઅં, હિઅંપિ અપ્પા કરેઇ ન હુ અન્નો ।
અપ્પકયં સુખ-દુકખં ભુજંસિ તા કિમ દીણ મુહો ? ॥૨૭॥

સંસ્કૃત છાયા:—

અન્યો ન કરોત્યહિતં, હિતમપ્યાત્મા કરોતિ નૈવાન્યઃ ।
આત્મ કૃતં સુખ દુઃખં, ભુઙ્ક્ષે તતઃ કસ્માત્ દીન મુખઃ ॥૨૭॥

રે જીવ ! સંસારમાં અન્ય કોઈ અહિત ન કરતાં આત્મા જ આત્માનું અહિત કરે છે અને આત્મા જ આત્માનું હિત કરે છે આત્માએ કરેલ સુખ દુઃખને આત્મા ભોગવે છે તો પછી તું શા માટે દીનતાને ધારણ કરે છે. ॥ ૨૭ ॥

મૂલમ્:—

બહું આરંભ વિઢત્તં, વિત્તં વિલસંતિ જીવ ! સયણ ગણા ।
તજ્જણિય પાવકમ્મં, અણુહવસિ પુણો તુમં ચેવ ॥૨૮॥

સંસ્કૃત છાયા:—

બહ્વારમ્ભાર્જિતં વિત્તુ મનુભવન્તિ જીવ ! સ્વજન ગણઃ ।
તજ્જનિત પાપકર્મ, અનુભવસિ પુનસ્ત્વમેવ ॥ ૨૮ ॥

રે જીવ ! અનેક પ્રકારના મહાઽઽરમ્ભથી અને છળ પ્રપંચાદિથી ઉપાર્જન કરેલ ધનનો ઉપભોગ સ્વજન સમુદાય કરે છે પરંતુ દ્રવ્ય ઉપાર્જન કરતાં બાંધેલ અનેક પ્રકારના ચિકણા કર્મોનું કટુફળ તો આત્મન્ ! તારે જ ભોગવવાનું છે ॥ ૨ ॥

મૂલમ્:—

અહદુક્ખિયાઇં તહ ભક્ખિયાઈં જહ ચિંતિયાઈં ડિંભાઇં ।
તહ થોવંપિ ન અપ્પા, વિચિંતિઓ જીવ! કિં ભણિમો ? ॥૨૯॥

સંસ્કૃત છાયા:—

અથ દુઃખિતાસ્તથા બુભુક્ષિતા યથા ચિન્તિતા ડિમ્ભાઃ ।
તથા સ્તોકમપિ, વિચિન્તિતો જીવ! કિં ભણામઃ ? ॥ ૨૯ ॥

રે જીવ! તે મૂઢ બનીને નિરન્તર એવું ચિન્તવ્યું કે, આ મારા બાળકો દુઃખીયા છે, ભૂખ્યા છે, રોગી છે, વસ્ત્રાદિથી રહિત છે પરન્તું રે આત્મન્! તારું શું થશે? એવી અલ્પ પણ ચિન્તા તે કદાપિ કરી નથી. રે જીવ! તને વિશેષ શું કહીયે? ॥ ૨૯ ॥

મૂલમ્:—

ખણભંગુરં સરીરં, જીવો અન્નો અ સાસય સરુવો ।
કમ્મવસા સંબંધો, નિબ્બંધો ઇત્થ કો તુજ્ઝ ॥ ૩૦ ॥

સંસ્કૃત છાયા:—

ક્ષણભઙ્ગુરં શરીરં, જીવોઽન્યશ્ચ શાશ્વત સ્વરૂપઃ ।
કર્મવશાત્ સમ્બન્ધો, નિર્બન્ધોઽત્ર કસ્તવ ? ॥ ૩૦ ॥

રે જીવ! આ શરીર ક્ષણભંગુર—ક્ષણવિનાશી અર્થાત્ આશાશ્વત્ છે. ત્યારે આત્મા શાશ્વત સ્વરૂપે છે કર્મવશે શરીર સાથે તારો સમ્બન્ધ થયેલ છે તો પછી વિપરીત સ્વભાવવાળા આ શરીરમા તારી આશક્તિ કેમ? અર્થાત્ તારે અશક્તિ ન જ કરવી જોઇએ "સુજ્ઞેષુ' કિં બહુના" ૩૦ ॥

મૂલમ્:—

કહ આયં કહ ચલિયં, તુમંપિ કહ આગઓ કહં ગમિહી ? ।
અન્નન્નપિ ન યાણાઈ, જીવ! કુડુંબ કઓ તુજ્ઝ ? ॥૩૧॥

સંસ્કૃત છાયાઃ—

કુત આગતં કુત્ર ચલિતં, ત્વમપિ કુત્ત આગતઃ કુત્ર ગમિષ્યસિ?।
અન્યોન્ય મપિ ન જાનીથ, જીવ! કુટુમ્બં કુતસ્તવ? ॥૩૧॥

જેના ઉપર ગાઢ પ્રિતી છે એવા માતા પિતા પુત્ર કલત્રાદિ કુટુંબ કયાંથી આવ્યું? કયા ગયું? તેમજ તું કયાથી આવ્યો? અને કયા જશે? તે તમે અન્યોઽન્ય જાણતા નથી પછી રે જીવ! આ કુટુંબ તારૂ કયાંથી? અને તું કુટુંબનો કયાંથી? અર્થાત્ કોઈ કોઇનું નથી ॥ ૩૧ ॥

મૂલમ્ઃ—

ખણભંગુરે સરીરે, મણુઅભવે અબ્ભ પડલસારિચ્છે।
સારં ઇતિયમેતં જં કીરઇ સોહણો ધમ્મો ॥ ૩૨ ॥

સંસ્કૃત છાયાઃ—

ક્ષણભઙ્ગુરે શરીરે મનુજભવેઽભ્રપટલસદૃશે।
સાર મેતાવન્માત્રં યત્ક્રિયતે શોભનો ધર્મઃ ॥ ૩૨ ॥

ક્ષણ વિનાશી શરીરમાં અને વાદળના સમૂહની જેમ શીઘ્ર વિનાશ પામતા આ મનુષ્ય ભવમાં સાર માત્ર આરાધન કરાતો એક જિન ધર્મ જ છે. ॥ ૩૨ ॥

મૂલમ્ઃ—

જમ્મ દુકખં જરા દુકખં રોગા ય મરણાણિ ય।
અહો! દુકખો હુ સંસારો, જત્થ કીસન્તિ જંતૂણો ॥૩૩॥

સંસ્કૃત છાયાઃ—

જન્મ દુઃખં જરા દુઃખં, રોગાશ્ચ મરણાનિ ચ।
અહો દુઃખો હિ સંસારો, યત્ર કિલશ્યન્તે જન્તવઃ ॥૩૩॥

આ સંસારમા જન્મનું દુઃખ, વૃદ્ધાવસ્થાનું દુઃખ અનેક પ્રકારના રોગો અને મરણોનું દુઃખ છે. ખરેખર આ સંસાર દુઃખમય છે જેમાં પ્રાણિઓ અનેક પ્રકારે કલેશો ભોગવી દુઃખી દુઃખી થઈ રહ્યા છે. ॥ ૩૩ ॥

મૂલમ્:—

જાવ ન ઈંદ્રિયયાણિ, હાયંતિ જાવ ન જરરકખસી પરિપ્ફુરઈ ।
જાવ ન રોગાવિઆરા, જાવ ન મચ્ચૂં સમુલ્લિઅઈ ॥૩૪॥

સંસ્કૃત છાયાઃ—

યાવન્નેન્દ્રિય હાનિર્યાવન્ન જરારાક્ષસી પરિસફુરતિ ।
યાવન્ન રોગ વિકારા યાવન્ન મૃત્યુઃ સમુલ્લિષ્યતિ ॥ ૩૪ ॥

રે જીવ! જયા સુંધી ઇન્દ્રિયો ક્ષણ થઈ નથી, જરા રાક્ષસી વ્યાપક બની નથી, રોગોના વિકારો પ્રકટયા નથી અને મૃત્યુ મુખમાં મુકાયો નથી ત્યાં સુધીમાં રે જીવ જિનેન્દ્રોપદિષ્ટ ધર્મનું આરાધન કરી લે ॥ ૩૪ ॥

મૂલમ્:—

જહ ગેહમ્મિ પલિત્તે, કૂવં ખણિઉં ન સક્કએ કોઈ ।
તહ સંપત્તે મરણે, ધમ્મો કહ કીરએ? જીવ! ॥ ૩૫ ॥

સંસ્કૃત્ત છાયા:—

યથા ગેહે પ્રદીપ્તે, કૂપં ખનિતું ન શકનોતિકોઽપિ ।
તથા સંપ્રાપ્તે મરણે, ધર્મઃ કથં ક્રિયતે? જીવ! ॥ ૩૫ ॥

જેમ ઘરમા આગ લાગીને ચારે બાજું વ્યાપક બની હોય, ત્યારે કૂવો ખોદી આગ બુઝવવા કોઇ સમર્થ નથી, તેવી રીતે સમ્પ્રાપ્ત મરણ સમયે રે જીવ! તું ધર્મ આરાધન કરવા શી રીતે સમર્થ બનીશ? અર્થાત્ મૃત્યુ સમયે તું કંઈ જ કરી શકીશ નહિ ॥ ૩૫ ॥

મૂલમ્:—

રૂવમસાસયમેયં, વિજ્જુલ્લયા ચંચલં જએ જીઅં ।
સજ્ઝાણુ રાગસરિસં, ખણુરમણીઅં ચ તારુણ્ણં ॥ ૩૬ ॥

સંસ્કૃત છાયા:—

રૂપમશાશ્વતમેતદ્, વિદ્યુલ્લતા ચઞ્ચલં જગતિ જીવિતમ્ ।
સન્ધ્યાનુરાગ સદૃશં, ક્ષણુરમણીયં ચ તારુણ્યમ્ ॥ ૩૬ ॥

રે જીવ! શરીરાદિનું રૂપ લાવણ્ય સૌન્દર્યાદિ અશાશ્વત્ છે. જીવિત વિદ્યુતલત્તા જેવું ચપળ અને યૌવન સન્ધ્ય નાં રંગ જેવું ક્ષણ રમણીય છે. ॥ ૩૬ ॥

મૂલમ્:—

ગયકણ્ણચંચલાઓ, લચ્છીઓ તિઅસચાવ સારિચ્છં ।
વિસય સુહં જીવાણું, બુજ્ઝસું રે જીવ! મા મુજ્ઝ ॥૩૭॥

સંસ્કૃત છાયા:—

ગજ કર્ણ ચઞ્ચલા લક્ષ્મ્ય સ્ત્રિદશચાપ સદૃશમ્ ।
વિષય સુખં જીવાનાં, બુધ્યસ્વ રે જીવ! ॥ ૩૭ ॥

લક્ષ્મી હાથીના કાન જેવી ચંચળ છે, અને જીવોનું વિષય સુખ મેઘધનુષ્ય જેવું ક્ષણ જીવી છે, માટે રે જીવ! બોધ પામ! મોહ મૂઢ ન બન! ॥ ૩૭ ॥

મૂલમ્:—

જહ સંઝાએ સઉણાણ સંગમો જહ પહે અ પહિઆણં ।
સયણાણં સંજોગો, તહેવ ખણભંગુરો જીવ! ॥ ૩૮ ॥

સંસ્કૃત છાયા:—

યથા સન્ધ્યાયાં શકુનાનાં સઙ્ગમો યથા પથિ ચ પથિકાનામ્ ।
સ્વજનાનાં સંયોગસ્તથૈવ ક્ષણભઙ્ગુરો જીવ! ॥ ૩૮ ॥

જેમ સન્ધ્યા સમયે પક્ષિઓનો મેળાપ થાય, માર્ગમાં પથિકોનો મેળાપ થાય તે જ રીતે રે જીવ! સગા-સમ્બન્ધિ સ્નેહિજનોના સંબંધ પણ ક્ષણભંગુર છે. ॥ ૩૮ ॥

મૂલમ્:—

નિસાવિરામે પરિભાવયામિ, ગેહે પલિત્તે કિમહં સુયામિ ।
ડજ્ઝન્તમપ્પાણમુવિકખયામિ, જં ધમ્મરહિઓ દિઅહા
ગમામિ ॥ ૩૯ ॥

સંસ્કૃત છાયા:—

નિશા વિરામે પરિભાવયામિ, ગેહે પ્રદીપ્તે કિમહં સ્વપિમિ ।
દહન્તમાત્માનમુપેક્ષે, યદ્ ધર્મ રહિતો દિવસાન્
ગમયામિ ॥ ૩૯ ॥

રે જીવ! તારે રાત્રિના ચરમ પ્રહરે જાગૃત થઇને વિચારવું જોઇએ કે જેવા મનુષ્ય ભવના અમૂલ્ય દિવસો ધર્મારાધન વિના તું નિષ્ફળ ગુમાવી રહ્યો છે. અને કાયારૂપ આ ગૃહમાં મોહ-અજ્ઞાન-વિષય-કષાય રૂપ ફાટી નિકળે એવા ભયઙ્કર વડવાનળમાં નિરન્તર બળતા એવા તારા આત્માની તું શા માટે ઉપેક્ષા કરે છે. ॥ ૩૯ ॥

મૂલમ્:—

જા જા વચ્ચઈ રયણી, ન ય સા પડિનિયત્તઇ ।
અહમ્મં કુણમાણસ્સ, અહલા જન્તિ રાઇઓ ॥ ૪૦ ॥

સંસ્કૃત છાયા:—

યા યા વ્રજતિ રજની, ન ચ સા પ્રતિ નિવર્તતે ।
અધર્મં કુર્વતોઽફલા યાન્તિ રાત્રયઃ ॥ ૪૦ ॥

રે આત્મન્ ! અધર્મ કરતાં તારી જે જે રાત્રિઓ નિષ્ફળ ગઇ તે પાછી આવવાની નથી. રાત્રિના ઉપલક્ષણથી દિવસ પણ લઈ લેવા માટે હે આત્મન્! તદાકાર, તત્ સ્વરૂપ, તન્મય, તલ્લીન, તચ્ચિત્ત બનીને ધર્મારાધન કર. ॥ ૪૦ ॥

મૂલમ્:—

જસ્સત્થિ મચ્ચુણા સક્ખં, જસ્સ વત્થિ પલાયણં ।
જો જાણે ન મરિસ્સામિ, સો હું કંખે સુએ સિયા ॥૪૧॥

સંસ્કૃત છાયા:—

યસ્યા ऽસ્તિ મૃત્યુના સખ્યં, યસ્યવાऽસ્તિ પલાયનમ્ ।
યો જાનાતિ ન મરિષ્યામિ, સખલુ કાङ્ક્ષેચ્ચ સ્યાત્ ॥૪૧॥

જેને મૃત્યુથી મિત્રતા હોય, મૃત્યુથી રક્ષણ મેળવવા માટે પલાયન થવાનું સમ્પૂર્ણ સામર્થ્ય હોય અને જે એમ જાણે કે હું મરવાનો નથી એ આત્મા કદાચ એવી ઇચ્છા અપેક્ષા રાખે કે આજે નહિ તો, આવતી કાલે ધર્મારાધન કરીશ પરન્તું એવું કદાપિ બન્યું જ નથી. માટે આવતી કાલનો વિશ્વાસ કર્યા વિના રે જીવ ! આજે અને હમણા જ ધર્મારાધન કર. ॥ ૪૧ ॥

મૂલમ્:—

દંડકલિઅં કરિત્તા, વચ્ચંતિ હુ રાઇઓ ય દિવસાય ।
આઉં સંવિલ્લન્તા, ગયા વિ ન પુણો નિયત્તન્તિ ॥ ૪૨ ॥

સંસ્કૃત છાયા:—

દણ્ડ કલિતં કૃત્વા વ્રજન્તિ ખલુ રાત્રયશ્ચ દિવસાશ્ચ ।
આયુઃ સંવિલપન્તો, ગતા અપિ ન પુનર્નિવર્તન્તે ॥૪૨॥

ગુચ્છ રૂપે રહેલ સૂતરને દંડ ઉપર ચઢાવી ઉકેલે છે, તેમ અહોરાત્રિરૂપ આયુષ્ય સૂતરને મનુષ્ય ભવાદિ દંડ ઉપર ચઢાવીને પ્રતિક્ષણે લોકો ઉકેલતાં જાય છે ગયેલા રાત્રિ–દિવસો પાછા આવતા નથી. ॥ ૪૨ ॥

મૂલમ્:—

જહેહ સીહો વ મિયં ગહાય, મચ્ચૂં નરંણેઈ હું અંતકાલે।
ન તસ્સ ભાયા ન પિયા ન માયા, કાલમ્મિ તમ્મિસહરા
ભવન્તિ. ॥ ૪૩ ॥

સંસ્કૃત છાયા:—

યથેહ સિંહ ઇવ મૃગં ગૃહીત્વા, મૃત્યુર્નરં નયતિ ખલ્વન્ત કાલે।
ન તસ્ય માતા ન પિતા ન ભ્રાતા, કાલે તસ્મિન અંશધરા
ભવન્તિ ॥ ૪૩ ॥

જેમ સિંહ ટોળામાંથી મૃગલાને પકડીને લઈ જાય છે તેમ અન્ત સમયે મૃત્યું જીવને પકડીને લઈ જાય છે તે સમયે નિકટમા રહેલ માતા–પિતા કે ભ્રાતા એક ક્ષણાર્ધ પૂરતા પણ રક્ષણ કરવા સમર્થ નથી અને મરણ સમયે મૃત્યુના અંશ માત્ર ભાગીદાર થતા નથી. ॥ ૪૩ ॥

મૂલમ્:—

જીઅં જલબિંદુસમં, સંપતિઓ તરંગલોલાઓ !
સુમિણયસમં ચ પિમ્મં જં જાણસુ તં કરિજ્જાસુ ॥૪૪॥

સંસ્કૃત છાયા:—

જીવિતં જલબિન્દુસમં, સમ્પત્તયસ્તરઙ્ગ લોલાઃ ।
સ્વપ્નસમં ચ પ્રેમ. યદ્ જાનીયાસ્તત્ કુરુષ્વ ॥ ૪૪ ॥

દર્ભાગ્ર સ્થિત જલબિન્દુ સમુ જીવિત (જીવન) અસ્થિર છે. ધન સમ્પત્તિઓ સમુદ્ર કલ્લોલ જેવી ચંચળ છે સ્ત્રી પુત્રાદિનો પ્રેમ સ્વપ્નોપમ છે હે જીવ! એવું તું જાણતો હોય તો એ જ્ઞાનનો ધર્મારાધન કરીને સાર્થક બનાવ ॥૪૪॥

મૂલમ્ઃ—

સંઝરાગ-જલબુબ્બુઓવમે, જીવિએ ય જલબિંદુ ચંચલે ।
જુવ્વણેય નઈવેગસન્નિભે, પાવજિવ! કિમિયં ન બુજ્ઝસે?।૪૫।

સંસ્કૃત છાયાઃ—

સન્ધ્યા રાગ-જલ બુદ્બુદોપમે, જીવિતે ચ જલબિન્દુ ચઞ્ચલે।
યૌવને ચનદી વેગ સન્નિભે, પાપ જીવ! કિમિદં ન બુધ્યસે ॥૪૫॥

જીવિત સન્દયાના રાગ, જળ પરપોટા અને જળબિન્દુ જેવું ચંચળ છે યૌવન નદીના પૂર જેવું ક્ષણિક છે તો પણ રે પાપાત્મન્! તું કેમ બોધ પામતો નથી કેમ સમજતો નથી. ॥ ૪૫ ॥

મૂલમ્ઃ—

અન્નત્થ સુઆઅન્નત્થ, ગેહિણી પરિઅણોવિ અન્નત્થ ।
ભૂઅબલિવ્વ કુડુંબં, પક્ખિત્તં હયકયન્તેણ ॥ ૪૬ ॥

સંસ્કૃત છાયાઃ—

અન્યત્ર સુતા અન્યત્ર, ગેહિની પરિજનોઽપ્યન્યત્ર ।
ભૂતબલિવત્ કુટુંમ્બ, પ્રક્ષિપ્તં હત કૃતાન્તેન ॥ ૪૬ ॥

ભૂત પ્રેતાદિ નિમિત્તે પ્રક્ષેપેલ બળિ બાકળા ભિન્ન ભિન્ન સ્થળે ફેંકાઈ જાય છે તેમ યમરાજા (કાળ) થી હણાયેલ પુત્રો અન્યત્ર સ્ત્રી અન્યત્ર અને કુટુમ્બ પરિજન અન્યત્ર ફેંકાઈ જાય છે. ॥ ૪૬ ॥

મૂલમ્:—

જીવેણ ભવે ભવે, મિલ્લિયાઈ દેહાઈ જાઈ સંસારે ।
તાણં ન સાગરેહિં, કીરઇ સંખા અણંતેહિં ॥ ૪૭ ॥

સંસ્કૃત છાયા:—

જીવેણ ભવે ભવે મેલિતાનિ દેહાનિ યાનિ સંસારે ।
તેષા ન સાગરૈ, ક્રિયતે સંખ્યાનન્તૈઃ ॥ ૪૭ ॥

સંસાર ચક્રમાં આ જીવે અદ્યાવધિ મેળવેલા શરીરોની ગણના કરવા બેસીએ તો આજના સાગરોપમો અર્થાત્ અનન્તા પુદ્ગલ પરાવર્ત ચાલ્યા જાય. તો એ અન્ત ન આવે એટલા અનન્તાનન્ત શરીરો આ મેળવીને મૂકી આવ્યો-તોએ કાયાની માયા મૂકાતી નથી રાગ ઘટતો નથી અરે! આ કાયાની પલોજણમાં એક કાર્ય તો ઢેડ ભંગી, મહેતર ચંડાળના જેવું હીણું કાર્ય કરવું પડે છે એટલે આપણે સ્વયંને મળ મૂત્ર વિષ્ટાદિ ઉપાડવાનું સારૂ કરવાનું કાર્ય પ્રત્યેક મનુષ્યને પ્રાયઃ પ્રતિદિન કરવું પડે છે એ હીણા કાર્યની શિક્ષાથી છ ખંડનું સમ્પૂર્ણ સાર્વ ભૌમત્વ ધરાવનાર ચક્રવર્ત્તિઓ પણ મૂકાતા નથી. તો પણ આ જીવને આ કાયાથી ત્રાસ છૂટતો નથી વૈરાગ્ય આવતો નથી. એ આ જીવની કેવી કારમી અજ્ઞતા? ॥ ૪૭ ॥

મૂલમ્:—

નયણોદયંપિ તાસિં સાગરસલિલાઓ બહુયરં હોઈ ।
ગલિયં રુઅમાણીણં, માઉણં અન્નમન્નાણં ॥ ૪૮ ॥

સંસ્કૃત છાયા:—

નયનોદકમપિ તાસાં, સાગર સલિલાદ્ બહુતરં ભવતિ ।
ગલિતં રુદીતનાં, માતૄણામ્ અન્યાન્યાસામ્ ॥ ૪૮ ॥

રે આત્મન્! તારા દુઃખ વિપત્તિ અને મૃત્યું નિમિત્ત રુદનના ભિન્ન ભિન્ન ભવની અનન્તી માતાઓએ સારેલ અશ્રૂઓ એકત્રિત કરવામા આવે તો સાગરોના સાગરો ઉભરાય તો પણ અંત ન આવે. ॥ ૪૮ ॥

મૂલમ્ઃ—

જં નરએ નેરઇયા, દુહાઇ પાવન્તિ ઘોરડણંતાઇ ।
તત્તો અણંતગુણિયં, નિગોઅમજ્ઝે દુહં હોઇ ॥ ૪૯ ॥

સંસ્કૃત છાયાઃ—

યદ્ નરકે નૈરયિકા, દુઃખાનિ પ્રાપ્નુવન્તિ ઘોરાનન્તાનિ ।
તતોડનન્ત ગુણિતં, નિગોદ મધ્યે દુઃખં ભવતિ ॥ ૪૯ ॥

નરકમાં નારકીના જીવો અનન્તા ઘોર દુઃખો પામે છે તેનાથી પણ અનન્ત ગુણું દુઃખ નિગોદમાં હોય છે ॥ ૪૯ ॥

મૂલમ્ઃ—

તમ્મિવ નિગોઅમજ્ઝે, વસિઓ રે જીવ! વિવિહ કમ્મવસ ॥
વિસહન્તો તિક્ખદુક્ખં, અણંત પુગ્ગલ પરાવર્ત્તે ॥ ૫૦ ॥

સંસ્કૃત છાયાઃ—

તસ્મિન્નપિ નિગોદ મધ્યે, ઉષિતો રે જીવ! વિવિધ કર્મવસાત્ ।
વિષહમાણસ્તીક્ષ્ણ દુઃખં, અનન્ત પુદ્ગલ પરાવર્તાન્ ॥૫૦॥

ઉક્ત ભયંકરમાં નિગોદમાં પણ કર્મવશાત્ રે જીવ! તે અનન્તાન્ત પુદ્ગલ પરાવર્ત કાળ પર્યન્ત અતિ તીક્ષ્ણ અસહ્ય અનન્તા દુઃખો સહન કર્યા ॥ ૫૦ ॥

મૂલમ્ઃ—

નિહુરીઅ કહવિ તત્તો, પત્તો મણુઅત્તણંપિ રે જીવ ।
તત્થવિ જિણ વરધમ્મો, પત્તો ચિંતામણિ સરિચ્છો ॥૫૧॥

પતે વિ તમ્મિ રે જીવ! કુણસિ પમાયં તુમં તયં ચેવ ।
જેણં ભવંધકૂવે, પુણો વિ પડિઓ દુહં લહસિ ॥ ૫૨ ॥

સંસ્કૃત છાયા—

નિઃસૃત્ય કથમપિ તતઃ, પ્રાપ્તો મનુજત્વમપિ રે જીવ !
તત્રાપિ જિનવરધર્મઃ, પ્રાપ્તશ્ચિન્તામણિ સદૃશઃ ॥ ૫૧ ॥

પ્રાપ્તેઽપિ તસ્મિન્ રે જીવ! કરોષિ પ્રમાદં ત્વં તમેવ ।
યેન ભવાન્ધ કૂપે, પુનરપિ પતિતો દુઃખ લભસે ॥૫૨॥

અનન્ત દુઃખોનું વેદન કરતા અકામ નિર્જરાથી યેન કેન પ્રકારેણ નિગોદમાં નીકળીને પરમ ભાગ્યોદયે મનુષ્ય ભવ પામ્યો તેમા પણ અનન્ત અનન્ત પુણ્ય રાશિ એકત્રિત થઇને ઉદિત બની ત્યારે રે જીવ! તું ચિન્તામણિરત્ન સમ શ્રી જિનેન્દ્રધર્મ પામ્યો ॥ ૫૧ ॥

સકળ સમીહિત પૂરક ચિન્તામણિ રત્ન સમ જિનધર્મ પામીને પણ રે જીવ! તું પ્રમાદ કરે છે તો પુનઃ ભવાન્ધ કૂપ એટલે સંસાર ચક્રના ભ્રમરાવર્તમાં પડીને મનુષ્ય ભવ ચિન્તામણિ રત્ન સમ જિનધર્મ હારી જઈ અત્યંત દુઃખ પામીશ, અનન્ત કાળ સુધી મનુષ્ય ભવ અને અનન્ત પરમ તારક જિનધર્મ પ્રાપ્ત થવો દુષ્કર બનશે. ॥ ૫૨ ॥

મૂલમ્ઃ—

ઉવલદ્ધો જિણ ધમ્મો, ન ય અણુ ચિણ્ણો પમાયદોસેણ ।
હા જીવ! અપ્પવેરી! સુબહું પરઓ વિસૂરિ હિસિ ॥૫૩॥

સંસ્કૃત છાયાઃ—

ઉપલબ્ધો જિનધર્મો, ન ચાઽનુચીર્ણઃ પ્રમાદ દોષેણ ।
હા જીવ! આત્મ વૈરિક! સુબહું પરતઃ ખેત્સ્યસે ॥૫૩॥

અનન્ત પુણ્યોદયે ઉપલબ્ધ થયેલ જિનધર્મનું તેં પ્રમાદ દોષથી આચરણ ન કર્યું તે ખરેખર મહાખેદનો વિષય છે. રે આત્મવૈરિક જીવ! તારે ભવાન્તરમાં બહુ દુઃખ સહન કરવા પડશે. ॥ ૫૩ ॥

મૂલમ઼:—

સોઅન્તિ વે વરાયા, પચ્છા સમુવટ્ઠિયમ્મિ મરણમ્મિ ।
પાવપમાયવસેણ, ન સંચિયો જેહિ જિણધમ્મો ॥ ૫૪ ॥

સંસ્કૃત છાયાઃ—

શોચન્તે તે વરાકાઃ, પશ્ચાત્ સમુપસ્થિતે મરણે ।
પાપ પ્રમાદ વશેન ન સંચિતો યૈર્જિનધર્મઃ ॥ ૫૪ ॥

જેઓએ પ્રમાદ વશથી હે જિનેશ્વરદેવ! આપના ધર્મનું આરાધન કર્યું નથી તે વરાકો એટલે બિચારા બાપડા રાંક જીવોને મૃત્યુના ઉપસ્થિત થતાં મહાન અને ઘોર પશ્ચાતાપ કરવો પડશે ॥ ૫૪ ॥

મૂલમ઼:—

ધી ધી ધી !!! સંસારે દેવો મરિઊણ જં તિરી હોઇ !
મરિઊણ રાયરાયા, પરિપચ્ચઈ નરયજાલાઇ ॥ ૫૫ ॥

સંસ્કૃત છાયાઃ—

ધિગ્ ધિગ્ ધિક્ !!! સંસારે દેવો મૃત્વા યત્ નિર્યગ્ ભવતિ
મૃત્વા રાજ રાજઃ પરિપચ્યતે નરકજ્વાલયામ્ ॥ ૫૫ ॥

સંસારમાં દેવી અને અપ્સરાઓના વિલાસ અને વિષય સુખમાં–નિરંતર મગ્ન રહેતો મહર્દ્ધિક દેવ દેવલોકમાંથી ચ્યવીને તિર્યંચ થાય છે. તેમજ ષટ્ખણ્ડાધિપતિ ચક્રવર્તિ રાજાઓ પણ ૬૪૦૦૦ સુન્દરીઓના રંગરાગમાં ભાન ભૂલા

બને તો તેઓને પણ મરીને નરકની જ્વાળાઓથી શેકાઈને બળીને અનન્ત વેદનાઓ સહન કરવી પડે છે. એવા આ સંસારને ધિક્કાર હો! ધિક્કાર હો! ધિક્કાર હો! ૫૫

મૂલમ્ :—

જાઈ અણાહો જીવો, દુમ્મસ્સ પુપ્ફં વ કમ્મવાયહઓ;
ધણ-ધન્ના-હરણાઈ, ઘર-સયણ-કુડુંબ મિલ્લેવિ. ૫૬

સંસ્કૃત છાયા :—

યાત્યનાથો જીવો દ્રુમસ્ય પુષ્પમિવ કર્મવાતહતઃ;
ધન-ધાન્યા-ऽऽભરણાનિ ગૃહ-સ્વજન-કુટુંબં મુક્ત્વાऽપિ. ૫૬

વાયુના ઝપાટાથી ખરી પડતા પુષ્પની જેમ કર્મરૂપી વાયુથી અપહત થયેલ આ અનાથ જીવ ધન, ધાન્ય, આભૂષણો ગૃહ અને સ્વજન કુટુમ્બાદિનો અનિચ્છાએ ત્યાગ કરીને પરલોકમાં ચાલ્યો જાય છે. ૫૬

મૂલમ્ :—

વસિયં ગિરીસું વસિયં, દરીસું વસિયં સમુદ્દમજ્ઝમ્મિ;
રુક્ખગ્ગેસુ ય વસિયં, સંસારે સંસરંતેણં. ૫૭

સંસ્કૃત છાયા :—

ઉષિતં ગિરિષૂષિતં, દરીષૂષિતં સમુદ્ર મધ્યે;
વૃક્ષાગ્રેષુ ચોષિતં, સંસારે સંસરતા. ૫૭

રે જીવ! સંસારમાં પરિભ્રમણ કરતા તું અનેકવાર પર્વતોમાં વસ્યો, ગુફાઓમાં વસ્યો, જળચરરૂપે સમુદ્રમાં

વસ્યો. પક્ષિ આદિ રૂપે વૃક્ષોના અગ્રભાગે વસ્યો તો પણ તને ક્યાંય સ્થિરતા ન મળી. સમય મર્યાદા પૂર્ણ થઇ એટલે કર્મરાજાએ તુરત જ હકાલપટ્ટી કરી તો પણ આ સંસારથી વૈરાગ્ય નથી આવતો એ જ મહાઆશ્ચર્ય. ૫૭

મૂલમ્ :—

દેવો નેરઇઉત્તિ ય કીડ પયંગુત્તિ માણુસો એસો;
રૂવસ્સી ય વિરૂવો, સુહભાગી દુક્ખભાગી ય. ૫૮

સંસ્કૃત છાયા :—

દેવો નૈરયિક ઇતિ ચ:, કીટ: પતંગ ઇતિ માનુષ એષ:;
રૂપી ચ વિરૂપ: સુખભાગી દુ:ખભાગી ચ ૫૮

આ જીવ કોઇક ભવે દેવ થયો, તો કોઇક ભવે નારકી થયો, કોઇક ભવે તિર્યંચ ગતિમાં કીટ પતંગિયા જેવો તુચ્છ ભવો પામ્યો, તો કોઇક ભવે મનુષ્ય થયો, કોઇક ભવે રૂપ લાવણ્ય યુક્ત બન્યો, તો કોઇક ભવે કદરૂપી બન્યો, કોઇક ભવે સુખી થયો તો કોઇક ભવે દુ:ખી થયો, કોઇક ભવે રાજા થયો, તો કોઇક ભવે ભિક્ષુક બન્યો, કોઇક ભવે ક્રૂર ચંડાળ બન્યો, તો કોઇક ભવે વેદનો પારગામી બન્યો, કોઇક ભવે અધિપતિ બન્યો, તો કોઇક ભવે દાસ બન્યો, કોઇક ભવે પૂજ્ય બન્યો, તો કોઇક ભવે દુર્જન બન્યો, કોઇક ભવે દરિદ્રનારાયણ બન્યો, તો કોઇક ભવે ધનપતિ કુબેર ભંડારી બન્યો. આવી વિરૂપતા અને અસ્થૈર્યથી ભરપૂર આ સંસારનું સ્વરૂપ છે. ૫૮

મૂલમ્ :—

રાઉત્તિ ય દમગુત્તિ ય, એસ સ્વાગુત્તિ એસ વેયવિઊ;
સામી દાસો પુજ્જો, ખલોત્તિ અધણો ધણવઇત્તિ. ૫૯

નવિ ઇત્થ કોવિ નિયમો, સકમ્મ વિણિવિટ્ઠસરિસકયચિટ્ઠો;
અન્નુન્નરૂવ-વેસો, નડુવ્વ પરિઅત્તએ જીવો. ૬૦

સંસ્કૃત છાયા :—

રાજેતિ ચ દ્રમક ઇતિ ચ, એષ શ્વપાક ઇતિ એષ વેદવિત્ ;
સ્વામી દાસઃ પૂજ્યઃ ખલ ઇતિ અધનો ધનપતિરિતિ. ૫૯

નાપ્યત્ર કોડપિ નિયમઃ સ્વ કર્મ વિનિવિષ્ટ સદશકૃત ચેષ્ટઃ;
અન્યોન્ય રૂપ-વેષો નટ ઇવ પરિવર્તતે જીવઃ. ૬૦

મૂલમ્ :—

નરએસુ વેઅણાઓ અણોવમાઓ અસાસય બહુલાઓ;
રે જીવ! તએ પત્તા, અણંતખુત્તો બહુવિહાઓ. ૬૧

સંસ્કૃત છાયા :—

નરકેષુ વેદના, અનુપમા અશાત બહુલાઃ;
રે જીવ! ત્વયા પ્રાપ્તા, અનન્ત કૃત્વો બહુવિધાઃ. ૬૧

મૂલમ્ :—

દેવત્તે મણુઅત્તે પરાભિઓગત્તણં ઉવગએણં;
ભીસણ દુહં બહુવિહં અણંત ખુત્તો સમણુભૂઅં. ૬૨

તિરિયગઈ અણુપત્તો ભીમમહાવેઅણા અણેગવિહા;
જમ્મણ-મરણ-રહટ્ટે, અણંતખુત્તો પરિબ્ભમિઓ. ૬૩

સંસ્કૃત છાયા :—

દેવત્વે મનુજત્વે, પરાભિયોગત્વમુપગતેન;
ભીષણદુઃખં બહુવિધમ્, અનન્ત કૃત્વઃ સમનુભૂતમ્; ૬૨

તિર્યંગ્ગતિમનુપ્રાપ્તો, ભીમ મહાવેદના અનેકવિધાઃ;
જન્મ-મરણાડરઘટ્ટે, અનન્ત કૃત્વઃ પરિભ્રાન્તઃ ૬૩

મૂલમ્ :—

જાવન્તિ કેવિ દુક્ખા, સારીરા માણુસા ય સંસારે;
પત્તો અણંત ખુત્તો, જીવો સંસાર કંતારે. ૬૪

સંસ્કૃત છાયા :—

યાવન્તિ કાન્યપિ દુઃખાનિ, શારિરાણિ માનસાનિ ચ સંસારે;
પ્રાપ્તોડનન્ત કૃત્વો, જીવઃ સંસારે કાન્તારે. ૬૪

મૂલમ્ :—

તણ્હા અણંતખુત્તો, સંસારે તારિસીયા તુમં આસી;
જં પસમેઉ સવ્વો, દહીણુમુદયં ન તીરિજ્જા. ૬૫

આસી અણંતખુત્તો સંસારે તે છુહાવિ તારિસીયા;
જં પસમેઉં સવ્વો પુગ્ગલકાઓ વિ ન તીરિજ્જા ૬૬

સંસ્કૃત છાયા :—

તૃષ્ણાડનન્તકૃત્વઃ, સંસારે તાદશી તવાડડસીત્;
યાં પ્રશમયિતું સર્વોદધીનામુદકં ન શક્નુયાત્. ૬૫

આસીદ્ અનન્ત કૃત્વઃ, સંસારે તવ ક્ષુધાડપિ તાદશિકા;
યાં પ્રશમયિતું સર્વઃ, પુદ્ગલકાયોડપિ ન શક્નુયાત્. ૬૬

રે જીવ! તેં સાતે નરકોમાં દુઃખોથી ભરપૂર એવી અનેક પ્રકારની અસહ્ય વેદનાઓ અનન્તવાર ભોગવી દેવભવમાં અને મનુષ્યભવમાં પારતન્ત્ર્ય પાશથી બદ્ધ એવા તેં અનેક પ્રકારનું મહાભયંકર દુઃખ અનન્તવાર સમ્યગ્ પ્રકારે અનુભવ્યું. તેમ જ તિર્યંચ ગતિમાં પણ અનેક પ્રકારની ભયંકર મહાવેદનાઓનો અનુભવ કરતા આ ચાતુર્ગતિક (ચાર ગતિવાળો) સંસારમાં જન્મ-મરણરૂપી અરઘટ્ટ-રહેંટમાં અનન્તીવાર ભટક્યો, સંસારરૂપી અટવીમાં પરિભ્રમણ કરતા આ જીવને શારીરિક અને માનસિક જેટલા રોગો અને દુઃખો છે તે સર્વે અનન્તીવાર અનિચ્છાએ ભોગવવા પડયા.

વિશ્વના સમગ્ર સમુદ્રો, નદીઓ, તળાવો, સરોવરો, વાવડીઓ તેમ જ કૂપાદિ જળાશયોના સમગ્ર જળનું પાન કરવામાં આવે તો પણ શાન્ત ન થાય એવી તીવ્ર તૃષા વેદના રે જીવ! તેં અનિચ્છાએ અનન્તીવાર સહન કરી તે જ રીતે વિશ્વના સર્વ પુદ્ગળ સમૂહનો આહાર કરવામાં આવે તો પણ જે ક્ષુધા વેદનાને પ્રશાન્ત કરવા સમર્થ ન થાય એવી તીવ્ર ક્ષુધા વેદના રે જીવ! તેં અનિચ્છાએ અનન્તીવાર સહન કરી. ૫૯-૬૦-૬૧-૬૨-૬૩-૬૪-૬૫-૬૬

મૂલમ્ :—

કાઉણ અણેગાઇં, જમ્મણ-મરણ-પરિયટ્ટણ-સયાઇં;
દુક્ખેણ માણુસત્તં, જઈ લહઇ જહિચ્છિયં જીવો ૬૭

તં તહ દુલ્લહલંભં વિજ્જુલ્લયા-ચંચલં ચ માણુઅત્તં;
ધમ્મમ્મિ જો વિસીયઈ, સો કાઉરિસો ન સપ્પુરિસો. ૬૮

સંસ્કૃત છાયા :—

કૃત્વાડનેકાનિ જન્મ-મરણ—પરિવર્તન—શતાનિ;
દુઃખેન માનુષત્વં, યદિ લભતે યથેચ્છિતં જીવઃ. ૬૭

તત્ તથા દુર્લભ લાભં, વિદ્યુલ્લતા ચઞ્ચલં ચ મનુજત્વમ્;
ધર્મં યો વિષીદતિ, સ કાપુરુષો ન સત્પુરુષ. ૬૮

સેંકડો જન્મમરણના પરિવર્તન વડે કરીને મહાકષ્ટે યથેચ્છિત મનુષ્યપણું જીવ પામે છે. તે અતિ દુર્લભ અને વિદ્યુતના ઝબકારા જેવું ચંચલ મનુષ્યપણું પામીને પણ જે ધર્મારાધનમાં પ્રમાદ કરે તે કાયર પુરુષ ગણાય, સત્પુરુષની કોટિમાં ગણાતો નથી. ૬૭-૬૮

મૂલમ્ :—

માણુસ્સ જમ્મે તડિ લદ્ધિયમ્મિ,
જિણિંદધમ્મો ન કઓ ય જેણં;
તુટ્ટે ગુણે જહ ધાણુક્કએણં,
હત્થા મલેવ્વા ય અવસ્સ તેણં. ૬૯

સંસ્કૃત છાયા :—

માનુષ્ય જન્મનિ તટે લબ્ધે, જિનેન્દ્ર ધર્મો ન કૃતો યેન;
ત્રુટિતે ગુણે યથા ધાનુષ્કેણ, હસ્તૌ મલયિતવ્યૌ ચાવશ્યં તેન. ૬૯

સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં મનુષ્યભવ રૂપ કીનારો મળવા છતાં પણ જેણે જિનેન્દ્રધર્મ ન કર્યો તેને, ધનુષ્યની દોરી તૂટતા જેમ ધનુર્ધારી પુરુષને હાથ ઘસવાનો વારો આવે તેમ તેને અવશ્ય પશ્ચાત્તાપ કરવો પડે છે. ૬૯

મૂલમ્ :—

રે જીવ ! નિસુણિ ચંચલ સહાવ, મિલ્હેવિ ણુ સયલવિ બજ્ઝભાવ;
નવભેય પરિગ્ગહવિવિહ જાલ, સંસારિ અત્થિ સહુ ઈંદિયાલ. ૭૦

સંસ્કૃત છાયા :—

રે જીવ ! નિશૃણુ ચઞ્ચલ સ્વભાવ,
મુક્ત્વા પિ સકલા નપિ બાહ્યભાવાન્;
નવભેદ પરિગ્રહ વિવિધ જાલાન્,
સંસારેઽસ્તિ સર્વમિન્દ્રજાલમ્. ૭૦

રે જીવ ! સાંભળ નવ પ્રકારના પરિગ્રહનો સમૂહ ચંચળ સ્વભાવવાળો સર્વથા બહિર ભાવ છે. સંસારમાં સર્વ દશ્ય પદાર્થો ઇન્દ્રજાળ સમાન છે. ૭૦

મૂલમ્ :—

પિય-પુત્ત-મિત્ત-ઘર-ઘરણિ-જાય,
ઈહલોઇય સવ્વ નિયસુહ સહાય;
નવિ અત્થિ કોઇ તુહ સરણિ મુક્ખ,
ઇક્કલ્લુ સહસિ તિરિ-નિરયદુક્ખા. ૭૧

સંસ્કૃત છાયા :—

પિતૃ-પુત્ર-મિત્ર-ગૃહ-ગૃહિણી-જાતમ્,
ઐહલૌકિકં સર્વં નિજસુખ સહાયમ્;
નાઽપ્યસ્તિ કોઽપિ તવ શરણં મુખં ?
એકાકી સહિષ્યસે તિર્યંગ્ નરક દુઃખાનિ. ૭૧

પિતા, પુત્ર, મિત્ર, કલત્ર, ગૃહાદિનો સમુદાય પોતાના સ્વાર્થનો વિચાર કરતો આ લોક (ભવ) પૂરતો જ સમ્બન્ધ રાખે છે. આ સ્વાર્થિ સમુદાયમાંથી કોઈ તને શરણરૂપ નથી. રે મૂર્ખ! કરેલ મહાપાપના ફળ સ્વરૂપે તિર્યંચ અને નરકના અતિ દારૂણ દુઃખો તારે એકલાને જ સહન કરવા પડશે. ૭૧

મૂલમ્ :—

કુસગ્ગે જહ ઓસબિંદુએ થોવં ચિટ્ઠઇ લંબમાણએ;
એવં મણુઆણ જીવિયં, સમયં ગોયમ! મા પમાયએ. ૭૨

સંસ્કૃત છાયા :—

કુશાગ્રે યથાઽવશ્યાય બિન્દુકઃ, સ્તોકં તિષ્ઠતિ લમ્બમાનકઃ;
એવં મનુજાનાં જીવિતં, સમયં ગૌતમ! મા પ્રમાદીઃ. ૭૨

અનન્તાનન્ત પરમ તારક ચરમ શાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામીજી પરમાત્માએ સોળ પ્રહરની અન્તિમ દેશનામાં શ્રી ગૌતમસ્વામીજી ગણધર મહારાજને સંબોધીને ઉપદેશ દેતા જણાવે છે કે હે ગૌતમ! આયુષ્ય, દર્ભના અગ્ર ભાગનું અવલમ્બન કરીને રહેલ ઝાકળનુ બિન્દુ જેમ અત્યલ્પકાળ રહે છે, તેના જેવું અતિ ચપળ અને અત્યલ્પકાળ મર્યાદાવાળું મનુષ્યોનું આયુષ્ય હોય છે માટે એક સમયનો પણ પ્રમાદ કરીશ માં અર્થાત્ સમય માત્રનો પણ પ્રમાદ કર્યા વિના ધર્મારાધનામાં નિરન્તર ઉપયોગશીલ રહેવું ૭૨

મૂલમ્ :—

સંબુજ્ઝહ કિં ન બુજ્ઝહ, સંબોહી ખલુ પેચ્ચ દુલ્લહા;
નો હુ ઉવણમન્તિ રાઈઓ, નો સુલહં પુણરવિ જીવિયં. ૭૩

સંસ્કૃત છાયા :—

સંબુધ્યધ્વં કિં બુધ્યધ્વે, સંબોધિઃ ખલુ પ્રેત્ય દુર્લભા;
નૈવોપનમન્તિ રાત્રયો, નો સુલભં પુનરપિ જીવિતમ્. ૭૩

હે ભવ્ય પ્રાણિઓ! બોધ પામો સમ્યક્ત્વરત્ન મેળવવા ઉપયોગશીલ બનો, મેળવેલ સમ્યક્ત્વરત્નને અભિવૃદ્ધિ કરવા ઉદ્યમશીલ રહો. અભિવૃદ્ધિનું સ્થિરીકરણ કરવા ઉપયોગશીલ રહો. સ્થિરીકરણ કરેલ સમ્યક્ત્વને ઉજ્જવળ કરવા ઉપયોગશીલ રહો, ભવાન્તરમાં સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે, વ્યતીત થયેલ રાત્રિ–દિવસો પુનઃ આવે તેમ નથી અને શ્રી સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કરવા યોગ્ય જીવિત પુનઃ પ્રાપ્ત થવું સુલભ નથી. ૭૩

મૂલમ્ :—

ડહરા બુઢ્ઢા ય પાસહ, ગબ્ભત્થાવિ ચયન્તિ માણવા;
સેણે જહ વટ્ટયં હરે એવમાઉક્ખયમ્મિ તુટ્ટઈ. ૭૪

સંસ્કૃત છાયા :—

બાલા વૃદ્ધાશ્ચ પશ્યત, ગર્ભસ્થા અપિ ચ્યવન્તિ માનવાઃ;
શ્યેનો યથા વર્તકં હરતિ, એવમાયુઃ ક્ષયે ત્રુટ્યતિ જીવિતમ્. ૭૪

હે પ્રાણિઓ! તમે જુવો, કેટલાક મનુષ્યો બાલ્યાવસ્થામાં કેટલાક વૃદ્ધાવસ્થામાં તો કેટલાક ગર્ભ અવસ્થામાં જ મૃત્યુ પામે છે. જેમ બાજપક્ષી તિતરને ઝપટ મારીને ઉપાડી જાય છે તેમ આયુષ્ય ક્ષય થતા જીવનની લીલા (માયા) સંકેલાઈ જાય છે. જીવરામભાઇની પેઢીમે ખંભાતી તાળા લાગી જાય છે.૭૪

મૂલમ્ :--

તિહુયણજણં મરંતં, દટ્ઠૂણ નયન્તિ જે ન અપ્પાણં;
વિરમન્તિ ન પાવાઓ, ધી ધી! ધિઠ્ઠત્તણં તાણં. ૭૫

સંસ્કૃત છાયા :--

ત્રિભુવનજનં મ્રિયમાણં, દૃષ્ટ્વા નયન્તિ યે નાત્માનમ્ (ધર્મં);
વિરમન્તિ ન પાપાદ્ ધિગ્ ધિગ્ ધૃષ્ટત્વં તેષામ્. ૭૫

ત્રણ જગતના પ્રાણિઓને મરતા જોઇને જેઓ પોતાના આત્માને ધર્મ આરાધનામાં જોડતા નથી અને પાપાચરણથી વિરમતા નથી એવા નિર્લજ્જ આત્માઓને ધિક્કાર હો! ધિક્કાર હો! ૭૫

મૂલમ્ :--

મા મા જંપહ બહુયં જે બદ્ધ ચિક્કણેહિ કમ્મેહિં;
સવ્વેસિં તેસિં જાયઇ હિઆવએસો મહાદોસો. ૭૬

સંસ્કૃત છાયા :--

મા મા જલ્પત બહુકં યે બદ્ધાશ્ચિક્કણૈઃ કર્મભિઃ;
સર્વેષાં તેષાં જાયતે, હિતોપદેશો મહાદ્વેષઃ. ૭૬

જેઓ અતિ ચિકણા કર્મથી બંધાયેલા છે એવા કુશિષ્યને બહુ ઉપદેશ ન આપો, ન આપો, કારણ કે તે સર્વને આપેલા હિતોપદેશથી મહાદ્વેષ જ થાય છે. ૭૬

મૂલમ્ :—

કુણસિ મમત્તં ધણ-સયણ-વિહવપમુહેસુ અણંત દુક્ખેસુ;
સિઢિલેસિ આયરં પુણ, અણંતસુક્ખમ્મિ મુક્ખમ્મિ. ૭૭

સંસ્કૃત છાયા :—

કરોષિ મમત્વં ધન-સ્વજન-વિભવ પ્રમુખેષુ અનન્ત દુઃખેષુ;
શિથિલયસિ આદરં પુનરનન્તસૌખ્યે મોક્ષે. ૭૭

અનન્ત દુઃખનું કારણ એવા ધન, સ્ત્રી, પુત્રાદિ સ્વજન તેમ જ વૈભવાદિમાં રે જીવ! તું મમત્વભાવ કરે છે પરન્તુ અનન્ત સુખ અને આનન્દના ધામરૂપ મોક્ષમાં તું આદર કરતો નથી. ૭૭

મૂલમ્ :—

સંસારો દુહહેઉ, દુક્ખફલો દુસહદુક્ખરૂવો ય;
ન ચયન્તિ તંપિ જીવા અઇબદ્ધા નેહનિઅલેહિં. ૭૮

સંસ્કૃત છાયા :—

સંસારો દુઃખહેતુઃ દુઃખફલો દુઃસહ દુઃખરુપશ્ચ;
ન ત્યજન્તિ તમપિ જીવા અતિ બદ્ધાઃ સ્નેહનિગડૈ. ૭૮

સંસાર દુઃખનું કારણ છે, દુઃખ રૂપ ફળનો દાતા છે અને અસહ્ય ઘોર દુઃખરૂપ અર્થાત્ દુઃખની પરમ્પરાને વધારનાર છે, સ્નેહરાગની બેડીથી અતિગાઢ બંધાયેલા જીવો ઉક્ત મહાઘોર સંસારનો પણ ત્યાગ કરતા નથી એ જ આ જીવનું મહા અજ્ઞાન છે. ૭૮

લમ્ :—

નિયકમ્મપવણ ચલિઓ, જીવો સંસારકાણણે ઘોરે,

કા કા વિડંબણાઓ, ન પાવએ દુસહદુક્ખાઓ ? ૭૯

સંસ્કૃત છાયા :—

નિજ કર્મપવનચલિતો જીવઃ સંસારકાનને ઘોરે;

કા કા વિડમ્બના ન પ્રાપ્નોતિ દુસ્સહદુઃખાઃ ? ૭૯

સ્વોપાર્જિત કર્મરૂપ પવનથી ચલિત થયેલ આ જીવ અસહ્ય અનેક દુઃખોથી ભરપૂર એવી સંસારરૂપ ઘોર અટ-વીમાં કઇ કઇ વિડંબણાઓ પામતો નથી ? અર્થાત્ સર્વ વિટંબનાઓ અનાયાસે પામે છે.

મુલમ્ :—

સિસિરમ્મિ સીયલાનિલ લહરિસહસ્સેહિ ભિન્નઘણ દેહો;

તિરિયત્તણમ્મિઽરણ્ણે, અણંતસો નિહણમણુપત્તો. ૮૦

ગિમ્હાયવસંતત્તો-રણ્ણે છુહિઓ પિવાસિઓ બહુસો;

સંપત્તો તિરિયભવે મરણદુહં બહુ વિસૂરન્તો. ૮૧

વાસાસુઽરણ્ણમજ્ઝે ગિરિનિજ્ઝરણોદગેહિ વજ્ઝન્તો;

સીયાઽનિલઽજ્જવિઓ મઓઽસિ તિરિયત્તણે બહુસો. ૮૨

એવં તિરિયભવેસુ કીસન્તો દુક્ખસયસહસ્સેહિં;

વસિઓ અણંતખુત્તો જીવો ભીસણ ભવારણ્ણે. ૮૩

સંસ્કૃત છાયા :—

શિશિરે શીતલાઽનિલ-લહરિસહસ્રૈર્ભિન્ન ઘનદેહઃ;
તિર્યક્ત્વેઽરણ્યે, અનન્તશો નિધનમનુપ્રાપ્તઃ. ૮૦

ગ્રીષ્માતપ સન્તપ્તો-ઽરણ્યે ક્ષુધિતઃ પિપાસિતો બહુશઃ;
સંપ્રાપ્તસ્તિર્યગ્ભવે મરણદુઃખં બહુ ખિદ્યમાનઃ. ૮૧

વર્ષાસ્વરણ્યમધ્યે ગિરિનિર્ઝરણોદકૈરુહ્યમાનઃ;
શીતાઽનિલદગ્ધો મૃતોઽસિ તિર્યક્ત્વે બહુશઃ. ૮૨

એવં તિર્યગ્ભવેષુ, ક્લિશ્યમાનો દુઃખશતસહસ્રૈઃ;
ઉષિતોઽનન્તકૃત્વો જીવો ભીષણ ભવાઽરણ્યે. ૮૩

હે જીવ ! તિર્યંચના ભવોના સુદૃઢ (પુષ્ટ) શરીર હોવા છતાં શિશિરઋતુમાં એટલે શિયાળામાં અસહ્ય શીત વાયુની હજારો લહેરોથી તારો દેહ અનન્તીવાર ફાટી ગયો, અર્થાત્ મૃત્યુ પામ્યો. ઘોર અરણ્યમાં તિર્યંચના ભવોમાં ગ્રીષ્મ-ઋતુમાં દુઃસહ તાપમાં આકુળ-વ્યાકુળ બની અનેકવાર ક્ષુધા-પિપાસાની અતિ વેદનાઓથી અતિક્લેશ પામતો એવો તું અનન્તીવાર મરણ દુઃખને પામ્યો. પુનઃ તિર્યંચના ભવોમાં ભીષણ અરણ્યમાં વર્ષાઋતુમાં પર્વતોના ઝરણાનાં ધોધમાર અથડાતો, કૂટાતો, તણાતો, અને શીત પવનથી જકડાયેલ લાખો પ્રકારના દુઃખોથી ક્લેશ પામતો આ જીવ મહા-ભયંકર ભવાટવીમાં અનન્તીવાર મૃત્યુને પામ્યો. ૮૦,૮૧,૮૨,૮૩

મૂલમ્ :—

દુટ્ટટ્ટ કમ્મપલયા-નિલપેરિઉ ભીસચક્કિમ ભવરણ્ણે;
હિંડન્તો નરએસુ વિ, અણંતસો જીવ ! પત્તો સિ. ૮૪

સતસુ નરયમહીસુ, વજ્જાનલદાહ સીય વિયણાસુ
વસિઓ અણંતખુતો વિલવન્તો કરુણસદ્દેહિં. ૮૫

સંસ્કૃત છાયા:—

દુષ્ટાઽષ્ટ કર્મપ્રલયા-ઽનિલપ્રેરિતો ભીષણે ભવાઽરણ્યે;
હિણ્ડમાનો નરકેષ્વપિ અનન્તશો જીવ ! પ્રાપ્તોઽસિ. ૮૪

સપ્તસુ નરક-મહીષુ, વજ્રાઽનલદાહ-શીત-વેદનાસુ;
ઉષિતોઽનન્તકૃત્વો, વિલપન્ કરુણશબ્દૈ: ૮૫

દુષ્ટ એવા અષ્ટ કર્મરૂપી પ્રલય કાળના અતિ પ્રચંડ પવનથી પ્રેરાયેલો તેમજ ભીષણ એવા ભવારણ્યમાં એટલે સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં હે જીવ ! નરકગતિમાં પણ અસહ્ય દુઃખો તું અનન્તીવાર પામ્યો. વજ્ર જેવી અત્યંત આકરી અગ્નિ અને શીતની અસહ્ય વેદનાઓથી હૃદય-વિદારક અતિ કરૂણ વિલાપ કરતો આ જીવ સાતે નરકોમાં અનન્તીવાર વસ્યો, અર્થાત્ અનન્તીવાર સાતે નરકમાં અસહ્ય દુઃખો અનિચ્છાએ સહન કર્યાં. ૮૪ ૮૫

મૂલમ્ :—

પિય-માય-સયણ રહિઓ,દુરંતવાહિહિં પીડિઓ બહુઓ;
મણુઅભવે નિસ્સારે, વિલાવિઓ કિં ન તં સરસિ. ૮૬

સંસ્કૃત છાયા:—

માતૃ-પિતૃ-સ્વજન-રહિતો, દુરન્ત વ્યાધિભિઃ પીડિતો બહુશઃ
મનુજભવે નિસ્સારે, વિલાપિતઃ કિં ન તં સ્મરસિ ? ૮૬

માતા-પિતા-ભ્રાતા-પુત્ર-કલત્ર-પ્રમુખ સ્વજનોથી વિયોગ પામેલ અને અસાધ્ય અસહ્ય વ્યાધિઓથી અતિ પીડિત બની આ અસાર મનુષ્ય ભવમાં રે જીવ ! તે બહુ વિલાપ કર્યા તેને તું કેમ સ્મરણ કરતો નથી ? ૮૬

મૂલમ્ :—

પવણુંવ ગયણમગ્ગે અલક્ખિઓ ભમઈ ભવવણે જીવો;
ઠાણટ્ઠાણમ્મિ સમુજ્જિઝઊણ, ધણ-સયણ-સંઘાએ. ૮૭

સંસ્કૃત છાયા :-

પવન ઇવ ગગન માર્ગે, અલક્ષિતો ભ્રમતિ ભવવને જીવઃ;
સ્થાન સ્થાને સમુજ્ઝય ધન-સ્વજન-સંઘાતાન્. ૮૭

અલક્ષિત એટલે અદૃશ્ય એવો પવન જેમ આકાશમાર્ગે ભિન્ન ભિન્ન સ્થાને ભમ્યા કરે છે, તેમ આ જીવ ધન, સ્વજન સમૂહનો અનિચ્છાએ ત્યાગ કરી સંસાર-વનમાં સ્થાને સ્થાને ભટક્યા કરે છે. ૮૭

મૂલમ્ :--

વિદ્ધિજ્જંતા અસયં જમ્મ-જરા-મરણતિક્ખકુંતેહિં;
દુહ મણુભવન્તિ ઘોરં, સંસારે સસરન્ત જિઆ. ૮૮

તહવિ ખણંપિ કયાવિ હુ, અન્નાણ ભુયંગ ડંકિયા જીવા;
સંસાર ચારગાઓ, ન ય ઉવ્વિજ્જન્તિ મૂઢમણા. ૮૯

સંસ્કૃત છાયા :—

વિધ્યમાના અસકૃત્, જન્મ-જરા-મરણ તીક્ષ્ણ કુન્તૈઃ;
દુઃખ મનુભવન્તિ ઘોરં, સંસારે સંસરન્તો જીવાઃ. ૮૮

તથાપિ ક્ષણમપિ કદાપિ ખલુઅજ્ઞાન ભુજઙ્ગ દષ્ટા જીવાઃ;
સંસારચારકાદ્ ન ચોદ્વિજન્તે મૂઢમનસઃ. ૮૯

આ સંસારચક્રમાં ભટકતા જીવો જન્મ, જરા અને મરણરૂપ અતિતીક્ષ્ણ ભાલાથી વારંવાર વિંધાઇને ઘોર દુઃખોનો અનુભવ કરે છે, તો પણ અજ્ઞાનરૂપ સર્પથી દંશ દેવાયેલા મૂઢ મનવાળા જીવોને સંસાર રૂપ કારાગૃહથી ક્ષણમાત્ર પણ કદાપિ ઉદ્વેગ થતો નથી. ૮૮-૮૯

મૂલમ્ :—

કીલસિ કિયંતવેલં, સરીર વાવીઇ ? જત્થ પઇસમયં;
કાલઽરહટ્ટઘડીહિં, સોસિજ્જઇ જીવિયંભોહં. ૯૦

સંસ્કૃત છાયા :—

ક્રિડિષ્યસિ કિયદ્વેલાં શરીરવાપ્યાં ? યત્ર પ્રતિસમયમ્;
કાલાઽરઘટ્ટઘટીભિઃ શોષ્યતે જીવિતાઽમ્ભઓઘઃ. ૯૦

રે જીવ ! તું શરીર રૂપ વાવડીમાં કેટલા કાળ પર્યન્ત ક્રીડા કરીશ ? જે દેહ વાવડીમાંથી કાળરૂપ અરઘટ્ટ-રહેંટની ઘટમાલિકા-ઘડીઓ જીવિતરૂપ (આયુષ્ય રૂપ) જળસમૂહને સમયે સમયે શોષવી રહેલ છે. ૯૦

મૂલમ્ :—

રે જીવ ! બુજ્ઝ મા મુજ્ઝ, મા પમાયં કરેસિ રે પાવ !
જં પરલોએ ગુરુદુક્ખ-ભાયણં હોહિસિ અયાણ ! ૯૧

સંસ્કૃત છાયા :—

રે જીવ ! બુધ્યસ્વ, મા મુહ્ય મા પ્રમાદં કુરુ રે પાપ !
યત્ પરલોકે ગુરુ-દુઃખ-ભાજનં ભવિષ્યસિ અજ્ઞાન ! ૯૧

રે જીવ ! બોધ પામ, મોહમાં મુંઝાઈશ નહિ રે પાપાત્મન્ ! હવે ધર્મારાધનમાં પ્રમાદ ન કરીશ કેમકે હે અજ્ઞાની ! પ્રમાદ કરીશ તો પરલોકમાં તારે ઘોર અસહ્ય-દુઃખો સહન કરવા પડશે. ૯૧

મૂલમ્ :—

બુજ્ઝસુ રે જીવ ! તુમં, મા મુજ્ઝસુ જિણમયમ્મિ નાઉણં;
જમ્હા પુણરવિ એસા, સામગ્ગી દુલ્લહા જીવ ! ૯૨

સંસ્કૃત છાયા :—

બુધ્યસ્વ રે જીવ ! ત્વં, મા મુહ્ય જિનમતે જ્ઞાત્વા;
યસ્માત્ પુનરપિ એષા, સામગ્રી દુર્લભા જીવ ! ૯૨

રે જીવ ! તું બોધ પામ. અનન્ત મહાતારક જિનેન્દ્ર-શાસન પામીને જીવ-અજીવાદિ તત્ત્વને જાણીને વિષય કષાયાદિમાં મોહ ન પામ. કારણકે મનુષ્ય ભવ અને જૈનેન્દ્ર શાસનની ધર્મ સામગ્રી પુનઃ પ્રાપ્ત થવી અતિ દુર્લભ છે. ૯૨

મૂલમ્ :—

દુલહો પુણ જિણધમ્મો, તુમં પમાયાયરો સુહેસી ય !
દુસહં ચ નરય દુક્ખં, કહ હોહિસિ ન તં યાણામો. ૯૩

સંસ્કૃત છાયા :—

દુર્લભઃ પુનર્જિનધર્મઃ, ત્વં પ્રમાદાકરઃ સુખૈષી ચ;
દુસ્સહં ચ નરક દુઃખં, કથં ભવિષ્યસિ તન્ન જાનીમઃ. ૯૩

રે જીવ ! અનન્ત મહાતારક જિનેન્દ્રધર્મ પુનઃ પ્રાપ્ત થવો અતિદુર્લભ છે. અને તું પ્રમાદની ખાણ હોવા છતાં સુખનો અભિલાષુક છે. પ્રમાદવશ વિષયાદિની મહાન આસક્તિથી ઉપાર્જન કરેલ દુઃસહ નરકનું દુઃખ તારાથી સહન થશે ? તે અમે જાણતાં નથી. ૯૩

મૂલમ્ :—

અથિરેણ થિરો સમલેણ, નિમ્મલો પરવસેણ સાહીણો;
દેહેણ જઈ વિઢપ્પઇ, ધમ્મો તા કિં ન પજ્જત્તં ? ૯૪

સંસ્કૃત છાયા :—

અસ્થિરેણ સ્થિરઃ સમલેન, નિર્મલઃ પરવશેન સ્વાધીનઃ
દેહેન યદ્યર્જ્યતે, ધર્મસ્તદા કિં ન પર્યાપ્તમ્ ? ૯૪

રે જીવ ! અસ્થિર, મલિન અને પરાધીન એવા આ મનુષ્ય દેહથી જો સ્થિર, નિર્મળ અને સ્વાધીન એવો જિન-ધર્મ કરી શકાય, અર્થાત આરાધી શકાય છે તો આ જીવ શું ન પામ્યો અર્થાત્ સર્વસ્વ પામી ચૂક્યો. ૯૪

મૂલમ્ :—

જહ ચિંતામણિ રયણં, સુલહં, ન હોઈ તુચ્છવિહવાણું;
ગુણ વિહવવજ્જિજયાણં, જિયાણુ તહ ધમ્મરયણંપિ ૯૫

સંસ્કૃત છાયા :—

યથા ચિન્તામણિરત્નં, સુલભં ન ખલુ ભવતિ તુચ્છ વિભવાનામ;
ગુણ-વિભવ-વર્જિતાનાં, જીવાનાં તથા ધર્મરત્નમપિ ૯૫

તુચ્છ વૈભવવાળા પુણ્યહીન પ્રાણિઓને મહામૂલું ચિંતામણિરત્ન પ્રાપ્ત થવું સુલભ નથી અર્થાત્ અતીવ દુર્લભ છે. તેમ ગુણ-વૈભવથી વર્જિત (હીન) જીવોને ધર્મરત્ન પ્રાપ્ત થવું એ પણ સુલભ નથી. ૯૫

મૂલમ્ :—

જહ દિટ્ઠીસંજોગો, ન હોઇ જચ્ચંધયાણ જીવાણું;
તહ જિણમય સંજોગો, ન હોઇ મિચ્છંધજીવાણું ૯૬

સંસ્કૃત છાયા :—

યથા દૃષ્ટિ-સંયોગો ન ભવતિ મિથ્યાઽન્ધ જીવાનામ;
તથા જિનમત સંયોગો, ન ભવતિ મિથ્યાઽન્ધ જીવાનામ ૯૬

જેમ જન્મજાત અન્ધ જીવોને દૃષ્ટિસંયોગ હોતો નથી. તેમ મિથ્યાત્વથી અન્ધ જીવોને અનન્ત મહાતારક જૈનેન્દ્ર શાસનનો યોગ થતો નથી. ૯૬

મૂલમ્ :—

પચ્ચક્ખ મણંતગુણે, જિણિંદધમ્મે ન દોસલેસોવિ;
તહ વિ હુ અન્નાણંધા, ન રમન્તિ કયાવિ તમ્મિ જિયા. ૯૭

સંસ્કૃત છાયા :—

પ્રત્યક્ષમનન્તગુણે, જિનેન્દ્રધર્મે ન દોશલેશોઽપિ;
તથાપિ ખલ્વજ્ઞાનાન્ધા, ન રમન્તે કદાપિ તસ્મિન્ જીવાઃ ૯૭

અજ્ઞાનથી અન્ધ બનેલ જીવો અંશ માત્ર પણ દોષ વિનાના અર્થાત્ તદ્દન નિર્દોષ અને પ્રત્યક્ષ અનન્ત ગુણભંડાર એવા પણ જૈનેન્દ્રધર્મમાં પ્રીતી-આદર કરતાં નથી. ૯૭

મૂલમ્ :—

મિચ્છે અણંતદોસા, પયડા દીસન્તિ નવિ ય ગુણલેસો;
તહ વિય તં ચેવ જિયા, હી મોહંધા નિસેવન્તિ; ૯૮

સંસ્કૃત છાયા :—

મિથ્યાત્વેનન્ત દોષાઃ પ્રકટા દૃશ્યન્તે નાઽપિ ચ ગુણલેશઃ
તથાપિ ચ તદેવ જીવા, હી ! મોહન્ધા નિષેવન્તે. ૯૮

અનન્ત દોષની ખાણરૂપ મિથ્યાત્વમાં પ્રકટપણે અનન્તા દોષે દેખાય છે, તો પણ મોહાન્ધ જીવો તે મિથ્યાત્વને જ સેવન કરે છે જે ખરેખર અતિખેદની વાત છે. ૯૮

મૂલમ્ :—

ધિદ્ધિ તાણં નરાણં વિન્નાણે તહ કલાસુ કુસલત્તં;
સુહસચ્ચધમ્મરયણે, સુપરિક્ખં જે ન જાણન્તિ. ૯૯

સંસ્કૃત છાયા :—

ધિગ્ ધિક્ તેષાં નરાણાં વિજ્ઞાને તપા કલાસુ કુશલત્વં,
શુભ-સત્યધર્મરત્ને, સુપરીક્ષાં યે ન જાનન્તિ. ૯૯

એકાન્તે સ્વપર હિતકર, શુભ સત્યધર્મની પરીક્ષાને જે આત્માઓ જાણતાં નથી. તેમના વિજ્ઞાન, કૌશલ અને કળા કૌશલને પુનઃ પુનઃ ધિક્કાર હો. ૯૯

મૂલમ્ :—

જિણધમ્મોઽયં જીવાણં, અપુવ્વો કપ્પપાયવો
સગ્ગાઽપવગ્ગસુક્ખાણં, ફલાણં દાયગો ઇમો ૧૦૦

સંસ્કૃત છાયા :—

જિનધર્મોઽયં જીવાનામ્ અપૂર્વઃ કલ્પપાદપઃ
સ્વર્ગાઽપવર્ગસૌખ્યાનાં, ફલાનાં દાયકોઽયમ્. ૧૦૦

અનન્ત મહાતારક જૈનેન્દ્રધર્મ, જીવોને માટે અપૂર્વ કલ્પવૃક્ષ છે કારણ કે જિનધર્મ એ સ્વર્ગ અને અપવર્ગ એટલે મોક્ષના અનન્ત સુખરૂપફળનો દાતા છે. ૧૦૦

મૂલમ્ :—

ધમ્મો બંધુ સુમિત્તો ય, ધમ્મો ય પરમો ગુરૂ;
સુક્ખ-મગ્ગે પયટ્ટાણં ધમ્મો પરમ સંદણો. ૧૦૧

સંસ્કૃત છાયા :—

ધર્મો બન્ધુઃ સુમિત્રં ચ ધર્મશ્ચ પરમો ગુરુઃ;
મોક્ષ-માર્ગ-પ્રવૃત્તાનાં, ધર્મ: પરમસ્યન્દનઃ. ૧૦૧

શ્રી જિનેન્દ્રધર્મ બન્ધુ સમ છે, મિત્ર સમ છે, ધર્મ પરમ શ્રેષ્ઠતમ ગુરુ છે. મોક્ષમાર્ગે પ્રવૃત્ત આત્માઓ માટે ધર્મ પરમ શ્રેષ્ઠતમ રથ સમાન છે, અર્થાત્ જેની પાસે ધર્મ છે, તેની પાસે વિશ્વની લઘુતમ (અત્યંત નાની) શ્રેષ્ઠ વસ્તુથી પ્રારંભીને મહત્તમમાં મહત્તમ ( સૌથી મોટી ) સર્વ શ્રેષ્ઠ વસ્તુઓ વિના આયાસે સદાને માટે સહજ બનીને રહે છે યાવત્ અનન્તતારક તીર્થંકર પદ અને મોક્ષ-સુખ પણ સુલભ બની શકે છે. ૧૦૧

મૂલમ્ :

ચઉગઇણંત દુહાનલ-પલિત્તભવ કાણણે મહાભીમે;
સેવસુ રે જીવ ! તુમં, જિણવયણં અમિયકુંડસમં. ૧૦૨

સંસ્કૃત છાયા :—

ચતુર્ગત્યનન્તદુઃખાનલ-પ્રદિપ્ત-ભવ-કાનને મહાભીમે;
સેવસ્વ રે જીવ ! ત્વં જિનવચનમમૃતકુણ્ડસમમ્. ૧૦૨

આત્યંતિક અનન્ત દુઃખરૂપ દાવાનળ (જંગલી અગ્નિ)થી મહાભીમ (ભયંકર) સંસાર-અરણ્ય (જંગલ) ભડકે બળી રહ્યું છે, એવા ભડકે બળતાં સંસારથી બચવું હોય તો રે જીવ! જિનેન્દ્રવચન તારા માટે અમૃતના કુંડ સમ છે. તેનું તું સેવન કર. વિશ્વના ત્રિવિધ મહાતાપથી બચવા માટે એજ એક રામબાણ ઈલાજ છે. ૧૦૨

મૂલમ્ :—

વિસમે ભવમરુદેસે, અણંતદુહગિમ્હતાવ સંતત્તે;
જિણધમ્મ કપ્પરુક્ખં સરસુ તુમં જીવ! સિવસુહદં ૧૦૩

સંસ્કૃત છાયાઃ—

વિષમે ભવમરુદેશે, અનન્ત-દુઃખ-ગ્રીષ્મ-તાપ-સંતપ્તે
જિનધર્મં કલ્પવૃક્ષં, શ્રય ત્વં જીવ! શિવસુખદમ્ ૧૦૩

અનન્ત દુઃખરૂપ ગ્રીષ્મઋતુના તીવ્રતાપથી સંતપ્ત એવા સંસારરૂપ વિષમ મરુદેશ (મારવાડ)માં શિવસુખને દેનાર એવા જિનધર્મરૂપ કલ્પવૃક્ષનો રે જીવ! તું આશ્રય કર. તે વિના તને ક્યાંય આત્મશાન્તિરૂપ શીતળ છાયાની પ્રાપ્તિ નહિ થાય. ૧૦૩

મૂલમ :—

કિં બહુણા? જિણધમ્મે, જઈયવ્વં જહ ભવોદહિં ઘોરં;
લહુ તરિયમણંતસુહં, લહઈ જિઓ સાસયં ઠાણં. ૧૦૪

સંસ્કૃત છાયા—

કિં બહુના ? જિનધર્મે યતિતવ્યં યથા ભવોદધિં ઘોરમ્
લઘુ તીર્ત્વાઽનન્તસુખં, લભતે જીવઃ શાશ્વતં સ્થાનમ્. ૧૦૪

રે જીવ ! વિશેષ શું કહું ? તારે જૈનેન્દ્રધર્મની આરાધના કરવા પૂર્ણ ઉપયોગ શીલ બનવું જોઇએ, જેથી મહાભયંકર આ સંસારસમુદ્ર શીઘ્ર તરીને ( પાર કરીને ) તું અનન્ત સુખરૂપ શાશ્વત સ્થાન (મોક્ષ)ને પ્રાપ્ત કરી શકે. ૧૦૪

ઇતિ સાર્થં ભવવૈરાગ્યશતકમ્

# ધર્મારાધનનું ફળ

વર્તમાનકાળમાં અધિકાઅધિક ૧૦૦ વર્ષનું આયુષ્ય માનીએ તો તેના ૩૬૦૦૦ (છત્રીશ હજાર) દિવસ થાય. તેમાંથી કોઈક પુણ્યવંત તપ સહિત એક દિવસ ભાવપૂર્વક પોષધ ધર્મ–આરાધના કરતાં આયુષ્ય બાંધે તો ૨૭૭૭૭૭૭-૭૭૭૭૭૭$\frac{7}{9}$ ( સત્તાવીશ સો સીતોતેર ક્રોડ, સીતોતેર લાખ સીતોતેર હજાર સાતસો સીતોતેર પલ્યોપમ અને સપ્ત નવમાંશ એટલે એક પલ્યોપમના નવભાગમાંથી સાત ભાગ જેટલું અધિક ) દેવાયું બાંધે.

સો વર્ષના ૨૮૮૦૦૦ (બે લાખ અઠ્ઠાસી હજાર) પ્રહર થાય તેમાંથી કોઈક પુણ્યવંત એક પ્રહર ભાવપૂર્વક પોષધ ધર્મ આરાધન કરતાં આયુષ્ય બાંધે તો ૩૪૭૨૨૨૨૨૨૨$\frac{2}{9}$ (ત્રણસો સુડતાલીશ ક્રોડ બાવીશ લાખ બાવીશ હજાર બસો બાવીસ પલ્યોપમ અને બે નવમાંશ એટલે એક પલ્યોપમના નવભાગમાંથી બે ભાગ જેટલું અધિક) દેવાયુઃ બાંધે.

સો વર્ષના ૧૦૮૦૦૦૦ (દશલાખ એંશી હજાર) અન્તર્મૂહુર્ત થાય તેમાંથી કોઈ પુણ્યવંત એક અન્તર્મૂહુંત ભાવપૂર્વક ધર્મ–આરાધન (સામાયિક) કરતાં આયુષ્ય બાંધે તો સાધિક ૯૨૫૯૨૫૯૨૫ ( બાણું ક્રોડ, ઓગણસાઠ લાખ પચીસ હજાર નવસો પચીસ ) અધિક દેવાયુઃ બાંધે.

સો વર્ષની ૨૧૬૦૦૦૦ ( એકવીશ લાખ સાઠ હજાર ) ઘાટકા (ઘડી) થાય તેમાંથી કોઇક પુણ્યવંત એક ઘડી ભાવપૂર્વક

ધર્મ આરાધન કરતાં આયુષ્ય બાંધે તો કંઈક ન્યુન ૪૬૨૯૬૨૯૬૩ (છેંતાલીશ ક્રોડ ઓગણત્રીસ લાખ બાસઠ હજાર નવસો ત્રેસઠ) પલ્યોપમનું દેવાયુ: બાંધે.

સો વર્ષના ૪૦૭૪૮૪૦૦૦૦ (ચારસો સાત ક્રોડ અડતાલીશ લાખ ચાલીસ હજાર) શ્વાસોશ્વાસ થાય તેમાંથી કોઇક પુણ્યવંત ભાવપૂર્વક એક લોગસ્સનો કાઉસગ્ગ કરતાં એટલે ૨૫ (પચ્ચીસ) શ્વાસોશ્વાસ પ્રમાણ પરમાત્માનું ધ્યાન કરતાં આયુષ્ય બાંધે તો સાધિક ૬૧૩૫૨૧૦ (એકસઠ લાખ પાંત્રીશહજાર બસો દશ) પલ્યોપમથી અધિક દેવાયુ: બાંધે.

કોઈક પુણ્યવંત ભાવપૂર્વક એક નમસ્કાર મહામંત્ર ગણે એટલે આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ પરમાત્માનું ધ્યાન કરતાં આયુષ્ય બાંધે તો સાધિક ૧૯૬૩૨૬૭$\frac{૧}{૪}$ (ઓગણીશ લાખ ત્રેસઠ હજાર બસો સડસઠ ઉપર એક ચતુર્થાંશ) પલ્યોપમથી અધિક દેવાયુ: બાંધે.

કોઈક પુણ્યવંત એક શ્વાસોશ્વાસ ભાવપૂર્વક પરમાત્માનું ધ્યાન કરતાં આયુષ્ય બાંધે તો સાધિક ૨૨૫ ૦૮ (બે લાખ પીસ્તાલીશ હજાર ચારસો આઠ) પલ્યોપમનું દેવાયુ: બાંધે.

એક ક્ષણ પણ અનન્તા અનન્ત પરમતારક શ્રી જિનાજ્ઞા આરાધના વિનાની એક ક્ષણ નિષ્ફળ જાય, તેમાં આત્માને કેટલી મહાભયંકર હાનિ થઈ રહી છે. તેનો કદાપિ આ જીવે વિચાર જ કર્યો નથી.

## નવકારવાળીનું ફળ

૧ શંખ, પ્રવાલની, રતાંજલી (રક્તચંદન)ની નવકારવાળીથી જાપ કરવાથી હજાર ગણું ફળ થાય.

૨ સ્ફટિકની નવકારવાળીથી જાપ કરવાથી દશ હજારગણું ફળ પ્રાપ્ત થાય.

૩ મોતીની નવકારવાળી ગણવાથી લાખગણું ફળ પ્રાપ્ત થાય.

૪ ચંદન (સુખડ) ની નવકારવાળી ગણવાથી કોટી ગણું ફળ પ્રાપ્ત થાય.

૫ સોનાની નવકારવાળી ગણવાથી દશ કોટી ગણું ફળ પ્રાપ્ત થાય.

૬ રુદ્રાક્ષની નવકારવાળી ગણવાથી અસંખ્ય ગણું ફળ પ્રાપ્ત થાય.

૭ સૂતરની નવકારવાળી ગણવાથી પૂર્ણ ફળની પ્રાપ્તિ થાય.

૮ પુત્તજીવા (પુત્રજીવા) નવકારવાળી ગણવાથી અનંતગણું ફળ પ્રાપ્ત થાય.

૯ પુત્તજીવા પીંપળ જેવાં એક જાતિના વૃક્ષો થાય છે. તેના ફળો સોપારી જેવડાં થાય છે. આ વૃક્ષો જયપુર પટ્ટી ( પંજાબ ) હરદ્વાર તરફ થાય છે. તેના ફળની

માળા, સંત, સન્યાસી, હાડુપંથી વિશેષ રાખે છે. તે માળા મહિમાવાળી હોય છે. જે સ્ત્રીને પુત્રો ન થતાં હોય અથવા જેનાં નાની વયમાં અર્થાત નવજાત બાળકો મરી જતાં હોય તે સ્ત્રી જો આ માળા ગણે, તો તેનો મૃતવત્સા દોષ નાશ પામે છે "પુત્રજીવા" એવું ગુણનિષ્પન્ન તેનું નામ પડયું છે. અપભ્રંશમાં પોતાજીવા પણ કહેવાય છે.

૧૦ એ પ્રકારે નવકારવાળીના ફળો જુદા જુદા પ્રકારે કહેલાં છે. પરંતુ તે તો બાહ્ય નિમિત્ત છે. સિવાય અંતરંગની ભાવનાથી જ ફળ મેળવી શકાય છે. જેમ જેમ ભાવનાની નિર્મલતા, ચિત્તની પ્રસન્નતા, મનની એકાગ્રતા અને વિશિષ્ટપણે પરમાત્માના ગુણોનું વર્ણન કરવાથી છે. તેમ તેમ અંતરશુદ્ધિથી સમ્પૂર્ણ વિશુદ્ધફળની પ્રાપ્તિ થાય છે. ભાવનાની મંદતાએ મંદ ફળ મળે છે.

૧૧ શંખની, પ્રવાલની, રતાંજલીની સ્ફટિકની, મોતીની, સોનાની રુદ્રાક્ષ આદિની માળા શ્રીમંતો મેળવી શકે છે પરંતુ તે સર્વ નવકારવાળીઓ કરતાં સુખડની, પુતજીવાની, સૂતરની નવકારવાળીઓનું ફળ વિશેષ કહેલ છે.

૧૨ જેને મોક્ષમાં જવાની ઇચ્છા હોય તેણે અંગુઠા ઉપર નવકારવાળી રાખી તેના પાસે રહેલી, તર્જની આંગુળીથી નવકારવાળી ગણવાથી મોક્ષને આપે છે,

૧૩ મધ્યમાં આંગુલીથી ગણવાથી દ્રવ્યની પ્રાપ્તિ થાય છે.

૧૪ અનામિકા અનામિકા આંગુલીથી ઘરમાં શાંતિ થાય છે.

૧૫ કનિષ્ઠિકા આંગુલીથી ગણવાથી શત્રુઓ આવીને શરણા-ગતિ સ્વીકારે.

૧૬ નવકારવાળીમાં ૧૦૮ મણકા હોવાથી, નવકારવાળી ગણનાર પંચ પરમેષ્ઠિનાં ૧૦૮ ગુણોનું સ્મરણ કરનાર થઇ શકે છે.

૧૭ અર્ધદગ્ધા, દગ્ધા, ચંદનકાષ્ટથી અતિરિક્ત કાષ્ટમાળા, હાડ કે પત્થરની માળા ગણવા યોગ્ય નથી. તેવી માળા ગણનાર વિશેષ લાભ ન થાય.

અંગુલ્યાગ્રેણ યજ્જપ્તં, યજ્જપ્તં મેરુ લંઘને;
વ્યગ્રચિત્તેન યજ્જપ્તં, તત્સર્વં નિષ્ફલં ભવેત્. ૧

# અતિમનનીયપ્રકીર્ણક સંગ્રહ

૧

## શ્રી સીમંધરસ્વામિ જિન અંગે કિંચિત સમીક્ષા

વર્તમાન કે અનાગત ચોવીશીમાં તો અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામિજી–પરમાત્માનું નથી. એટલે એ અનન્ત પરમતારકને કયા તીર્થંકર પરમાત્મા સમજવા? કેટલાક તો એવા પ્રશ્નો કરે છે કે—સીમન્ધરસ્વામિજી હાલમાં કયાં છે? રાજા છે? કે દેવલોકમાં છે? જિજ્ઞાસુઓ દ્વારા પૂછાયેલ એવા અનેક પ્રશ્નોનું સમાધાન કરવું સમુચિત સમજી પ્રસ્તુત અનન્તાનન્ત પરમોપકાર પરમતારક દેવાધિદેવશ્રી અંગે કિંચિત્ સમીક્ષા કરૂં છું.

અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામિજી પરમાત્મા અને મહાવિદેહક્ષેત્ર વિષયક કિંચિત્ બોધ માટે સર્વપ્રથમ પરમ પૂજ્યતમ શ્રી જિનાગમોને અનુસરતા ભૌગોલિક વિષયક ગ્રન્થોનું અવલોકન કરવું પરમ આવશ્યક છે.

ભૌગોલિક વિષયક "બૃહત્સંગ્રહણી", 'ક્ષેત્રસમાસાદિ" ગ્રન્થોમાં અસંખ્ય દ્વીપ સમુદ્રાદિનું વર્ણન સમ્પૂર્ણતયા અતીવ વિષદરૂપે જણાવેલ છે. એ અસંખ્ય દ્વીપ સમુદ્રાદિમાં "મનુષ્યક્ષેત્ર" તો માત્ર બે સમુદ્રસહિત અઢીદ્વીપ પ્રમાણ જ છે.

અસંખ્ય દ્વીપ સમુદ્રો પરસ્પર એકબીજાને વલયાકારે સ્પર્શીને રહેલા છે. તેમાં સર્વપ્રથમ પ્રમાણાંગુલના માને ૧૦૦૦૦૦ એક લાખ યોજનનો થાળી આકારે "જમ્બુદ્વીપ" રહેલ છે તેની ચારે બાજુ વલયાકારે બે બે લાખ યોજન પ્રમાણનો "લવણસમુદ્ર" રહેલ છે. તેની ચારે બાજુ વલયા· કારે ચાર ચાર લાખ યોજન પ્રમાણ "ધાતકીખંડ" રહેલ છે. તેની ચારે બાજુ વલયાકારે આઠ આઠ લાખ યોજન પ્રમાણનો "કાળોદધિસમુદ્ર" રહેલ છે. તેની ચારે બાજુ વલયાકારે સોળ સોળ લાખ યોજન પ્રમાણનો "પુષ્કરવરદ્વીપ" રહેલ છે. એ પુષ્કરવરદ્વીપના મધ્યભાગે "માનુષોત્તર પર્વત" રહેલ હોવાથી "પુષ્કરવરદ્વીપ" આઠ આઠ લાખ યોજનના બે વિભાગ વહેંચાયેલ છે. તેમાં કાળોદધિ સમુદ્રને સ્પર્શીને રહેલ આઠ યોજન પ્રમાણના પ્રથમ "અર્ધપુષ્કરવરદ્વીપ" પર્યન્તનું જ મનુષ્યક્ષેત્ર છે. એક રજ્જુલોક એટલે અસંખ્યાત કોટાકોટી યોજન પ્રમાણની ભૂગોળમાંથી માત્ર અસંખ્યાતમા ભાગે બે સમુદ્ર સહિત અઢીદ્વીપ એટલે માત્ર ૪૫૦૦૦૦૦ પીસ્તાલીશ લાખ યોજન પ્રમાણનું અત્યલ્પ "મનુષ્યક્ષેત્ર" છે.

એક લાખ યોજનના "જમ્બૂદ્વીપ"માં "ભરતક્ષેત્ર"ના પ્રારંભથી ૩૩૧૫૭ યોજન ૧૭ કળાએ "નિષધપર્વત" ની

પૂર્ણાહૂતિ અને "ઐરવતક્ષેત્ર"ના પ્રારંભથી ૩૩૧૫૭ યોજન ૧૭ કળાએ "નિલવન્ત પર્વત"ની પૂર્ણાહૂતિ થાય. "નિષધ-પર્વત" અને "નિલવન્તપર્વત"ની વચ્ચે ૩૩૬૮૪ યોજન જ કળા પ્રમાણ વિસ્તૃત, અને એક લાખ યોજન પ્રમાણનું દીર્ઘ "મહાવિદેહક્ષેત્ર" રહેલ છે. મહાવિદેહક્ષેત્રમાં ૧૬૫૯૨ $\frac{૨}{૧૯}$ યોજન પ્રમાણ લાંબી અને ૨૨૧૨ $\frac{૭}{૮}$ યોજન પ્રમાણ પહોળી એવી એક એક વિજય. એવી બત્રીશ વિજયો હોય છે.

શ્રી જમ્બૂદ્વીપના મધ્યભાગમાં રહેલ "મેરુપર્વત"થી પૂર્વ મહાવિદેહક્ષેત્રમાં "પુષ્કલાવતી" નામના મહાસામર્થ્યશાલી દેવતાથી અધિષ્ઠિત ૧૬૫૯૨$\frac{૨}{૧૯}$ યોજન પ્રમાણ લાંબી, અને ૨૨૧૨$\frac{૭}{૮}$ યોજન પ્રમાણ પહોળી "પુષ્કલાવતી" નામની આઠમી વિજય શોભી રહેલ છે. તે વિજયની પૂર્વદિશાએ "નિલવન્તવર્ષધરપર્વત" દક્ષિણ દિશાએ 'લવણસમુદ્ર" પશ્ચિમ દિશાએ "શીતાનદી" અને ઉત્તરદિશાએ "એકશૈલ પર્વત" નામનો ચતુર્થ વક્ષસ્કાર પર્વત સાતમી આઠમી વિજયના મધ્ય ભાગે શોભી રહેલ છે. તે વક્ષસ્કાર પર્વત ઉપર ચતુર્મુખ એકસોવીશ જિનબિમ્બ યુક્ત અતિરમણિય સુશો-ભિત શાશ્વત્ જિનચૈત્ય શોભી રહેલ છે. તે અનન્તાનન્ત પરમતારક શાશ્વન્મહાતીર્થને પ્રતિસમયે ત્રિવિધ ત્રિવિધ અનન્તાનન્તશતકોટિશઃ વંદન કરૂં છું. પ્રણામ કરૂં છું. નમસ્કાર કરૂં છું.

શ્રી પુષ્કલાવતી વિજયમાં ૧૭૨૮ ગાઉ પ્રમાણની ધન ધાન્યાદિથી પરમ સમૃદ્ધ અમરાવતી સમ અતિરમણીય "પુંડરીકિણી"નામની મહાનગરી શોભી રહેલ છે. તે નગરીમાં

ન્યાયપ્રિય, ભીમકાન્તાદિ, અનેકગુણનિધિ, મહાદાનેશ્વરી, પરમદયાસિન્ધુ, પરમવાત્સલ્યમહાનદ, સદાચારપુરુષસિંહ, પરમશ્રાદ્ધરત્ન, મહારાજાધિરાજ શ્રી શ્રેયાંસમહારાજાનું એકછત્રી અખંડ સામ્રાજ્ય (અધિપત્ય) પ્રવર્તી રહેલ છે પરમ સુશીલા, પરમશ્રાદ્ધરત્ના, પરમપુણ્યવતી, રત્નકુક્ષિધારિણી મહાસતી શ્રી સત્યકીજી નામના પટરાજ્ઞીથી મહારાજાધિરાજશ્રીનું અન્તઃપુર શોભી રહ્યું છે.

વર્તમાન ચોવીશીના સત્તરમા અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવ શ્રી કુન્થુનાથજી ભગવન્તના નિર્વાણ બાદ, અને અઢારમાં અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવશ્રી અરનાથજી ભગવંતના જન્મ પહેલાં સતી શિરોમણિ, પરમસદાચારશીલા, મહાસતી શ્રી સત્યકીજી મહારાણીની રત્નકુક્ષિથી વૈશાખ (વીર સંવત ચૈત્ર) વદિ ૧૦ ના શુભ દિને મધ્યરાત્રિએ "ઉત્તરાષાઢા" નક્ષત્રમાં ચંદ્રનો યોગ થતાં 'ધનરાશિ" માં અનન્તાનન્ત પરમોપકારક, પરમતારક દેવાધિદેવશ્રી સીમન્ધરસ્વામિજી પરમાત્માનો જન્મ થયો. તે સમયે ચૌદરજ્જુલોકમાં મહાઉદ્યોત થયો. ક્ષણભર નારકીના જીવોને આનન્દ થયો.

અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવ "દ્વિતીય શશીવ" દિન-પ્રતિદિન અભિવૃદ્ધિ પામતા શરદ પૂર્ણિમાના ચન્દ્રની જેમ શોભી રહ્યા હતા. તેઓશ્રીના મુખદર્શને માતાપિતાના આનંદોદધિની ઉર્મિઓ હિલોળા લઈ રહી હતી.

અનુક્રમે અનન્તાનન્ત પરમોપકારક, પરમતારક મહાપ્રભુજી યુવાવસ્થામાં પનોતા પગલાં મૂકતાં જ માતાપિતાજીએ પાણિ-

ગ્રહણ માટે અત્યાગ્રહ કરતાં ભોગાવલીકર્મના અવશ્ય ભોગ્ય-વિપાકને મહાપ્રભુજીએ જ્ઞાનબળથી જાણીને માતાપિતાજીની ભાવનાનીસ્વીકૃતિ રૂપે પરમરૂપલાવણ્યનિધાન પરમસદાચારશીલા પરમશ્રાદ્ધરત્ના, વિનય, વિવેક, દયા, દાન, દાક્ષિણ્યતા, ઉદારતા આદિ અનેકાનેક મહાગુણવિભૂષિતા પરમાર્હતધર્મરતા મહાસતી શ્રી રુક્મણિ રાજકુમારિકા સાથે પાણિગ્રહણ કર્યું.

રાજ્ય યોગ્ય વય અવસ્થા થતાં મહારાજાધિરાજ શ્રી શ્રેયાંસ મહારાજાને એ મહામહોત્સવ પૂર્વક રાજ્યાભિષેક કરી રાજઆદિએ વિભૂષિત કર્યા.

શ્રેષ્ઠતમ રાજનિતિનું પાલન કરવા કરાવવા પૂર્વક પ્રજામાં નીતિ, ન્યાય, સદાચાર, દયા, દાન, ઉદારતા આદિ મહામૂલા ગુણોનું શ્રેષ્ઠતમ રીતે પાલન કરી કરાવી રાજનીતિનું સંપૂર્ણ-પણે પાલન કરી પ્રજાના માનસ ઉપર રાજનીતિની મહત્તાની એવી ઉચ્ચતમ મુદ્રા ઉપસાવેલ કે, અલ્પાત્યલ્પ દુર્ગુણ પણ જીવનમાં ડોકીયું કરવા સમર્થ ન હતો. અર્થાત્ મહાપ્રભુજીના રાજ્યકાળમાં સદ્‌ગુણોનો સુકાળ અને દુર્ગુણોનો દુષ્કાળ હતો. સાત વ્યસનો તો માત્ર ધર્મગ્રન્થમાં જ રહ્યા હતા. એ રીતની ઉચ્ચતમ રાજનીતિ પૂર્વક રાજ્યનું પાલન કરતાં અનન્તાનન્ત પરમોપકારક પરમતારક મહાપ્રભુજીનું એકવર્ષ ન્યૂન ત્યાંશી (૮૩) લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ થયું. તે સમયે "ભરતક્ષેત્ર"માં વીશમાં અનન્તાનન્ત પરમોપકારક પરમતારક દેવાધિદેવ શ્રી મુનિસુવ્રતસ્વામિજી-પરમાત્માનું મહાતારક શાસન અવિચ્છિન્નપણે પ્રર્વતી રહ્યું હતું. તે

સમયે "શ્રી અયોધ્યા" મહાનગરીમાં શ્રી દશરથ મહારાજાનું રાજ્યકાળમાં અને તેમનાં પરમ સુવિનિત સુપુત્ર "શ્રી રામચંદ્રજીના જન્મ પહેલાં બદ્ધાંજલિનતમસ્તકે પરમવિનમ્રાતિવિનમ્રભાવે પરમસુમધુરવાણીએ નવલોકાન્તિક દેવોએ અનન્તાનન્ત પરમોપકારક પરમતારક દેવાધીદેવ શ્રી સીમન્ધરસ્વામિજી પરમાત્માને "મહાતારક તીર્થ" પ્રવર્તાવવા માટે વિનતી કરી. અનન્તાનન્ત પરમોપકારક પરમતારક મહાપ્રભુજીએ જ્ઞાનબળથી પોતાનું ભોગાવલી કર્મ ક્ષીણ થયું જાણી અને સંયમ ગ્રહણ કરવાને એક વર્ષની અવધિ બાકી રહેલ જાણી માતા–પિતાના નામથી અંકીત ૧૦૮૦૦૦ એક લાખ આઠ હજાર સુવર્ણમુદ્રા પ્રતિદિન દાનમાં દેતાં એક વર્ષમાં ૩૮૮૮૦૦૦૦૦૦ ત્રણસો અઠયાશીક્રોડ એંશીલાખ સુવર્ણમુદ્રાનું વાર્ષિકદાન દઇને દેવ દેવેન્દ્રો અને નર નરેન્દ્રો યોજિત ભવ્ય દીક્ષાયાત્રા (વરઘોડા)માં નરેન્દ્રો અને દેવેન્દ્રો વાહિત દેવવિમાનકલ્પ શિબિકામાં આરૂઢ થઈ અનંતાનંત પરમોપકારક પરમતારક દેવાધિદેવ શ્રી સીમંધરસ્વામિજી પરમાત્મા ઉદ્યાનમાં આવી અશોકવૃક્ષ નીચે શિબિકા સ્થાપિત કરાવી શિબિકામાંથી નીચે ઉતરી મુકુટાદિ આભૂષણો ઉતારીને કુળમહત્તરાને અર્પણ કરી સ્વયં પંચમુષ્ઠિ લોચ કરી, ઇન્દ્રમહારાજાદ્વારા સ્કન્ધારોપિત દેવદૂષ્ય ગ્રહણ કરી ફાગણ શુદિ ૩ ના દિને ઉચ્ચરાશિમાં ચંદ્રનો યોગ થયો (તે સમયે) "કરેમિ સામાયિઅં" દંડકસૂત્રના ઉચ્ચારપૂર્વક દીક્ષા અંગીકાર કરી તે જ સમયે ચતુર્થ "મનઃપર્યવજ્ઞાન" ઉત્પન્ન થયું. એક હજાર વર્ષ પર્યંત નિરતિચાર, અણિશુદ્ધ અખંડ

નિર્મળ સંયમનું પાલન કરતાં ચૈત્ર શુદિ ૧૩ ના પરમ પુણ્યદિને ઉચ્ચરાશિમાં ચંદ્રનો યોગ થયો તે સમયે આત્માની સમ્પૂર્ણ નિર્મળતામાં અનંતરકારણભૂત અધ્યવસાયની પરમ-વિશુદ્ધિરૂપ ક્ષપકશ્રેણિએ આરૂઢ બની ચાર ઘાતિકર્મનો ક્ષય કરી ષડ્દ્રવ્યના સર્વગુણ પર્યાય વિષયક ત્રૈકાલિકજ્ઞાન ઉત્પન્ન થયું.

અનંતાનંત પરમતારક મહાપ્રભુજી સર્વજ્ઞ સર્વદર્શી બનીને ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરીને અનંત મહા તારક તીર્થ પ્રવર્તાવ્યું. સો ક્રોડ સાધુ મહારાજા, સો ક્રોડ સાધ્વીજી મહારાજા અને દશ લાખ કેવળજ્ઞાની મુનિભગવંતોના અતિવિરાટ પરિવારથી યુક્ત પુષ્કલાવતી વિજયની પવિત્ર ભૂમિને પાવન કરી રહ્યા છે.

અનંતાનંત પરમતારકશ્રીજીનાં અચિંત્યચિંતામણિકલ્પભૂત અનંતાનંત મહાપ્રભાવે પરમ પવિત્ર શ્રીમુખે મહાવ્રતોનું ઉચ્ચારણ કરી સો ક્રોડ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજા અને નવસો નવસો ક્રોડ શ્રાવક-શ્રાવિકાઓ અનંતાનંત પરમતારક-શ્રીના શ્રીમુખે સમ્યક્ત્વ અથવા સમ્યક્ત્વમૂળ દ્વાદશાદિવ્રતો ઉચ્ચરિને ચઢતા પરિણામે વ્રતાદિના પાલનદ્વારા આત્માને ભાવિત કરતાં પરમ આદર્શ જીવન જીવતાં સ્વજાતને અહો-ધન્ય બનાવી રહ્યા છે.

અનંતાનંત પરમોપકારક, પરમતારકશ્રીની સાક્ષાત નિશ્રામાં સદાકાળ કરીને પર્યુપાસનાદિ કરતાં પરમ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજા તો અહોધન્ય અને કૃતપુણ્ય છે જ. પરંતુ આપના સાક્ષાત દર્શનને પામેલ શ્રાવક-શ્રાવિકા અને પશુ પક્ષિઓ પણ ધન્યવાદને પાત્ર છે.

હે નાથ ! હું કેવો અભાગ્યશિરોમણિ છું, કે આપના અનંતમહાતારક દર્શન, વંદન, પર્યુપાસનાદિનો અનંતમહાલાભને પામવા માટે નિરંતર ઝુરવા છતાં સદંતર વંચિત છું. હે અનંતાનંત પરમતારક મહાપ્રભો ! આપની અનંતમહાતારક સેવામાં ક્રોડો દેવો સદાને માટે ઉપસ્થિત છે. તેમાંથી મારા જેવા નિરાધાર, અશરણ અધમાધમ મહાપામર પાપાત્મા ઉપર અનંત કરુણા કરી એક દેવને અત્ર મોકલાવો તો હું દેવ સહાયથી આપની અનંતમહાતારક નિશ્રામાં ઉપસ્થિત થઈ આપના અનંતમહાતારક દર્શન વંદન, પર્યુપાસના, દેશનાશ્રવણ આદિનો અનંતમહાલાભ પામી આત્માને ભાવિત કરી સ્વજાતને અહોધન્ય, કૃતપુણ્ય અને કૃતકૃત્ય બનાવી શકું, હે નાથ ! આપના અનંતમહાજ્ઞાનમાં ચરમસીમાએ જે આરાધકભાવ હોય તેવો પરમારાધકભાવ મારો સદાકાળ રહો.

હે અનંતાનંત કરુણાસિન્ધો ! આ રંક અને હીન મહાપામર પાપાત્માની જ એક અભ્યર્થના છે, કે આપની અનંતમહાતારક દર્શનાદિની મારી ઝંખના (ભાવના,તમન્ના) આપની અનંતમહાકરૂણાથી પૂર્ણ થાઓ.

હે નાથ ! આપના વિષયક કિંચિત્ સમીક્ષા કરતાં આપની આજ્ઞાથી વિપરિત હીનાધિક વિચારાયું કે લખાયું હોય તો આપ તથા અનંતાનંત પંચપરમેષ્ઠિભગવંતોની સાક્ષિએ ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં.

ઇતિ સીમન્ધરસ્વામિ વિષયક કિંચિત્ સમિક્ષા

# શ્રી જિનેન્દ્ર દર્શન-પૂજન વિધિ

"વિષમકાળ જિનબિમ્બ જિનાગમ ભવિયણકું આધારા"

( અંતરાયકર્મની સપ્તમ પૂજા, પાંચમી ગાથા )

અનન્તાનન્ત પરમોપકારક, પરમતારક શ્રી જિનેશ્વરદેવોએ આપણ સહુ ઉપર એટલો અસીમ અનન્ત અનન્ત મહાઉપકાર કર્યો છે કે આપણે સહુ માટે તેની કલ્પના કરવી પણ દુષ્કર છે. અરે! સર્વજ્ઞ ભગવન્તો પણ દેશોનક્રોડ પૂર્વના ચરમસમય સુધી વર્ણન કરે, તો પણ ઉપકારનો અન્ત ન આવે, એટલો અનન્ત અનન્ત મહાઉપકાર છે.

આજે તો ભરતક્ષેત્રમાં નથી જિનેશ્વરદેવ, નથી કેવળજ્ઞાની, નથી મનઃપર્યવજ્ઞાની, નથી અવધિજ્ઞાની, નથી ચૌદ પૂર્વધર, નથી દશ પૂર્વધર કે નથી વિશિષ્ટ બહુશ્રુતધર એવા હડહડતા મહાવિષમ કપરા કાળમાં પણ ભવ્યજીવો આત્મશ્રેયઃ સાધી શકે, એ માટે અનન્ત મહાઉપકાર કરી અનન્તાનન્ત પરમતારક ચરમશાસનપતિએ બે પરમ પુષ્ટાલમ્બનો અર્પણ કર્યા છે, (બતાવ્યા છે) એક જિનબિમ્બ અને બીજું જિનાગમ.

ઉક્ત પરમપુષ્ટાલમ્બનને સફળ બનાવવા અનન્તાનન્ત પરમોપકારક પરમતારક શ્રી જિનેશ્વર ભગવન્તોની દ્રવ્યથી અને ભાવથી એમ ઉભય પ્રકારે ભક્તિ પૂજા સેવા કરવી પરમાવશ્યક છે. અષ્ટપ્રકારી પૂજા એ દ્રવ્યપૂજા અને સ્તુતિ ચૈત્યવન્દનાદિ એ ભાવપૂજા છે.

પરમાત્માના પૂજકે ન્યાયોપાર્જિત સ્વદ્રવ્યની ઉત્તમ સામગ્રીથી સાત પ્રકારની શુદ્ધિ સાચવવાપૂર્વક પ્રભુ પૂજા કરવી.

## પરમાત્માના પૂજકે પાલન કરવાના આવશ્યક નિયમો

### ૧ શ્રી જિનમન્દિરજીમાં અવશ્ય સાચવવા યોગ્ય દશત્રિક.

૧ ત્રણ વાર નિસીહિ, ૨ ત્રણ પ્રદક્ષિણા, ૩ ત્રણ પ્રણામ, ૪ ત્રણ પ્રકારની પૂજા, ૫ ત્રણ અવસ્થા ભાવવી, ૬ ત્રણ દિશા નિરીક્ષણ વર્જન, ૭ ત્રણ વાર ભૂમિ તથા પગનું પ્રમાર્જન કરવું, ૮ ત્રણ પ્રકારના વર્ણાદિનું આલમ્બન, ૯ ત્રણ પ્રકારની મુદ્રા, અને ૧૦ ત્રણ પ્રકારનું પ્રણિધાન, (મન વચન કાયાની એકાગ્રતા) આ દશત્રિક સાચવીને દ્રવ્ય અને ભાવપૂજા કરવાથી ચિત્તમાં પરમ પ્રસન્નતા પ્રગટે.

૨ પ્રભુજીના અભિષેકાદિમાં વપરાતું જળ શક્ય પ્રયાસે એકદમ ઉંડા પાતાળ કૂવાનું શુદ્ધ વસ્ત્રથી ગળેલું હોવું જોઇએ.

૩ જીવરક્ષાનો ઉદ્દેશ સચવાય એ રીતે યતનાપૂર્વક જિનાલય તેમ જ કેસર ચંદનાદિના સ્થાનથી કાજો લેવો.

૪ અષ્ટ પડવાળો મુખકોશ બાંધી કેસર ચંદન ઘસવાનો ઓરસીયો, ચન્દનનો ટૂકડો (ભુટ્ટો), નળી, કુંડી, થાળ, કળશ, કટોરા કટોરી આદિ પૂંજણીથી પૂજવા પ્રમાર્જવા.

૫ કેશર, ચન્દન, બરાસાદિ ઓરસીયા ઉપર ઉતારતી (ઘસતી) વેળાએ અષ્ટપડવાળો મુખકોશ પૂર્વોક્ત રીતે અવશ્ય બાંધવો.

૬ ભૂમિ ઉપર ન પડેલ એવાં શુદ્ધ પરમ ઉચ્ચકોટીનાં પરમાત્માને ચઢાવાતા પુષ્પોમાં ત્રસજીવની વિરાધના ન થાય એ માટે પુષ્પોને રેશમાદિ અતિ કોમળ તંતુની જાળીથી બનાવેલ ચાળણીમા ચાળીને શુદ્ધ જળથી પવિત્ર કરવા.

વર્ણ ગન્ધાદિની ઉત્કૃષ્ટતાવાળા પુષ્પો જ પરમાત્માને ચઢાવી શકાય હીનવર્ણાદિવાળા પુષ્પો પરમાત્માને ચઢાવ-વાથી આશાતનાનો દોષ લાગે, એ ઉપરથી સિદ્ધ થાય છે કે પરમોચ્ચકોટીના પુષ્પો જ પરમાત્માને ચઢાવી શકાય.

પુષ્પ કે ડમરાના એક એક પત્રને ભિન્ન ભિન્ન કરીને કે સોયથી પુષ્પોને વીંધીને બનાવેલ હાર પરમાત્માને ચઢાવી ન શકાય. ગૂંથેલા પુષ્પહાર જ પરમાત્માને ચઢાવવાનું શાસ્ત્રીય વિધાન છે.

૭ ગતદિનના નિર્માલ્ય (વાસી) પુષ્પાદિ તેમ જ મુકુટાદિ યતનાપૂર્વક ઉતારી ઉપયોગપૂર્વક મોરપીંછી કરવી.

૮ ગતદિનની પૂજા કરેલ વાસી કેસર ચન્દનાદિ શુદ્ધ વસ્ત્રનું ભીનું પોતું કરી સાફ કરવા. જે સ્થાનથી કેસર ચન્દન ન નીકળે ત્યાં કોમળ હાથે પ્રતિમાજીને ઘસારો ન પહોંચે એ રીતે વાળાકૂંચીથી કેસરાદિ સાફ કરવા.

૯ પૂજા કરતાં બરાસ, કેશર કે પ્રભુજીને નખનો સ્પર્શ ન થાય તેનો પૂર્ણ ઉપયોગ રાખવો અથવા અનામિકા આંગળી ઉપર સોના ચાંદીનો નખ ધારણ કરવો.

૧૦ બરાસનું પ્રમાણ અતિવિશેષ હોય, તેવા કેશરથી પૂજા કરવી. જેથી પ્રતિમાજી ઉપર પીળા ડાઘ ન પડે.

૧૧ ધૂપ દીપ આદિ અગ્રપૂજા હોવાથી ગર્ભગૃહ (ગભારા) ની બહાર પ્રભુજીની ડાબીએ ધૂપધાણું રાખીને ધૂપ પૂજા કરવી અને પ્રભુજીની જમણી બાજુ દીપક રાખી દીપપૂજા કરવી. ગર્ભગૃહમાં ધૂપ દીપ આદિ અગ્રપૂજા કરવી ઉચિત નથી.

૧૨ મંગળ દીપક તથા આરતિ ડાબી બાજુથી ઉંચે નાસિકાના અગ્રભાગ સુધી લઈ જઈને જમણી બાજુએ નાભિ સુધી નીચે ઉતારવાં.

૧૩ શ્રી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ રત્નત્રયી પ્રાપ્તિની ભાવનાથી સર્વપ્રથમ અખંડ અક્ષતના ત્રણ પુંજ કરી તેના નીચે ચાતુર્ગતિક સંસારના છેદરૂપ સુન્દર સ્વસ્તિકનું આલેખન કરી સિદ્ધશિલા ઉપર મારો વાસ થાઓ એ ભાવનાથી અષ્ટમીનાં ચન્દ્ર જેવી સિદ્ધશિલા આલેખી તેનાં ઉપર સિદ્ધ પરમાત્મારૂપ શ્રેણિબદ્ધ અક્ષતો સ્થાપવા.

૧૪ સ્વસ્તિકાદિ ઉપર ચઢાવેલ ફળ નૈવેદ્ય બદામ આદિ એકવાર ચઢાવ્યા પછી નિર્માલ્ય દ્રવ્ય ગણાતું હોવાથી પુનઃ ચઢાવી ન શકાય.

૧૫ શ્રી જિનમન્દિરમાં જઘન્યથી ટાળવા યોગ્ય દશ આશાતના.

૧ જિનમન્દિરે ખાવું. ૨ જળપાન કરવું. ૩ મુખવાસ કરવું. ૪ ઉપાનહ (પગરખા) પહેરવા, ૫ મૈથુન સેવવું. ૬ સુઈ જવું.

૭ થૂંકવું અથવા શ્લેશ્મ નાખવું. ૮ માત્રુ' કરવું. ૯ સ્થંડિલ જવું. અને ૧૦ જુગાર રમવું. આ દશ આશાતના અવશ્ય ટાળવી.

## ત્રણ મુદ્રાનું સ્વરૂપ

૧ યોગમુદ્રા : પરસ્પર બન્ને હાથની આંગળીઓનાં અન્તરમાં પરસ્પર સન્મુખ આંગળીઓ રાખી કોષ (ડોડા) આકારે બનાવી બન્ને હાથની કોણીઓ પેટ ઉપર સ્થાપવી તે યોગમુદ્રા કહેવાય. "ખમાસમણ" "ચૈત્યવન્દન" "નમુત્થુણ" "સ્તવનાદિ" આ મુદ્રાએ બોલવા.

૨ મુક્તાશુક્તિમુદ્રા : બન્ને હાથની હથેળી મોતીની છીપના આકારે અંદરથી પોલાણવાળી અને બહારથી કૂર્મ (કાચબા) ની જેમ ઉપસેલી અને આંગળીઓ પરસ્પર એક બીજાની સન્મુખ સ્પર્શીને લલાટે સ્થાપવી તે "મુક્તાશુક્તિમુદ્રા" કહેવાય. "જાવંતિ ચેઇયાઇ" જાવંત કેવિ સાહૂ" "સેવણા આભવમખંડા" સુધીના આ ત્રણ સૂત્રો "પ્રણિધાનત્રિક" હોવાથી આ મુદ્રાએ બોલવા.

૩ જિનમુદ્રા : આગળ પગ વચ્ચે ચાર આંગળનું અન્તર અને પાછળ કંઇક ન્યૂન ચાર આંગળનું અન્તર એ રીતે ઉભા રહેવું તે "જિનમુદ્રા" કહેવાય, અથવા શ્રી જિનેશ્વર-દેવો કાઉસ્સગ્ગ કરતાં જે મુદ્રાએ ઉભા રહે તે "જિનમુદ્રા" કહેવાય. "ઇરિયાવહિયં પ્રતિક્રમવી" તેમ જ પ્રત્યેક કાઉસ્સગ્ગો જિનમુદ્રાએ કરવાં.

પ્રત્યેક ક્રિયા પરમ આદરપૂર્વક બદ્ધાંજલિ નતમસ્તકે કરવી.

## ત્રણ અવસ્થાનું સ્વરૂપ

પરમાત્માની પૂજા કરતાં પ્રભુજીની પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત એ ત્રણ અવસ્થાઓ ભાવવી.

પિંડસ્થ એટલે પ્રભુજીની છદ્મસ્થ અવસ્થા. પદસ્થ એટલે પ્રભુજીની સર્વજ્ઞ અવસ્થા અને રૂપાતીત એટલે પ્રભુજીની સિદ્ધ અવસ્થા.

સ્નાત્ર જળાભિષેક અને કેશર ચંદનાદિની પૂજાથી પિંડસ્થ અવસ્થા ભાવવી.

અષ્ટ પ્રાતિહાર્ય યુક્ત પરિકરમાં વિરાજિત પ્રભુજીથી પરમાત્માની કેવળજ્ઞાની અવસ્થા ભાવવી.

પર્યંકાસન તથા કાયોત્સર્ગસ્થ પ્રભુજીથી પરમાત્માની સિદ્ધ અવસ્થા ભાવવી

## શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજાથી થતો અષ્ટકર્મનો ક્ષય

૧ શ્રી જિનેશ્વરપરમાત્માની ભાવપૂર્વક સ્તુતિ સ્તોત્ર ચૈત્યવન્દનાદિ દ્વારા ગુણગાન કરવાથી જિહ્વાની સફળતા પૂર્વક "જ્ઞાનાવરણીયકર્મનો" ક્ષય થાય.

૨ શ્રી જિનેશ્વરપરમાત્માનાં ભાવ પૂર્વક દર્શન કરવાથી નેત્રની સફળતા પૂર્વક "દર્શનાવરણીયકર્મનો" ક્ષય થાય.

૩ શ્રી જિનેશ્વરપરમાત્માની ભાવ પૂર્વક પૂજા કરતાં જીવરક્ષાનો ઉપયોગ રાખવાથી "અશાતાવેદનીયકર્મનો" ક્ષય થાય.

૪ શ્રી જિનેશ્વરપરમાત્મા અને સિદ્ધપરમાત્માનાં ગુણોનું ભાવ પૂર્વક સ્મરણ અને ચિન્તનથી મનની સફળતા પૂર્વક અનુક્રમે "દર્શનમોહનીય" અને "ચારિત્રમોહનીય" કર્મનો ક્ષય થાય.

૫ શ્રી જિનેશ્વરપરમાત્માની ભાવ પૂર્વક પૂજા કરતાં શુભ અધ્યવસાય હોવાથી "આયુષ્યકર્મ" નો ક્ષય થાય.

૬ શ્રી જિનેશ્વરપરમાત્માના ભાવ પૂર્વક નામસ્મરણાદિથી "નામકર્મનો" ક્ષય થાય.

૭ શ્રી જિનેશ્વરપરમાત્માને ભાવ પૂર્વક વન્દન નમસ્કારાદિ કરવાથી "ગોત્રકર્મનો" ક્ષય થાય.

૮ શ્રી જિનેશ્વરપરમાત્માની ભાવ પૂર્વક પૂજા સેવા ભક્તિમાં શક્તિ સમય સમ્પત્તિનો સદ્વ્યય કરવાથી દાનાદિ પાંચ પ્રકારનાં "અન્તરાય કર્મનો" ક્ષય થાય.

શ્રી જિનેશ્વરપરમાત્માની ભાવપૂર્વક ભક્તિ કરતાં સર્વકર્મનો અન્ત થાય તેવા પરમોચ્ચતમ અધ્યવસાયો ન થયા હોય તો અશુભકર્મનો અભાવ, અથવા અશુભ શુભમાં સંક્રમે અને મહાન્ પુણ્યાનુબન્ધી પુણ્ય તો અવશ્ય બંધાય

## શ્રી જિનેશ્વરપરમાત્માનાં દર્શન–પૂજનનું ફળ

શ્રી જિનેશ્વરપરમાત્મા પ્રત્યે અખંડ બહુમાન ધરાવનાર "જિનેશ્વર પરમાત્માનાં દર્શન કરવાં જાઉં" એવું વિચારે ત્યાં એક ઉપવાસનું ફળ, જવા માટે ઉભા થતાં બે ઉપવાસનું

ફળ, જવાનો નિર્ણય કરે ત્યાં ત્રણ ઉપવાસનું ફળ, જિનમન્દિરનાં બાહ્ય ભાગે જતાં પાંચ ઉપવાસનું ફળ, જિનમન્દિરની પાસે જતાં પંદર ઉપવાસનું ફળ, શ્રી જિનેશ્વરપરમાત્માનું મુખ દર્શન કરતાં ત્રીશ ઉપવાસનું ફળ, શ્રી જિન મન્દિરમાં પ્રવેશ કરતાં છ માસના ઉપવાસનું ફળ, શ્રી જિનમંદિરનાં ગર્ભગૃહ પાસે જતાં ત્રણસો સાઠ ઉપવાસનું ફળ, શ્રી જિનેશ્વરપરમાત્માને પ્રદક્ષિણા દેતાં છત્રીશ હજાર ઉપવાસનું ફળ, શ્રી જિનેશ્વર-પરમાત્માની પૂજા કરતાં ત્રણલાખ સાઠ હજાર ઉપવાસનું ફળ, અને જિનેશ્વરપરમાત્માની સ્તુતિ સ્તવનાદિ કરતાં અનંત ઉપવાસનું ફળ.

અન્ય સ્થળે :– પ્રભુજીની પ્રમાર્જના કરતાં સો ઉપવાસનું ફળ, વિલેપન કરતાં હજાર ઉપવાસનું ફળ, પ્રભુજીના કંઠે પુષ્પમાળા આરોપણ કરતાં લાખ ઉપવાસનું ફળ, વાજિન્ત્રાદિ સહ ગીતગાન પૂર્વક ભાવપૂજા કરતાં અનન્ત ઉપવાસનું ફળ.

શ્રી જિનેશ્વરપરમાત્માની પરમ સબહુમાને પૂજા કરતાં જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ, સમ્યક્ત્વની શુદ્ધિ, સમ્યક્ત્વની અભિવૃદ્ધિ તેમજ સમ્યક્ત્વની સ્થિરતા થાય છે.

શ્રી જિનેશ્વરપરમાત્માનું પરમ સબહુમાને ત્રિકાળ પૂજન કરતાં "શ્રી શ્રેણિક મહારાજા" "શ્રી કૃષ્ણ મહારાજા" "દેવપાળ" "શ્રી રાવણ મહારાજા" "ધનરાજ" "સાગરશેઠ" "મહાસતી શ્રી રેવતી શ્રાવિકાજી" "શ્રી સુલસા શ્રાવિકાજી" આદિ અનેક પુણ્યવન્ત આત્માઓએ તીર્થંકર નામકર્મ બાંધ્યું.

મહાસતી શ્રી સીતાજી, મહાસતી શ્રી અંજનાજી, મહાસતી શ્રી દ્રોપદીજી, મહાસતી શ્રી દમયંતીજી, મહાસતી શ્રી સુલોચનાજી, મહાસતી શ્રી મરૂદેવી માતાજી, મહાસતી શ્રી મનોરમાજી, મહાસતી શ્રી નર્મદાસુન્દરીજી. મહાસતી શ્રી ચન્દનબાળાજી, મહાસતી શ્રી મૃગાવતીજી. મહાસતી શ્રી શ્રીદેવી, મહાસતી શ્રી મદનરેખાજી, મહાસતી શ્રી મયણાસુન્દરીજી આદિ અનેક મહાસતીઓ શ્રી જિનેશ્વરપરમાત્માની ભક્તિના પરમ પ્રભાવે ચઢેલા અસત્ય કલંકો અને મરણાન્ત કષ્ટોથી સમ્પૂર્ણ રક્ષણ પામી અનન્ત મહાતારક શ્રી જિનશાસનના પરમ પ્રભાવક બન્યા.

ભરી રાજસભામાં સિંહાસને વિરાજિત થતાં પણ અર્ધ સિંહાસન ઉપર સૂર્યકાન્તા મહારાણીને સાથે બેસાડનાર, અનાવરિત રક્તાવલિપ્ત અસિને ધારણ કરીને ભરી રાજસભામાં અર્ધરાજસિંહાસન ઉપર શ્રી સૂર્યકાન્તાને સાથે રાખી રાજસિંહાસને બેસનાર અને એક સમયના મહાક્રૂર ને મહાનાસ્તિક ગણાતા શ્વેતામ્બિકાના મહારાજાધિરાજ શ્રી પ્રદેશીરાજા પરમોલ્લસિતભાવે અનન્તાનન્ત પરમતારક શ્રી જિનેશ્વરપરમાત્માની ભક્તિ પૂર્વક સમતાભાવે તેર છટ્ઠની તપશ્ચર્યા અને તેર પારણાના દિન મળી કુલ ૩૯ દિવસ જેટલી અત્યલ્પકાળની આરાધનાથી એવો અપૂર્વ સમતાભાવ કેળવાયો કે અન્તિમ પારણામાં સૂર્યકાન્તા રાણીએ વિષ મિશ્રિત ભોજન કરાવ્યું. વિષ રગેરગમાં વ્યાપક બન્યું, અસહ્ય વેદનામાં પણ અઢાર પાપસ્થાનક અને ચારે આહારના પચ્ચક્ખાણ કરી જીવમાત્ર

સાથે ક્ષમાપના કરતાં સૂર્યકાન્તાને વિશેષ પ્રકારે સ્મૃતિપટ ઉપર લાવી તેમની સાથે ત્રિવિધ ત્રિવિધ ક્ષમાપના કરે છે. શ્રી નમસ્કાર મહામન્ત્રનું સ્મરણ અને ધ્યાન કરતાં સમાધિ પૂર્વક કાળધર્મ પામી પ્રથમ દેવલોકમાં "સૂર્યાભદેવ" થયા. ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રથી મોક્ષ પામશે.

## સાત પ્રકારની શુદ્ધિ

અંગ[૧] વસન[૨] મન[૩] ભૂમિકા[૪], પૂજોપકરણ[૫] સાર;
ન્યાયદ્રવ્ય[૬] વિધિશુદ્ધતા[૭], શુદ્ધિ સાત પ્રકાર.

### ૧ અંગશુદ્ધિ—

પૂજા નિમિત્તે અંગશુદ્ધિ એટલે સ્નાન કરનાર પુણ્યવન્ત નિમ્ન લિખિત સૂચનાઓ પાલન કરવા અવશ્ય ઉપયોગ રાખે.

ત્રસ જીવજન્તુ, લીલફૂલાદિ અનન્તકાય કે પૃથ્વ્યાદિ અન્ય સ્થાવર જીવોની વિરાધના ન થાય, ઋતુવન્તી આદિએ જ્યાં સ્નાનાદિ ન કર્યું હોય, તેમ જ બાળકાદિની વિષ્ટાદિ અશુચિની જ્યાં શુદ્ધિ ન કરી હોય, તેવા સ્થાને (સ્નાનાગારમાં) પૂર્વ અથવા દક્ષિણદિશા સન્મુખ બેસી વસ્ત્રથી ગળેલ શરીરશુદ્ધિ થાય તેટલાં પરિમિત શુદ્ધ જળથી અંગશુદ્ધિ કરવામાં ઉપયોગ રાખવો તે અંગશુદ્ધિ.

### ૨ વસ્ત્રશુદ્ધિ :

અશુચિ આદિ અશુભ પુદ્ગળોની જેના ઉપર અસર ન થાય તેવાં ફાટયા તૂટયા, બળ્યા, સાન્ધ્યા, સીવ્યા કે છિદ્ર-

વિનાના અને પ્રતિદિન સુગન્ધી દ્રવ્યોથી વાસિત કરેલ, શ્વેતવર્ણનું ધોતીયું અને ખેસ એમ બે શુદ્ધ વસ્ત્રો ધારણ કરી પુરૂષો (શ્રાવકો) ખેસનો અષ્ટપડવાળો મુખકોશ કરી મુખ, નાસિકા અને કર્ણના બે છિદ્રો સમ્પૂર્ણ ઢંકાય એ મુખકોશ બાંધી પૂજા કરવી તે વસ્ત્રશુદ્ધિ

પૂજાના વસ્ત્રો પરિધાન કર્યા પછી, સ્નાન કર્યા વિનાની કોઇ પણ વ્યક્તિનો કે આશાતના થાય તેવી વસ્તુનો સ્પર્શ ન થાય તે માટે પૂર્ણ ઉપયોગશીલ રહેવું. પૂજાના વસ્ત્રો અન્ય કોઇ પણ ઉપયોગમાં તો ન જ લેવાય. પરન્તુ સામાયિક પ્રતિક્રમણાદિમાં પણ એ વસ્ત્રોનો ઉપયોગ ન થાય.

બહેનો (શ્રાવિકાઓ) એ સાડી, ચણીયો તથા ચોળી એ ત્રણ વસ્ત્ર ઉપરાન્ત મુખકોશ માટે અષ્ટપડ થઇ શકે તેવું એક શ્વેતવસ્ત્ર રાખવાનું હોય છે. શ્રાવિકાઓ શ્વેત ઉપરાન્ત રક્તપીતાદિ વર્ણવાળા શુદ્ધ-પવિત્ર વસ્ત્રો ધારણ કરીને પણ પૂજા કરી શકે. સ્કર્ટાદિ પહેરીને પૂજા કરવી, તે જિનાજ્ઞાથી વિહિત નથી.

સીવેલા વસ્ત્રો પહેરીને પૂજા કરવાનો અધિકાર માત્ર બહેનોનો જ હોવાથી, પુરૂષોએ વિના સીવેલ વસ્ત્રરૂપે ધોતીયું અને ખેસ એમ માત્ર બે જ વસ્ત્રો પૂજા કરતાં ધારણ કરવાનાં હોય છે.

૩ મનશુદ્ધિ :

શ્રી જિનેશ્વરપરમાત્માના અનન્તાનન્તમહાઉપકારને દષ્ટિ સમક્ષ રાખી શ્રી જિનેશ્વરપરમાત્માની પૂજામાં મનને સ્થિર રાખવું અર્થાત્ એકાગ્રચિત્તે પૂજા કરવી તે મનશુદ્ધિ.

૪ ભૂમિશુદ્ધિ :

પ્રથમ ", નિસીહિ " કહીને જિનમન્દિરમાં પ્રવેશ કરી પ્રદક્ષિણા આદિ દેઈ બીજી " નિસીહિ " કહેતાં પહેલાં ધૂળ, કચરો કે જાળા આદિ તો નથી ને ? તેવું કંઇ પણ હોય, તો યતના પૂર્વક ભૂમિશુદ્ધિ કરવી. પૂજાના સાધનસામગ્રી લેવા મૂકવાની ભૂમિ પણ શુદ્ધ રાખવી તે ભૂમિશુદ્ધિ.

૫ ઉપકરણશુદ્ધિ—

પૂજાના આવશ્યક ઉપકરણો થાળી, કટોરી, કળશ, ધૂપધાણું, દીપક, ફાનસ, ચામર, છત્રાદિ શકય હોય તો સોના રૂપાના અથવા જર્મનસીલ્વરના એકદમ ચકચકાટ રાખવા. તેમ જ મોરપીંછી, વાળાકૂંચી, સ્વચ્છ અંગલુંછણા, કેશર, ચન્દન, બરાસ, વરખ, ધૂપ, અગરબત્તી, પુષ્પ, અક્ષત, ફળ, નૈવેદ્યાદિ પૂજન સામગ્રી પરમ ઉચ્ચકોટીની ન્યાયોપાર્જિત સ્વદ્રવ્યથી લાવવી તે ઉપકરણશુદ્ધિ. ઉપકરણ અને સામગ્રી જેટલી વિશેષ ઉચ્ચકોટીની તેટલી ભાવોલ્લાસની વિશુદ્ધિ અને અભિવૃદ્ધિ.

૬ દ્રવ્યશુદ્ધિ—

શ્રી જિનેન્દ્રપૂજા આદિ ધાર્મિક ક્રિયાઓમાં વપરાતી સામગ્રી તેમ જ દ્રવ્ય ન્યાયોપાર્જિત હોવું જોઇએ. જેથી ભાવની વિશેષ અભિવૃદ્ધિ થાય.

૭ વિધિશુદ્ધિ—

અંગશુદ્ધિ પૂર્વક શુદ્ધ ઉજ્જવળ વસ્ત્રો ધારણ કરી, પૂજાના

ઉપકરણો તેમ જ પૂજાની ઉત્તમ સામગ્રી લઈ ઈર્યાસમિતિ પૂર્વક મૌનપણે શુભ ભાવના પૂર્વક જિનમન્દિરે જવું તે વિધિશુદ્ધિ.

**શ્રી જિનમન્દિર પ્રવેશવિધિ :**

શ્રી જિનમન્દિરનાં મુખ્યદ્વારમાં પ્રવેશ કરતાં પહેલાં, સંસાર સમ્બન્ધી મન વચન કાયાનાં પાપવ્યાપારનાં ત્યાગરૂપ ત્રણ વાર "નિસીહિ" કહી જિનમન્દિરમાં પ્રવેશ કરી દૂરથી જ પ્રભુજીનું દર્શન થતાં જ સબહુમાન ભક્તિ સભરહૈયે બદ્ધાંજલિનત મસ્તકે 'નમોજિણાણં" કહેવું. પ્રદક્ષિણા ફરવાની શકયતા હોય, ત્યાં નિમ્ન લિખિત એકેક દુહો બોલતાં એકેક પ્રદક્ષિણા ફરવી. એમ ત્રણ દુહાએ ત્રણ પ્રદક્ષિણા પૂર્ણ કરવી.

પ્રદક્ષિણાના દુહા :

કાળ અનાદિ અનન્તથી, ભવભ્રમણનો નહિ પાર;
તે ભવભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા દઉં સાર. ૧
દર્શન જ્ઞાન ચારિત્રરૂપ, પ્રદક્ષિણા ત્રણ નિરધાર;
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવ દુઃખ ભંજનહાર. ૨
ભમતીમાં ભમતાં થકાં, ભવ ભાવઠ દૂર પલાય;
પ્રદક્ષિણા તે કારણે, ભવિક જન ચિત્તલાય. ૩

પછી મૂળનાયક પ્રભુજીની જમણી બાજુ એટલે પોતાના ડાબા હાથે પુરુષો, અને પ્રભુજી ડાબી બાજુ એટલે પોતાના જમણા હાથે બહેનો પ્રભુભક્તિમાં બીજાને અન્તરાય ન થાય

એ રીતે ઉભા રહી અઋદ્ધાંજલિ નતમસ્તકે ભક્તિ ભરિત હૈયે નિમ્ન લિખિત સ્તુતિઓ અથવા અતિભાવવાહી અન્ય સ્તુતિઓ શુદ્ધ ઉચ્ચાર પૂર્વક બોલવી.

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્ ;
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્.

દર્શનાદ્ દુરિતધ્વંસી, વન્દનાદ્ વાંછિતપ્રદઃ,
પૂજનાત્ પૂરકશ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ.

અદ્ય મે સફલં જન્મ, અદ્ય મે સફલા ક્રિયા;
અદ્ય મે સફલં ગાત્રં, જિનેન્દ્ર ! તવ દર્શનાત્.

અદ્ય મે સફલં ગાત્રં, નેત્રે ચ વિમલીકૃતે;
અદ્ય મે સફલં સર્વં જિનેન્દ્ર ! તવ દર્શનાત્.

અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ;
તસ્માત કારુણ્યભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર !.

જિને ભક્તિર્ જિને ભક્તિર્ જિને ભક્તિર્ દિને દિને;
સદા મેઽસ્તુ સદામેઽસ્તુ, સદા મેઽસ્તુ ભવે ભવે.

ધન્યોઽહં કૃતપુણ્યોઽહં, નિસ્તીર્ણોઽહં ભવાર્ણવાત્;
અનાદિભવ કાન્તારે, દષ્ટો યેન જિનો મયા.

શ્રી જિનાલય સંબંધી કાર્યની પૂર્ણાહૂતિ કરી અંગપૂજા તથા અગ્રપૂજા મળી અષ્ટપ્રકારી પૂજાના પ્રારમ્ભ પહેલાં શ્રી જિનમન્દિરજી સંબન્ધી કાર્યના ત્યાગરૂપ બીજીવાર ત્રણવાર “ નિસીહિ નિસીહિ ” કહેવી.

## અંગપૂજાના અધિકારી કોણ ?

શ્રી જિનેશ્વર પરમાત્મા પ્રત્યે અખંડ બહુમાન ધરાવનાર, જેનાં શરીરમાંથી રસી પરૂ ન ઝરતા હોય તે, તેમ જ જે બહેનોની શરીર શુદ્ધિ હોય. તે જ પરમાત્માની અંગપૂજાના અધિકારી ગણાય.

### અંગપૂજા ક્રમ

### નવ અંગે પૂજન કરતાં બોલાતાં દુહા

૧ જમણા ડાબા અંગુઠે પૂજન.

જળ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત;
ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજળ અંત.

૨ જમણા–ડાબા જાનુએ (ઢીંચણે) પૂજન.

જાનૂબળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ;
ખડાં ખડાં કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ.

૩ જમણા–ડાબા કાંડે પૂજન.

લોકાન્તિક વચને કરી, વરસ્યા વર્ષીદાન;
કર કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન.

૪ જમણા–ડાબા સ્કન્ધે પૂજન.

માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનન્ત;
ભૂજા બળે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત.

૫ શિરશિખાએ પૂજન.

સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;
વસીયા તેણે કારણ ભવિ, શિર શિખા પૂજંત.

૬ ભાલપ્રદેશે પૂજન.

તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત,
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત.

૭ કંઠપ્રદેશે પૂજન.

સોળ પ્રહર દેઇ દેશના, કંઠે વિવર વર્તુલ;
મધુર ધ્વનિ સુરનર સુણે, તિણે ગળે તિલક અમૂલ.

૮ હૃદયપ્રદેશે પૂજન.

હૃદય કમળ ઉપશમ બળે, બાળ્યા રાગ'ને રોષ;
હિમ દહે વન ખંડને, હૃદય તિલક સન્તોષ.

૯ નાભિપ્રદેશે પૂજન.

રત્નત્રયી ગુણ ઉજળી, સકળ સુગુણ વિશ્રામ;
નાભિકમળની પૂજના, કરતાં અવિચળ ધામ.

અગ્રપૂજા—બીજી વાર ત્રણ વાર "નિસીહિ નિસીહિ" કહી ધૂપ દીપાદિ અગ્રપૂજા કરી નિમ્ન લિખિત દુહો બોલતાં અક્ષત પૂજા કરવા રૂપ ત્રણ પુંજ સ્વસ્તિક અને સિદ્ધશિલા આલેખવી.

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નન્દ્યાવર્ત્ત વિશાળ;
પૂરી પ્રભુ સન્મુખ રહું, ટાળી સકળ જંજાળ.

## સ્વસ્તિક આલેખનની સમીક્ષા

શ્રી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું આત્યન્તિક એટલે સમ્પૂર્ણ આરાધન થાય, તો જ સર્વ કર્મનો અન્ત, ચારે ગતિનો અભાવ અને પંચમગતિ પ્રાપ્ત થવારૂપ સિદ્ધશિલા ઉપર વાસ થાય. એ શુભ હેતુથી અક્ષતનો સ્વસ્તિક આલેખતાં પહેલાં સર્વપ્રથમ શ્રી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પ્રાપ્તિરૂપ ત્રણ અક્ષતપુંજ કરી, સિદ્ધશિલા નિમિત્તે એક અક્ષતપુંજ કરી, ચાર ગતિના છેદરૂપ અક્ષતપુંજનો સ્વસ્તિક આલેખી, અન્તમાં સિદ્ધશિલા નિમિત્તના અક્ષતપુંજની અષ્ટમીના અર્ધચન્દ્ર અર્થાત્ અર્ધમોદક જેવી ⌣ આ રીતની સિદ્ધશિલા આલેખી, તેના ઉપર સિદ્ધપરમાત્મારૂપ પંક્તિબદ્ધ અક્ષતો મૂકવા. આવું દીવા જેવું સ્પષ્ટ વિધાન હોવા છતાં વિધિમાર્ગની અજ્ઞાનતાના કારણે બહુલતાએ સર્વ પ્રથમ સિદ્ધશિલા આલેખી પછી ત્રણ પુંજ કરી અન્તમાં સ્વસ્તિક આલેખે છે એ જ "મહદાશ્ચર્યમ્".

રત્નત્રયીની આરાધના વિના ચાર ગતિનો ચૂરો અને સિદ્ધ પરમાત્મા થયા શી રીતે? અને સિદ્ધ પરમાત્મા થયા પછી સિદ્ધશિલા ઉપરથી નીચે ઉતરી ત્રણ પુંજ અને સ્વસ્તિક આલેખવાની કઈ આવશ્યકતા? એ જ સમજાતું નથી એ ઉપરથી સુજ્ઞ મહાશયો વિધિક્રમ સાચવવા પૂર્ણ ઉપયોગશીલ

રહેશે. "સિદ્ધશિલા" બીજના ચન્દ્ર જેવી આલેખાય છે, તે પણ યોગ્ય નથી. અષ્ટમીના ચન્દ્ર જેવી "સિદ્ધશિલા" આલેખવી.

## સ્વસ્તિક આલેખન સમયે બોલાતા દુહા

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નન્દ્યાવર્ત્ત વિશાળ;
પૂરી પ્રભુ સન્મુખ રહું, ટાળી સકળ જંજાળ. ૧

ત્રણ પુંજ તથા સિદ્ધશિલાનો પુંજ કરતા નીચેનો દુહો બોલવો

દર્શન જ્ઞાન ચારિત્રના, આરાધનથી સાર;
સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર. ૨

સ્વસ્તિક તથા સિદ્ધશિલા આલેખન કરતાં નીચેના દુહા બોલવા

અક્ષત પૂજા કરતાં થકાં, સફળ કરૂં અવતાર;
ફળ માંગું પ્રભુ આગળે, તાર તાર મુજ તાર. ૩

સાંસારિક ફળ માંગીને, રડવડયો બહુ સંસાર;
અષ્ટ કર્મ નિવારવા, માંગું મોક્ષફળ સાર. ૪

ચિહું ગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાળ;
પંચમીગતિ વિણ જીવને, સુખ નહિ ત્રિહું કાળ. ૫

પછી ફળ નૈવેદ્યાદિ ચઢાવી "ઇરિયાવહિય" પ્રતિક્રમિને એકાગ્રચિત્તે ભાવપૂર્વક ભાવપૂજા રૂપ ચૈત્યવન્દન કરવું. પછી ખમાસમણ દેઈ પચ્ચક્ખાણ કરી ખમાસમણ દેઈ અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં.

"સ્વસ્તિક આલેખી ચૈત્યવન્દન કરી સ્વસ્તિક આલેખેલ પાટલાનો એક ખૂણો સ્હેજ ઉંચો કરી હાથથી બે ત્રણ વાર ટક્ક્સ મારવા, જેથી સિદ્ધશિલા અને સ્વસ્તિકના અક્ષત એકમેક થઈ જાય. પછી એ અક્ષત ભંડારમાં પૂરવા.

## ઇતિ શ્રી જિનેન્દ્ર દર્શન-પૂજન વિધિ

---

## શ્રી નમસ્કાર (પંચપરમેષ્ઠિ) મહાત્મ્ય

### પ. પૂ૦ આચાર્ય શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજી મ. પ્રણીત પ્રથમ પ્રકાશનાં આધારે.

### ન....મો....અ....રિ....હં....તા...ણું

ન નરનાથ એટલે રાજા મહારાજાઓ પણ તેઓનું શરણ સ્વીકારી દાસ બને છે. દેવ દેવેન્દ્રો પણ તેઓને પ્રણામ કરે છે. અને નાગેન્દ્રાદિ એટલે સર્પાદિથી જેમને કદાપિ ભય હોતો નથી. જેઓ ભાવપૂર્વક એકાગ્રચિત્તે અરિહંત પરમાત્માનું ધ્યાન અને સ્મરણ કરે તેમને.

મો મોહ મદથી અંશમાત્ર મુંઝાતા નથી. સદા આનન્દમાં મહાલે છે, અને અલ્પકાળ એટલે નિકટના ભવિષ્યનાં અતિપરિમિત ભવોમાં અનાયાસે મોક્ષપદને પામે. જે પુણ્યવન્ત આરાધક આત્માઓ અરિહંત પરમાત્માને ભાવપૂર્વક નામે, પૂજે, સેવે, આરાધે તે.

અ  અનન્તાનન્ત ગુણનિધાન અરિહંત પરમાત્માને કેવળ-
જ્ઞાનિભગવન્તો પણ પ્રદક્ષિણા દેવારૂપ પૂજા કરે છે.
એ વસ્તુ જ સિદ્ધ કરે છે, કે અનન્તાનન્ત પરમતારક
શ્રી જિનેશ્વર પરમાત્માના અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત
અનન્તાનન્ત પરમ પ્રભાવને સર્વજ્ઞભગવન્ત વિના
અન્ય કોણ જાણી શકે? અર્થાત્ અન્ય કોઈ ન
જાણી શકે.

રિ  રિપુ એટલે રાગદ્વેષાદિ શત્રુઓ આત્માના મહાભયંકર
કટ્ટર શત્રુઓ છે. તે રાગાદિભૂત શત્રુઓથી વિધિ
વિરંચી આદિ લૌકિક દેવો અભિભૂત બની અતિવિડ-
મ્બિત થયા છે.

હં  હંસ જેમ એકમેક થઇ ગયેલ ક્ષીર નીરને પૃથક્ પૃથક્
કરે તેમ શ્રી જિનેશ્વરપરમાત્મારૂપ હંસ આત્મારૂપી
ક્ષીરને કર્મરૂપી જળથી પૃથક્ કરે છે.

તા  " તાયિન: " એટલે પાપથી આત્માનું રક્ષણ કરનારા
જીવોને કર્મપાશબન્ધથી મુક્ત કરાવનારા, સંસાર
સમુદ્રમાં બૂડતા જીવોને તારનારા, અને તલસ્પર્શી
મહાતત્ત્વજ્ઞોનાં પણ રક્ષક સ્વામી છો, પરમ
તારણહાર છો,

ણં  " ણં " એટલે મસ્તકે બિન્દુ યુક્ત ત્રણ ઉભી રેખા
એમ સૂચવે છે કે શ્રી દેવ ગુરુ ધર્મરૂપ તત્ત્વત્રયીની
પરમ ઉત્કટભાવે આરાધના કરવાથી પોતાના આત્માને

ભાવિત કરતો ભવ્ય આત્મા શાશ્વત્ સ્થાન (મોક્ષપદ)ને પામે છે "ણું" માં ત્રણ રેખા એ "તત્ત્વત્રય" અને "બિન્દુ" સિદ્ધપદ દ્યોતક છે.

## બીજા પ્રકાશનાં આધારે
## નમો સિદ્ધાણું

ન  નથી જન્મ, નથી જરા, નથી મૃત્યુ, નથી ભય. નથી પરાભવ, અને નથી ક્લેશનો લેશ જ્યાં એવા અપૂર્વ અદ્વિતીય સ્થાને સિદ્ધ પરમાત્મા રહેલ છે.

મો  મોચા એટલે કેળના સ્તંભ જેવો લોકમાં સર્વથા અસાર એવો સંસારમો પૌદ્ગલિક વૈભવ કયાં ? અને લોકાગ્રસ્થિત અખંડ અનન્ત પ્રૌઢ પ્રતાપી પરમ સારભૂત સિદ્ધપરમાત્મામો અનન્ત વૈભવ કયાં ? અર્થાત્ સિદ્ધપરમાત્માનાં એક આત્મપ્રદેશે એક સમયનો જે આનન્દ છે, તેનાં અનન્તમાં ભાગે પણ ત્રણેલોકનું ત્રણે કાળનું સુખ ન આવે.

સિ  સિત (ઉજ્જવળ) ધર્મવાળા, શુક્લ લેશ્યાવાળા, શુક્લ ધ્યાનવાળા સ્ફટિકરત્નથી પણ અત્યન્ત ઉજ્જવળ સિદ્ધ-શિલાના આશ્રયસ્થાનવાળા ઉજ્જવળ ધર્મવાળા એવા શ્રી સિદ્ધપરમાત્મા ભવ્ય જીવોની સિદ્ધિને માટે થાઓ.

દ્ધા  "દ્ધા" એટલે કર્મને ધમધમાવે ધર્મારાધકોને સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત કરાવનારો હોવાથી "દ્ધા" અને દુર્ગતિમાં પડતાં આત્માઓને ધારણ કરીને

સિદ્ધિપદ પ્રાપ્ત કરાવનારા હોવાથી "ધા" એ રીતે સિદ્ધપરમાત્માના "દ્ધા" વર્ણમાં ઉક્ત બન્ને શકિતઓ સહજભાવે રહેલ છે.

ણું "ણું" એ વર્ણ શૂન્યયુક્ત ત્રણ ઉભી રેખા એમ સૂચવે છે, કે "દર્શન, જ્ઞાન, ચારિત્ર" રૂપ રત્નત્રયમય આત્મા શૂન્ય સ્વભાવપણાને એટલે સિદ્ધપદને પામે છે, કારણ કે સિદ્ધપદમાં સર્વવિભાવદશાની શૂન્યતા છે. શુભાશુભ સર્વકર્મનો આત્યન્તિક ક્ષય થવાથી માત્ર આત્માની ચિદ્‌રૂપતા એટલે સમ્પૂર્ણ ચૈતન્યસ્વભાવતા મોક્ષમાં જ છે તે જ શૂન્યસ્વભાવતા છે.

પાંચ શરીરનો સર્વથા અભાવ કરનાર અને મોક્ષરૂપ પંચમગતિ પ્રાપ્ત કરાવનાર "નમો સિદ્ધાણં" પદના પાંચ મરણ આદિ પ્રપંચોથી તમારૂં રક્ષણ કરો.

## ત્રીજા પ્રકાશના આધારે
## નમો આયરિયાણું

ન નથી રહ્યો તમોગુણ રજોગુણ અને સત્ત્વગુણ, કે નથી રહ્યો માનસિક, વાચિક કે કાયિક કષ્ટ જેઓમાં, કે જેમણે સેવ્યા છે પૂજ્યપાદ આચાર્ય મહારાજાઓનાં ચરણો.

મો મોહપાશથી બંધાયેલ પ્રાણિઓને શ્રી કેશી ગણધર મહારાજાને જેમ પૂજ્યપાદ આચાર્ય મહારાજાઓ મુક્ત કરાવે છે.

આ આદર્શ આચાર આભૂષણોથી આભૂષિત છે જીવન જેમનું, મોક્ષ પ્રાપ્તિમાં પરમ સહાયભૂત છે અદ્વિતીય કોટિનું આગમજ્ઞાન જેમનું અને વિના હાનિના એકાન્તે પરમલાભદાયી ઉપાયો છે જેમનાં, એવા તારક મહાપુરૂષોને પંડિત પુરૂષો આચાર્ય મહારાજરૂપે ઉદ્બોધન કરે છે.

ય યથાર્થ તત્ત્વની પ્રરૂપણા કરનાર, યમ નિયમાદિમાં ઉપયોગપૂર્ણ પ્રયત્નશીલ, યથાવસ્થિત આત્મરૂપયજ્ઞનું યજન (પૂજન) કરનાર એવા પૂજ્યપાદ આચાર્ય મહારાજનું મને સદા શરણ હો.

રિ રિપુ (શત્રુ) કે મિત્ર, સુખ કે દુઃખ, દુર્જન કે સજ્જન, સંત કે શઠ, રાય કે રંક, સંસાર કે મોક્ષને વિષે આચાર્ય મહારાજાઓ અત્યન્ત સમદૃષ્ટિવાળા હોય છે.

યા "યા" એટલે જે કોઇ પવિત્રતમ ઋદ્ધિ-સિદ્ધિ કે પરમૌજ્જવળ લબ્ધિઓ છે, તે સર્વ લબ્ધિઓ ભ્રમર જેમ કમળને વરે તેમ પૂજ્યપાદ આચાર્ય મહારાજને સ્વયં વરે છે.

ણં "ણં" એ અક્ષર મસ્તકે બિન્દુ યુક્ત ત્રણ રેખાવાળો હોવાથી ત્રિવર્ગમાં એટલે "ધર્મ અર્થ અને કામ," "શત્રુ મિત્ર અને ઉદાસીન," "અથવા" રાગ દ્વેષ અને મોહમા સમતાવાળા આચાર્ય મહારાજાઓ જ સન્તશિરોમણિ બને છે. "નમો આયરિયાણં"

એ સાત અક્ષરો જીવાદિ સાત તત્ત્વરૂપ કમળવનમે વિકસિત કરવામાં સૂર્ય સમાન, એવા ત્રીજાપદના સાત અક્ષરો સાત નરકના દુઃખોને નાશ કરો.

## ચોથા પ્રકાશના આધારે

### નમો ઉવજ્ઝાયાણું

ન  નથી ખંડિત થતા તે પાખંડિઓથી, નથી દંડિત થતા મન વચન કાયાના દંડથી, તેમ જ નથી વિડમ્બિત થતા ક્રોધાદિ કષાયોથી, જે સુજ્ઞ પુરૂષો આશ્રય કરે છે ઉપાધ્યાયજી મહારાજનો તે.

મો  "મો" માં " 'મા " અને " ઉ " એમ બે અક્ષરો છે " મા " નો અર્થ લક્ષ્મી અને " ઉ " એટલે શાન્તિ, કાન્તિ, કીર્તી, શ્રી, હ્રીં, ધૃતિ અને બ્રાહ્મી. આ આઠ દેવીઓ, જેઓ પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજની ઉપાસના કરે તેનાં શરીરમાંથી દૂર ન આઓ એ પ્રમાણે યોગસિદ્ધ મહાર્ષિઓનો આદેશ છે.

ઉ  ઉપાધ્યાયજી તે કહેવાય, કે જે સમ્યગ્દૃષ્ટિ આત્માઓ માટે મૂર્તિમાન ઉદયરૂપ છે, બુદ્ધિમાન પુરૂષો માટે સાક્ષાત્ ઉત્સવરૂપ, યક્ષ અને ઉત્તમજનો માટે પ્રત્યક્ષ ઉત્સાહરૂપ છે.

વ  વપુઃ, વચઃ વયઃ અને વક્ષઃ ઉપાધ્યાયજીની આ ચાર વસ્તુઓ વધની વાર્તાથી પર હોય, એટલું જ નહિ, પરન્તુ આગમવિદ્યાને વશ હોય, અર્થાત્ આગમોક્ત

યોગ સાધનાથી ઉપાધ્યાયજી મહારાજની એ ચારે વસ્તુઓનો પરમ પ્રભાવ સર્વત્ર એક સમાન હોય છે. જે પ્રભાવને વિશ્વની કોઈ શક્તિ ખંડિત કરી શકે તેમ નથી.

ઝા "ઝા" એટલે ધ્યાન એટલે એકાગ્રચિત્તે એકાન્ત નિત્ય, એકાન્ત અનિત્યાદિ ષડ્દર્શનો ઉપર સર્વથા વિજય પ્રાપ્ત કરવાથી ઉત્પન્ન થયેલ ઉપાધ્યાયજી મહારાજા યશરૂપી ભંભાં (ભેરી) નો ઝંકાર (ગુંજારવ) દિશાઓને વ્યાપ્ત કરી રહ્યો છે.

યા "યા" એટલે જે સાત નયોમાં નિપુણતા, અને પરશાસ્ત્રોમાં પ્રવીણતા પ્રાપ્ત થાય, તેમજ શ્રી દ્વાદશાં-ગીનાં જ્ઞાનની પ્રાપ્તિ પૂજ્યપાદ ઉપાધ્યાયજી દ્વારા જ થાય. તે વિના સંભવિત જ નથી.

ણું "ણું" એટલે ત્રણ રેખા અને મસ્તકે અનુસ્વારવાળો "ણું" અક્ષર વિનય, શ્રુત અને શીલાદિ ગુણોનો સૂચક અને મહાનંદ એટલે અનન્તાનંદધામરૂપ મોક્ષ પ્રાપ્તિ માટે જાગૃત રાખનાર, અર્થાત્ સાતરજ્જુ પ્રમાણનું ઉર્ધ્વલોકના માર્ગને પ્રકાશ કરવામાં દીપક સમાન અત્યન્ત ઉજ્જવળ "નમો ઉવજ્ઝાયાણું" પદનાં સાત અક્ષરો મારા સાત વ્યસનો સદાને માટે નાશ કરનાર થાઓ.

## પાંચમા પ્રકાશના આધારે નમો લોએ સવ્વસાહૂણં

ન નથી આધિ, નથી વ્યાધિ, નથી ઉપાધિ, નથી દારિદ્ર, નથી દૌર્ભાગ્ય, નથી ઈષ્ટનો વિયોગ, નથી ત્રાસ કે ભય, જે પુણ્યવન્તોને જેમણે પરમ પૂજ્યપાદ સાધુ મહારાજાઓની સેવા ઉપાસના કરી હોય, સાધુપદના ધ્યાનરૂપ અમૃતરસના અંજનથી અંજાયા છે મનરૂપી નેત્રો જેમનાં, તેમને ચારગતિનું વૈવિધ્ય દુઃખરૂપ અન્ધકાર અન્ધાપાનું કારણ થતું નથી.

મો "મોક્તારઃ" એટલે સર્વસંગના ત્યાગ કરનાર રાગદ્વેષાદિ અન્તર શત્રુઓથી નહિ લૂંટાનારા, અને મોક્ષલક્ષ્મી કટાક્ષપૂર્વક જોવામાં ટેવાયેલા મુનિવરો અત્યન્ત આનન્દ પામે છે.

લો લોભરૂપી વૃક્ષને ઉન્મૂલન કરવામાં (ઉખેડી નાંખવામાં) નદીનાં મહાવેગ જેવા નિરતિચાર લોકોત્તર ચારિત્રવાળા, અને લોકમાં ઉત્તમોત્તમ ગણાતા "અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ" આ ચાર વસ્તુમાં ત્રીજા ઉત્તમ ગણાતા "મુનિવરો" અમારા પાપનો નાશ કરનાર થાઓ.

એ એકાન્તમા મુનિવરો મૂળોત્તરગુણ સમૂહરૂપ વાટિકા (ઉદ્યાન) માં મનમૃગ સાથે સ્વેચ્છાએ ક્રીડા કરે છે, અર્થાત્ આત્મરમણતામાં રમે છે.

સ સર્વ પ્રકારે જીવાદિ નવતત્ત્વોને જાણનારા, સદા વૈરાગ્ય વાસિત ચિત્તવાળા ગીતાર્થ મુનિવરોનું એકાકીપણું શ્રેષ્ઠ સમતારૂપ અમૃતની નીક જેવું છે.

ત્વ "ત્વ" અક્ષરની જેમ સંઘાટક એટલે બે સાથે વિચરનારા મુનિવરો ઇન્દ્રિયો તથા મનને વશ કરનાર હોવાથી "સ્વાર્થ" માં "સ્વ" અને "અર્થ" એમ બે, શબ્દોની સંધિ કરવાથી સ્વાર્થ શબ્દ બન્યો. "સ્વ" એટલે પોતાનું અને "અર્થ" એટલે પ્રયોજન, અર્થાત્ મોક્ષને સાધનારા હોય છે.

સા સામ્ય-સમતારૂપ અમૃત ઉર્મિઓથી તૃપ્ત, સારાસારનો વિવેક કરનારા, નિર્મળ આશયવાળા અનેક સાધુ મહારાજાઓ હોવા છતાં, સ્વ સ્વ કાર્યમાં કોઈ પણ પ્રકારની આપત્તિ આવતી નથી.

હૂ "હૂ" હૂ નામના દેવલોકના ગન્ધર્વ ગાયકના મનોહર ગાયનોનો અમૃતરસ, કલ્પવૃક્ષના પુષ્પોની સુવાસ, દિવ્યશય્યાનો સુખકારક કોમળ સ્પર્શ, અને દેવાંગનાઓના અત્યાકર્ષકરૂપથી અંશમાત્ર આકર્ષાતા નથી, એટલે શું મુનિવરો વૃક્ષ છે? શું હરણીયાઓ છે? શું બાળકો છે? ના ના તેઓ વૃક્ષ, બાળક કે મૃગલા નથી, પરન્તુ તેઓ નિરંજન મુનિઓ છે.

ણું "ણું" કાર મસ્તકે બિન્દુયુક્ત ત્રણુરેખાવાળો એમ સૂચવે છે, કે ત્રણગુપ્તિના પાલનમાં રમાને (પૂર્ણ

પરાકાષ્ઠાને ) પામેલા મહામુનિવરો સમ્પૂર્ણ બ્રહ્મચારી (સદાચારી) હોય છે.

નવ પ્રકારની જીવરક્ષારૂપ સુધાકુંડ સમાન આકૃતિવાળા "નમો લોએ સવ્વસાહૂણં" એ નવ અક્ષરી મહામન્ત્રથી મારા મનમાં ધર્મારાધનમાં નિરન્તર નવ નવા ભાવોનો પ્રાદુર્ભાવ થાઓ.

શ્રી નમસ્કાર મહામન્ત્રના પ્રથમ પદના ત્રણ પાઠ અને સાત અર્થ જણાવેલ છે—ઇતિ શ્રી ભગવતીજી સૂત્રે.

"ક્રોધ નિગ્રહનો મુખ્ય ઉપાય "સાધુપદ આરાધન"

"નમો લોએ સવ્વસાહૂણં" એ પદની સમ્યગ્ રીતે વિશિષ્ટ કોટીની આરાધના કરવાથી આત્મામાં ક્રોધ નિગ્રહના પરમ બળનો આવિષ્કાર થાય છે, કારણ કે પરમ ભાવસાધુતાને વરેલા મુનિવરો વજ્ર જેવી અભેદ્ય ક્ષમા કવચને ધારણ કરીને ક્રોધના પરમ વિજેતા બનવા નિરન્તર અપ્રમત્તભાવે કટિબદ્ધ હોવાથી, શાસ્ત્રોએ મુનિવરોને "ક્ષમાશ્રમણ" એ વિશેષણથી વિભૂષિત કરી સંબોધ્યા છે. એવા મુનિવરોની છાયામાં આવનાર અન્ય પુણ્યવન્ત આત્માઓમાં પણ ક્રોધના પરમવિજેતા બનવાનું મહાસામર્થ્ય સહજભાવે પ્રગટે છે. અર્થાત્ પરમ ક્ષમાશીલ બની શકે છે.

માન નિગ્રહનો મુખ્ય ઉપાય

"ઉપાધ્યાયપદ આરાધન"

"નમો ઉવજ્ઝાયાણં" એ પદની સમ્યગ્ રીતે વિશિષ્ટ

કોટીની આરાધના કરવાથી માન નામનો બીજો કષાય અવશ્ય ટળે અથવા ઉપશમે, અને પરમ નમ્રતા પ્રગટે. ઉપાધ્યાયજી મહારાજ સ્વયં પરમ વિનયગુણને સહજભાવે વરેલા છે. જે ગુણ જેમને સહજભાવે આત્મસાત્ થયેલ હોય, તેવાં પરમતારક મહાપુરુષોનાં સહવાસમાં (નિશ્રામાં) રહેવાથી આપણામાં પણ એ ગુણ સામર્થ્ય પ્રગટે. જેમ અનન્તાનન્ત પરમતારક તીર્થંકર પરમાત્માનાં સમવસરણમાં નિત્ય જાતિ-વૈરભાવવાળા પ્રાણિઓ પણ શ્રી જિનેશ્વર પરમાત્માનાં સાંનિધ્યમાં તેઓશ્રીનાં અનન્તાનન્ત પરમપ્રભાવે વૈરભાવ ભૂલી પરમ શાન્ત, ઉપશાન્ત બની પરમ ઉત્કટ કોટીના મૈત્રીભાવ-વાળો વ્યવહાર સહજ દાખવે છે. તેમ જ્યાં પરમ વિનય પૂર્વકની નમ્રતા હોય, ત્યાં માન કે અભિમાન ટકી શકતા જ નથી.

### "માયા નિગ્રહનો મુખ્ય ઉપાય
### આચાર્યપદ આરાધન"

"નમો આયરિયાણં" એ પદની સમ્યગ્ રીતે વિશિષ્ટ-કોટીની આરાધના કરવાથી માયાચાર નામનો ત્રીજો કષાય દૂર થાય છે. પ્રાપ્ત શક્તિને ગોપવવી (છૂપાવવી) અર્થાત્ લબ્ધ શક્તિનો સદુપયોગ ન કરવો તે માયાચાર કહેવાય. સદાચારની ક્રિયામાં સંલગ્ન અર્થાત્ સદા રત રહેતાં એવાં પરમતારક ભાવાચાર્ય મહારાજાઓ સ્વબળને અંશમાત્ર ગોપવતા (છૂપાવતા) નથી. આચાર્યપદને અર્થાત્ એવાં પરમ-તારક આચાર્ય મહારાજાઓને સબહુમાન પરમ વિનયભાવે

નમસ્કારાદિ કરવાથી શક્ય સદનુષ્ઠાન (ક્રિયા) માં પરાક્રમ ફોરવવાનું બળ પ્રગટે છે. એટલે માયાચાર નામનો મહા-દોષ ટળે અને શ્રેષ્ઠતમ સરળતા નામનો સદ્ગુણ પ્રગટે.

"લોભ નિગ્રહનો મુખ્ય ઉપાય સિદ્ધપદ આરાધના"

"નમો સિદ્ધાણં" એ પદની સમ્યગ્ રીતે વિશિષ્ટ કોટીની આરાધના કરવાથી પૌદ્ગલિક લોભ દૂર થાય છે અને સિદ્ધ પરમાત્માની એક એક આત્મપ્રદેશની અનન્તાનન્ત ઋદ્ધિનું દર્શન થાય છે. આત્મિક અનન્ત ઋદ્ધિનાં કોષ ખજાનાનાં દર્શન થયા પછી નશ્વર, વિરૂવા વિપાક રૂપ પૌદ્ગલિક ઋદ્ધિનું અંશમાત્ર આકર્ષણ કે લોભ રહે જ નહિ ભ્રમર ત્યાં સુધી જ ગુંજારવ કરે, કે જ્યાં સુધી પુષ્પનો પરાગ મેળવ્યો નથી. તેમ આત્માને પૌદ્ગલિક પદાર્થોનો લોભ ત્યાં સુધી જ રહે, કે જ્યાં સુધી એણે સ્વ અનન્ત ઋદ્ધિ-સિદ્ધિના ભરપૂર કોષનિધિનાં દર્શન કર્યાં નથી. સિદ્ધપદને સબહુમાન પરમ વિનમ્રાતિવિનમ્રભાવે નમસ્કારાદિ કરવાથી વાસ્તવિક તો એ પોતાનાં આત્માનું જ બહુમાન અને નમ-સ્કાર છે. એથી પોતાની અનન્ત ઋદ્ધિ-સિદ્ધિનું દર્શન સુલભ બને છે. લોભ સર્વથા દૂર થાય, અને પરમ સન્તોષવૃત્તિ પ્રગટે છે.

અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવ શ્રી સમ્ભવનાથજી પરમાત્મા પૂર્વના ત્રીજા ભવે મહાવિદેહક્ષેત્રમાં શ્રી વિમળવાહન રાજારૂપે હતા. તેમણે બાર વર્ષનાં મહાભયંકર દુષ્કાળમાં જીવમાત્ર પ્રત્યે સહજ આત્મીયતા પૂર્વક પ્રાણિમાત્રના રક્ષણ

માટે પરમ ઉદારતાથી છૂટે હાથે દાન આપ્યું અને પરમ બહુમાને સાધર્મિકોનું અજોડ વાત્સલ્ય (ભક્તિ) કરતાં તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરેલ.

અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવ શ્રી મુનિસુવ્રતસ્વામીજીએ પોતાના પૂર્વભવના મિત્ર અશ્વને પ્રતિબોધ કરવા એક જ રાત્રિમાં પ્રતિષ્ઠાનપુરથી ભરુચ સુધીનો ૬૦ યોજનનો ઉગ્ર વિહાર કર્યો. અશ્વને પ્રતિબોધ કરેલ સ્થાન અશ્વાવબોધ તીર્થરૂપે વિશ્વ વિખ્યાત બનેલ.

અનન્તાનન્ત પરમતારક ચરમશાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામીજીએ અન્તિમ રાજર્ષિ શ્રી ઉદયન મહારાજાના આત્મશ્રેયો નિમિત્તે એકજ રાત્રિમાં અત્યુગ્ર વિહાર કરી ચાગલપુરથી ભેરાનગર પધાર્યા હતા.

શ્રી સૂર્યયશા મહારાજા અષ્ટમીના દિવસે દશહજાર રાજાઓ સાથે ભાવપૂર્વક પૌષધધર્મની આરાધના કરતા હતા.

શ્રી વિશેષાવશ્યક મહાભાષ્યમાં ૨૦૦૦ બે હજાર શ્લોક પ્રમાણ શ્રી ગણધરવાદનું અતિવિશદ વર્ણન કરવામાં આવ્યું છે.

ગાંધારમાં પર્વદિને ૨૦૦૦ બે હજાર પૌષધ થતા હતાં.

પરમ પૂજ્યપાદ આચાર્ય શ્રી પાદલિપ્તસૂરીશ્વરજી મહારાજ બાર વર્ષ પર્યન્ત અખંડ આયંબિલ કરતાં "વિપ્પોસહિ" મહાલબ્ધિ પ્રગટ થતાં તેનાં પ્રભાવે તેઓશ્રીનાં મળમૂત્રાદિ પણ મહૌષધિરૂપે પરિણમે (કાર્ય કરે) છે.

અનન્તમહાતારક શ્રી જિનશાસનના પરમપ્રભાવક પરમ પૂજ્યપાદ આચાર્ય શ્રી બપ્પભટ્ટસૂરીશ્વરજી મહારાજ પ્રતિદિન સાતસો શ્લોક કંઠસ્થ કરતા હતા.

ચક્રવર્તિને નાનાવિધ શક્તિ સમ્પત્તિ અને વિદ્યાઓ પ્રાપ્ત કરવા કુલ ૪૫ અઠ્ઠમ કરવા પડે છે. ત્યારે જિનેશ્વરદેવ થનાર ચક્રવર્તિને એક પણ અઠ્ઠમ કરવો પડતો નથી.

શ્રી માંડવગઢના મહામન્ત્રીશ શ્રી પેથડશાહના વિનયગુણથી આકર્ષાયિને પ્રતિદિન જુહાર કરવા આવતા પ્રજાજનો સુવર્ણનું ભેટણું લઈને આવતા હતા, તે સવાશેર સુવર્ણ થતું હતું.

મન શંકાશીલ થતું હોય તો, દ્રવ્યાનુયોગની વિચારણા કરવાથી મન પરમ શ્રદ્ધાશીલ બને.

મન પ્રમાદ ગ્રસ્ત બન્યું હોય, તો ચરણકરણાનુયોગની વિચારણા કરવાથી મન ધર્મારાધનમાં પરમ ઉત્સાહી બને.

મન કષાયથી કલુષિત બન્યું હોય, તો ધર્મકથાનુયોગની વિચારણા કરવાથી મન પરમ ઉપશમભાવને પામે.

મન જડ જેવું બન્યું હોય, તો ગણિતાનુયોગની વિચારણા કરવાથી મન પરમ ચૈતન્યવન્ત બની ધર્મારાધનમાં પરમાનન્દ અનુભવે.

## સ્તુતિ સ્તવનાદિની સમીક્ષા

અનન્તાનન્ત પરમતારક જિનેશ્વર ભગવન્તોની ભક્તિભર માનસવાળા અને દેવાધિદેવના પરમોપાસક પૂર્વાચાર્ય

મહાકવિઓની મૂળ કૃતિમાં કેટલેક સ્થળે મુદ્રણાદિના કારણે વિકૃતિ થવા પામી છે અને તો આજે પુનઃ પુનમુદ્રણાદિના કારણે ભૂલ ઉપર ભૂલની પરંપરા ચાલી છે.

નેમનાથ જ્ઞાની હુવા એ, ભાખે સાર વચન તો,
જીવદયા ગુણવેલડી એ, કીજે તાસ જતન તો;
મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો,
અનન્ત તીર્થંકર ઈમ કહે એ, પરહરિયે પરનાર તો.

"નેમનાથ" ને સ્થાને "નેમિનાથ" જોઇએ, "ભાખે સાર" ને સ્થાને "ભાખે ચાર" જોઇએ. "પરહરિએ પરનાર" ને સ્થાને "પરિહરિએ સવિ અસાર તો" આ રીતે જોઇએ.

૧ "ગુણ સઘળાં અંગે કર્યાં" ના સ્થાને "ગુણ સઘળાં અંગી કર્યાં" જોઇએ.

૨ 'ભાવઠ ન ભાંજે રે" ના સ્થાને "ભવાટ ન ભાંજે રે" જોઇએ. "ભવાટ" એટલે ભવ (સંસાર) રૂપ અટવી.

૩ "અમે તો સંસારીને વેષે હો" ના સ્થાને "અમે તો સંસાર નિવેષ હો" જોઇએ. "સંસાર નિવેષ" એટલે હે પ્રભો! અમે તો સંસાર રૂપ "નિવેષ" એટલે નગરમાં છીએ.

૪ "રાયણ ઋષભ સમોસર્યા સ્વામી" ના સ્થાને "રાયણ રૂખ સમોસર્યા સ્વામી" "રાયણરૂખ" એટલે રાયણવૃક્ષ નીચે સ્વામી એટલે શ્રી ઋષભદેવ સમોસર્યા.

૫ "જો મનમાં આણો નહીં, તો શું કહીયે છાને રે."

ના સ્થાને 'જો મનમાં આણો નહીં, તો શું કરીયે થાને રે" હે નાથ! આપ મને મનમાં જ ન લાવતા હો, તો પછી "થાને" એટલે આપને કહેવું જ શું? "થાને" શબ્દ દેશીય (રાજસ્થાની) શબ્દ છે.

૬ "સુગુણ સનેહા કદિય ન વિસરો" ના સ્થાને 'સુગુણ સનેહા કદિય ન વિસરે" હે નાથ! આપ એવા અનન્તાનન્ત પરમોપકારક છો, કે 'કદિય ન વિસરે" એટલે હું આપને કોઈ રીતે ભૂલી શકું તેમ નથી.

૭ "શાન્તિકરણ અનુકૂલ મેં હો જિનજી" ના સ્થાને "શાન્તિકરણ ઇન કલિમેં હો જિનજી" હે નાથ! આપનું શરણ હડહડતા આ કલિયુગમાં પરમ શાન્તિને કરનાર છે.

૮ "આવો આવો પાસજી મુજ મળીયા રે" ના સ્થાને "અહો! અહો! પાસજી મુજ મળીયા રે" એ રીતે જોઈએ.

અર્થ—હે નાથ! મારા જેવા મહાપાપી અધમાધમને આપ જેવા અનન્તાનન્ત પરમતારક મળવા અતિ દુષ્કર હોવા છતાં આ હડહડતા કળિયુગ જેવા મહાકપરાકાળમાં આપ અનાયાસે મળ્યા એ જ અહો! અહો! એટલે મહા આશ્ચર્ય ગણાય.

## કાયોત્સર્ગની સમીક્ષા

"અન્નત્થ" સૂત્રમાં તો "જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ" આવું સ્પષ્ટ વિધાન હોવા છતાં,

આજે તો બહુલતાએ પહેલાં હાથ ઉંચા કરી કાયોત્સર્ગ (કાઉસ્સગ્ગ) પારી પછી "નમો અરિહંતાણં" બોલાય છે તે શાસ્ત્રવિહિત નથી પહેલાં "નમો અરિહંતાણં" બોલી પછી હાથ ઉંચા કરવારૂપ કાયોત્સર્ગ પારવો તે વિહિત છે.

જ્ઞાનપંચમી, મૌનએકાદશી, પોષદશમી, મેરૂતેરશ શ્રી સિદ્ધગિરિરાજ, નવપદતપ, વીશસ્થાનકતપ, ઉપધાનતપ, વાર્ષિકતપ, અક્ષયનિધિતપ, સિદ્ધિતપ, શ્રેણિતપ તથા કર્મક્ષય આદિ નિમિત્તે આરાધનાના કરાતા કાયોત્સર્ગ "સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ" સુધીના સપૂર્ણ કરવા.

## યાન્ત્રિક વ્યાપાર એટલે મહાપાપ

અનન્તાનન્તપરમતારક જિનેશ્વરદેવો જણાવે છે કે યન્ત્રાદિ પંદર કર્માદાનનો વ્યાપાર ન કરવા સ્પષ્ટ નિષેધ કરેલ છે. આજીવિકાનુ અન્ય કોઈ સાધન જ ન હોય તો આપવાદિક માર્ગે નિરુપાયે દુઃખિતહૈયે આજીવિકા પુરતો યાન્ત્રિક વ્યાપર કરે, પરન્તુ જ્યારે આજીવિકાના અન્ય સાધનની પૂર્તિ થાય ત્યારે તુર્ત જ યાન્ત્રિક વ્યાપાર બન્ધ કરે. શ્રાવકને પણ ઔત્સર્ગિકમાર્ગે યાન્ત્રિક વ્યાપારનો સર્વથા નિષેધ હોય, તો પછી અનન્તાનન્ત પરમતારક જિનેશ્વરદેવોના શાન્તિસ્નાત્ર, સિદ્ધચક્ર નમિઉણાદિ પૂજન તેમજ અંજનશલાકા પ્રતિષ્ઠાદિના મહોત્સવોમાં "માઈક" (ધ્વનિવર્ધક) જેવાં યન્ત્રોદ્વારા "મન્ત્રો અને કાવ્યાદિ" નો ઉચ્ચાર કરવો, કઇ રીતે વિહિત ગણાય? આ તો દેવાધિદેવે ઔત્સર્ગિકમાર્ગે જેનો સર્વથા

નિષેધ કરેલ છે, તે જ યંત્રમે દેવાધિદેવના પૂજન મહોત્સવાદિના વિશિષ્ટકોટીના પ્રસંગોમાં જ દેવાધિદેવની છાતિ ઉપર ખડકીએ છીએ, આ કેવું અભદ્ર અને અવિહિત આચરણ ! એક બાજુ તો આપણે વાત વાતમાં " જિનાજ્ઞા " અને " શાસ્રાજ્ઞા " ની સુફીયાણી ગુલબાંગો પોકારતાં હોઈએ અને બીજી બાજુ " જિનાજ્ઞા " ની ઠેકડી ઉડે તેવું આપણું અવિહિત અને અભદ્ર આચરણ હોવા છતાં, તેમાં વિચાર સરખોએ આવતો નથી. આપણી મનગમતી વાતો સાથે " જિનાજ્ઞા " સહજરૂપે સંકળાયેલ હોય, ત્યાં સુધી જ આપણે " જિનાજ્ઞા " અને " શાસ્રાજ્ઞા " ની સુફીયાણી વાતો કરવી ગમે છે, પરન્તુ આપણા અભદ્ર આચરણ માટે કોઈક પુણ્યવન્ત એકાન્તે હિતબુદ્ધિથી સૂચન કરે, તો આપણું મન અને મુખ બન્ને સવાપાશેર એરંડીયાનું તેલ પીધાં જેવા થઈ જાય. આ તે આપણું કઈ કોટીનું " જિનાજ્ઞા " કે " શાસ્રાજ્ઞા " પ્રત્યેનું બહુમાન એ જ સમજાતું નથી.

## અનન્તાનન્ત પરમતારક પંચપરમેષ્ઠિ ભગવન્તોનો આદર કે અનાદર. ?

શ્રી સિદ્ધચક્ર, વિંશતિસ્થાનક, નમિઊણ પૂજનાદિના પ્રસંગે આલેખાતા મંડલોમાં ભૂમિ ઉપર આલેખીને તેના ઉપર " શ્રી અરિહંતાદિ " તારકપદોને સ્થાપિત કરી પૂજન કરાવે છે ત્યારે વિધિકાર બાજોઠ પાટલા ઉપર ગાદી રાખી તેના ઉપર બેસી પૂજન વિધિ કરાવે અને પૂજન કરનાર પાટલા ઉપર બેસી પૂજન કરે તે અનન્તાનન્ત પરમતારક

પંચપરમેષ્ઠિ ભગવન્તોનો વિનય અને આદર, કે અવિનય અને અનાદર ? એનો વિધિકારો ખુલાસો કરે. સર્વ પ્રથમ તો પરમતારક પદોનાં મંડળનું ભૂમિ ઉપર આલેખન કરી તારકપદોનું સ્થાપન કરવું એ જ મહાઅનાદર અને પરમ અવિનય છે. એ અંગે વિધિકારો વિચાર કરીને અવિનય અને અનાદરના મહાપાપથી બચશે ખરા ને ?

ચાલુ પૂજનમાં અર્થ અને વિવેચન કરવું એ પણ પરમાત્માનો અવિનય આશાતના છે. પૂજન સમયે પરમાત્માની સાથે અખંડ પ્રણિધાન રહેવું જોઈએ, તે અર્થ અને વિવેચન કરતાં વિવેચક અને શ્રોતા બન્નેનું પ્રણિધાન ખંડિત થાય છે.

પૂજા ભણાવનારા દુહાને પણ આધુનિક સિનેમાના રાગમાં અથવા અન્ય સ્તવન પદોની બે ત્રણ ગાથા ગવરાવી પછી એ ગાથાઓના રાગમાં જ દુહા ગવરાવે છે, તે પણ ઉચિત નથી. જે મહાપુરૂષો અનેક પૂજાઓની રચના કરી શકયા, તેમને શું દુહાને પૂજાની ઢાળની જેમ રચના કરતાં ન હતું આવડતું ?, જે દુહાની રચના કરી ?. દુહા એ તો જે પૂજામાં જે અધિકાર આવવાનો હોય, તેની ટૂંકી પ્રસ્તાવનારૂપે છે, માટે દુહાને દુહારૂપે જ ગાવાનો આગ્રહ રાખો, જેથી રચયિતા મહર્ષિઓનો આશય સચવાય.

## કંબળ ઓઢવાનો ઉદ્દેશ

કંબળ ઓઢવાનો ઉદ્દેશ તો તમસ્કાયના જીવો અને અગ્નિકાયના જીવોની રક્ષાનો છે, નહિ કે શરીર વિભૂષાનો.

જીવરક્ષાનો ઉદ્દેશ સમ્પૂર્ણપણે આર્ણિક (ઊનનું) કંબળ ઓઢવાથી જ જીવરક્ષાનો ઉદ્દેશ સંપૂર્ણપણે સચવાય છે. કંબળ એ રીતે ઓઢવું કે મસ્તકના આગળના ભાગના વાળથી કંબળ ચાર આંગળ આગળ રહે એ રીતે ઓઢવાથી મુખ નાસિકા આદિ ઉપર તમસ્કાયાદિના જીવો ન પડે, તેથી જીવ વિરાધના ન થાય. એ જ રીતે હસ્તાદિ તેમ જ અંગ પણ સમ્પૂર્ણ આચ્છાદિત (ઢંકાયેલું) રહેવું જોઈએ. વિના કારણે કાળાદિ સમયે બહાર ન જવું. સકારણ બહાર જવું પડે, તેમ જ સ્થંડિલ માત્રુ આદિનો પારિષ્ઠાપનિકાવિધિ કરવો પડે, તો મનમાં એમ વિચારવું, કે હું ગમનાગમન સ્થિતિ કે મલોત્સર્ગાદિનો પારિષ્ઠાપનિકાવિધિ તમસ્કાયાદિના જીવો ઉપર નથી કરતો, પરન્તુ ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય ઉપર કરૂં છું. એ રીતની ભાવનાપૂર્વક ગમનાગમન અને પારિષ્ઠાપનિકાદિ કરવાથી આપણા જીવરક્ષાના પરિણામ ઘવાતા નથી. એથી ફલિતાર્થ એ થયું કે, કાળવેળાએ અનાવરિત (ખુલ્લા) આકાશમાં હાથ પગ આદિ ન ધોવા, કારણ કે તેમ કરવાથી માર્ગ ઉપર પડેલ તમસ્કાયના જીવોની વિરાધના અને ભૂમિ ઉપર ઢોળાયેલ પાણીમાં કાળવેળા સુધી તમસ્કાયના જીવો પડતાં જ રહે, તેની વિરાધના અને ઢોળાયેલ પાણી સચિત્ત થવાથી અસંખ્ય જીવોની ઉત્પત્તિ વિરાધના નિરન્તર ચાલુ રહે, જ્યાં સુધી સમ્પૂર્ણ ન સુકાય ત્યાં સુધી આ વિરાધના ચાલુ જ રહે.

કાળવેળાએ ઓઢેલ કંબળ તૂર્ત જ ન સમેટતાં, તમસ્કાયવાળો ભાગ દોરી અથવા ખૂંટી ઉપર પ્રસારિત કરી બે

ઘડી કંબળ એ જ સ્થિતિએ રહેવા દેવું. એ રીતે પૂર્ણ ઉપયોગશીલ રહેવું. સ્વ અને પર બન્ને માટે એકાન્તે હિતાવહ છે.

કાળ વેળાએ સ્થંડિલ માત્રુ જતાં તર્પણી કંબળથી ઢાંકીને લઇ જવી, જેથી તર્પણી અને તર્પણી ઢાંકેલ પાત્ર (કાચલી) ઉપર તમસ્કાયનાં જીવો ન પડે. કાળવેળાએ માત્રુ જતાં પાણી ઢાંકીને લઈ જવું. ઉઘાડું લઇ જવાથી તમસ્કાયના અસંખ્ય જીવોની વિરાધનાનું પાપ, અને એ જ ભીના પાત્રથી ચૂના આદિનું પાણી લેવામાં આવે, તો ચૂનાદિનું બધું પાણી સચિત્ત થાય અને એ જળનો ઉપયોગ કરનાર પ્રત્યેકને અપ્‌કાયના અસંખ્ય જીવોની હિંસાનું પાપ અનાભોગે લાગે છે.

માત્રુ આદિના ઉપયોગમાં લેતાં પહેલાં પૂંજણી અથવા વસ્ત્રાદિથી કુંડી પ્રમાર્જન કરી માત્રુ આદિ કરી "અણુજાણહ જસ્સુગ્ગહો" કહી માત્રુ આદિનો પારિષ્ઠાપનિકાવિધિ કરી "વોસિરે વોસિરે વોસિરે" કહી કુંડી વસ્ત્રાદિથી લૂંછી શુકી કરી, ભૂમિનું પ્રમાર્જન કરી પછી કુંડી સ્થાન ઉપર મૂકવી. ભૂમિનું પ્રમાર્જન કર્યા વિના મૂકે, તો ત્રસ જીવની વિરાધનાનો સંભવ, અને સુકી કર્યા વિના એમને એમ ઉંધી વાળી મૂકી અને બે ઘડીમાં ન શુકાય, તેમ જ નીતરેલું માત્રુ જ્યાં સુધી ન શુકાય, ત્યાં સુધી અસંખ્ય અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોની હિંસાનું પાપ ચાલુ થઈ જાય, માટે ઉપર્યુક્ત પ્રત્યેક વિહિત આચરણા (અનુષ્ઠાનો) માં પૂર્ણ ઉપયોગશીલ રહેવું સ્વપર બન્ને માટે એકાન્તે પરમ હિતાવહ છે.

પૂર્વકાલીન મુનિવરો મુખ્યવૃત્તિએ "એક ભત્તં ચ ભોયણં" કરતા હતા. તે સમયે સૂર્યોદયથી કિંચિત્ ન્યૂન એક પ્રહર થવા આવે, ત્યારે 'ખમાસમણ" દેઇ "ઇરિયાવહિયં" પ્રતિક્રમિને "પોરિસિ" ભણાવીને પાત્રા, તર્પણી, ઘડા, પાણી ઠારવાનાં ત્રાંસ, કથરોટ, પરાત આદિનું પડિલેહણ કરાતું હતું. પરન્તુ આધુનિક સંયોગો અનુસાર નવકારસી પચ્ચક્ખાણ વાપરવાનું થયું એટલે નવકારસી સમયે "ઇરિયાવહિયં" પ્રતિક્રમિને પચ્ચક્ખાણ પારી પાત્રાદિનું પડિલેહણ કરવામાં આવે છે. નવકારસી કર્યા પછી ચાર પાંચ વાર જળથી પાત્રાદિ શુદ્ધ કરી બે લુહણાંથી લુંછી સુક્કા કરી શુદ્ધ વસ્ત્રમાં લપેટી ભૂમિનું પ્રમાર્જન કરી ઓર્ણિકવસ્ત્ર ઉપર પાત્રા તર્પણી આદિ મૂકવાં. વાપરીને મુખશુદ્ધિ કરીને "મુટ્ઠિસહિઅં" નું પચ્ચક્ખાણ અવશ્ય કરવું. પછી

"ઈરિયાવહિયં" પ્રતિક્રમિને ચૈત્યવંદન કરવું. "પોરિસિ" ભણાવવાનો સમય થાય, ત્યારે "ઇરિયાવહિયં" પ્રતિક્રમિને પોરિસિ ભણાવવી. ચૈત્યવંદન કરવાનું બાકી હોય, તો ચૈત્યવંદન કરી ઝોળી પલ્લા, લોહણા પાત્રા તર્પણી ઘડા આદિ પૂર્વોક્ત સર્વવસ્તુનું પડિલેહણ કરી પાત્રાદિ શુદ્ધવસ્ત્રમાં લપેટીને મૂકવા. ગોચરી સમયે પાત્રાદિનો ઉપયોગ કર્યા પછી લૂંછી શુદ્ધ કરી, વસ્ત્રમાં લપેટીને મૂકવા. સાંજે પાત્રવાગે ગોચરી ન વાપરવી હોય, તો બપોરનાં પડિલેહણ સમયે ઝોળી પલ્લા લોહણા પાત્રાદિનું પડિલેહણ કરી પાત્રા બાંધવાં. શેષકાળમાં હોય, તો ગુચ્છા બાંધવાં. સાંજે ગોચરી

કરવી હોય. તો ગોચરી કર્યા પછી "ઇરિયાવહિયં" પ્રતિક્રમિને પાત્રા તર્પણી આદિ બાંધવા.

પાણી લાવ્યા પછી તૂર્ત જ દોરા કાઢી ઘડા સુકાય તેવા સ્થાને મૂકવા. સાંજે ઘડાનું ઉપયોગપૂર્વક પડિલેહણ કરી શુદ્ધ વસ્ત્રથી ઘડાનું મુખ બાંધવું જેથી ત્રસાદિ જીવ વિરાધનાનો દોષ ન લાગે.

## વસતિ ગમનાગમન અને પૂજ્યપાદશ્રીનો વિનય

સાધુ સાધ્વીજી મહારાજને સ્થંડિલ, માત્રુ, ગોચરી, જિનમંદિર કે અન્ય કોઇ પણ પ્રસંગે વસતિ (ઉપાશ્રય) બહાર જવાનું થાય, અથવા વસતિમાં પુનરાગમન થાય ત્યારે, પૂજ્યપાદ ગુર્વાદિ જે વડીલ હોય, તેઓશ્રીને "મત્થએણ વંદામિ" કહી અનુજ્ઞા મેળવવી. એ રીતે વિધિ માર્ગનું પાલન ન થાય, તો પૂજ્યપાદ ગુર્વાદિ પૂજ્યોનો અવિનય થયો ગણાય.

## તર્પણીનો ઉપયોગ કરે

સ્થંડિલ માત્રુ આદિ જતાં તર્પણીનાં સ્થાને જળ માટે પ્લાસ્ટિકના લોટા, બરણી આદિનો ઉપયોગ કરાતો હોય, તો તે વિહિત નથી. તેમ જ અક્ષરાદિ હોય, તો જ્ઞાનાવરણીયકર્મનો બંધ થાય. માટે તર્પણીનો જ ઉપયોગ કરવા ઉપયોગશીલ રહેવું.

## વાણીનાં અવિવેકથી બચો.

પૂજ્યપાદ આચાર્ય મહારાજ સાહેબજીને સૂરીશ્વરજી મહારાજ સાહેબ અને મુનિવરાદિને પૂજ્ય મુનિવરશ્રી પૂર્વક નામની સાથે "જી" સહિત સંબોધવાનો વ્યવહાર હતો. તેના સ્થાને આજે માત્ર નામોચ્ચારથી જ સંબોધવાનો અભદ્ર વ્યવહાર શ્રાવક-શ્રાવિકા સંઘમાં સહજ બન્યો છે. જેમ કે "કૈલાસસાગર, અરુણોદયસાગર" આદિ. આવા અભદ્ર વાણી વ્યવહારમાં અજાણ્યા માટે એ જ કળવું દુષ્કર છે કે, એમાં પૂજ્યપાદ આચાર્ય મહારાજ સાહેબ કોણ? અને મુનિવર કોણ?

સર્વ પ્રથમ તો પૂજ્યપાદ શ્રી આચાર્ય મહારાજાદિ જેવા પૂજ્ય પુરુષો માટે શક્ય પ્રયાસે "નામોચ્ચાર" પૂર્વક સંબોધવાદિનો અભદ્ર વાણી વ્યવહાર ન કરવો. સંયોગવશાત્ નામોચ્ચારપૂર્વકનો વ્યવહાર કરવો જ પડે, તો પૂજ્યપાદ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂજ્ય મુનિવર શ્રી અરુણોદયસાગરજી મહારાજ એ રીતની સુભદ્ર વાણીથી વ્યવહાર કરવો. જેથી પૂજ્યપાદશ્રી આદિની આશાતનાનો દોષ ન લાગે.

અમે સાધુ સાધ્વીજી મહારાજ "પૂજ્યપાદ" અથવા "જી" ની અપેક્ષા કે અભિલાષા રાખીયે તો એટલા અંશે અમારી સાધુતા મલીન અને અમારી તુચ્છતા ગણાય. પરન્તુ શ્રાવક-શ્રાવિકા સંઘને અનાભોગે પણ અવિવેક પૂર્ણ અભદ્ર

વાણી વ્યવહારથી આશાતના આદિનો દોષ ન લાગે, એ શુભ આશયથી આ નિરૂપણ કર્યું છે.

## માતાપિતાની પ્રાથમિક ભૂમિકાની કિંચિત્ સમીક્ષા

જિનધર્મવિનિર્મુક્તો મા ભુવં ચક્રવર્ત્યપિ ।
સ્યાં ચેટોઽપિ દરિદ્રોઽપિ જિનધર્માધિવાસિતઃ ॥

જૈનેન્દ્રધર્મના સુસંસ્કારથી રહિત એવો ચક્રવર્તી ન થાઉં. ભલે દાસ થાઉં, દરિદ્ર થાઉં, તો પણ મારો જન્મ અનન્તમહાતારક શ્રી જિનશાસનમાં જૈનેન્દ્રધર્મનાં સુસંસ્કાર પુષ્પની મઘમઘતી સુવાસથી પરમસુવાસિત એવા શ્રાવકકુળમાં થાઓ.

પરમસુવાસિત શ્રાવકકુળમાં જ મારો જન્મ થાઓ એવું સમ્યગ્દૃષ્ટિદેવો શા માટે ઇચ્છે છે ? એ પ્રશ્નનો પ્રત્યુત્તર માતાપિતા તરફથી મળે ખરો ?, તો ના.

માતાપિતા બનવાના અધિકારી કોણ ? નિકટના ભવિષ્યમાં બનનાર, અને માતાપિતા બન્યા પછી અલ્પાત્યલ્પ કેટલાં નિયમો પાળવા જોઇએ ? શારીરિક વિકાસની ચિન્તા તો, પ્રત્યેક માતાપિતા રાખે છે, પરન્તુ સન્તાનના માનસિક અને આત્મિક વિકાસ માટે માતાપિતાએ કેટલી ચિન્તા રાખી ? ચિન્તા રાખવાની વાત અને વિકાસ અંગે તલસ્પર્શી સમજ તો કદાચ માતાપિતાને ન હોય, એ તો માની લઇએ, પરન્તુ ઉપર છલ્લી સામાન્ય સમજ પણ ખરી ?. તો એ ના. કારણ કે માતાપિતામાં તદ્વિષયકજ્ઞાનનો અભાવ.

## માતાપિતા બનવાનાં અધિકારી કોણ ?.

અનન્તાનન્ત પરમપુણ્યોદયે પ્રાપ્ત થયેલ મનુષ્યભવ એકમાત્ર જૈનેન્દ્રધર્મની પરમોત્કૃષ્ટ આરાધના કરવા માટે જ છે. એવી સચોટ માન્યતા હોવા છતાં, તથા પ્રકારની આરાધના કરવા આત્મામાં તત્પરતા પ્રકટી ન હોય, આજીવન અખંડ બ્રહ્મચર્ય પાલન કરવા જેટલો મનોનિગ્રહ થયો ન હોય, કૌમાર્યાવસ્થા પર્યન્તના અખંડ બ્રહ્મચારી તેમજ કુલ અને શીલ એટલે આચારથી સમાન, અન્યગોત્રમાં ઉત્પન્ન થયેલ, અને સદાચારના આદર્શને સેવનારા એવા આત્માઓ માતાપિતા બનવાના અધિકારી ગણાય.

જૈનેન્દ્રધર્મના સુસંસ્કારપુષ્પની મઘમઘતી સુવાસથી પરમસુવાસિત એવા શ્રાવકકુળમાં જ મારો જન્મ થાઓ. એવો આગ્રહ કેમ રખાય છે ? તો એટલાં જ માટે કે શ્રાવકકુળમાં જન્મ થાય, તો જ જૈનેન્દ્રધર્મ ઉપર અખંડ શ્રદ્ધા, આરાધના, પ્રભાવના સુલભ બને, અને ઉત્તરોત્તર ચારિત્રધર્મ પરમોચ્ચતમ આરાધના કરી સર્વકર્મનો અભાવ કરી સિદ્ધપરમાત્મા બની શકે એવો અનન્તમહાલાભ શ્રાવક કુળમાં જન્મનારને સુલભ હોવાથી સમ્યગ્દૃષ્ટિદેવો જિનધર્મથી વિમુખ એવું ચક્રવર્ત્તિપણું ન ઇચ્છતાં, એવા ભલે સેવક અને દરિદ્ર બનું તોપણ જિનધર્માધિવાસિત શ્રાવકકુળમાં જન્મ થાય એવું ઇચ્છે છે.

## માતાપિતાની પ્રાથમિક ભૂમિકા.

પુણ્યવન્તોની ઉક્તભાવના સજીવન રહે, સાકાર થઇને

સફળ બને, એ માટે માતાપિતાએ પ્રાથમિકભૂમિકારૂપે નિમ્નલિખિત નિયમો અવશ્ય પાલન કરવાં.

૧ માતાએ સગર્ભા બન્યાની જાણ થાય, ત્યારથી પ્રારંભી આજીવન અખંડ બ્રહ્મચર્ય પાલનની પ્રતિજ્ઞા કરવી. તેટલી તત્પરતા ન હોય, તો અલ્પાત્યલ્પ સગર્ભાવસ્થાથી પ્રારંભી બાળક સ્તનપાન ન છોડે, ત્યાં સુધી તો બ્રહ્મચર્યનું અવશ્ય પાલન કરે.

૨ અનન્તમહાતારક શ્રી જિનશાસન ઉપર પરમ ઉચ્ચતમ બહુમાન પૂર્વક અવિચળ અકાટ્ય શ્રદ્ધા રાખવી.

૩ આજીવન અભક્ષ્ય અનન્તકાયનો ત્યાગ કરવો.

૪ શક્ય પ્રયાસે રાત્રિભોજનનો ત્યાગ, સકારણ રાત્રિભોજન કરવું પડે, તો તેનું પણ ભારોભાર દુઃખ હોવું જોઈએ.

૫ શક્ય પ્રયાસે સદન્તર ઉપશમભાવમાં રહેવું.

૬ માયાવિપણાનો સર્વથા ત્યાગ કરવો.

૭ અસત્ય ન બોલાય તે માટે પૂર્ણ ઉપયોગશીલ રહેવું.

૮ અપશબ્દ, કે અભદ્રવચન કદિ ન બોલવાં.

૯ અસભ્ય કે અભદ્ર આચરણ કદિ ન કરવું.

૧૦ જીવમાત્ર પ્રત્યે આત્મીયતા પૂર્વકનો પરમ કારુણ્ય ભાવ તેમ જ વાત્સલ્યભાવ કેળવવો,

૧૧ વિવેકપૂર્વક પરમૌદાર્યભાવે સબહુમાન સુપાત્રાદિ દાન દેવું.

૧૨ આજે ત્રણ ચાર માસનું બાળક થાય, એટલે સ્તનપાન ત્યાગ કરાવવાનો માર્ગ ચાલ્યો છે. પરન્તુ એવો દ્રોહ ન કરવો.

૧૩ પરમ સબહુમાન ત્રિકાળ જિનેન્દ્રભક્તિ, પૂજા, સેવા આદિ કરવી.

૧૪ સામાયિક, પ્રતિક્રમણ, નમસ્કાર મહામન્ત્રનો જાપ, સ્વાધ્યાયાદિ પ્રતિદિન નિયમિત કરતા રહેવું.

૧૫ અનન્તાનન્ત પરમતારક શ્રી તીર્થંકર પરમાત્માના જીવન ચરિત્રો શ્રી જિનશાસનના મહાપ્રભાવક પૂર્વાચાર્યો, વિશિષ્ટ કોટીના પરમારાધક મહાપુરુષો, તેમ જ અંજનાજી, સીતાજી, મયણાસુંદરીજી, મનોરમાજી, મદનરેખાજી, દમયંતીજી, દ્રૌપદીજી, રેવતી શ્રાવિકાજી, જેવા અનેક મહાસતીઓનાં જીવન ચરિત્રોનું વાંચન પ્રતિદિન કરવું.

૧૬ માનસ મલીન કે ચિત્ત ચોર ન બને, તે માટે અસભ્ય વાણી અને અભદ્ર આચરણથી ભરપૂર એવાં નાટક, સિનેમા, ટી. વી. કાર્યક્રમ, સર્કસાદિ કદિ ન જોવા, તેમ જ મનને દૂષિત કરે તેમા નિમિત્તોથી સદન્તર દૂર રહેવું.

૧૭ આરાધકભાવ સદા સજીવન રહે, તે રીતે મનને સદા ધર્મધ્યાનમાં સ્થિર કરવા પૂર્ણ ઉપયોગશીલ રહેવું.

૧૮ સર્વવિરતિ એ જ જીવનનું અન્તિમ પરમ ધ્યેય એવા પરમાદર્શપૂર્વકનું ઉચ્ચતમ શ્રાવક જીવન જીવવું.

માતા પિતા એવી શંકા કરે છે, કે અમારે શા માટે ઉપર્યુક્ત નિયમ શૃંખલાથી બંધાવું? એ નિયમબદ્ધ ન રહીયે તો, અમારૂં શું લૂંટાઈ જવાનું છે? તમારૂં શું લૂંટાશે એનો નિર્ણય તો માતપિતાએ સ્વયં કરવાનો છે.

માતાપિતાને જોઇએ છે શ્રી રામચંદ્રજી અને મળે છે રાવણ.

માતાપિતાને જોઇએ છે શ્રી ધર્મરાજ અને મળે છે દુર્યોધન.

માતાપિતાને જોઇએ છે શ્રી કૃષ્ણ મહારાજા અને મળે છે કંશ.

માતાપિતાને જોઇએ છે સુદર્શન શેઠ અને મળે છે સત્યકી વિદ્યાધર.

માતાપિતાને જોઈએ છે શ્રી અભયકુમાર અને મળે છે અકુખાઈ શઠોઠ.

માતાપિતાને જોઇએ છે શ્રી હરિશ્ચન્દ્ર અને મળે છે વસુરાજ.

માતાપિતાને જોઇએ છે ધર્મશિરોમણિ અને મળે છે ધૂર્તશિરોમણિ.

માતાપિતાને જોઈએ છે તર્કશિરોમણિ અને મળે છે મૂર્ખશિરોમણિ.

માતાપિતાને જોઈએ છે સંતશિરોમણિ અને મળે છે શઠશિરોમણિ.

માતાપિતાને જોઇએ છે સત્યશિરોમણિ અને મળે છે અસત્ય શિરોમણિ

માતાપિતાને જોઇએ છે સદાચાર શિરોમણિ અને મળે છે દુરાચાર શિરોમણિ.

માતાપિતાને જોઇએ છે મહાસતી શ્રી સીતાજી અને મળે છે શ્યામારાણી.

માતાપિતાને જોઇએ છે શ્રી અંજનાજી અને મળે છે અભયારાણી.

માતાપિતાને જોઇએ છે શ્રી મયણાસુન્દરીજી અને મળે છે રત્નમંજરી.

માતાપિતાને જોઇએ છે શ્રી રેવતીજી શ્રાવિકાજી અને મળે છે કર્કશા કપિલા.

માતપિતાને જોઇએ છે શ્રી સુલોચનાજી અને મળે છે સૂર્યકાન્તા.

માતાપિતાને જોઇએ છે શ્રી દમયંતીજી અને મળે છે પિંગળારાણી

માતાપિતાને જોઇએ છે શ્રી દ્રોપદીજી અને મળે છે ઢુંઢા.

અમારૂં શું લુંટાય તેનો નિર્ણય તો ઉપર્યુક્ત વિગતો ઉપરથી માતાપિતા સ્વયં વિચારી મને જણાવે.

જન્મ્યા પછી પાંચ છ મહિનાના બાળકને સ્તનપાનનો

ત્યાગ કરાવીએ તેમાં દ્રોહ શેનો? માતાપિતાની આજે માટે ભાગે એવી ફરીયાદ હોય છે, કે સાહેબજી! આઠ વર્ષનો હોવા છતાં આજ્ઞા માનતો નથી, પ્રભુજીના દર્શન કરવા જતો નથી, પૂજા સેવા કરતો નથી, રાત્રિભોજન બંધ કરતો નથી, અભક્ષ્ય અનન્તકાય (કન્દમૂળ) ખાય છે. સાહેબજી! બાબાને ખૂબ નિષેધ કરીએ છીએ પણ માનતો નથી. વૃદ્ધાવસ્થામાં અમારી શું સેવા કરશે?.

હું કહું છું માતાપિતાની આજ્ઞા શા માટે માને? કારણ કે બાળકને ભયંકર દ્રોહ કરી સ્તનપાન છોડાવી અન્તરાયકર્મ બાન્ધ્યું. બે અઢી વર્ષ સુધી વાત્સલ્યપૂર્ણ ધર્મભાવના, અને સદ્વિચાર પૂર્વક સ્તનપાન કરાવ્યું હોત, તો એ બાળકમાં માતાપિતાની વાત્સલ્યપૂર્ણ ધર્મભાવનાનું અવતરણ થઈને સ્થિર થાત. માતાપિતા પ્રત્યે વાત્સલ્યભાવ પ્રકટત, માતાપિતાને દેવતુલ્યમાની અક્ષરશઃ હિત શિક્ષા, આજ્ઞાનું પાલન કરત, સેવા ભક્તિ કરત પાપ તો નહિ, પરન્તુ પાપની છાયાના દર્શન પણ દુર્લભ અર્થાત્ પરમોચ્ચતમ ધર્મી જીવન બનત. માતા પ્રતિષ્ઠાન્વિત બનત!

હજી છોકરા સારા કે માતાપિતાને વનવાસ આપતા નથી. હાથ ઉપાડતા નથી. હાથ પકડીને ઘર બહાર કાઢતાં નથી એટલાં જ માતાપિતા ભાગ્યશાળી, બાકી માતાપિતા તો એ જ લાગના છે, કે એથી પણ વિશેષ શિક્ષાપાત્ર છે એમ કહું, તો સર્વથા અસત્યોક્તિ, અતિશયોક્તિ કે અસ્થાને છે, એમ તો કોઈ નહિ જ કહે.

આજથી ૪૬ વર્ષ પહેલાં હું ગૂજરાતી બીજી ચોપડી ભણતો હતો, તેમાં એક પાઠ આવતો હતો. તેમાં એક સત્ય ઘટનાનું તાદૃશ્ય આપ્યું છે, કે માનસિક વિચારો (ભાવના) ની કેટલી અગાધ શક્તિ છે અને ક્ષણાર્ધમાં તેની કેટલી વ્યાપક અસર થાય છે, તેનો અક્ષરશઃ પરિચય આપેલ છે. તે અતિમનનીય હોવાથી માતાપિતાના બોધ માટે તેનો સારાંશ અત્ર આપું છું.

ગ્રીષ્મઋતુના દિવસો છે. મધ્યાહ્ન સમયે તૃષાથી પીડિત એક ઠાકોર સાહેબ અશ્વસ્વાર થઈને એક વાડી પાસે આવે છે. લગભગ વીશેક વિંઘાની વાડી હશે? સ્વાદિષ્ટ મધુરરસથી સભર, તાડની સ્પર્ધા કરે તેવી શેલડીથી ભરચક એ વાડીમાં એક બાઈ કામ કરતી હતી, ઠાકોર સાહેબે કહ્યું બહેન થોડું થંડુ જળ લાવશો? બહેન તૂર્ત જ કળી ગયા કે આ તો આપણા ગામધણી ઠાકોર સાહેબ છે. આ તો ઘર બેઠાં ગંગા આવી. અરે સાક્ષાત્ કલ્પવૃક્ષ સામે પગલે ચાલીને આવ્યા જેવું બન્યું. એમને પાણી તે અપાતું હશે? એમ વિચારીને કાંસાનો પવિત્ર મોટો કટોરો અને દાતરડું લઈને એક શેલડીના સાંઠાને સહેજ ધાર અડાડે છે. પાણીના મોટા ઝરણાની જેમ રસની ધારો વછૂટી તૂર્ત જ કટોરો ભરાઈ ગયો. લ્યો ઠાકોર સાહેબ એમ કહી કટોરો ઠાકોર સાહેબ સમક્ષ ધરે છે. ઠાકોર સાહેબ રસપાન કરી તૃપ્ત થઈ પ્રસન્નતા અનુભવે છે. ઠાકોર સાહેબ પૂછે છે બહેન આ ખેતર કોનું? ઠાકોર સાહેબ! ખેતર તો આપનું જ છે. આપની દયાથી

અમો ખૂબ સુખી છીએ. ઠાકોર સાહેબે બીજો પ્રશ્ન કર્યો, શું વિંઘોટી ભરો છો? સાહેબ! બાર મહિને બસો દોકડા ભરીયે છીએ. ઠાકોર સાહેબ ચોંકે છે. વાર્ષિક બે હજાર રૂપીયા જેટલી આવકવાળા ખેતરના માત્ર બે જ રૂપીયા? વિંઘોટી વધારવી જોઇએ. એમ વિચારતાં બીજો એક કટોરો રસ લાવવા બહેનને જણાવે છે. બાઈ આનન્દવિભોર બની હોંશે હોંશે રસ લેવા જાય છે. દાતરડાની ધાર અડાડે છે. રસ આવતો નથી. ધાર સહેજ વિશેષ કાપ મૂકે છે, તો પણ નિષ્ફળતા અને નિરાશા. આખરે દશબાર સાંઠા કાપે છે, તો યે રસનું એક બિન્દુ ટપકતું નથી. બાઈ રુદન કરતાં નિવેદન કરે છે કે, ઠાકોર સાહેબ આજે તો મારા ઘર આંગણે સુરતરુ ફળ્યો, સોનાનો સૂરજ ઉગ્યો એમ કહું તો એ ખોટું નથી, પણ મારા જેવી અભાગણના ભાગ્યમાં આ બધું હોય જ શેનું? મારું ભાગ્ય પુરેપુરું રુઠયું લાગે છે. રસનું એક બિન્દુ ટપકતું નથી. ઠાકોર સાહેબ સમજી ગયા, કે વિંઘોટી વધારવાના મારા માનસિક પાપે જ આમ બન્યું છે. ઠાકોર સાહેબ અશ્વથી નીચે ઉતરી બાઈના ચરણોમાં પડી પગ પકડી કહે છે. માતાજી! વિંઘોટી વધારવાના મારા માનસિક પાપે જ આમ બન્યુ છે. શેરડીનો રસ સુકવી નાંખ્યો તેનાં પ્રાયશ્ચિતરૂપે "યાવચ્ચન્દ્રદિવાકરો" સુધી આ ખેતર તમને અર્પણ કરૂં છું. તમારે હવે વિંઘોટી ભરવાની નથી. માતાજી! હવે એક કટોરો રસ લાવો. બાઈ હોંશે હોંશે શેલડી પાસે જઇને સહેજ જ ધાર અડાડી ત્યાં તો જાણે મેઘધારા વછૂટી તુર્ત જ કટોરો ભરાઈ ગયો. આ

છે. માનસિક શુભાશુભ વિચારોની અસર. શેલડીના ખેતરે દૂર રહેલા ઠાકોર સાહેબની માનસિક ભાવનાની આટલી ઘેરી અસર થાય, તો પછી જે પુત્ર માતાના ઉદરમાં નવ નવ માસ રહે છે તે માતા તથા પિતાના શુભાશુભ વિચારોની અને આચરણની કેટલી ઘેરી અસર થાય, તે તો માતાપિતા સ્વયં વિચારે. "બેટા એટલે બાપની છાપ" લોકોક્તિ પણ એવી પ્રચલિત છે કે "બાપ જેવા બેટા અને વડ જેવા ટેટા" આજના સંતાનોમાં ધાર્મિક સંસ્કારનો અભાવ, અસદાચાર, ઉદ્ધતાઈ, અવિનય, ક્રૂરતા, નિષ્ઠુરતા આદિ અભદ્ર આચરણ જણાતું હોય, તો અપેક્ષાએ માતાપિતાના અસભ્ય અભદ્ર આચરણનું પ્રદર્શન છે. માતાપિતાએ પૂર્વોક્ત સંયમાદિ નિયમોનું યથાર્થ પાલન કરવું જોઈતું હતું, તે કોટીએ સંયમાદિ નિયમોનું પાલન નહિ કર્યું હોય ? તેનાં જ પરિપાક રૂપે આજે માતાપિતાને અન્તસ્તાપ અને ગુરુ મહારાજ પાસે હૈયાવરાળ કાઢવાનો અવસર આવ્યો. સદાચારાદિ નિયમો તથા આર્ય મર્યાદાના પૂર્ણ પાલક મહાસતી શ્રી કૌશલ્યાજી અને શ્રી દશરથ મહારાજા જેવા માતાપિતાને ન આવ્યો.

સુધર્મની શુદ્ધ આરાધના કરતાં સદાચારાદિ નિયમો તેમજ આર્યમર્યાદાના પૂર્ણ પાલક એવા મહાસતી શ્રી કૌશલ્યાજી તથા શ્રી દશરથ મહારાજા જેવા અગણિત માતાપિતાને હૈયાવરાળ કાઢવાનો કપરો અવસર ન આવ્યો "અસ્તુ" "શિવમસ્તુ સર્વજગતઃ"

"ઇતિ માતાપિતાની પ્રાથમિક ભૂમિકાની કિંચિત્ સમીક્ષા"

# પરમ પુણ્યવન્ત ભાવિસન્તાનના બનનાર માતાપિતાએ પાલન કરવા યોગ્ય આવશ્યક નિયમો

૧ કોઈક પરમ પુણ્યવન્ત આત્મા મારા ગર્ભમાં આવ્યો છે, અર્થાત્ હું સગર્ભા બની છું એવી જાણ જે સમયે માતાને થાય, તે જ સમયે માતા પતિદેવને સબહુમાન પરમ વિનમ્ર ભાવે વિનતિ કરે કે, હે સ્વામિનાથ, કોઈક પરમ પુણ્યવન્ત આત્માની આપણા ઘરે નિકટના ભવિષ્યમાં એટલે નવેક માસ બાદ પધરામણી થશે. પરંપરાએ એ આત્માનો ભાવિ અનન્તકાળ પરમ ઉજ્જવળ બને, પરમ યશસ્વી બને. સદાચારાદિ સુસંસ્કારની મઘમઘતી પરમ સુવાસથી સમગ્ર વિશ્વ પરમ સુવાસિત બને, તે માટે અલ્પાત્યલ્પ આજથી પ્રારંભીને બાળક જન્મીને સ્વયં સ્તનપાન ન છોડે ત્યાં સુધી આપણે બન્ને જણાં કાયાથી અણિશુદ્ધ અખંડ બ્રહ્મચર્ય પાલન કરવાની પરમ પૂજ્યપાદ ગુરુમહારાજના શ્રીમુખે પ્રતિજ્ઞા અંગીકાર કરીએ.

૨ માતા પિતા બનનારે તો આજીવન નાટક સિનેમા આદિ ન જોવાની ગુરુ મહારાજ પાસે પ્રતિજ્ઞા કરવી.

૩ માતા પિતાએ નિરન્તર ધર્મ ભાવનાથી ઓતપ્રોત રહેવું.

૪ ભાવિબાળક વિશ્વની આધારશિલા અને પરમ આશીર્વાદરૂપ બને તે માટે માતાપિતાએ અનન્તાનન્ત પરમતારક પરમાત્માની પૂજા સેવા ભક્તિથી સ્વજીવનને પરમ પ્રભાવિત કરવું. અર્થાત્ દેવાધિદેવની ભક્તિમાં સદા તરબોળ રહેવું.

૫ તન મન અને ધનથી બાળક પરમ ઉદાર દયાળુ અને પરમ મહાદાનેશ્વરી બને, તે માટે માતાપિતાએ પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજાઓને પરમ ઉત્કટભાવે સુપાત્રદાન, હર્ષિત હૈયે સાધર્મિકવાત્સલ્ય, અને અનુકમ્પ્ય પાત્રને પરમ કારુણ્યભાવે અનુકંપાદાન દેવું અને બાળક જન્મ્યા પછી વર્ષ સવા વર્ષનું થાય એટલે બાળકના હાથે દાન દેવરાવવું.

૬ પરમ શ્રદ્ધાપૂર્વક શ્રી નમસ્કાર મહામન્ત્રનો જાપ કરતાં રહેવું.

૭ કાંદા, બટાટા, રીંગણા, ટામેટા આદિ અભક્ષ્ય અનન્તકાયનો સર્વથા ત્યાગની પ્રતિજ્ઞા કરવી.

૮ અત્યુષ્ણ, અતિશીત, અતિરુક્ષ, અતિસ્નિગ્ધ, અત્યામ્લ અતિતિકત, અતિકટુ, અતિક્ષારયુકત તેમ જ તળેલાં ભોજનોનો ત્યાગ કરવો.

૯ શરીર હોવાથી આહાર તો કરવો પડે, પરન્તુ આહાર એવો પરમ સાત્વિક અને અનાસકતભાવે કરવો કે, બાળક પરમસત્ત્વશીલ અને પરમ અનાસકત યોગી બને.

૧૦ બાળક મહાબુદ્ધિશાળી, પરમચતુર, મહાસજ્જન અને સન્તશિરોમણિ બને, એ માટે અનન્તાનન્ત પરમતારક શ્રી તીર્થંકર પરમાત્માના જીવનચરિત્રો, શ્રી જિનશાસનના પરમ પ્રભાવક પુણ્યવન્ત તારક પુરુષોનાં જીવન ચરિત્રો, તેમ જ મહાસતીઓનાં જીવનચરિત્રોનું એકાગ્ર ચિત્તે વાંચન કરવું.

વિકૃત અશ્લીલ કે ધર્મશ્રદ્ધા અને ધર્મસંસ્કારથી ભ્રષ્ટ કરે તેવાં સાહિત્ય ઉપર દૃષ્ટિપાત પણ ન કરવો.

૧૦ મહદંશે આધુનિક માતાપિતાઓનાં હૈયામાં એક મહાભયંકર અક્ષન્તવ્ય ઉંધી માન્યતારૂપ લાવારસ વહી રહ્યો છે, કે બાળકને અધિક કાળસુધી સ્તનપાન કરાવવાથી પયોધર એટલે ઉરઃપ્રદેશની સુઘડતા અને સુડોળતા બગડી જાય. અને એનાં કારણે ત્રણચાર માસના બાળકને સ્તનપાનનો ત્યાગ કરાવી, અકલ્પ્ય અને અભક્ષ્ય એવું, પશુનું દૂધ બાટલીમાં ભરીને બાળકનાં મુખમાં મૂકે છે.

હું પ્રશ્ન કરૂં છું કે માંસગ્રન્થીમાંથી કોના આધારે પયોધરોમાં દૂધ પરિણમન થયું ? આધુનિક માતા પિતા પાસે કોઈ ઉત્તર નથી. મહાપુરુષો કહે છે, કે બાળક પ્રત્યેના પરમવાત્સલ્યભાવના આધારે માંસગ્રન્થી દૂધરૂપે પરિણમે છે. જેનાં પુણ્યપ્રભાવે માંસ દૂધ બન્યું તેની સાથે આવો મહાભયંકર દ્રોહ કરો, પછી એ બાળક યોગ્ય અવસ્થાને પામ્યા પછી માતાપિતાનો મહાભયંકરદ્રોહ ન કરે, તો બીજુ શું કરે ?

લાતો મારનાર ગાય ભેંસનું દૂધ પીધું હશે ? તો બાળક મોટો થશે એટલે માતાપિતાને લાતો મારશે, અને શીંગડાથી ભેટ મારનાર મારકણી ગાયભેંસનું દૂધ પીધું હશે ? તો બાળક મોટો થઈને તમને અનેક રીતે શીંગડા મારવા જેવાં ધંધા કરવાનો. એ ઉપરથી આજ્ઞા પાલન કરાવવાની, અને સેવા કરાવવાની અપેક્ષા રાખનાર માતા

પિતા કંઈક ધડો લેશે ખરા? કે પછી પશુની જેમ બેફામ રીતે વર્તે જશે. એટલું લખાણ પર્યાપ્ત સમજીને વિરમું છું.

—કલ્યાણસાગર

## થોભો વાંચો અને વિચારો

નહિ જોયેલાં, નહિ સાંભળેલાં, નહિ અનુભવેલા, અને નહિ કલ્પેલા એવાં અનેક અસાધ્ય મહારોગો આજે વર્ષાઋતુનાં સમુર્ચ્છિમ અળસીયાની જેમ ફૂટી નીકળ્યાં છે. એટલું જ નહિ પરન્તુ દિન પ્રતિદિન તેમાં વધારો થતો જાય છે. એ મહારોગોનાં પ્રતિકાર માટે આધુનિક અદ્યતન ઢબે દિન પ્રતિદિન અનેક પ્રકારે શસ્ત્રક્રિયાનાં અખતરા-પ્રયોગો અને અવનવા ઔષધોનું સંશોધન અવિરતગતિએ થઈ રહ્યું છે. તથાપિ કેન્સર જેવાં કેઇક અસાધ્ય મહારોગો અણઉકલ્યા જ રહ્યાં છે. એ મહારોગોનું જડમૂળથી સર્વથા ઉન્મૂલ કે પ્રતિકાર કરવામાં શસ્ત્રક્રિયા કે ઔષધો સંપૂર્ણ સફળતા પામી શક્યા નથી.

મહારોગોનો પ્રતિકાર કે ઉન્મૂલન કરવામાં આપણે સહુ ચિન્તિત અને પ્રયત્નશીલ છીએ. પરન્તુ એ મહારોગોનું મૂળ શું છે? એ રોગોનો પ્રાદુર્ભાવ કેમ થયો? એ રોગો અસાધ્ય કેમ બન્યા? એ માટે મહદંશે આપણે કદાપિ વિચાર જ કરતાં નથી. રોગોનો પ્રતિકાર કે ઉન્મૂલન કરવા માટે આપણે જેટલાં ચિન્તિત અને પ્રયત્નશીલ છીએ, તેનાં શતાંશે આપણે રોગોત્પત્તિનું મૂળ શોધવામાં ચિન્તિત અને

પ્રયત્નશીલ બનીયે, તો મને દૃઢ આત્મવિશ્વાસ છે, કે રોગોનું મૂળ શોધવું અશક્ય તો નથી જ બલ્કે સુશક્ય બની શકે.

## રોગોત્પત્તિનું મૂળ

હોટેલ, લોજ તેમ જ બજારૂ અભક્ષ્ય, અપેય ખાન પાનાદિ અસાધ્ય મહારોગોત્પત્તિમાં મુખ્ય કારણ છે. તેમાં પણ મહાક્રૂર રૌદ્ર માનસ ધરાવતા મહાવ્યભિચારિ દુરાચારિ તેમ જ અનેક અસાધ્ય મહારોગોથી પીડાતાં એવાં પાપાત્માઓએ જે થાળી, વાડકાં, કપ, રકાબી, પાલા, પવાલા, ગ્લાસ આદિ ભાજનમાં ભોજનાદિ કર્યું હોય, અને તે જ એંઠા ભાજનો (પાત્રો) માં આપણે ભોજનાદિ કરતાં હોઇએ, તો આપણી કેટલી મહામૂર્ખતા કે આઠનાં ધનનો અનેક ગુણો મહાભયંકર દુર્વ્યય કરી હાંશે હોંશે આપણે આપણી નિરોગી કાયામાં મહાઅનિષ્ટ ચેપી અશુભ પુદ્ગળોને પ્રવેશ કરાવીને આપણી નિષ્પાપ નિરોગી કાયામે અભડાવી–ભ્રષ્ટ કરી અનેક મહાપાપો અને અસાધ્યરોગોની ખાણ બનાવીએ છીએ. જેનાં ફળ સ્વરૂપે આપણાં તન અને મન બન્ને બગડે છે.

એ મહાઅનિષ્ટ ચેપી અશુભ પુદ્ગળોને કાયપ્રવેશ મળ્યા પછી એ અશુભ પુદ્ગળો કેટલું અકલ્પ્ય સીમાતીત મહાઅનિષ્ટ તાંડવનૃત્ય સર્જીને તેની પરંપરા ચલાવે છે, તે તો જ્યારે શ્રી અનન્તાનન્ત મહાજ્ઞાનિ ભગવન્તોએ જણાવેલ અતિમાર્મિક વિગતોનું અવલોકન કરી પરસ્પર લાભ હાનિની સમીક્ષા કરવાથી જણાશે.

અનન્તાનન્ત મહાજ્ઞાનિ ભગવન્તોએ એમનાં અનન્તાનન્ત મહાજ્ઞાનમાં એટલી હદ સુધી જાણ્યું દેખ્યું છે, કે જે સ્થળે માતા બહેનો બેઠાં હોય, તે સ્થળ ઉપર બે ઘડી સુધી બ્રહ્મચારી સાધુ પુરૂષે ન બેસવું, અને જે સ્થળ ઉપર પુરુષો બેઠાં હોય, તે સ્થળ ઉપર એક પ્રહર સુધી બ્રહ્મચારિણી સાધ્વીજી મહારાજે ન બેસવું. એવા સ્થળે બેસવાથી કોઈક સમયે વૈકારિકભાવની જાગૃતિ થવા સંભાવના. હવે વિચારો કે જે ભૂમિ ઉપર સ્ત્રી પુરૂષના પથરાયેલ અદૃશ્ય પુદ્ગળો પણ આટલી હદ સુધીની માઠી અસર કરી, માનસિક પરિસ્થિતિ બગાડી ડામાડોળ અને વિકૃત કરી નાંખે, તો પછી મહાઅનર્થકારી ચેપી દૃશ્ય અશુભ પુદ્ગળોથી કયો મહાઅનર્થ ન સર્જાય ? અર્થાત્ સમગ્ર મહાઅનર્થોની પરંપરા સાહજિક સર્જાય જાય.

આજે મહાઅનર્થોની પરંપરાનો અવિરત પ્રવાહ કેવી અસ્ખલિત ગતિએ વહી રહ્યો છે, તેની વાસ્તવિકતાનું ભાન કરવું હોય, તો આજથી ત્રીશ વર્ષ પૂર્વનાં આર્યમર્યાદાનાં ઇતિહાસનું અવલોકન કરવું પરમાવશ્યક છે.

આજે મને દીક્ષા અંગીકાર કર્યાને ત્રીશમાં વર્ષનો પ્રારંભ થયો. એટલે વિક્રમ સંવત ૨૦૦૫ નાં વૈશાખ શુદિ ૬ બુધવાર સુધી ઘરમાં સહજરૂપે પાલન થતી મર્યાદા મેં જોયેલ કે, ૧૨-૧૩ વર્ષની નાની બહેનનું મસ્તક ઘરમાં પણ સદા સાડી કે ઓઢણીથી ઢંકાયેલું જ રહેતું. આવશ્યક કારણ વિના બહાર જવાનું કે, પુરૂષોની બેઠકવાળા પેઢી

વિભાગમાં પ્રવેશ કરવો ૧૨–૧૩ વર્ષની બહેનો માટે પણ શક્ય ન હતું. આચાર અને વ્યવહારશુદ્ધિ માટેની તમામ આર્યમર્યાદાનું માતા બહેનો સહર્ષ પાલન કરીને સ્વપવિત્રતા રક્ષાયામો આનંદ અને ગૌરવ અનુભવતા હતા. સદાકાળ મુખ ઉપર પરમ પ્રસન્નતા જણાતી હતી.

કોઈક પ્રસંગે ઘરકામ કરનાર માણસ કે છોકરાં કોઈ ઘરમાં ન હોય, અને તે જ સમયે પેઢી ઉપર અન્ય કોઇ પુરુષ, મહેમાન કે મિત્ર આવ્યો હોય તેમ માટે પાણી મંગાવવું હોય, તો પેઢી ઉપર ઉપસ્થિત રહેલ વડીલ જાણે છે કે ઘરમાં માણસ કે છોકરા નથી, તો પણ ગમે તે એક છોકરાનું મોટા સાદે નામ દઇને સૂચના આપે છે કે, આગંતુક માટે પાણી લાવો. ઘરમાં રહેલ માતા, બહેનો તુર્ત જ માંજેલા શુદ્ધ લોટા કળશામાં પવિત્ર જળ ભરી ઉપર પવાલું ઢાંકી ૧૦ ૧૨–વર્ષ કે ૩૧–૧૪ વર્ષની નાની બહેન હથેળીમાં કળશ ધારણ કરી દ્વારના ઉંબરા સુધી આવી અંદરથી જ કળશાદિ બહાર એક બાજુ મૂકીને અંદર ઉભા ઉભા જ સૂચના આપે કે પાણીના કળશો મૂકયા છે. ત્યાંથી ઘરના પુરુષો લઇને આગંતુક મહેમાન આદિને આપતા. કદાચ કામકાજમાં પરોવાયેલ માતા બહેનોએ પાણી પહોંચાડવાનું સૂચન ન સાંભળ્યું હોય, એનાં કારણે પાણી આવતાં બે ચાર મિનિટનો વિલંબ થાય, ત્યારે પેઢી ઉપરથી કોઈ એક પુરુષ પાણી લેવા ઘરમાં પ્રવેશ કરતાં પહેલાં ગળાથી ખોંખારાનો સંકેત કરી પછી જ ઘરમાં પ્રવેશ કરતાં, જેથી માતા

બહેનો ઉપયોગપૂર્વક વ્યવસ્થિત બની જાય. આ હતી અમારા આર્યદેશની ૩૦ વર્ષ પૂર્વની આર્ય મર્યાદા. અને આજે તો આ મર્યાદાના મૂળમાં ધગધગતા અગનગોળા કહો, કે નાઈટ્રોજન, હાઇડ્રોજન કે મેગાટન બોમ્બના મહાકાતિલ ગોળાઓ મૂકાયા છે.

હાય ક્યાં ત્રીશ વર્ષ પૂર્વની અમારી આર્યમર્યાદા, અને ક્યાં આજની અમારા દેશની અતિમહામૂલા નારીધનની અમર્યાદિત સ્વચ્છંદ સ્વૈરવિહારિતા.

અતિમહામૂલા પવિત્ર નારીધનને સર્વતોમુખી શતધા વિનિપાત કરવામાં અશુદ્ધ અપવિત્ર અને અભક્ષ્ય ખાન પાને જેટલો મુખ્યભાગ ભજવ્યો છે, તેનાં કરતાંએ અધિકભાગ નિર્લજ્જ અને અભદ્ર રીતે અણુછાજતા અડપલાં પૂર્વક નારીઓનાં અંગ પ્રત્યંગોનાં પ્રદર્શન કરાવતાં સિનેમાનાં મહાભયંકર વૈકારિક દશ્યોએ ભજવ્યો છે.

અનાદિકાલિન વિષય વાસનાના કુસંસ્કારથી ખદબદતા આત્માને આવા બાલિશ દશ્યોનાં નિમિત્ત આપવાથી આત્મા વિષય કષાયની અગનહોળીમાં ભડકે ન બળે તો બીજુ શું થાય ? આપણે એ પ્રત્યક્ષ જોઇ રહ્યા છીએ. તથાપિ મુંગે મોઢે બળતે હૈયે અનિચ્છાએ આપણે ચલાવી લેવું પડે છે.

અસાધ્ય રોગીઓનાં ચેપી પુદ્ગળોથી બહુલતાએ ઘરે ઘરમાં અસાધ્ય રોગોના લાવારસ વમતો જ્વાળામુખી પર્વત ફાટી નીકળ્યો છે.

મહાભયંકર ક્રૂર આત્માઓનાં મહાહિંસક રૌદ્ર પરિણામિ પુદ્ગળોથી માનવજાતમાં મહદંશે હિંસાનું મહાતાંડવનૃત્ય સર્જાયું છે. અને તેથી મહાહત્યાકાંડ સર્જાયો છે.

મહાવ્યભિચારી અને દુરાચારિઓનાં મહાભયંકર વૈકારિક પુદ્ગળોથી સદાચાર પુરૂષ જેવાં માતા પિતાનાં સંતાનોમાં મહાભયંકર વિકાર વડવાનળનો હુતાશ પ્રગટયો છે.

સિનેમાનાં મહાભયંકર વૈકારિક દશ્યોથી આર્યદેશનું સદાચાર યુક્ત પવિત્ર નારીધન નિર્લજ્જ બની અંગ પ્રત્યંગોનું પ્રદર્શન કરતું, રાજપથ આદિ ઉપર નિઃસંકોચ સ્વૈર રીતે વિહરતું, અને મળમૂત્રાદિ મહાઅશુચિ પુદ્ગળમિશ્રિત માર્ગની ધૂળ જેનાં ઉપર વાયુદ્વારા ઉડીને પડી હોય, તેવાં અભક્ષ્ય અને અપેય પદાર્થોનું સેવન ગાંઠના ધનનો દુર્વ્યય કરીને માર્ગ ઉપર ઉભા ઉભા હોંશે હોંશે કરતું થઈ ગયું છે.

અરે ! આપણને કોઈ ભોજન માટે નિમન્ત્રીને આપણા થાળમાં કોઇ ચપટી ધૂળ નાંખે તો, આપણને કેટલું ભયંકર અસહ્ય અપમાન લાગે, તૂર્ત જ થાળી પછાડીને ઉભા થઈ જઈએ પરન્તુ બજારૂ ખાતાં આપણે અપમાન નથી લાગતું આપણી કેટલી શોચનીય અને દયનીય કફોડી સ્થિતિ છે.

આવું અમર્યાદિત અસંયમી જીવન અને મહાઅશુચિમય મલિન પુદ્ગળોનો ઉદર પ્રવેશ થયા પછી આપણી માનસિક સ્થિતિ કેવી ઉકળતા ચરૂ જેવી ખદબદતી રહે, તે તો આપણો સહુનો જાત અનુભવ છે.

બીજું એક અતિમહત્ત્વનું ભંગાણ તો એ પડયું છે, ૨૪ પ્રહર સુધી માસિકનું અખંડ પાલન થતું હતું, તે તો આજે મહદંશે નષ્ટ ભ્રષ્ટ થઇ ગયું એમ કહીએ તો સર્વથા અસત્ય કે અતિશયોક્તિ તો ન જ ગણાય. આજે તો મળ મૂત્રોત્સર્ગનાં ખાળ, મોરી, શૌચાલય (જાજરૂ) એક, સ્નાન ગૃહ એક, એ સ્નાનાગારમાં માસિકવાળાએ સ્નાન કર્યું હોય, અને પછી જે શુદ્ધ હોય, તે પણ એ જ સ્નાનાગારમાં સ્નાન કરીને અનન્તાનન્ત પરમતારક જિનેશ્વરદેવોની પૂજા કરવા જઈએ. પછી એ અનન્તતારકશ્રીનો અચિન્ત્ય મહાપ્રભાવ શી રીતે પવિત્ર રહે ?

માતા બહેનો ખાખરા, પાપડ, વડી, અથાણા કરે, ત્યારે માસિકવાળા કોઈ પણ બહેનને ત્યાં આવવા ન દે, કારણ કે, અથાણા આદિ બગડી સડી જાય, અને ખાખરા, પાપડ, વડી આદિ નિરસ બની જાય. માળીઓ ફૂલવાડીમાં માસિકવાળાને આવવા ન દે. અનુભવી સુજ્ઞ વૈદ્ય ડોક્ટરો અમુક પ્રકારના રોગિઓ પાસે, અને શસ્ત્રક્રિયા કરતી વેળાએ માસિક વાળાને આવવા ન દે.

આપણે ચાર છ આનાના ખાખરા, પાપડ, વડી કે અથાણા બગડી ન જાય માટે આટલાં બધા સજાગ રહીએ છીએ, જ્યારે આત્માને એકાન્તે પરમહિતકર એવી અનન્ત મહાતારક જિનાજ્ઞાનો મહાઘાત થઈ રહ્યો છે, પરમાત્માનો અચિન્ત્ય મહાપ્રભાવ દૂષિત બની રહ્યો છે, તેમ જ અનન્ત

મહાગુણી આત્મા મહામલિન બની રહ્યો છે, તે માટે આપણે અંશમાત્ર આંચકો આવતો નથી.

માસિક આદિ મર્યાદા પાલનના ભંગથી આજે વૈદ્ય, ડોકટરો, શિક્ષક-શિક્ષિકાઓ, હજામો તેમ જ ધોબીઓનાં ઘરોમાંથી કદાપિ સૂતક મટતું નથી.

આજે મહદંશે આપણા સહુનો એક જ આર્ત્તનાદ છે, કે ભગવન્તની પૂજા કરતાં કોઇક સમયે એવા અનિષ્ટ હીન-સ્તરનાં વિચારો આવે છે કે, એવાં હલકા વિચારો ઘરમાં મોટે ભાગે નથી આવતા. એ જ રીતે સામાયિક પ્રતિક્રમણમાં, પૂજા, સેવા, જાપ આદિમાં પણ મન સ્થિર નથી રહેતું. ગમે ત્યાં ભટક્યા જ કરે છે. મનોનિગ્રહ માટે અનેક પ્રયત્નો કરવા છતાં પણ મનોનિગ્રહ કેમ થતો નથી ? ક્યાંથી થાય, મનોનિગ્રહ નિમિત્તે જે નિયમોનું પાલન થવું જોઈએ તેમાનાં કયા નિયમનું આપણે પાલન કરીએ છીએ ? એકે નિયમનું સાંગોપાંગ પાલન કરતા નથી.

એવા માતાપિતાનાં સન્તાનોને ચિન્તામણિ રત્નથી પણ અનન્તગુણું મહામૂલું જિનશાસન શ્રી સિદ્ધગિરિરાજ જેવાં અનેક મહાતીર્થો, હજારો જિનાલયો અને ઉપાશ્રયો આદિનો વારસો ઈચ્છાએ કે અનિચ્છાએ આપવાનો રહ્યો. તેમનાં પાસેથી જિનશાસનની રક્ષા, સેવા, આરાધના અને પ્રભાવ-નાની કઈ અને કેટલી અપેક્ષા રાખવી તે માતાપિતા સ્વયં વિચારે.

આજે અનુપયોગે લોટો કે ગ્લાસ મુખે અડાડીને પાણી પીવાનો નિયમ સહજ બન્યો છે. એ એઠા લોટાને તૂર્ત જ પાણીનાં માટલામાં નાંખીને પાણી ભરીએ છીએ, આવું આજે ઘરે ઘરમાં ધામિક સ્થળોમાં, અને જાહેર સ્થળોમાં સહજ બન્યુ છે. પછી આપણી બુદ્ધિની નિર્મળતા અને પવિત્રતા ક્યાંથી રહે.

અન્તર્મુહૂર્ત્ત પછી એ પાણીમાં અસંખ્ય લાળીઆ બે ઇન્દ્રિય જીવો અને નવપ્રાણવાળા અસંખ્ય સમુચ્છિમ મનુષ્યોની ઉત્પન્ન થવાની અને મરવાની પરંપરા ચાલે. આ છે, અનુપયોગે વર્તેલનું પરિણામ. એના સ્થાને જળપાન કરી શુદ્ધવસ્ત્રથી લોટા ગ્લાસ આદિને સુક્કાં કરી બીજા પવિત્ર ગ્લાસ આદિથી જળ લઈને લોટા આદિમા ભરીને જળપાન પુનઃ વસ્ત્રથી લોટો સુક્કો કરવામાં આવે તોબુદ્ધિની નિર્મળતા, પવિત્રતા સચવાય, ચેપીરોગ અને મહાપાપથી અનાયાસે બચાય.

મારા અત્યલ્પ ક્ષયોપશમ પ્રમાણે મને જે સ્ફૂર્યું તે નિરૂપણ કર્યું છે. તેમાં જાણે અજાણે પણ અનન્તમહાતારક જિનાજ્ઞાથી વિપરીત વિચારાયું હોય, કે લખાયું હોય તો મારા અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામિ પ્રમુખ અનન્તાનન્ત પંચપરમેષ્ઠિ ભગવંતોની સાક્ષીએ ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં દેવા પૂર્વક વિરમું છું.

—કલ્યાણસાગર

## અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવશ્રી સીમન્ધરસ્વામિને નમો નમઃ

## સાંવત્સરિક મહાપર્વ વિષયક કિંચિત સમાલોચના

(૧) અનન્તાનન્ત મહાતારક શ્રી જિનશાસનના મહાપ્રભાવક પ્રૌઢ પ્રતાપી પરમપૂજ્યપાદ આચાર્યદેવ શ્રી કાલિકાચાર્યજી મહારાજ શ્રી સાતવા : શાલિવાહન : મહારાજાએ પરમ વિનમ્રભાવે વિનયપૂર્વક બદ્ધાંજિલિનતમસ્તકે પ્રશ્ન કર્યો કે હે ભગવન્! સાંવત્સરિક પર્વ ક્યારે? પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીએ જણાવ્યું કે ભાદરવા શુદિ પંચમી દિને.

(૨) ભગવન્! તે દિને તો મહેન્દ્ર પૂજા મહોત્સવની ઉજવણી રાજ્ય તરફથી રાખેલ હોવાથી અમો સહુ અર્થાત્ સકલ સંઘ પ્રભુપૂજા, સેવા, ભક્તિ પર્વાધિરાજ મહાપર્વની આરાધનાના અપૂર્વ લાભથી વંચિત રહેશે. માટે હે ભગવન્! ભાદરવા શુદિ ૬ દિને પર્વાધિરાજ મહાપર્વની આરાધના કરાવવાની રાખો તો સકળ શ્રી સંઘ તથા અમે બધા આરાધનાનો લાભ લઈ શકીએ.

(૩) પૂજ્યપાદશ્રીજીએ જણાવ્યું કે ભાદરવા શુદિ ૫ નો દિવસ ઉલ્લંઘન ન થાય. સંયોગોવશાત્ એક દિવસ પહેલાં સાંવત્સરિક મહાપર્વનું આરાધન કરવું હોય તો કરી શકાય. પણ એ દિન (ભાદરવા શુદિ ૫ નો દિવસ) તો ન જ ઉલ્લંઘાય, એ પ્રમાણે સર્વસૂત્ર શિરોમણિ પરમપૂજ્યતમ શ્રી કલ્પસૂત્રજીમાં અનન્તાનન્ત પરમતારક શ્રી જિનેશ્વર દેવોએ

વિધાન કર્યું છે ત્યારે શ્રી સાતવાન મહારાજાએ પરમપૂજ્ય-પાદશ્રીજીને વિજ્ઞપ્તિ કરી કે ભગવન્! તો એક દિવસ પહેલાં પર્વાધિરાજ મહાપર્વનું અર્થાત્ સાંવત્સરિક મહાપર્વનું આરાધન કરાવી દ્યો

(૪) આ પરિસ્થિતિ ઉપસ્થિત થવાથી પરમપૂજ્યપાદ-શ્રીજીએ પૂજ્યતમ શ્રી કલ્પસૂત્રજીની આજ્ઞાનુસાર ભાદરવા શુદિ પાંચમની સાંવત્સરિક મહાપર્વની આરાધના એક દિવસ પહેલાં કરાવી એથી ફલિતાર્થ એ થયેલ કે તે વર્ષે ક્ષય-વૃદ્ધિનો કોઈ પ્રશ્ન જ ન હોવાથી ભાદરવા શુદિ ૪ ને સાંવત્સરિક મહાપર્વની આરાધના થયેલ.

(૫) આજે તપાગચ્છમાં છેલ્લા ૪૦ વર્ષથી સાંવત્સરિક મહાપર્વની આરાધનામાં કોઈ કોઈ વર્ષે વિષમતા જોવાય છે. અનન્ત મહાતારક શ્રી જિનશાસન માન્ય અવિચ્છિન્ન શુદ્ધ પરમ્પરાને અનુસરનાર શ્રી વિજયદેવસૂર તપાગચ્છ જૈન સંઘની આરાધના તો અવિશુદ્ધ અખણ્ડ રીતે થાય જ છે, કારણ કે પરમપૂજ્યપાદશ્રી કાલકસૂરિજી મહારાજે ભાદરવા શુદિ પંચમીના પહેલાં દિવસે સાંવત્સરિક મહાપર્વની આરાધના કરેલ અને સકલ જૈન શ્રી સંઘને કરાવેલ. એજ રીતે ભાદરવા શુદિ પંચમીના વચ્ચે એક પણ દિવસના અન્તર વિના સાંવત્સરિક મહાપર્વની આરાધના કરનાર શ્રી વિજયદેવસૂર તપાગચ્છ જૈન શ્રી સંઘે તો પૂજ્યપાદશ્રીજીના સિદ્ધાન્તને અખણ્ડ ટકાવી શકેલ છે. એ પંચમી માનનારના મતે સાંવત્સરિક પ્રતિક્રમણ અને આરાધ્ય પંચમી વચ્ચે અન્તર

પડે છે. અને જ્યારે એમના મતે પંચમીનો ક્ષય આવે ત્યારે પંચમીના પૂર્વ (પહેલા) દિવસે સાંવત્સરિક મહાપર્વની પૂજ્યપાદશ્રી કાલકસૂરિજીએ કરાવેલ આરાધનાવાળો સિદ્ધાન્ત પણ ટકતો નથી. ભાદરવા શુદિ પંચમીનો ક્ષય કરનારાને ઇચ્છા કે અનિચ્છાએ પંચમીએ જ સાંવત્સરિક પ્રતિક્રમણ કરવું પડે છે. અને એમ કરવાથી સાંવત્સરિક મહાપર્વ જેવા પરમ આરાધ્ય દિને ઇચ્છા કે અનિચ્છાએ પરમપૂજ્યપાદ શ્રી કાલકસૂરિજી મહારાજ વિહિત પરમ સુવિહિત માર્ગનો લોપ થાય છે. અને જિનાજ્ઞા ભંગનો મહાદોષ લાગે છે.

(૬) પરમપૂજ્યપાદ શ્રી કાલકસૂરિજી મહારાજને ભાદરવા શુદિ પંચમીની સાંવત્સરિક આરાધના સકારણ એક દિવસ પહેલાં કરાવવી પડી, પરન્તુ અસત્કલ્પનાએ માની લ્યો કે આ કારણ ઉપસ્થિત જ ન થયું હોત ? તો અદ્યાવધિ ભાદરવા શુદિ પંચમી દિનેજ સાંવત્સરિક મહાપર્વની આરાધના થાત ને ? હવે હું પંચમીના ક્ષય વૃદ્ધિ કરનારને પૂછું છું કે, પંચમીના ક્ષય સમયે તમો સાંવત્સરિક પ્રતિક્રમણ શ્રી જિનશાસન માન્ય અવિચ્છિન્ન શુદ્ધ પરમ્પરાએ અનુસરનાર શ્રી વિજયદેવસૂર તપાગચ્છ જૈન શ્રી સંઘ સાથે કરત કે ભિન્ન દિને કરત ? તમો ભાદરવા શુદિ પંચમીનો ક્ષય કરો ત્યારે તો તમારા મતે સાંવત્સરિક પર્વજ ઉડી જાય અને તમો ભાદરવા શુદિ બે પંચમી કરી તે સમયે તમો સાંવત્સરિક પ્રતિક્રમણ જિનશાસન માન્ય અવિચ્છિન્ન શુદ્ધ પરમ્પરાને અનુસાર શ્રી વિજયદેવસૂર તપાગચ્છ જૈન શ્રી સંઘ સાથે

કરત કે ભિન્ન દિને ? એ સર્વ પ્રશ્નો શાસ્ત્રાધારે સ્પષ્ટતા માંગે છે. માટે તેની શાસ્ત્રાધારે સ્પષ્ટતા કરશો.

(૭) ભાદરવા શુદિ પંચમીના દિને પર્વાધિરાજ મહાપર્વની આરાધનાવાળો માર્ગ ચાલુ હોત ? તો તમો શ્રી જિનશાસન માન્ય શ્રી વિજયદેવસૂર તપાગચ્છ જૈન શ્રી સંઘથી ભિન્ન થવા સમર્થ થાત ? તો ના, તો પછી ભાદરવા શુદિ પંચમીના એક દિવસ પહેલાં થતી પર્વાધિરાજ મહાપર્વની આરાધનામાં કયા પૂજ્યતમ જિનાગમની ? અથવા કયા સર્વજ્ઞ ભગવંતની આજ્ઞાથી પર્વાધિરાજ મહાપર્વની આરાધનામાં ભિન્ન થાઓ છો ? તેનું પણ સતર્ક યુક્તિયુક્ત સમુચિત સ્પષ્ટ નિવેદન કરવું પણ પરમ આવશ્યક છે, માટે તેની પણ સ્પષ્ટતા કરશો.

(૮) એકાન્તે પરમ શુભાશયથી પરમ વિનમ્ર ભાવે નિવેદન કરૂં છું કે શ્રી જિનશાસનમાં પૂર્ણ એકસંપીપણું આપણે સહુએ ખપતું હોય, તો સાંવત્સરિક મહાપર્વની આરાધના કયા દિવસે કરવી ? તેનો સુખદ ઉકેલ તો એ છે કે :–

(૯) ભાદરવા શુદિ પંચમીની આરાધના જે દિવસે કરવાની હોય, તેના પહેલાં દિવસે સાંવત્સરિક મહાપર્વની આરાધના કરવી. અખિલ ભારતવર્ષમાં એ સિદ્ધાન્ત માન્ય કરીને પટ્ટકરૂપે સકળ શ્વેતામ્બર જૈન સંઘ સ્વીકારે તો સાંવત્સરિક મહાપર્વનું આરાધન એક જ દિવસે થાય અને શ્રી સંઘમાં વિષમતાને સ્થાને એકસંપીપણાનું અને એક વાક્યતાનું પરમ તેજ ઝળકે.

(૧૦) એ સિદ્ધાન્ત માન્ય કરી પટ્ટકરૂપે સકળ શ્વેતામ્બર જૈન સંઘ સ્વીકારે, તો અખિલ ભારતવર્ષમાં સાંવત્સરિક મહાપર્વનું આરાધન એક જ દિવસે થાય, અને શ્રી જિન-શાસનમાં કુસંપ અને વિષમતાના સ્થાને એક સંપીપણાનું અને એકવાકયતાનું પરમ તેજ ઝળહળે.

(૧૧) સમાલોચના કરતાં મારી મતિમન્દતાથી જાણે અજાણે અનન્તાનન્ત પરમતારક શ્રીજિનાજ્ઞાથી વિપરીત વિચારાયું અથવા હીનાધિક લખાયું હોય, તો મારા અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવશ્રી સીમન્ધરસ્વામિજી પરમાત્મા આદિ અનન્તાનન્ત પંચપરમેષ્ઠિ ભગવન્તોની સાક્ષીએ ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં દેવા પૂર્વક વિરમું છું.

—કલ્યાણસાગર

(૧૨) શ્રી વીર સંવત્ ૨૫૦૨ ના શ્રાવણ વદિ ૭ ના દિને કરેલ સમાલોચનાના આધારે કિંચિત્ સુધારા વધારા સાથે.

## જૈનોની જીવદયા

### શ્રી વીર સંવત ૨૫૦૪ ના વૈશાખ શુકલા ષષ્ઠી.

વાસ્તવિક કોઠા સુઝ સમજના અભાવે અમુક અબુધવર્ગ જૈનો ઉપર આડેધડ મહાભયંકર મિથ્યા આક્ષેપ કર્યે જ જાય છે કે, "કીડી કુંથુ આદિ સૂક્ષ્મ જીવ જન્તુઓની દયા પાળે છે, રક્ષા કરે છે" અને હાથી જેવા મોટા જીવોની ઉપેક્ષા કરે છે" જૈનોની આ જીવદયા કેવી ? વાસ્તવમાં એવું છે

જ નહિ. એમનો એ આક્ષેપ સમજ્યા વિનાનો મહામોહ અને ગાઢઅજ્ઞાનમૂલક શતપ્રતિશત સત્યથી વેગળો છે.

આપણે તો એ મહાઅજ્ઞ પરમ દયનીય જીવોની સંપૂર્ણ ભાવદયા ચિન્તવવી એ જ આપણા માટે પરમ હિતાવહ:

પરમ દયનીય એ જીવાત્માઓ અનન્તાનન્ત પરમતારક શ્રી જિનેશ્વર પરમાત્માનાં અનન્ત મહાતારક જિનશાસનને, કે તેની ક્રીડાને સમજ્યા નથી. તેનું આ પરિણામ છે. અરે! સામાન્ય લોકવ્યવહારની સમજ ધરાવતા હોત, તો પણ આવો અભદ્ર આક્ષેપ ન કરત.

કોઈક સમયે આકસ્મિક અગ્નિ, જળ આદિનો ભય ઉપસ્થિત થાય, ત્યારે હું આક્ષેપ કરનારને પૂછું છું કે, તમો સર્વ પ્રથમ રક્ષણ કોને આપો? તો તમો જણાવશો કે સર્વપ્રથમ નવજાત શિશુ સહિત નવપ્રસૂત માતાને રક્ષણ આપી સુરક્ષિત પહોંચાડીને, પછી બાળ, વૃદ્ધ, ગ્લાન અને માતા બહેનો, ત્યાર પછી કિશોર તથા યુવાનો અને અન્તમાં ૨૫ થી ૫૦ વર્ષ સુધીના સશક્તોને રક્ષણ આપી સુરક્ષિત સ્થળે પહોંચાડીએ.

બાળ, વૃદ્ધ, ગ્લાન, યુવા કે માતા બહેનો આત્મદૃષ્ટિ સમાન હોવા છતાં રક્ષણ આપવામાં આવો ભેદ કેમ? તો આક્ષેપ કરનાર જણાવશે કે, માતા બહેનો અબળા હોય છે, બાળકોનું બળ રુદન હોય છે અને ગ્લાનવૃદ્ધાદિ અશક્ત હોવાથી માતા બહેનો તેમજ બાળવૃદ્ધાદિને સર્વ પ્રથમ રક્ષણ આપવું અમારું પરમ કર્તવ્ય બની રહે છે.

અરે ! મનુષ્ય ભૂખ્યો હશે ? તો તે માગીને, લૂંટી ઝૂંટવીને અથવા ગમે તે પ્રયાસે પેટ ભરશે. ત્યારે મૂક પશુઓ કે અન્ય જીવજન્તુઓ ગમે તેટલા દિવસનાં ભૂખ્યા તરસ્યા હશે તો પણ યુદ્ધ કે બળવો નહિ પોકારે, કારણ કે એમનામાં એ જાતની શક્તિનો અભાવ છે.

આ બે કારણોને લઈને સર્વ પ્રથમ કીડી કુંથુ આદિ સૂક્ષ્મ જીવજન્તુઓને, મૂક પ્રાણિઓને તેમજ નિરાધાર ભૂખ્યા માનવોને તન મન ધનથી સહાયતા આપી એ નિરાધારોનાં શિરત્રાણ બનતું આધારશિલા બનવું એ જૈનોનું પરમ કર્તવ્ય બની રહે છે. એટલે જ જૈનો કોઈ પણ જીવની ઉપેક્ષા કર્યા વિના ક્રમબદ્ધ જીવદયાનું અને રક્ષણનું કર્તવ્ય કરે જ જાય છે.

આ સમીક્ષા કરતાં અનન્ત મહાતારક જિનાજ્ઞાથી વિપરીત કંઈ પણ વિચારાયું કે લખાયું હોય, તો મારા અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામિજી-પરમાત્મા પ્રમુખ, અનન્તાનન્ત પંચપરમેષ્ઠિ ભગવંતોની સાક્ષીએ ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં.

—કલ્યાણસાગર

## જ્ઞાનવરણીયાદિ અષ્ટકર્મબન્ધના કારણો અને તેનું ફળ

પાશ્ચાત્ય કુસંસ્કારના અન્ધઅનુકરણમાં અસાધ્ય ચેપી રોગ એટલો બધો વ્યાપક બન્યો છે કે, માનવ જેવી સમજદાર

જાતને હિતાહિત, કર્ત્તવ્યાકર્ત્તવ્ય, લાભાલાભ, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય ગમ્યાગમ્યાદિનો વિચાર જ કરવા દે તેમ નથી.

એક અક્ષર એટલા અનન્તક્ષેત્ર ઉપર પ્રભુત્વ જમાવ્યું છે કે, સામાન્ય સમજવાળા માટે જેની કલ્પના કરવી પણ અતિદુષ્કર છે. અનન્તજ્ઞાનિ ભગવન્તોએ તો એક અક્ષરના અનન્તમાભાગનું પણ એટલું અચિન્ત્ય મહાત્મ્ય બતાવ્યું છે, કે સૂક્ષ્મનિગોદમાં રહેલ અવ્યાવહારિક જીવ જીવરૂપે રહેવામાં કારણ છે. એક અક્ષરનો અનન્તમો ભાગ સદા ઉઘાડો રહે છે, તે ત્રણેકાળમાં કદાપિ અવરાતો નથી, એથી ફલિતાર્થ એ થયું, કે એક અક્ષર અનન્ત આત્માની ઓળખનું કારણ (લક્ષણ) બન્યું.

એક અક્ષરનું આવું અનન્ત વિરાટ સ્વરૂપ હોવા છતાં, આજે તો વાત વાતમાં પત્રિકાઓ, વિજ્ઞાપનો, માન સન્માન પત્રાદિ મુદ્રણનો કુરિવાજ સહજ બન્યો છે. એ કુરિવાજને નાથવો આજે દુષ્કરપ્રાયઃ બનેલ છે.

આધુનિક કેળવણીમાં ઉત્તીર્ણ બની બી. એ. એમ. એ. એમ. કોમ, કે એવી જ કોઇ ઉપાધિ (પદ) પ્રાપ્ત કરે તેનું માતા પિતા, કૌટુમ્બિકો, જ્ઞાતિજનો, મિત્રમંડળાદિ તેનું ગૌરવ લે છે, પરન્તુ બહુ ઓછા માતા પિતાદિ એવું વિચારે છે કે મારા સન્તાનમાં સુસંસ્કારોનું બીજારોપણ થયું ? કે કુસંસ્કારોનું બીજારોપણ થયું ? સુસંસ્કારોની અભિવૃદ્ધિ થઇ ? કે હ્રાસ થયો ? કુસંસ્કારો જડ ઘાલીને ફાલ્યા ફૂલ્યા તો નથી ને ? અરે આવું વિચારવાની વાત તો દૂર રહો !

પરન્તુ અનેક કુસંસ્કારો અને દુર્ગુણોનો સાગર બનીને આવેલી સન્તાનાદિએ પ્રાપ્ત કરેલ ઉપાધિને સન્માનવા માતા પિતા હજારો રૂપીયાનો દુર્વ્યય કરી આઇસ્ક્રીમ આદિ જેવા અભક્ષ્ય, અને અણગળ જળવાળા સોડાલેમનાદિ જેવા અપેય પદાર્થોનો નિઃશંકપણે ઉપયોગ કરવા કરાવવા પૂર્વકના સમારોહો યોજે, એ સમારોહોના વિજ્ઞાપનો જિનાલય ઉપાશ્રયાદિના શ્યામપટ્ટક (કાળાબોર્ડ) ઉપર લખાતા હોય છે. એ જ રીતે કોઇને રાજકીય સત્તાસ્થાન પ્રાપ્ત થયું હોય ! ભલે ને પછી એ સત્તાસ્થાન "મત્સ્યૌદ્યોગનું" હોય, તો પણ તેને સન્માનવાનું તો એ ન ચૂકે, પરન્તુ તે અંગેનું લખાણ જિનાલયાદિના શ્યામપટ્ટકો ઉપર લખવાનું, અને ઉપાશ્રય આયંબિલ ભવનાદિ જેવા ધર્મસ્થાનોમાં તેમને સત્કાર-સન્માન સભા યોજવાનું પણ ન ચૂકે. એજ રીતે વ્યાવહારિક કેળવણી અંગેના પાઠયપુસ્તકોનું વિતરણ કરવામાં પણ એજ ધર્મસ્થાનોનો ઉપયોગ કરે છે. એ કોઈ રીતે વિહિત કે ઉચિત નથી. આ તો નરી મહાડજ્ઞતા છે.

કેટલાંક વેપારીઓ વ્યાપારાદિના વિજ્ઞાપનવાળા પંચાંગો, કેલેન્ડરો વિજ્ઞાપનની અપેક્ષાએ જિનાલય ઉપાશ્રયાદિમાં મૂકે છે, તે કોઇ રીતે ઉચિત કે હિતાવહ નથી. જિનાલયાદિનો ઉપયોગ થવાથી દેવદ્રવ્યાદિ ભક્ષણનો મહાદોષ લાગે તેનો અંશમાત્ર વિચાર સરખોએ આવતો નથી તેનું મૂળભૂત કારણ છે. જ્ઞાનની મહાઆશાતનાથી બાંધેલ જ્ઞાનાવરણીયકર્મ અને મહામિથ્યાત્વાદિના સેવનથી બાંધેલ મહામોહનીયકર્મ છે.

## ૧. જ્ઞાનાવરણીય કર્મબન્ધના કારણો.

શ્રી શ્રુતજ્ઞાન અથવા સામાન્ય જ્ઞાનનું જેની પાસે અધ્યયન કર્યું હોય ? તે ગુરુને ઓળખવાથી, તેમનો દ્રોહ, અપલાપ, અવહેલના, અપભ્રાજના, આશાતના, અપમાનાદિ કરવાથી, ભણતાને અન્તરાય કરવાથી, જ્ઞાન-જ્ઞાનિનો (ગુણ-ગુણિનો) ઉપઘાત-નાશ કરવાથી, જ્ઞાન અને જ્ઞાનિ ઉપર પ્રદ્વેષ માત્સર્ય ધારણ કરવાથી, અન્તરાય (ઋતુકાળ-માસિક ધર્મ) ના ત્રણ દિવસો (ચોવીશ પ્રહર) માં માતા બહેનો ભણે ભણાવે કે વાંચે વંચાવે અથવા ઉક્ત અસજ્ઝાયના એ ત્રણ દિવસોમાં અક્ષરાંક્તિ કોઈ પણ વસ્તુ જેમ કેઃ-સામાયિક, દૈનિક પત્રો, છાપા, ઘડીયાળ, નામાંકિત મુદ્રિકા, વર્ણાક્ષરાંકિત આભૂષણાદિને શરીરનો સ્પર્શ કરવાથી, અથવા એના ઉપર છાયા પડવાથી વજ્રલેપ જેવું મહાચિકણું દુર્ભેદ્ય જ્ઞાનાવરણીય કર્મ બંધાય, તેમ જ કાગળ પત્ર કે દૈનિકપત્રાદિક ઉપર ખાવાથી, પીવાથી, બેસવાથી ઉભા રહેવાથી મળ (વિષ્ટા) મૂત્ર કરવા કરાવવાથી સંડાસ ખાળ આદિની અક્ષરવાળી ટાઇલ્સ (ભૂમિ) ઉપર મળ મૂત્ર કરવા કરાવવાથી, થૂંકવાથી, અક્ષરાંક્તિ ખાદ્ય પદાર્થો જેમ કે :- પીપરમેંટ બીસ્કીટ, પેંડા, ઔષધની ગોળીઓ આદિના ઉપયોગથી, અક્ષરાંકિત, બૂટ, ચંપલ, સેંડલ-મોજાદિમાં ઉપયોગ કરવા કરાવવાથી, રાજમાર્ગાદિ ઉપર વિજ્ઞાપનરૂપ કે અસભ્ય લખાણ લખવા લખાવવાથી, સિનેમાદિના વિજ્ઞાપનથી, કામોત્તેજક અસભ્ય પુસ્તક લખવા

લખાવવાથી કે પ્રકાશનથી, પત્ર પુસ્તકાદિનો અગ્નિદાહ કરવાથી, મળ મૂત્રાદિ અશુચિના ગંદા સ્થાનોમાં વર્ણાક્ષરવાળી કોઇ પણ વસ્તુને ફેંકવાથી, આજીવિકા માટે પુસ્તકોને ક્રય-વિક્રય કરવાથી, દૈનિક પત્રાદિમાં વિજ્ઞાપન આપવાથી, ટૂંકમાં જે વર્ણાક્ષરોનો આપણે ઉપયોગ કરીએ, કરાવીએ કે અનુમોદન કરીએ, પણ એ ઉપયોગ મહાતારક શ્રી જિનાજ્ઞાથી મુદ્રાંકિત ન હોય તો, તે બધા જ નિમિત્તોથી મહાચિકણા જ્ઞાનાવરણીય કર્મો બંધાય છે.

## જ્ઞાનાવરણીયકર્મ બંધનું ફળ.

મહાઅજ્ઞાનતા, મહામતિહીનતા, મહાદીનતા, મહાભયંકરદુઃખોની પરમ્પરા, અન્ન જળાદિકનો મહાન્તરાય, નીચકુળ અવતાર, અપંગતા, અન્ધતા, બધીરતા મૂક્તા, બોબડાપણું, લુલાપણું, ગર્ભમાં આવતાં જ પિતાનું મૃત્યુ. જન્મતાં માતાને અસહ્ય અપાર અનંત વેદના તેમ જ માતાનું મૃત્યુ, મહાભયંકર રોગ શોક સંતાપ, દારિદ્ર ભિક્ષુક્તા, સ્ત્રી પુત્રાદિક પરિવારનો વિયોગ, મહામૂર્ખતા, અવિવેક્તા, નરકાદિનાં અશુભ આયુષ્યનો બંધ, અને નરકાદિની અનન્ત મહાવેદનાઓનું વેદન, લોક તિરસ્કાર, તાડના તર્જનાદિ મહાવિડંબનાઓ અનિચ્છાએ સહન કરવી પડે.

## ૨ દર્શનાવરણીય કર્મ બંધના કારણો.

જ્ઞાનાવરણીય બંધના જે કારણો, તેમ જ ચક્ષુરાદિ ઇન્દ્રિયોનો દુરુપયોગ કરવાથી, અન્યનાં ચક્ષુરાદિ ઇન્દ્રિયો અને અંગોપાંગ છેદન ભેદન વિકલાદિ કરણ, કરાવણ અને અનુમોદનથી, તેમ જ અંધ અપંગ કાણો-ખંજ આદિ ખોડ

ખાંપણવાળાની મશ્કરી કરવાથી. એ આંધળા ! એ કાંણીયા ! એ લંગડા ! આદિ તોછડાઈવાળા શબ્દો દ્વારા સંબોધવાથી, તું એ જ લાગનો છે. બોલવાથી અથવા ચિન્તવનાથી દર્શનાવરણીય કર્મ બંધાય.

## દર્શનાવરણીય કર્મ બંધનુ ફળ

શ્રી કેવળદર્શનગુણ, અવધિદર્શન ગુણ, ચક્ષુદર્શન અવરાય, અંધાપો, નેત્રરોગ, નેત્ર વિકલતા, નેત્ર નિસ્તેજતા, અંગોપાંગની વિકલતા, સ્ત્યાનર્દ્ધિ (થિણદ્ધી) આદિ ઘોર નિદ્રાદિના ઉદયથી ઘોર હિંસાદિથી મહાકર્મ બંધ કરીને નરકાદિ દુર્ગતિના ભાજન બને.

## ૩ વેદનીય કર્મ બંધના કારણો

જીવ–સત્વ–ભૂત–પ્રાણિની અનુકમ્પા કરવાથી, વ્રતોનું પાલન કરવાથી, ક્ષમા કરવાથી, દાનની રુચિથી, શ્રી પ્રભુ ભક્તિથી, પૂજ્ય ગુરુ મહારાજની ભક્તિથી, બાળતપથી અને રોગી આદિને ઔષધ, શાન્તિ તેમ જ આશ્વાસન આપવાથી શાતાવેદનીય રૂપ શુભ કર્મ બંધાય, અને જીવમાં અસંયમ સેવવાથી, અજયણાએ ખાવા, પીવા, બોલવા, ચાલવા, ઉઠવા, બેસવા, સુવાથી, વ્રતોનું યથાર્થપાલન ન કરવાથી, ક્ષમા ન રાખવાથી, દાનની અરુચિથી, ગુરુ ભક્તિ ન કરવાથી, ગુરુને ઉપતાપ ઉપજાવવાથી, દેવ ગુરુ તેમજ ધર્માદિકની અવર્ણવાદ બોલવાથી, અથવા હિંસાદિ મહારમ્ભના પાપોપદેશાદિથી તેમજ પાપાચરણ કરણ કરાવણ અને અનુમોદનથી અશાતા વેદનીયરૂપ અશુભ કર્મ બંધાય.

### શાતાવેદનીય કર્મનું ફળ

જીવ ઈચ્છે યા ન ઈચ્છે પણ દરેક પ્રકારની અનુકૂળતા અનાયાસે સહજ રૂપે પ્રાપ્ત થાય.

### અશાતાવેદનીય કર્મનું ફળ

જીવ ઇચ્છે દરેક પ્રકારની અનુકૂળતા, પણ ભૂતપ્રેતના વળગાડની જેમ અનિચ્છાએ હમણા આવીને ચોંટે દરેક પ્રકારની પ્રતિકૂળતા, જીવ ઈચ્છે શાતાવેદનીય, અને અનિચ્છાએ વેદવી પડે મહાઅશાતા.

### ૪. મોહનીય કર્મમાં પ્રથમ દર્શન મોહનીયકર્મ બંધના કારણો

શ્રી વીતરાગ પરમાત્મા, શ્રુતિજ્ઞાન, સંઘ, ધર્મ તેમ જ દેવતાઓના અવર્ણવાદથી મિથ્યાત્વના તીવ્ર પરિણામ થવાથી, શ્રી સર્વજ્ઞ ભગવન્ત, શ્રી સિદ્ધપરમાત્મા, દેવનો અપલાપ કરવાથી, કે ઓળવવાથી, ધર્મિષ્ઠ પુણ્યવન્ત આત્માઓનાં દૂષણો બોલવાથી, ઉન્માર્ગની દેશના આપવાથી, હઠાગ્રહ–દુરાગ્રહની પકડ રાખવાથી, અસંયતની પૂજા કરવાથી, અવિચારી કાર્ય કરવાથી, ગુરુજનાદિ પૂજ્યપુરુષોનું અપમાનાદિ કરવાથી દર્શનમોહનીય કર્મ બંધાય.

### દર્શન મોહનીય કર્મનું ફળ.

ચક્રવર્તિના જેવી કે ઈન્દ્રાદિકના જેવી દેવતાઇ સાહિબી, વૈભવ વિલાસાદિની સામગ્રી આ જીવને અનેક વાર પ્રાપ્ત થવી અતિસુલભ છે પણ ચક્રવર્તિની ઋદ્ધિ કે ત્રણે ભુવનના રત્નાદિક સાર સાર વસ્તુઓ દેતાં પણ આ જીવને દર્શનમોહનીયકર્મનો ઉદય, શ્રી સમ્યક્ત્વ-રત્ન

પ્રાપ્ત ન થવા દે. ચારિત્ર મોહનીય કર્મથી જેટલું આત્માનું અહિત ન થાય. તેથી અનેક ગણું વિશેષ અહિત દર્શન મોહનીય કર્મથી થાય, અપેક્ષાએ ચારિત્રહીન શ્રી સમ્યગ્દર્શનવાળાને શાસ્ત્રોએ મોક્ષ કહ્યો છે, પણ શ્રી સમ્યગ્દર્શન હીન ચારિત્રવાનને ત્રિકાળમાં એ મોક્ષ નથી જ એમ મહાતારક જિનાગમો પોકારી પોકારીને કહે છે.

**ચારિત્ર મોહનીય કર્મ**

તીવ્ર કષાયોદયથી આત્માના તીવ્ર અશુભ પરિણામ થાય તે ચારિત્ર મોહનીય કર્મનો આશ્રવ જાણવો.

**ચારિત્ર મોહનીય કર્મનું ફળ.**

ચારિત્રરત્ન વિના મોક્ષ નથી જ એવી અકાટય શ્રદ્ધા હોવા છતાં, ચારિત્ર લેવા જોઇએ તેવો પુરુષાર્થ ન કરી શકે, કેટલાંકને ચારિત્ર લેવાનો તીવ્ર અભિલાષ હોવા, ચારિત્ર લેવા અનેક પ્રકારના પ્રયત્નો અને પુરુષાર્થ કરવા છતાં ચારિત્ર મોહનીય કર્મનો ઉદય ચારિત્રરત્નની પ્રાપ્તિ ન થવા દે.

**હાસ્ય મોહનીય કર્મ**

હાસ્યની ઉત્તેજનાથી, કામદેવ સંબંધી ઉપહાસથી, હાસ્યની ટેવથી, બહુ બોલવાથી, દીનતાવાળા વચનો બોલવાથી હાસ્ય મોહનીય કર્મ બંધાય.

**રતિ મોહનીય કર્મ**

નવ નવા દેશ, નગર, ગ્રામાદિ જોવાના અભિલાષથી, ચિત્રો જોવાથી, રમતો રમવાથી, રતિ ક્રીડાઓ કરવાથી, પરના ચિત્તને આકર્ષણ કરવાથી રતિ મોહનીય કર્મ બંધાય.

## અરતિ મોહનીય કર્મ

ઈર્ષ્યા, અસુયાથી, પાપ કરવાના સ્વભાવથી, પરકીય રતિનો નાશ કરવાથી, અકુશળ કાર્યોને પ્રોત્સાહન આપવાથી અરતિ મોહનીય કર્મ બંધાય.

## ભય મોહનીય કર્મ

અન્ય જીવને ભય ત્રાસ આપવાથી, ભયભીત બને તેવું વાતાવરણ સર્જવાથી, તેમ જ તથાપ્રકારના (ભય જનક નિમિત્તો આપવાથી ભયમોહનીય કર્મ બંધાય.

## શોક મોહનીય કર્મ

અન્યને શોક ઉપજાવવાથી; પોતે શોક કરવાથી, શોક ઉત્પન્ન થયા પછી ચિન્તા કરવાથી, રુદન કરવાથી, તેમાં મગ્ન બનવાથી, શોક મોહનીય કર્મ બંધાય.

## જુગુપ્સા મોહનીય કર્મ

ચતુર્વિધ શ્રી સંઘના અવર્ણવાદથી, નિન્દાથી, જુગુપ્સાથી (સૂગથી) જુગુપ્સા મોહનીય કર્મ બંધાય.

## સ્ત્રીવેદ

ઈર્ષ્યાથી, વિનયની ગૃદ્ધિથી, અસત્ય બોલવાથી, અતિવક્રતાથી, માયાવિપણાથી પરસ્ત્રી સેવનમાં આસક્તિ કરવાથી સ્ત્રીવેદ બંધાય.

## પુરૂષવેદ

મંદકષાયતાથી આચારોનું સુંદર રીતે પાલન કરવાથી પુરુષવેદ બંધાય છે.

### નપુંસક વેદ

સ્ત્રી પુરુષ સાથે અનંગ ક્રીડા કરવાથી ઉગ્રકષાયથી, તીવ્ર વિષયાભિલાષથી પાખંડથી-(વ્રતધારી સદાચારી સ્ત્રીના વ્રતનો ભંગ કરવાથી) નપુંસકવેદ બંધાય.

પંચમહાવ્રતધારી પૂજ્ય ગુરુમહારાજાઓની નિંદા કરવાથી, પુણ્યવન્ત ધર્માત્માઓને ધર્મારાધનમાં અન્તરાય કરવાથી, મદ્ય માંસાદિની વિરતિ કરનાર આગળ અવિરતિની પ્રશંસા કરવાથી, શ્રાવક ધર્મમાં અન્તરાય કરવાથી, અચારિત્રીના ગુણાવાદથી, ચારિત્રના અવર્ણવાદથી. તેમ જ કષાય, નોકષાયની ઉદીરણા કરણ કરાવણ અનુમોદનથી સામાન્યતયા ચારિત્રમોહનીયકર્મ બંધાય.

### ત્રીશ મોહનીય સ્થાનકો

(૧) મનુષ્યજાતિને જળમાં બૂડાડીને મારવાથી, (૨) મુખાદિમાં ડૂચા મારી શ્વાસ રુંધિને મારવાથી, (૩) મસ્તકે વાધર વીંટીને મારવાથી, (૪) મયૂર બન્ધનાદિદ્વાર ઘાત કરવાથી, (૫) બહુજનના માર્ગદર્શક (નેતા)નો ઘાત કરવાથી, (૬) બહુજન આધારભૂત શ્રેષ્ઠિનો ઘાત કરવાથી, (૭) સમર્થ છતાં પૂજ્ય આચાર્યાદિ ગુરુમહારાજના રોગોપશાન્તિ માટે ઔષધોપચાર ન કરવાથી, (૮) પૂજ્ય સાધુ મહારાજાદિને જ્ઞાનાદિ માર્ગથી ભ્રષ્ટ કરવાથી, (૯) શ્રી જિનેશ્વરદેવના અવર્ણવાદ બોલવાથી, (૧૦) પૂજ્ય આચાર્યોપાધ્યાયાદિ ગુરુ મહારાજાઓના અવર્ણવાદથી, (૧૧) પૂજ્ય આચાર્યાદિ ગુરુ મહારાજાઓની આહારાદિથી ભક્તિ ન કરવાથી, (૧૨)

અધિકરણ (કલેશ કજીઆ) ઉત્પન્ન કરવાથી, (૧૩) મહાતારક તીર્થનો ઉચ્છેદ કરવાથી, (૧૪) વશીકરણાદિ કારણ ટુમણ કરવાથી, (૧૫) દીક્ષિત બનીને પણ કામ અભિલાષથી, (૧૬) હું બહુશ્રુત છું એવું વારંવાર બોલવાથી અથવા કોઈ આપણને બહુશ્રુત કહીને સંબોધે ત્યારે મૌન રહેવાથી, તેમ જ કોઈ પણ આપણને તપસ્વી કહે ત્યારે પણ મૌન રહેવાથી, (૧૭) ગામ નગરાદિનો દાહ કરવાથી, (૧૮) સ્વયં અનિષ્ટાચરણ કરીને અન્ય ઉપર કલંક ચઢાવવાથી, (૧૯) માયા કરવાથી (૨૦) અશુભ મનોયુક્ત રહેવાથી, (૨૧) સદા અક્ષીણ કલહ કરવાથી. (૨૨) વિશ્વાસઘાત કરવાથી, (૨૩) વિશ્વાસુ મિત્રાદિકની સ્ત્રી સાથે વિષય સેવન કરવાથી, (૨૪) કુંવારો ન હોવા છતાં હું કુંવારો છું એમ વારંવાર બોલવાથી, (૨૫) અબ્રહ્મચારી હોવા છતાં હું બ્રહ્મચારી છું એ પ્રમાણે બોલવાથી, (૨૬) જેનાથી ધન ધાન્યાદિ અશ્વર્ય પ્રાપ્ત થતું હોય તેના જ ધનાદિ પડાવી લેવાની લોભ બુદ્ધિથી, (૨૭) જેનાથી અભ્યુદય થયો હોય તેને જ અન્તરાય કરવાથી, (૨૮) રાજા, મન્ત્રિ, સેનાપતિઓ (૨૯) દેવાદિકને ન જોવા છતાં હું દેવને જોઉં છું એ પ્રમાણે માયાથી બોલવાથી, (૩૦) દેવના અવર્ણવાદ બોલવાથી.

આ ત્રીશ મહામોહનીય કર્મ બંધના સ્થાનો છે. મહામોહનીયકર્મના ઉદયે મહાતારક શ્રી જિનશાસનની પ્રાપ્તિ થવી અતિદુર્લભ છે. કદાચ કોઈક ભવે પુણ્યોદયે મહાતારક શ્રી જિનશાસન મળી જાય, તો પણ જ્યાં સુધી મોહનીય

કર્મ અતિ પાતળું ન થાય ત્યાં સુધી મહાતારક શ્રી જિન-શાસન પ્રત્યે અકાટય અક્ષર, અજર, અફર, અમર, અટલ, અવિહડ, અકાટય શ્રદ્ધા તો ન જ પ્રગટે.

૫. આયુષ્યકર્મ બંધના કારણો

પંચેન્દ્રિય જીવમો વધ કરવાથી મહારંભ મહાપરિગ્રહથી, માંસાહારથી, સદા વૈરભાવ રાખવાથી, અનન્તાનુબન્ધી કષાયથી, કૃષ્ણ નીલ કપોત લેશ્યાથી, પરદ્રવ્ય હરણથી, વારંવાર સ્ત્રી આદિની સાથે વિષય સેવનથી, ઇન્દ્રિયો અને મનના અસંયમાદિથી નરકનું આયુષ્ય બંધાય.

તિર્યંચાયુષ્ય

ઉન્માર્ગની દેશનાથી, માર્ગનો નાશ કરવાથી, મૂઢ-ચિત્તતાથી, આર્ત્તધ્યાનથી, સશલ્યતાની માયાથી, આરંભ પરિગ્રહથી, સાતિચાર બ્રહ્મવ્રતથી, નીલ, કાપોત લેશ્યાથી, અપ્રત્યાખ્યાની કષાયથી તિર્યંચનું આયુષ્ય બંધાય.

મનુષ્યાયુષ્ય

અલ્પારંભ પરિગ્રહથી, સ્વાભાવિક નમ્રતાથી, કપોત નીલ લેશ્યાથી, ધર્મ ધ્યાનમાં અનુરાગથી, પ્રત્યાખ્યાની કષાયથી, મધ્યમ ગુણવાળો, આતિથ્ય કરવાથી, દેવ ગુરુની પૂજા, સત્કાર-સન્માન કરવાથી, આવનારને આવકારવાથી, પ્રિય બોલવાથી, લોક યાત્રામાં માધ્યસ્થ્ય રાખવાથી મનુષ્યનું આયુષ્ય બંધાય.

દેવાયુષ્ય

સરાગ સંયમ, દેશ સંયમ, અકામ નિર્જરા, બાળતપ, કલ્યાણમિત્રના સંપર્કથી, ધર્મભાવનાથી, સુપાત્રદાનથી,

તપથી, રત્નત્રયીની અવિચળ શ્રદ્ધાથી, રત્નત્રયીની નિરતિચાર આરાધનાથી, મૃત્યુ સમયે પદ્મ પીત લેશ્યાથી, અગ્નિ જળ આદિથી પ્રાણ ત્યાગ કરવાથી, અવ્યક્ત સામાયિક કરવાથી દેવનું આયુષ્ય બંધાય.

૬ નામકર્મ બંધના કારણો

અશુભ નામકર્મ

મન વચન કાયાની વક્રતાથી, અન્યને છેતરવાથી, માયાવિપણાથી, મિથ્યાત્વથી, પૈશૂન્યથી, ચલચિત્તતાથી, સુવર્ણાદિકનું અસત્ય અનુકરણ કરવાથી, અસત્ય સાક્ષીથી, વર્ણ ગંધ રસ સ્પર્શાદિ સંબંધી અસત્ય કથનથી, અન્યના અંગોપાંગના છેદનથી, યંત્ર કર્મ કરવાથી, પક્ષિઓને પાંજરે પૂરવાથી, અસત્ય તોલ માપ રાખવાથી, સ્વશ્લાઘા પરનિન્દાથી, હિંસાદિક અઢાર પાપસ્થાનકના સેવનથી, કઠોર કે અસત્ય વચન બોલવાથી, પવિત્ર વેશ ધારણના અહંકારથી, યદ્વા તદ્વા બોલવાથી, આક્રોશ કરવાથી, મજાક કરવાથી, ત્રાસ આપવાથી, વેશ્યા વારાંગનાદિકને આભૂષણો આપવાથી, દાવાગ્નિનો દાહ દેવાથી, દેવાદિકનું અસદ્ નિમિત્ત આપીને ગન્ધાદિક ચોરવાથી, તીવ્ર કષાયથી, શ્રી જિનમંદિર ઉપાશ્રય ઉદ્યાન-આરામાદિનો નાશ કરવાથી, અંગારા કોલસા પડાવવાથી તેમ જ તત્પ્રતિરૂપક વ્યાપાર કરવાથી અશુભ કર્મ બંધાય.

અશુભ નામકર્મનું ફળ

આત્મા અભિલષે અખંડ અસ્ખલિત અનુકૂળતાને, અને આવીને વળગે જીવતી જાગતી ડાકણ જેવી પ્રતિકૂળતા.

ફુન્યવી ઠાકણુ તો હજી સારી, કે અનંત તારક દેવાધિદેવના મહા પ્રભાવે કે શ્રી નમસ્કાર મન્ત્રાદિકના પ્રભાવે દૂર થઈ જાય, પણ અશુભ કર્મોદયરૂપ પ્રતિકૂળતાની વળગાડ તો એવી મહાભૂંડી છે, કે અનન્ત તારક જિનેશ્વરદેવનું મહા- તારક શાસન મળ્યું હોય, તો પણ આરાધના કરવાનું પ્રાયઃ મન જ ન થવા દે, કદાચ ધર્મારાધન કરવાનું મન થાય તો, બહુલતાએ આરાધનાની અનુકૂળતા જ ન આવવા દે.

પ્રતિકૂળતામાં આત્મજાગૃતિની સભાનતા ન રહે તો, આર્તધ્યાનાદિ કરીને અનેક નવી પ્રતિકૂળતા ઉભી થાય એવા અશુભકર્મ બંધાય.

શુભનામકર્મ

અશુભકર્મના કારણોથી વિપરીત કારણોથી, ભવભીરુ- તાથી, પ્રમાદત્યાગથી, સદ્ભાવ પૂર્વક પૂજ્ય પુરૂષોને સમર્પિત થવાથી, ક્ષમાદિ ગુણો ધારણ કરવાથી, ધર્માત્માના દર્શન વંદન પૂજન સત્કાર સન્માદિમાં આદર કરવાથી શુભકર્મ બંધાય.

શુભનામ કર્મનું ફળ

શ્રીધન્નાશાળિભદ્રજીની જેમ અનિચ્છા અને અનાયાસે પણ દરેક પ્રકારની અનુકૂળતા સહજ ભાવે આવીને મળે.

શ્રી તીર્થંકરનામ કર્મ

અનન્તારાધ્યપાદ શ્રી અરિહંત સિદ્ધાદિ વિંશતિસ્થાનક પદોનું, કે તેમાંથી એક બે પદોનું પરમોત્કૃષ્ટ ભાવે

આરાધન કરવાથી અનન્તતારક શ્રી તીર્થંકરનામકર્મ બાંધીને નિકાચિત કરી શકે.

## શ્રી તીર્થંકર નામકર્મનું ફળ

શ્રી તીર્થંકરદેવ સિવાયના અનંતકાળનાં અનંતા જીવો વિશ્વ ઉપર જે ઉપકાર ન કરે, તેથી અનંતગણો વિશેષ ઉપકાર શ્રી તીર્થંકરનામ કર્મના ફળ રૂપે ત્રીજા ભવે ત્રણ જગતના નાથ, તારણહાર, દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્મા બનીને વિશ્વ ઉપર પ્રતિક્ષણે કરી રહ્યા છે.

## ૭ ગોત્રકર્મ બંધના કારણો ઉચ્ચ ગોત્ર

શ્રી જિનેશ્વર ભગવન્તોની સ્તુતિથી પૂજ્ય મહાપુરુષોના ગુણોની ત્રિવિધ ત્રિવિધ ભૂરિશઃ અનુમોદનાથી ઉચ્ચગોત્ર બંધાય.

## ઉચ્ચગોત્રનું ફળ

ઉચ્ચ જાતિ કુળમાં સુખી સમ્પન્ન ધર્મિષ્ટ પુણ્યવન્તને ઘરે જન્મ; પ્રત્યેક સ્થાને સર્વથી પ્રીતિ આદર, સત્કારાદિ અનિચ્છાએ પ્રાપ્ત થાય.

## નીચગોત્ર

પૂજ્ય મુનિમહારાજાદિના મલ મલીન ગાત્ર વસ્ત્રાદિની નિન્દા દુગંચ્છા કરવાથી કોઈના છતા અછતા દોષાદિના અવર્ણવાદ બોલવાથી નીચ ગોત્ર બંધાય.

## નીચ ગોત્રનું ફળ

ઢેઢ, ચમાર, મોચી, ભંગી, માચ્છીમાર, ભીલ, ઠાકરડા, કોળી, વાઘરી, આદિ નીચ કુળમાં જન્મ અવતાર,

અને સ્થાને સ્થાને, અપ્રીતિ તિરસ્કાર, અનાદરાદિ થાય.

૮ અન્તરાયકર્મ બંધના કારણો

દાન, લાભ, વીર્ય (પરાક્રમ) ભોગ અને ઉપભોગમાં અંતરાય (વિઘ્ન) કરણ કરાવણ અનુમોદનથી તદ્દરૂપ અન્તરાય કર્મ બંધાય.

દાનાન્તરાયનું ફળ

ગમે તેટલું ધન હોય પણ દાનાન્તરાયના ઉદયે કપિલા દાસીની જેમ પરકીય ધનાદિનું દાન દેવું હોય તો, પણ એક બદામ સદામનું દાન ન દઈ શકે.

લાભાન્તરાયનું ફળ

ધન ધાન્યાદિકની પ્રાપ્તિ માટે આકાશ પાતાળ એક કરવા જેવું કરે, લોહીનું પાણી કરે, ટાઢ તડકો સહન કરે, રાત ન જુવે, દિવસ ન જુવે મહાભયંકરકાળી મજૂરી કરે, તો પણ એક કપર્દિકા (કોડી) ન મળે, અરે ! માંગી ભીખ તો ન મળે, પણ ઉપરથી હડધૂત અને તિરસ્કૃત બને એ વધારામાં, ખાવા રોટલો ન મળે, બેસવા ઓટલો ન મળે, એ બધું લાભાન્તરાયકર્મનું ફળ સમજવું.

ભોગાન્તરાયનું ફળ

એક જ સમય જે વસ્તુનો ઉપયોગ કરી શકાય તે ભોગ કહેવાય, અને ઉપયોગમાં આવતી વસ્તુ ભોગ્ય કહેવાય જેમ કે :—ચારે પ્રકારના આહારાદિ. અનેક પ્રકારની ભોગ્ય સામગ્રીની પ્રચુરતાથી ઘર ભર્યું ભર્યું હોય, તો પણ ભોગાન્તરાય કર્મના ઉદયે એક દાણાનો કે એક જળના બિન્દુનો ઉપયોગ ન કરી શકે.

### ઉપભોગાન્તરાયનું ફળ

એકેક વસ્તુનો અનેક સમય ઉપભોગ કરી શકાય તે, ઉપયોગ કરી શકાય તે ઉપભોગ કહેવાય. અને ઉપયોગમાં આવતી વસ્તુઓ સ્ત્રી, વસ્ત્ર આભૂષણ, ઘર, વાહનાદિ ઉપભોગ્ય કહેવાય. ઉપભોગ્ય સામગ્રીની ગમે તેટલી વિપુલતા હોય, તો પણ ઉપભોગાન્તરાયકર્મના ઉદયે ઉપભોગ ન કરી શકે.

### વીર્યાન્તરાયનું ફળ

અતિ પૌષ્ટિક આહાર કરો, માત્રાઓ, ભસ્મો, પૂર્ણ-ચન્દ્રોદય, સુવર્ણ વસંત માલતિ, સૌવર્ણમ્રાક્ષિક, મકરધ્વજ ગુટિકા, મૌક્તિક પિષ્ટિ, અતિ મૂલ્યવાન્ હીરા પન્ના ભસ્મ જેવા શક્તિ વર્ધક વાજીકરણ ઔષધો વાપરો, કે અક્ષવાટક (અખાડા) માં જઇને મલ્લકળામાં પ્રવીણ બનો, તો પણ વીર્યાન્તરાય કર્મના તીવ્ર ઉદયે અંશમાત્ર શક્તિ કે બળ ન વધે.

તપ આદિ ધર્મની આરાધના કરવા ગમે તેવી ઉત્કટ ભાવના હોવા છતાં, વીર્યાન્તરાયકર્મના તીવ્રોદયે તપ આદિ ધર્મારાધના ન કરી શકે.

ઉપર્યુક્ત આઠે કર્મના કારણો તથા તે તે કર્મના શુભાશુભ ફળને જાણી સમજીને કર્મબંધના નિમિત્તોથી વિરમિને, અનંતાનંત મહાતારક શ્રી જિનાગમનિર્દિષ્ટ શુદ્ધ ધર્મના પરમારાધક બનો એજ એક શુભાભિલાષ.

" ઇતિ જ્ઞાનાવરણીયાદિ અષ્ટકર્મ અધિકાર "

## આગમોદ્ધારક પ્રવચન શ્રેણી વિભાગ-પ્રથમ.

—: પ્રવચનકાર :—

પચ્ચવિંશતિતમ, શતાબ્દિના અજોડ આગમજ્ઞાતા પરમ પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. સા. (હુલામણુનામ "આગમોદ્ધારક" અથવા "સાગરજી મહારાજ")

શ્રી વીર સંવત્ ૨૪૬૦-વિક્રમ સંવત્ ૧૯૯૦ ના આષાઢ શુદિ ૧૪ના દિને મહેસાણામાં આપેલ પ્રવચનનું અવતરણ.

ઘણે ભાગે દીવાળી કે જે વખતે દુનિયાદારીની ઉપાધિ ઓછી હોય છે, તે વખતે પુણ્યમાં ચરુ નહિ ભરો તો, બીજી વખતે તો ભરશો જ ક્યાંથી ? ધ્યાન રાખવું કે વેપારીનું વ્યાજ વરસાદમાં ધીમું પડે, પણ કણબી ખેડૂતનું વ્યાજ વરસાદમાં વધે. કણબી વરસાદમાં વ્યાજે લઈ મ્હોં માંગ્યું વ્યાજ આપી કારતક માસ સુધી રાખે. વેપારીનું વ્યાજ ધીમું થાય, તેમ ચોમાસાના વખતમાં કણબીને ત્યાં આપેલા પૈસા સજ્જડ વ્યાજ આપે, તેવી રીતે ચોમાસામાં ધર્મમાં આપેલો સમય સજ્જડ લાભ આપે. પણ તે લાભ દુનિયાદારીમાં ક્યાં કામ લાગવાનો છે ? એમ આપણે ગણીએ છીએ. અહીં ધર્મની કોને ગરજ છે ? કે, ચોમાસામાં વધારે લાભ ગણીએ.

જીવ વિરાધનાનું પિયર હોય તો ચોમાસુ. તેમાં આપણે કેટલાયેક અનન્તકાયના જીવને સમજીયે છીએ. મોઢથી અનંતકાય કહીયે છીએ, પણ તેમાં જીવ કેટલાં તે જાણ્યું ?

કહો અનંતા, એક સોયની અણિ જેટલા ભાગમાં પણ અનંતા જીવો હોય છે, પણ આંધળો વણે ને વાછરડો ચાવે, તેમ આપણે જીવવિચાર જાણીએ, એકેન્દ્રિયાદિક જીવોને જાણીએ. છતાં ઘરે લીલફૂલ ન થાય, તેનો બંદોબસ્ત કર્યો ? ચાર પૈસાના ચૂનાનું કામ, ચિકટ ઉપર ચૂનાનો ઉપયોગ કર્યો ? આંગણામાં લીલફૂલ થાય છે, ત્યાં રેતી કાંકરીનો ઉપયોગ કર્યો છે ? ચૂનાથી લીલ ન થાય, કાંકરીથી લીલ ન થાય એવું પહેલેથી જ્ઞાન રાખ્યું છે ? કહો કે વાછરડું ચાવી જાય છે, તેવું થયું. અનંતકાયને સમજનારા જાણનારા તથા માનનારાઓથી અનંતકાયની ડગલે ને પગલે વિરાધના થાય છે, તેની બેદરકારી કેમ રાખી છે ? ત્રસની વિરાધનાનો ડર નથી પછી આ તો અનંતકાય કહેવાય એટલું માત્ર બોલવાથી શું ? "દેરાસરના વહીવટદારોને હજારોના ઝુમ્મરો ટાંગવાનું મન થાય છે. દેરાસરમાં રંગ કરાવવાની મરજી થાય છે, પણ ચિકટ સ્થાનોમાં લીલફૂલ ન થાય, તેનો ઉપયોગ રહેતો નથી." કારણ એક જ કે, તે બાબત લક્ષ્યમાં લીધી નથી. કે ચોમાસામાં થતી જીવ વિરાધનાથી કેટલા ડૂબી મરીએ છીએ. અનંતકાયની વિરાધના તમારા નસીબમાં રહે તો, પછી દયા કોની કરવાની ? દેરાસરની વિરાધનાથી બચવું એ તો ધર્મનું કામ પોતાના પ્રયત્નોથી ટળે; પણ આખા ગામમાં લીલફૂલ થઇ જાય તેની વિરાધના શી રીતે ટળે ? મહાનુભાવો ! આ ચોમાસું એ ધર્મ કરવા માટે દુર્દિવાળું ગણાય.

ચોમાસામાં કણબીને ધીરેલા પૈસા વધે, કારણ તે સમયે વ્યાજ સારૂં આવે. તેવી રીતે ચોમાસામાં કરેલી ધર્મકરણી પુણ્ય બંધાવે ને પાપથી બચાવે.

આગમોદ્ધારક પ્રવચન શ્રેણી વિભાગ-બીજો.

પ્રવચન-૮૪મું પત્રાંક ૨૯૧/૨૯૨નું અવતરણ.

**શ્રી જિનમૂર્તિ કે મન્દિર કરાવતી વખતે દ્રવ્ય શુદ્ધિની જરૂર.**

ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજીએ જિનેશ્વરનું મન્દિર પ્રતિમા બનાવવાના અધિકારમાં જણાવ્યું છે કે, પ્રથમ દ્રવ્ય શુદ્ધિ કરવી જોઈએ. પાપમય દ્રવ્યની શુદ્ધિ કઈ ? "દ્રવ્ય પરિગ્રહનો પિતા" પરિગ્રહ પાપસ્થાન રૂપ દ્રવ્ય તેની શુદ્ધિ શી ? પોતાના ચોપડા તપાસે એમાં ચોરીની, વિશ્વાસઘાતની, અન્યાયની રકમો આવી હોય ? તે તે દ્રવ્ય તેને મોકલી દે આને દ્રવ્યની શુદ્ધિ કહે છે. પછી સંઘ ભેગો કરે. આ સંઘને ભેગો કરવાની વાત સાંભળીને ચમકશો નહિ. દહેરૂં કરાવવું હોય ? મૂર્તિ ભરાવવી હોય ? તો સંઘ ભેગો કર્યા સિવાય ન થાય તેમ અહીં ચોકખું થાય છે. આ મૂર્તિ કે દેહરાની રજાનો સંબંધ નથી. તો શા માટે સંઘ ભેળો કર્યો છે ? સંઘ ભેળો કરીને તેમને જણાવે છે કે, ચોરી જેવી, વિશ્વાસઘાત જેવી, અન્યાય જેવી રકમ રહી લાગતી હતી, તે તેમને મેં સોંપી દીધી છે. છતાં કોઈ જાણ બહાર રહી હોય તે લઈ જવી. અમે કદાચ રહી હશે તેમાં લાભ તેને મળશે. ધર્મની સગવડ કરવી એ સંઘમાં સચવાય કે ધર્મનો ધ્વંસ કરવો તે ?

હવે અહીં બધા આગળ જણાવે છે કે, મારા દ્રવ્યની શુદ્ધિ મેં કરી છે. મારી દૃષ્ટિ પ્રમાણે કેવળ આ મારૂં દ્રવ્ય છે. આમાં અજાણતા પણ કોઇનું દ્રવ્ય રહી ગયું હોય? તો તેનો લાભ તેને થાઓ હું લાભ લેવા માગતો નથી. અજાણે રહેલી રકમના અપરાધથી છૂટી જવા માટે આ સંઘ એકઠો કર્યો છે. આ ઉપરથી સમજી શકશો કે, તીર્થંકરના નામે ગુરુના નામે અગર ધર્મના નામે પોતાની બુદ્ધિથી થતી પ્રવૃત્તિને પણ વાસ્તવિક ગણી નહિ, પણ શાસ્ત્ર સમ્મત પ્રવૃત્તિ જ માન્ય છે.

## પર્વ વ્યાખ્યાન સંગ્રહ

પ્રવચનકાર : પ. પૂ૦ શ્રી 'આગમોદ્ધારક'' મહારાજ સાહેબ. પત્રાંક ૬૪-૬૫ નું અવતરણ.

## વ્યાજ ભક્ષણના દોષથી બચો અને બચાવો.

### દેવદ્રવ્યની વૃદ્ધિ (૫)

આખાયે સંઘમાં પરિણામની વૃદ્ધિ કરનાર દેવદ્રવ્યની વૃદ્ધિ છે. આથી તે અત્યંત આવશ્યક કર્ત્તવ્ય તરીકે છે ઇન્દ્રમાળા કે બીજી માળાની ઉછામણીથી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી જોઈએ.

શ્રી રૈવતાચલજી ઉપર શ્વેતામ્બર અને દિગમ્બરનો તીર્થ અંગે વિવાદ થયો. તે વખતે વૃદ્ધોએ કહ્યું કે, બોલી બોલતાં તેમાં જે વધે તેનું આ તીર્થ. નિર્ણય પણ બોલીના આધારે થયો. બોલીનો રીવાજ તે વખતે કેવો પ્રબળ હતો તે અંગે વિચારો. આ સમયે સાધુ પેથડશાહે છપ્પન (૫૬) ધડી સુવર્ણ બોલી ઇન્દ્રમાળ પહેરી. ધડી સોનું એટલે દશ શેર

સોનું. તે સમયે તેઓએ ચાર ઘડી સોનું તે યાચકોને આપ્યું હતું.

એક વાત ખ્યાલમાં રાખજો કે, પહેલાં દેવદ્રવ્યની બોલી બોલતા તેના નાણાં તૂર્ત બેંકમાં પણ મૂકાય, તેની સાથે તૂર્ત વ્યાજ થાય છે. પેથડશાહ છપ્પન ઘડી સોનું બોલ્યા, અને માળ પણ પહેરી, સોનું આપવું જોઈએ તે માટે તૂર્ત જ ઊંટડી સાંઢણી દોડાવી. એ સોનું આવે નહિ અને દેવાય નહિ ત્યાં સુધી અન્નપાણી લેવા નહિ એવો સંકલ્પ કર્યો હતો. આથી છઠ્ઠ (બે ઉપવાસ) થયા. બીજે દિવસે જ્યારે બે ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે સોનું આવ્યું. સૂર્યાસ્તની બે ઘડી પહેલાં પાણી પીવાય નહિ. રાજ્યના મન્ત્રી હતા. કહો કેવી શ્રદ્ધા. આ બધા નામો શાસ્ત્રના પાને ખોટા નથી ચઢયા. શાસ્ત્રોનો વિધિ છે કે, બોલવું તે તૂર્ત જ ચૂકવી દેવું. આ માટે નામે ચઢાવવું પડે, નોકર રાખવા પડે, ઉઘરાણીઓ કરવી પડે છે, તે રીત વ્યાજબી નથી. તૂર્ત જ તે નાણું ન આપે તો વ્યાજ ભક્ષણનો દોષ લાગે છે તે સમજો. બોલાય છે કે, પડતી કેમ આવી ? પણ તમારાથી દરેક કાર્યોમાં પુણ્ય પાપનો વિચાર કેટલો કરાય છે, તે વિચારાતું નથી.

## તપ ઉદ્યાપન

લેખક :- પ. પૂ૦ શ્રી "આગમોદ્ધારક" મહારાજ સાહેબ

પત્રાંક ૨૬૧ નું અવતરણ

પ્રકાશક :- શ્રી જૈન, પુસ્તક પ્રચાર સંસ્થા સુરત,

## ઉચ્ચ ગોત્રને બાંધવાનો રસ્તો પરગુણ પ્રશંસા, ને દોષાચ્છાદન

તત્ત્વાર્થ સૂત્રકાર પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે, તેઓ જ ઉચ્ચ ગોત્ર બાંધી શકે કે, જેઓ અન્યની પ્રશંસા કરે, અને પોતાની નિંદા કરે, તથા પોતાના છતાં ગુણો ઢાંકે, અને બીજાના ઉપચારથી આવી શકે એવા અસદ્ગુણોની પણ પ્રશંસા કરે. પોતાના દોષો જાહેર કરે, ને બીજાના ઢાંકે, પણ જેઓ તેનાથી વિરૂદ્ધપણે એટલે પરની નિંદા અને આત્માની પ્રશંસા, પોતાના છતા દોષો ઢાંકવા, અને બીજાના અછતા દોષો આવા એ નીચ ગોત્ર બાંધવાનું જ કારણ છે. આ બધી વસ્તુસ્થિતિને સમજનાર સામાન્ય મનુષ્ય પણ ઉત્કૃષ્ટ એવા અને આખા ભવચક્રમાં આઠ જ મળી શકે એવા સાધુધર્મ ઉપર કેમ રાગ ન ધારે? અને તેથી જ મહારાજા શ્રી શ્રીપાળજી ગુણાનુરાગીની લાઈનમાં દાખલ થઈને હંમેશા સાધુધર્મના રાગદ્વારા એ ચારિત્રપદનું આરાધન કરે છે.

### તપ ઉદ્યાપન

## ઉજમણામાં ચન્દ્રવા પૂંઠિયા

ઉજમણાને અંગે જે ચન્દ્રવા વિગેરે ભરાવવામાં આવે છે તે રીતિ નવી નથી, કેમકે, "શ્રાદ્ધવિધિ" અને ધર્મસંગ્રહ સરખા પહેલાના ગ્રન્થોમાં ચન્દ્રવા આદિ ઉપકરણો દહેરા વિગેરે માટે જણાવવામાં આવેલ છે, અને વસ્તુતાએ વિચારીએ જિનેશ્વર મહારાજની પાછળ ભામંડળ રહેતું જ હતું. તો પછી સામાન્ય સોના રૂપાના કસબથી ભરેલા ચન્દ્રવા ભગવાનની પૂંઠે બાંધવાને માટે તૈયાર કરાય તે

કોઈ પણ પ્રકારે અનુચિત નથી. ભગવાન શ્રી ગૌતમ સ્વામી વિગેરે ગણધર પણ જે વખતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શ્રી મહાવીર-મહારાજા વિગેરે જિનેશ્વર ભગવાનની પહેલા પહોરની દેશના દીધા પછી જ બીજા પહોરે દેશના આપે છે તે દેશનાના વખતે આવશ્યક નિર્યુક્તિકાર મહારાજ વિગેરે સ્પષ્ટપણે જણાવે છે કે, રાજાઓ તે દેશના માટે સિંહાસન લાવે અને તે સિંહાસન ઉપર ગણધર મહારાજાઓ બિરાજમાન થઈને દેશના આપે. જે રાજા મહારાજાઓ લાખો કરોડો સોનૈયા અને રૂપીઆ ભગવાન જિનેશ્વરની વધામણીમાં આપે, તે રાજા મહારાજાઓ ગણધર મહારાજાને માટે જે સિંહાસન લાવે, તે સિંહાસન ચન્દ્રોદય આદિ ઉપકરણવાળું હોય, તે સ્વાભાવિક છે. અને જે વખતે ગણધર મહારાજાની દેશના થાય, તે વખતે જો કોઇ પણ રાજા મહારાજા સિંહાસન લાવનાર નથી હોતા તો જિનેશ્વર ભગવાનની પાદપીઠ, કે જે રત્નથી જડેલી હોય છે, અને જે પાદપીઠ ઉપર બેસતાં જિનેશ્વર ભગવાનની રત્નજડિત વેદિકા જ પાછળ આવે છે. તે પીઠ ઉપર આચાર્ય મહારાજાઓના મૂળ પુરુષ ગણધર મહારાજા બિરાજમાન થતા હોવાથી અન્ય આચાર્યાદિક વ્યાખ્યાતાઓની પાછળ અને ઉપર પૂંઠિયા અને ચન્દ્રવા બંધાય તેમાં કોઇ પણ પ્રકારે અનુચિત નથી. પણ યોગ્ય ગુરૂભક્તિનો જ સદ્ભાવ છે.

**ઉજમણાના ચન્દ્રવા પૂંઠિયાની વ્યવસ્થા**

ચન્દ્રવા અને પૂંઠિયા ભરાવનારાઓએ તે ચન્દ્રવા

અને પૂંઠિયા ભરાવવાને માટે ખર્ચેલી રકમ ધર્મ માર્ગને માટે ખર્ચેલી છે. એમ ગણી લેવું. અને તેથી વાસ્તવિક કોઈ પણ ઉજમણા કરનારને તે ચન્દ્રવા પૂંઠિયા પોતાના ઘરમાં કે પોતાની માલિકીના રાખવા જોઈએ નહિ. પણ દહેરાસર ઉપાશ્રય વિગેરે સ્થાનકોએ મૂકીને શ્રી સંઘની સત્તામાં આપી દેવા જોઈએ. કેટલીક વખત ઉજમણા કરનારા મનુષ્યો તે ચન્દ્રવા પૂંઠિયા પોતાને ઘરે રાખે છે, અને પરિણામે પોતાની કે પોતાના પુત્ર વિગેરેની કોઈ લાભાન્તરાય કર્મના ઉદયે પોણી સોળ આના જેવી દશા થાય ત્યારે કેટલીક વખત તો, તે ચન્દ્રવા પૂંઠિયા "ભૂખી કૂતરી બચુડીયા ખાય" તેની માફક વેચી ખાવાનો પ્રસંગ આવે છે. માટે દરેક ઉજમણું કરનાર ધર્મપ્રેમીને એ જરૂરી છે કે, પોતાના આત્માને અને પોતાના કુટુંબને ડૂબાડવાનો પ્રસંગ ન આવે, અને ધર્મની હેલનાનો પણ પ્રસંગ ઉભો ન થાય, તે માટે ઉજમણાના ચન્દ્રવા વિગેરે કોઈ પણ ચીજ પોતાના ઘરે કે, પોતાની માલિકીમાં રાખવી જ નહિ. વળી તે ઉજમણાના ચંદ્રવા પૂંઠિયા વિગેરે સામાન પોતાના ગામમાં કે, બીજા ગામમાં આપતી વખતે તેની અછત કયાં છે ? અગર જરૂરીયાત કયાં છે ? તે વાતનો ઉજમણું કરનારે પૂરેપૂરો ખ્યાલ રાખવો જોઇએ. ઉજમણું કરનારા લાગતા વળગતાઓએ તે ઉજમણું કરનારની ઉદારતા દેખીને પોતે કોઈ પણ અંશે ઉદાર થવું જોઈએ, અને દરેક સંબંધિઓના તરફથી ચંદ્રવા પૂંઠિયાની સામગ્રી દાખલ થયેલી હોવી

જોઇએ, અને તેઓની પણ તે સામગ્રી જે સ્થાને જરૂરી હોય, અને અછત હોય ત્યાં જ આપવી જોઇએ.

ઉજમણાના સામાનમાં પણ "હક્ક" ની હાકલ ન જોઈએ, ને બગાડ ન થવો જોઇએ.

કેટલીક વખત ઉજમણું કરનારાઓ જે ઉપાશ્રયે બેસતા હોય છે, જે ગચ્છના હોય છે, કે જે દેહરે પૂજા કરતા હોય છે. તે ઉપાશ્રય, ગચ્છ અને દહેરાવાળાઓ તે ઉજમણાના ચન્દ્રવા પૂંઠિયા વિગેરે સામાનને હક્ક કરીને લેવા માગે છે. પણ તે વસ્તુ કોઈ પણ પ્રકારે તેઓને શોભા દેનારી નથી. તેમાં વળી કેટલીક વખત તો કેટલાક ઉપાશ્રય વિગેરેના અધિકારીઓ એવી અનુચિત સ્થિતિવાળા હોય છે કે, નવા નવા ચન્દ્રવા પૂંઠિયા ભેળા કર્યે જ જાય છે. પણ તે અધિકારીઓએ ખરેખર તો એમ જ વર્તવું જોઇએ કે, ઉજમણું કરનાર જે ચન્દ્રવા પૂંઠિયા વિગેરેને જ્યાં યોગ્ય દેખે ત્યાં આપે. અને ઉજમણું કરનાર હક્ક તરીકે નહિ, પણ જરૂરી અગર દેહરા કે શ્રી સંઘની શોભાની ખાતર તે ચન્દ્રવા પૂંઠિયા કોઇ પણ યોગ્ય દહેરા ઉપાશ્રયમાં આપી દેવા જોઈએ. પણ જો અધિકારિઓ તેવી ઉદારતા ન બતાવે, અને નવા નવા ચન્દ્રવા પૂંઠિયા લઇ પહેલાના ચન્દ્રવા પૂંઠિયાઓને પેટી પટારામાં સંગ્રહીને જો તેને સડાવવાનો કે બગાડવાનો પ્રસંગ ઉભો કરે, તો ઉજમણું કરનારે ધ્યાન રાખવું જોઈએ કે ચન્દ્રવા પૂંઠિયા વિગેરેને દેવદ્રવ્ય કે ધર્માદા મિલ્કતનો તે અધિકારી નાશ કરનારો થઇને ડૂબ-

નાશ છે. અને તેથી અધિકારીઓને એ જ યોગ્ય છે, કે નવા આવેલા ચન્દ્રવા પૂંઠિયાઓમે બીજા દહેરા કે ઉપાશ્રયે ન આપી શકે તો પહેલાના ચન્દ્રવા પૂંઠિયા વગેરે તો બીજા દેહરા ઉપાશ્રયે જરૂર આપી દેવા જોઇએ. અધિ-કારિઓએ ધ્યાન રાખવું જોઇએ કે, બધા ઉપાશ્રયે અને બધા ગામે અને દરેક વખતે ચન્દ્રવા પૂંઠિયા વિગેરેનું ઉજમણું કરનારા હોતા નથી, અને તેથી જે જે નાના કે મોટા દેહરામાં નાના કે મોટા ઉપાશ્રયમાં ચન્દ્રવા ન હોય, ત્યાં તે ચંદ્રવા પૂંઠિયા આપવાથી પોતે ધર્માદા મિલકતનો નાશ કરનારપણામાંથી બચે છે. અને તે તે ગામોની પ્રજામાં ધાર્મિક ઉલ્લાસ અને ધાર્મિક બહુમાનને પ્રવર્તાવનારા થાય છે. ચન્દ્રવા પૂંઠિયા પહેલાના છે. નવા આપવામાં લાગવગ-વાળાની લાગણી ઉપર ધ્યાન નહિ આપતા જે જે જગા ઉપર જરૂરી હોય! ધર્મનો ઉલ્લાસ વધારે હોય! અને તેની અછત મટી ન શકે એવું હોય! તેવી જગા પર આપવામાં એ જ ચન્દ્રવા પૂંઠિયાને અંગે વિવેક કરેલો ગણાય.

## ચન્દ્રવા પૂંઠિયાના આલેખો (ચિત્રો) સંબંધી

આજ કાલ ચન્દ્રવા પૂંઠિયામાં પૂજ્ય પદાર્થોના આલેખો કરવામાં આવે છે, અને તે આલેખોમાં કેટલાક સમજુ ગણાતા મનુષ્યો સ્હાયક બને છે, પણ તેઓએ તેવા આરાધ્ય પુરુષોના ચન્દ્રવા પૂંઠિયામાં આલેખો કરવા તે કોઇપણ પ્રકારે ઉચિત નથી, કેમકે ચન્દ્રવા પૂંઠિયા વગેરે ત્રિલોકનાથ તીર્થંકર

ભગવાનના અને વર્તમાન સાધુના બહુમાન અને શોભાને માટે ઉપયોગમાં લેવાના હોય છે. તો તેવા સાધનોમાં પૂજ્ય અને આરાધ્ય પુરુષોને રમકડાની કોટિમાં મેલવા (મૂકવા) જેવું છે. તેમાં વળી વર્તમાનકાળના સાધુઓની પાછળ તે ચંદ્રવા પૂંઠિયા બાંધવામાં આવે તો વર્તમાનકાલીન સાધુઓએ ખરેખર વિચાર કરવો જોઇએ, અને તેમો સ્પષ્ટ શબ્દોમાં નિષેધ કરવો જોઇએ.

શ્રી ભરત મહારાજા અને શ્રી બાહુબળજી મહારાજા સરખા અવ્યાબાધપદને પામનારાં તથા શ્રી વજ્રસ્વામિજી મહારાજા સરખા શાસનમાં અદ્વિતીય પ્રભાવક પુરુષો જે ચન્દ્રવા પૂંઠિયામાં આલેખાયેલા હોય, તે ચન્દ્રવા પૂંઠિયા વર્તમાનકાળના ચારિત્રથી તદ્દન શિથિલતાવાળા સાધુ મહાત્માઓ પૂંઠે બાંધવામાં ઉપયોગ કરી તેવા મહાપુરુષોને પૂંઠ દઇને બેસે તે એક વિવેકની કણી વાળાને પણ છાજતું નથી. વળી શ્રી જિનેશ્વર મહારાજના મંદિરમાં પણ તેવા મહાપુરુષોના આલેખવાળા ચંદ્રવા ઉપકરણ તરીકે અને સાધન તરીકે રહે, તે આરાધ્ય અને આરાધનાના સ્વરૂપને જાણનારાઓ માટે લાયક નથી જ. આરાધ્ય પુરુષોના આલેખનો ઉપયોગ સાધન તરીકે કે ઉપકરણ તરીકે થાય તે કોઇ પણ પ્રકારે ઉચિત ગણાય નહિ. કેટલાકોની એવી ધારણા હોય છે કે, ચંદ્રવા માથા ઉપર બંધાતા હોવાથી તથા પૂંઠિયામાં પણ પૂંઠ આવે તેટલો ભાગ કોરો રાખીને બાકીના ભાગમાં પૂજ્ય પુરૂષોના આલેખ કરવામાં આવે તો, તેમાં આશાતનાનો સંભવ નથી. આવું કહેનારા-

ઓએ સમજવું જોઈએ કે, આરાધ્ય પુરુષોના આલેખો માથા ઉપર રહેતા હોય? કે ચંદ્રવામાં પૂંઠ લાગે તેટલો ભાગ ટાળીને બાકીના પૂંઠિયા કરવામાં આવે તો તેમાં પૂંઠ કરવાનો દોષ ન લાગે, પણ તે આરાધ્યની આરાધનાને અંગે ઉપકરણપણું થઈ જાય, એ ઓછું શોચનીય નથી. વાસ્તવિક રીતે ચંદ્રવા પૂંઠિયાની અંદર ઈંદ્ર, સૂર્ય, ચંદ્ર આઠ પ્રાતિહાર્ય વિગેરેના આલેખો થાય અગર વૈરાગ્યદર્શક આલેખો કરવામાં આવે તે જ ઉચિત ગણાય.

### ચન્દ્રવા આદિના માપો

ચંદ્રવા અને પૂંઠિયા કરાવનારાઓએ જે દહેરા અગર ઉપાશ્રયમાં આપવાનો વિચાર કર્યો હોય? તે દહેરા અગર ઉપાશ્રયના પીછવાઈના માપથી ચંદ્રવા પૂંઠિયા કરાવાય, તો કેટલીક વખતે ચંદ્રવા પૂંઠિયા સારા છતાં, પણ સારે સ્થાને બાંધવામાં તેની નિરુપયોગિતા થાય છે, તે થવાનો વખત ન આવે.

આવી રીતે તપ અને ઉદ્યાપન માટે ઘણા વિસ્તારથી લખાયેલું છે, છતાં જેઓ આ લેખને આદ્યન્ત વાંચી વિચારી પોતાની શ્રદ્ધા અને કરણીમાં ઉતારશે, કે બીજાને સમજાવી ઉતારવા પ્રયત્ન કરશે તો અમારો આ પ્રયત્ન સફળ થયેલો ગણીશું. મતિમંદતાથી કે અન્ય કોઈ કારણથી શાસ્ત્ર વિરુદ્ધ લખાયું હોય તેનો મિચ્છામિ દુક્કડં દેવા સાથે શાસનની જયપતાકાની અભિલાષા રાખીને આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

વિક્રમ સં. ૧૯૮૫ ના ચૈત્ર શુદિ ૧૩ દિનના પ. પૂ. આગમોદ્ધારક મહારાજ સાહેબના પ્રવચનનું અવતરણ.

શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિજી ફરમાવે છે કે, "જે દિવસે જિનેશ્વરોના જન્માદિ થયેલા હોય તે કલ્યાણક કહેવાય છે." તે તે દિવસે જૈન નામ ધરાવનારે પૂજા, પોષધ, સામાયિકાદિ વિશેષ પ્રકારે કરવા જોઈએ. અન્ય દિવસોમાં કરાતા પૂજા આદિ કાર્યો પણ કલ્યાણકને દિવસે કરે તો જ લેખે લાગે. જેમ "દશેરાએ ઘોડો ન દોડયો તે દોડયો નહિ" એમ લૌકિક કહેવત છે. તેથી તે દિવસે વિશેષ ધર્મ કરવો જોઈએ.

પ. પૂ. આગમોદ્ધારક મહારાજ સાહેબે વર્ષો પહેલાં યુવાનોને કરેલ માર્મિક ઉદ્બોધન

(૧) દરેક કેળવણી રસિક ગ્રેજ્યુએટ પોતાની આવકનો નિશ્ચિત ભાગ તેણે કરવા ધારેલી વ્યાવહારિક કેળવણીની સાથે શુદ્ધ ધાર્મિક કેળવણી પાછળ ખર્ચવો.

(૨) જે કોઈ સ્થાવર મિલ્કત વસાવે, ત્યારે તેની કિમ્મતનો દશમો ભાગ પોતાની જાતના બેકારોની બેકારી ટાળવા માટે ખર્ચવો.

(૩) જ્યારે મોટર વાહન કે આભૂષણ ખરીદો ત્યારે તેનો દશમો ભાગ તમારી જ્ઞાતિના દુઃખી ભાઈઓના નિર્વાહ માટે કાઢવો.

(૪) તમારા મંડળમાં એક વિચાર ઉભો કરી, સધવા

કે વિધવા બાઈઓની મૂડી સુરક્ષિત રહે, અને પહેલો હક્ક તેની વસુલાતમાં રહે એવો કાયદો કરવો.

(૫) બેંક અને બજાર વિગેરેમાં સધવા કે વિધવાની રકમના વ્યાજનો દર એક આનો વધુ રાખવો.

(૬) હોટલો નાટક અને સિનેમા જેવા બીજા ફાલતુ ખર્ચના સાધનો બંધ કરાવવા.

આવા કાર્યોમાં તમારો પ્રયત્ન થશે તો, અત્યાર સુધી તમારી ધર્મ વિરોધી પ્રવૃત્તિથી નિષ્ફળતા અને નિર્ધનતા થઈ છે, તે નહિ થાય, અને તમે જગતમાં હીરા માણેક જેવા ચમકતા થશો, અને જેઓને તમો રૂઢિચુસ્તો કહીને નિંદો છો, તેઓનો પણ ખરેખરો સહકાર મેળવી શકશો.

પ. પૂ. આગમોદ્ધારકશ્રીજી મહારાજા સાહેબ શ્રી પર્યુષણા અષ્ટાહ્નિકા વ્યાખ્યાન પત્રાંક–૪૭/૪૮ થી અવતરણ.

જેઓ બારવ્રત ધારણ કરનારા અઠ્ઠાઈ પર્વ આરાધનારા છે. તેવાઓએ એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ ક્રીશ્ચિયન મુસલમાન હિંદુની રીતિ જાણો છો ? અને તમારી રીતિ જાણો છો ? ક્રીશ્ચિયનો રવિવારે ધંધો બંધ કરે છે. પરમેશ્વરે જગત કરતાં રવિવારે વિસામો લીધો હતો. તે ખ્હામે તેઓ રવિવારની રજા રાખે છે. મુસલમાનો શુક્રવારે, હિંદુઓ સોમવારે રજા રાખે છે. બાર મહિને તેઓને બાવન (૫૨) ચોપન (૫૪) દહાડા રજાના આવે. તમારે રજાના કેટલા દિવસો છે ? તમો કેટલા દહાડા રજા રાખો

છો ? તમે કયા વર્ણમાં ? તમે શામાં ? વર્ણમાં જ નહિ. એ લોકોમે વાર પર તત્ત્વ છે. જે લોકો ઇતિહાસ અને જ્યોતિષ જાણનારા છે, તેઓ કબુલ કરશે કે, વારની ગણતરી અસલની નથી. મહિના તિથિ વર્ષ આ જૂના શિલાલેખમાં છે. વારની કલ્પના પાછળની છે. તિથિની રજાવાળાઓની રજા દેખીને, પોતાને વારની રજા રાખવી પડી છે. આઠમ ચૌદશ એટલે દરેક પખવાડિયાની આઠમ ચૌદશ. તે પ્રમાણે મહિનાની બે આઠમ બે ચૌદશ તે તમારી તિથિઓ મુકરર હતી.

## ૫. પૂ૦ આગમોદ્ધારક મહારાજ સાહેબ

### અણમોલ મોતિ

(૧) કર્મક્ષય ધ્યેયને કેન્દ્રમાં રાખી સઘળી પ્રવૃત્તિ કરે તે જૈન,

(૨) સંવર નિર્જરાને ઉપાદેય, અને આશ્રવ બંધને હેય માને તે જૈન.

(૩) વીતરાગ પ્રભુની આજ્ઞાને સર્વસ્વ ગણે તે જૈન.

(૪) સ્વદોષ દર્શન અને પરગુણાનુમોદના આત્મશુદ્ધિનો રાજમાર્ગ છે.

(૫) જ્ઞાનિ-નિર્દિષ્ટ ક્રિયાઓ ઉપર આદર જીવન શુદ્ધિનો પાયો છે.

# * સાગર સમાધાન *

## પ. પૂ. આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ

પ્રશ્ન :—૬૯૨—સાતક્ષેત્ર કયા અને તેમાં ધન વ્યય કરવા માટે સાધુઓ ઉપદેશ આપે કે આદેશ કરી શકે ?

સમાધાન :—જિનમંદિર, જિનમૂર્તિ, જ્ઞાન અને ચતુર્વિધ સંઘ (સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા) એ સાતક્ષેત્રો છે. જૂના ચૈત્યોનો ઉદ્ધાર કરવો કે નવા ચૈત્યો ( દહેરાં ) બનાવવા તે ચૈત્યક્ષેત્ર કહેવાય. ચૈત્ય અને મૂર્તિ એ બંનેને માટે વપરાતું દ્રવ્ય તે બેય ક્ષેત્રમાં સરખાવટ હોવાથી પરસ્પર વાપરી શકાય છે. અને તેથી જ દેવદ્રવ્યની વ્યાખ્યા કરતી વખતે શાસ્ત્રકારો ચૈત્યદ્રવ્ય, દેવદ્રવ્ય, જિનદ્રવ્ય વિગેરે શબ્દો વાપરે છે. જો કે ચૈત્ય અને મૂર્તિ એ બંને સંબંધી દ્રવ્યને દેવદ્રવ્ય કહેવાય છે. અને તેથી તે બંનેનું ક્ષેત્ર એક જ કરીને દેવ એવું ક્ષેત્ર કર્યું હોય તો ચાલી શકત, પણ ચૈત્ય અને મૂર્તિના ક્ષેત્રમાં સ્વતંત્ર ખર્ચ કરવાની યોગ્યતાની અપેક્ષાએ તે બે ક્ષેત્રો જુદા રાખવામાં આવ્યાં છે. વળી દરેક શ્રાવકે સો સોનૈયા જેટલી પોતાની મિલ્કત થાય ત્યારે પોતાના ઘરમાં દહેરાસર કરવું જ જોઈએ.

એ વાતનો ખ્યાલ પણ ચૈત્યક્ષેત્ર જુદું રાખવાથી આવી શકે છે. વળી ભગવાનની ત્રિકાળ પૂજા કરવાવાળો શ્રાવક પોતાના દ્રવ્યનો દેવદ્રવ્યમાં ઉપયોગ કરે છે.—

એવો ખ્યાલ પણ મૂર્તિનામનું ક્ષેત્ર જુદું રાખવાથી આવી શકે છે.

ભગવાનના શાસનનો પૂરો આધાર જીવાજીવાદિ તત્ત્વોના જ્ઞાન પર હોઈ પુસ્તકોનો ઉદ્ધાર કરવો, લખાવવાં કે સાચવવાં વિગેરેને અંગે થતો વ્યય જરૂરી હોઈ જ્ઞાનનામનું ક્ષેત્ર જુદું રાખેલું છે.

આ ત્રણે ક્ષેત્રો (ચૈત્ય, મૂર્તિ અને જ્ઞાન) માં, નવીન ઉત્પત્તિ, જૂનાની સંભાળ કે જીર્ણનો ઉદ્ધાર કરાય તે યોગ્ય છે. તેવી જ રીતે ચતુર્વિધ સંઘને અંગે સાધુ—સાધ્વી, નવી દીક્ષાઓ, દીક્ષિતોને અશન, પાન, ખાદિમ, વસ્ત્રપાત્ર, કંબલ, ઔષધ આદિનું દાન વિગેરે કરાય. તે સર્વ સાધુ સાધ્વીના ક્ષેત્રમાં વ્યય થયા સમજવાં, તેવી જ રીતે શ્રાવક-શ્રાવિકાને ધર્મ પમાડવો, ધર્મમાં સ્થિર કરવા, ને અન્ય લોકો પણ ધર્મની અનુમોદના કરે તેવી રીતે તેઓની ભક્તિ કરવામાં જે ધનનો વ્યય થાય તે શ્રાવક શ્રાવિકાક્ષેત્રમાં ધનનો વ્યય ગણવો.

સાધ્વી અને શ્રાવિકા અનુક્રમે સર્વવિરાત અને દેશ-વિરતિવાળી છતાં પણ સ્રીપણાના કેટલાક સ્વાભાવિક દોષોને લીધે તે અવગુણો તરફ બહુમાનની નજર ન રહે તેવો અવિવેક ટાળવા માટે સાધ્વી અને શ્રાવિકાનું ક્ષેત્ર જુદું ગણવાની જરૂર પડી છે. ઉપર જણાવેલા સાતક્ષેત્રોમાં ધન વ્યય કરવા માટે ઉપદેશ દેવો એ દરેક ઉપદેશકનું કર્તવ્ય છે.

યાદ રાખવું કે એક પણ ક્ષેત્રના ભાગે કોઈને પોષવાનો ઉપદેશ અપાય તો તે ઉપદેશ શાસ્ત્રાનુસારી કહી શકાય નહિ. પદાર્થના નિરૂપણમાં જેમ એક પણ ધર્મને ઓળવે તો તે નયાભાસનો ઉપદેશ કહેવાય છે, અને એક ધર્મની પ્રધાનતાએ અપાતો ઉપદેશ નયમાર્ગ ઉપદેશ કહેવાય છે, પણ સર્વધર્મોની અપેક્ષા રાખીને અપાતો ઉપદેશ જ યથાર્થ ઉપદેશ કહેવાય.

કોઈપણ ક્ષેત્રમાં દુર્લક્ષ્ય કરાવીને કે ઉઠાવીને જે ઉપદેશ અપાય તે ઉપદેશ કહેવાય જ નહિ. જૈનશાસ્ત્રમાં અખિલ કાર્યો ભવ્યજીવોએ પોતાની ઇચ્છાથી જ કરવાના છે. અને તેથી જ વંદના સરખા કાર્યમાં પણ શાસ્ત્રકારોએ ઈચ્છાકારેણનો પાઠ રાખી ઈચ્છકાર નામની સમાચારી સૂચવી, મુખ્યતાએ બળાત્કારને સ્થાન નથી એમ જણાવેલું છે. તો પછી સાતક્ષેત્રમાં દ્રવ્ય વાપરવા માટે કે બલાભિયોગ ન હોય તે સ્વાભાવિક જ છે. તેથી બીજા પ્રયોજનોની માફક આ સાતક્ષેત્રને અંગે પણ સાધુનો અધિકાર માત્ર ઉપદેશનો જ હોઇ શકે.

(જો કે ચૈત્યદ્રવ્યના ગામ-આયો વિગેરે કોઇ રાજા આદિક મનુષ્યે હરણ કર્યા હોય, અગર હરણ થતાં હોય, તેની ઉપેક્ષા થતી હોય તેનું નિવારણ કરવાની ફરજ ગચ્છની અંદર રહેલા સાધુઓ, અને ગચ્છથી નિરપેક્ષ પણે વિચરતા સાધુની પણ છે, તો પણ તે ફરજ બતાવનાર ગાથાની જોડે જ એમ જણાવવામાં આવ્યું છે કે, તે જ ચૈત્યાદિકને માટે નવા માગવાના કે ઉત્પત્તિના કાર્યો

કરતાં સાધુઓના મહાવ્રતની શુદ્ધિ રહે નહિ. માટે સાધુઓએ સાતક્ષેત્ર અને શ્રોતાના ઉદ્ધારની અપેક્ષાએ માત્ર ઉપદેશ જ કરવો યોગ્ય છે. )

( સુઘોષા નવેમ્બર ૧૯૬૭માંથી ઉદ્ધૃત )

પ. પૂ. આગમોદ્ધારક મહારાજ સાહેબ

( "સિદ્ધચક્ર" માસિકમાંથી ઉદ્ધૃત )

# એક પ્રશ્નનું સમાધાન

પ્રશ્ન—એક ઘરમાં દશ માણસ હોય, તેમાં કેટલાક પાપી હોય અને કેટલાક ધર્મી પણ હોય, તો પાપીએ કરેલાં પાપથી ધર્મી લેપાય ખરા ?

સમાધાન—શાસ્ત્રકારો મન વચન કાયાથી જેમ પાપને કરવું અને કરાવવું એ બંનેનો નિષેધ કરે છે, તેવી જ રીતે પાપની અનુમોદનાનો પણ નિષેધ જ કરે છે, અને અનુમોદના શાસ્ત્રકારો ત્રણ પ્રકારે જણાવે છે.

જે કોઈપણ જીવ આપણા પ્રસંગમાં આવેલો હોય, અને તે જે કાંઇ પાપ કરે ( જો કે તે પાપ કરવાનું આપણને કહ્યું ન હોય છતાં ) તેનો નિષેધ ન કરીએ તો આપણને અનુમોદના નામનો દોષ લાગે. ( આજ કારણથી ઉપદેશકની પાસે આવેલા અગર તેના પ્રસંગમાં આવેલા જે જે મનુષ્યો હોય તેને તેને તે ઉપદેશક મહાત્માએ સર્વ પાપોનો સર્વથા ત્યાગ કરવાનો ઉપદેશ જ કરવો જોઇએ અને આજ કારણથી શાસ્ત્રકારો સર્વ પાપોના સર્વથા

પરિહાર રૂપી સર્વવિરતિનો ઉપદેશ આપ્યા સિવાયના દેશ વિરતિ આદિનો ઉપદેશ આપવામાં આવે તો, ગૃહસ્થપણામાં રહેલા દેશવિરતિ વાળાએ કરેલા પાપોની અનુમોદનાનું પાપ ઉપદેશકને લાગે એમ સ્પષ્ટપણે કહેલું છે.

જો કે સર્વ પાપોના ત્યાગ અને ફળનું સ્વરૂપ જેણે યથાસ્થિત જાણ્યું છે, અને સર્વ પાપોની વિરતિરૂપ સર્વ-વિરતિ આદરવાને કે દેશથી પાપોનો વિરામ કરવો તે રૂપ દેશવિરતિ આદરવાને પણ અશક્ત હોઇ દેશવિરતિ કે સમ્યક્ત્વ આદર્યું હોય તેવા શ્રાવકોને તો ઉપદેશકો શ્રાવકની યોગ્યતા અનુસારે માર્ગાનુસારી, સમ્યક્ત્વ, દેશ વિરતિ કે સર્વવિરતિપણાનો યથારુચિ ઉપદેશ ક્રમે કે ઉત્ક્રમે આપી શકે છે, અને તેથી જ તેવા જીવોને ઉદ્દેશીને પંચાશક, ધર્મબિન્દુ, શ્રાવકધર્મ પ્રકરણ, શ્રાદ્ધવિધિ કે ધર્મસંગ્રહ વિગેરે ગ્રંથો રચવામાં આવેલા, પણ તે સર્વ ગ્રંથોમાં એ વાત તો સ્પષ્ટ જ કરવામાં આવી છે કે સર્વ પાપની નિવૃત્તિરૂપ યતિધર્મને લેવા માટે અશક્ય હોય તેવાઓને જ દેશવિરતિનું ગ્રહણ હોય છે, તથા દેશથી પાપની નિવૃત્તિરૂપ દેશવિરતિ ગ્રહણ કરવાને અસમર્થ મનુષ્યોને જ એકલું સમ્યક્ત્વનું ગ્રહણ વિગેરે હોય છે, તેમ સ્પષ્ટ કરે છે.

આ બધી વસ્તુસ્થિતિ જોનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે પોતાના ઘરમાં સાથે રહેનારા કુટુંબિજનો તો શું પણ સામાન્ય સંબંધવાળા કે લાગવગવાળા જીવો તે પણ

તેઓ જે પાપ કરે તેમનાથી રોકવા માટે પ્રયત્ન ન કરાય તો તે પાપ નહિ કરનારા મનુષ્યને પણ અનિષેધ નામની અનુમતિ લાગી પાપ લાગે છે.

આજ કારણથી દરેક સમ્યક્ત્વવાળો મનુષ્ય "મા કાર્ષીત્ કોઽપિ પાપાનિ" એટલે જગતનો કોઈપણ જીવ પાપનાં કાર્યો ન કરો; એવી ભાવના તથા તેવી ઉદ્‌ઘોષણા સતત પ્રવૃત્ત રાખે છે. આવી અનિષેધ અનુમોદનાની માફક બીજી પ્રશંસા નામની અનુમોદના શાસ્ત્રકારો જણાવે છે. પાપ કરવામાં સાગરિત થનારા જેમ સ્પષ્ટપણે પાપના ભાગી હોય છે તેમ પાપ કરતી વખતે પાપમાં મદદગાર નહી બનનારો પણ મનુષ્ય પાપનું કાર્ય થઇ રહ્યા પછી પણ ફળભોગ કે વચન દ્વારા એ પણ તે કાર્યને વખાણે તો તે વખાણનાર મનુષ્યને તે થએલા પાપકાર્યની પ્રશંસા નામની અનુમોદના ગણવામાં આવે છે.

આવી જાતની અનુમોદના લોકોમાં પ્રસિદ્ધ હોવાથી ઘણાં મનુષ્યો યથાવસ્થિત વસ્તુના બોધને અભાવે પૂર્વે જણાવેલી અનિષેધ અનુમોદનાને, કે આગળ જણાવીશું તેવી સહવાસ અનુમોદનાને, અનુમોદના રૂપે બોલતા નથી અને ગણતા નથી પણ માત્ર આ પ્રશંસા અનુમોદનાને અનુમોદના રૂપે ગણે છે. આ પ્રશંસા અનુમોદનાના નિષેધ માટે જ યોગબિંદુકાર ભગવાન્ હરિભદ્રસૂરિજીએ માતાપિતા આદિનું મરણ થયા છતાં પણ તેમનાં વસ્ત્ર આભૂષણના ઉપભોગનો નિષેધ કરેલો છે. અને તેમના વસ્ત્ર આભૂષણનાં ઉપભોગ

કરનારને મરણના ફળનો ઉપભોગ કરનાર ગણી માતાપિતા આદિના મરણની અનુમોદનાવાળો ગણેલો છે. અને તેથી તે જ શાસ્ત્રમાં તે માતાપિતાદિના વસ્ત્ર આભૂષણને તીર્થક્ષેત્રાદિમાં ખર્ચી નાખવાનું જણાવેલું છે.

આ સહવાસ નામની અનુમોદનાથી લાગતા પાપની નિવૃત્તિ માટે જ તીર્થંકર ગણધર આદિ મહાપુરૂષોને પણ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સાધુતા ગ્રહણ કરવાની વિશેષ જરૂર હોય છે. આ વસ્તુ સમજનારો મનુષ્ય જેટલો અવિરતિમાં રહે તેટલું વધારે વધારે કર્મ બંધાય એવું શાસ્ત્રોક્ત યથાસ્થિત કથન સ્હેજે માની શકાશે. આ ત્રીજી સહવાસ અનુમોદનાના ભેદને સમજનારો મનુષ્ય પોતાના કુટુંબિજનમાંથી કોઈએ પણ કરેલા પાપની અનુમોદનાના દોષોના ભાગીદાર કુટુંબના સમગ્રજન બને છે, એમ સ્પષ્ટ સમજી શકશે. (આવા જ કારણથી ગૃહસ્થાશ્રમમાં રહીને ઉત્તમમાં ઉત્તમ ગૃહસ્થલાયક ધર્મકરણી કરવાવાળો પણ પાપને અંગે માત્ર ખાળે ડૂચા મારે છે. પણ મોટા દરવાજા ખુલ્લા રાખે છે; અને આ કારણથી દેશવિરતિના ઉત્કૃષ્ટ સ્થાન કરતાં પણ પ્રમત્તસંયતના જઘન્ય સ્થાનમાં અસંખ્યગુણ નિર્જરા જે શાસ્ત્રકારોએ ફરમાવી છે, તથા સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઉત્કૃષ્ટ દેશવિરતિની પ્રાપ્તિ માટે ખપાવાતી કર્મસ્થિતિ કરતાં વધારે ખપાવે ત્યારે જ પ્રમત્ત ચારિત્રની પણ પ્રાપ્તિ થાય એ વાત સ્પષ્ટપણે સમજાશે.)

( 'સિદ્ધચક્ર' માસિકમાંથી )

# સાધર્મિક ભક્તિનું મહત્વ

આપણી સંસ્થા સાધર્મિકની સેવામાં શુભ ઉદ્દેશ ધરાવતી હોવાથી પરમપૂજ્ય, આગમોદ્ધારક, ધ્યાનસ્થ સ્વર્ગત આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજાએ મહેસાણામાં સંવત ૧૯૯૧ ના કાર્તિક વદિ ૧ ના રોજ આપેલ વ્યાખ્યાનમાંથી "સાધર્મિક ભક્તિ" અંગેનું પ્રવચન.

## સારભૂત વચનામૃતો

(૧) શ્રદ્ધા, વિવેક અને ક્રિયા વડે જે યુક્ત હોય તે શ્રાવક.

(૨) સંસારમાં સાધર્મિકનો સંબંધ મળવો અતિ દુર્લભ છે.

(૩) ચૈત્ય મૂર્તિ, જ્ઞાન, સાધુ-સાધ્વી એ બધી જોગવાઈ મળી છે તે સાધર્મિકના ભાગ્યે જ મળી છે.

(૪) સાધર્મિકનો સંબંધ ન મળે, તો આપણો ધર્મ ટકવો તે પણ મુશ્કેલ છે.

(૫) ચોવીશ કલાક ધન ખર્ચી શકાય તેવું સ્થાન, જો કોઈ હોય, તો તે સાધર્મિક સ્થાન છે.

(૬) સાધર્મિક વાત્સલ્ય ન કરનારને પ્રાયશ્ચિત્ત લાગે છે.

(૭) સાધર્મિક ભક્તિ કરી જમાડનારને જમનાર ફળ આપી જાય છે. જમાડનારે તીર્થંકર ગોત્ર બાંધ્યાનું દૃષ્ટાંત છે.

### સાધર્મિક ભક્તિ.

લક્ષ્મી નાશ પામવાવાળી નક્કી છે, તો તેનો ઉપયોગ જરૂર કરી લ્યો, ભાડુતી મકાન ખાલી કરતા પહેલાં કામ કરી લેવું જોઈએ. તેમ ઇત્વરિક એટલે થોડાકાળને માટે

પ્રાપ્ત થએલી લક્ષ્મી તેનો નાશ ન થાય, તે પહેલાં તેનો ઉપયોગ કરી લેવો જોઈએ. લક્ષ્મી ચાલી ગયા પછી ચાહે તેટલા વિચારો કરીએ તો કંઈ ન વળે, માટે રાંડયા પહેલાં ડહાપણનો ઉપયોગ કરી લેવો. સાધર્મિકવાત્સલ્ય શા માટે સૂચવ્યું ? ચોવીશ કલાક ધન ખર્ચી શકાય તેવું સ્થાન જો કોઈ હોય તો તે સાધર્મિકનું સ્થાન છે. સાધર્મિક દ્વારાએ જ આપણામાં ધર્મ રહ્યો છે. સાધર્મિક ન હોય તો આપણામાં ધર્મને રહેવાનું સ્થાન નથી.

ગામડામાં એકલા શ્રાવકને અંગે મંદિર કે ઉપાશ્રય હોતા નથી. સાધુનું રહેવાપણું કે ચોમાસું ત્યાં થતું નથી. જોડે બીજા સાધર્મિકો નથી, તેથી દેરાસર ઉપાશ્રય કે સાધુનો સંજોગ મળતો નથી. જે ચૈત્યની જોગવાઈ તે સાધર્મિકના જ ભાગ્યે. મૂર્તિની જોગવાઈ, જ્ઞાનની જોગવાઈ, સાધુ-સાધ્વીની જોગવાઈ એ બધી જોગવાઈ મળી છે તે સાધર્મિકના ભાગ્યે જ મળી છે. આપણે સર્વ જીવોની સાથે સર્વ પ્રકારના સાંસારિક સંબંધ અનંતી વખત મેળવ્યા છે, પણ સાધર્મિક સંબંધ હજુ મલ્યો નથી, એ મળવો દુર્લભ છે. ધર્મ ન પામે ત્યાં સુધી તમારો સાધર્મિક બને ક્યાંથી ? એને ધર્મ પામવો જેટલો દુર્લભ તેટલો તમને સાધર્મિક સમાગમ મળવો દુર્લભ છે. દુર્લભધર્મ મળે ત્યારે સાધર્મિક બને. આથી સંબંધ મળવો મુશ્કેલ. તે ન મળે તો આપણો ધર્મ ટકવો તે પણ મુશ્કેલ છે.

સાધર્મિક ભક્તિ-ઉપબૃંહણા-સ્થિરીકરણાદિ ન થાય તો દર્શનાચારનો અતિચાર.

જેમ સાધુને ગુરુકુળવાસ એ સાધુપણું ટકાવનાર છે, તેમ શ્રાવકને શ્રાવકપણું ટકાવનાર, સ્થિર રાખનાર સાધર્મિકસંબંધ છે. ઘણા સાધર્મિકો હોવાથી સાધુનું આવવું થાય છે આટલા માટે મહાશ્રાવક થાય તેણે શક્તિ પ્રમાણે ગુણના બહુમાનથી, વાત્સલ્ય કરવું જોઈએ. શાસ્ત્રકારોએ દર્શનાચારની અંદર એ વાત કહેલી છે. વાત્સલ્ય એ સમ્યક્ત્વવાળાની કરણી, તે કરણી ન કરે તો દોષ બીજી કરણીઓ છે. ગુરુની સામા જવું તે બધી સમ્યક્ત્વની કરણી છે. પણ આ કરણી એવી છે કે ન કરે તો દોષ, તેટલા માટે તેના અતિચારમાં દોષ ગણ્યો છે. સમ્યક્ત્વની ક્રિયામાં ચાર વસ્તુ ન કરાય તો દોષ. તેમ ઉપબૃંહણા સ્થિરીકરણ ન કરે તો દોષ; જેમ શંકાદિક કરે તો પ્રાયશ્ચિત્ત, તેમ ઉપબંહણાદિક ન કરે તો પ્રાયશ્ચિત, તેમ વાત્સલ્ય ન કરે તો પ્રાયશ્ચિત્ત. વ્રતની આલોચણ લઈએ છીએ. દર્શનાચારને અંગે આલોયણ કેમ નથી ગણાતી ? સાધર્મિક, વાત્સલ્ય ન કરીએ તો તેમાં આલોયણ. સ્વામિવાત્સલ્ય એ દર્શનાચારના આઠ આચાર માંહેલો એક આચાર છે.

निस्संकिय निक्कंखिय निव्वित्तिगिच्छा अमूढदिट्ठी अ ।
उववूहथिरीकरणे वच्छल्लपभावणे अट्ठ ॥

નિઃશંકિતઆચાર, નિષ્કાંક્ષિતઆચાર, નિર્વિતિગિચ્છા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના

એ દર્શનાચારના આઠ આચાર જાણવા. તે ન કરવામાં પ્રાયશ્ચિત્ત ગણાવ્યું. કહીએ તો તે આપણી ફરજ છે. આથી સાધર્મિકની કિંમત સમજાવી. દેવની મૂર્તિઓનો જોગ, ગુરુનો યોગ, જ્ઞાનનો યોગ, અને ગુરુની સ્થિરતાનો લાભ એ ભાગ્યશાળી સાધર્મિકોના સંજોગ છે, તેથી તે જરૂરી છે. કરવું તે ફરજ, ન થાય તેટલું દર્શનનું દૂષણ જાણવું. તે વાત ધ્યાનમાં રાખી સાધર્મિકવાત્સલ્યમાં જે પુણ્ય, જે લાભ છે તે "વચોઽતિગં" વચનમર્યાદાની બહાર છે. એનો મહિમા નિયમિત કહીએ તો દેવ, સાધુ, ધર્મશ્રવણ વિગેરેનો મહિમા ગૌણ પેટા ભેદમાં ચાલ્યા જાય તો કરવું શું? બધી વાતે સાધર્મિક ભક્તિ ચડીયાતી. ભક્તિ કરનાર ગૃહસ્થ હોય તો પણ ધન્ય છે. 'પણ' કેમ કહ્યું? આરંભાદિકમાં ખૂંચી ગએલા તેવાને વખાણવા શાને અંગે? ગૃહસ્થની વૈયાવચ્ચ, પ્રશંસા કરવાની મનાઈ છે, છતાં ભાગ્યશાળી કહીએ છીએ, સાધર્મિકવાત્સલ્ય કર્યા સિવાય ખાતા નથી, તે કરીને જ ખાય છે, તેથી ભાગ્યશાળી છે. ભોજન કરવાને અંગે સાધર્મિકને યાદ કરે, તે બીજું કર્તવ્ય. સાધર્મિકને અંગેનું શું નહિ કરે? અર્થાત્ બધું જ કરશે. તેથી ભાગ્યશાળી કહેવાય છે. જૈનશાસન પામી તમારી શક્તિને અનુસાર જરૂર સાધર્મિકભાઈનું વાત્સલ્ય કરો!

પુણિયા શ્રાવક જેવા નિર્ધનથી માંડી રાજા-મહારાજા અને ચક્રવર્તિઓએ સાધર્મિક ભક્તિ કરી છે.

પુણિઓ શ્રાવક રોજ સ્વામિભાઈને જમાડતો હતો.

ભરત ચક્રવર્તીએ પણ તેમ માટે રસોડા ખુલ્લા મૂકી દીધા હતા. કુમારપાળ રાજાએ પણ પોતાના રાજ્યમાં કોઈ પણ નવો સાધર્મિક આવે તેમ માટે ઘરદીઠ એક રૂપીઓ મે એક ઇંટ આપવાનું ઠરાવેલ હતું. આથી પાટણમાં તે વખતે સર્વે સુખી રહેતા. એક લાખ શ્રાવકના ઘર તે વખતે પાટણમાં હતા.

"સાહમ્મિના સગપણ સમું, અવર ન સગપણ કોય ।
ભક્તિ કરે સાહમ્મિતણી, સમકિત નિર્મળ હોય." ॥
જેટલા અક્ષર શ્રુતના ભણાવે, તેટલા વર્ષ હજારોજી ।
સ્વર્ગના સુખ અનંતા વિલસે, પામે ભવનો પારોજી ॥

સમાનધર્મિને જોઇને ખુશી થવું. તે દુઃખમાં હોય તો મુક્ત કરવો કે કરાવવો.

ઉદાયન રાજાએ અપરાધી ચંડપ્રદ્યોતનરાજાને સાધર્મિક જાણી કેદમાંથી છોડી દીધો. પજુસણ હોવાથી ઉદાયન રાજાને ઉપવાસ હતો, ત્યારે રસોઈયો ચંડપ્રદ્યોતનને પૂછવા ગયો કે આજે આપને માટે રસોઈ શું કરૂં ? રાજાને શંકા પડી કે કોઈ દિવસ પૂછતો નથી, ને આજે કેમ પૂછયું હશે ? તેથી રસોઇયાએ તેનું કારણ પૂછતાં જણાવ્યું કે આજે પજુસણ હોવાથી બધાને ઉપવાસ છે. ત્યારે ચંડપ્રદ્યોતન કેદમાં હતો, તે વાર પણ તેણે કહ્યું કે મારે પણ આજે ઉપવાસ છે. આ વાત રસોઇયાએ ઉદાયન રાજાને જણાવી. ત્યારે રાજાને એ જ વિચાર થયો, કે ઓહો હવે તો મારો સાધર્મિક થયો, માટે તે કેદમાં હોય તો મારા

પચ્ચુક્ખાણુ ઉજવ્યાં કહેવાય નહિ. તરત જ કેદમાંથી તેને છોડી દીધા છે. એવા એવા ઘણા દ્દષ્ટાંતો છે. શ્રીપાલરાજા અને મયણાસુંદરીને પણ મુનિચંદ્રસૂરિજી મહારાજે ઉપાશ્રય પાસેના શ્રાવકને ત્યાં મૂકેલા હતા. તે શ્રાવકો પણ તેની બહુ ભક્તિ કરતા હતા, ને પુણ્યઉપાર્જન કરતા હતા. સાધાર્મિક તરીકેની પોતાની ફરજ અદા કરવી જોઈએ.

## જમાડનારને જમનાર ફળ આપી જાય.

જમાડનાર કરતાં જમનાર પણ અધિક ફળ મેળવી જાય છે. અગાઉ એક સંઘવીએ સંઘ કાઢયો હતો, તેણે ગુરુમહારાજને પૂછ્યું કે આ મારા ખર્ચાએલા પૈસા લેખે ક્યારે લાગે? ત્યારે ગુરુમહારાજે તેને એ જ ઉપદેશ આપ્યો છે કે તું સાધર્મિક વાત્સલ્ય કર, અને જ્યારે ઉત્તમ સાધર્મિકનો જીવ તેમાં જમી જશે, ત્યારે તારા પૈસા લેખે ગણાશે. તેની નિશાની એ કે, જે તારે ત્યાં લાલધ્વજા છે, તે ઉત્તમ જીવના પગલાથી ધોળી થઇ જશે તે પ્રમાણે ગુરુના જણાવ્યા અનુસાર તે સંઘપતિએ તો સંઘને જમાડવાનું શરૂ કરી દીધું. એક દિવસ થયો, બે દિવસ થયા, છતાં ધ્વજા ધોળી થઇ નહિ વિચારે છે કે હજુ કોઇ ગામમાં ભાગ્યશાળી જીવ જમવો બાકી રહી જાય છે. તે શંકા અનુસારે ગામમાં સંઘપતિ જાતે ફરી ઘેર ઘેર તપાસ કરે છે. ત્યાં એક શેઠ ને શેઠાણી બહુ જ સુપાત્ર ધર્મિષ્ઠ તેના જોવામાં આવ્યાં, તેમને ઘેર જઈને વિનતિ કરી સાહેબ! આપ સંઘમાં જમવા પધારો, ત્યારે તેઓએ જણાવ્યું કે

અમારે તો અક્રમ છે. જરૂર સંઘપતિ સમજી ગયો કે આ જ' સુપાત્ર સાધર્મિક હોવા જોઇએ, જેના પગલાંથી મારી ધ્વજા ધોળી થઈ જશે ! એમ ગુરુમહારાજે કહેલું છે તે પ્રમાણે મનની સાક્ષીએ દૃઢ નિશ્ચય કરી ફેર ઉપરા ઉપરી જમાડવાનું ચાલુ જ રાખ્યું ને વળતે દિવસે વિનતિ કરી સંઘમાં જમવા તેડી ગયો. તે સાધર્મિકો સંઘમાં જમ્યા ત્યારે તેની લાલ ધ્વજા તે ધોળી થઇ ગઈ. આથી તે જમાડનાર સંઘપતિએ પણ તીર્થંકરગોત્ર બાંધ્યું. આવી રીતે સાધર્મિક જમાડવામાં કોઇ એકાદો પણ ઉત્તમ જીવ આવી જાય તો, એ પૈસાનું સાર્થકપણું થઈ જાય કાયાનું કલ્યાણ થઈ જાય ને પોતામે અનંતો લાભ પ્રાપ્ત થાય, આવું જાણી જે કોઈ સાધર્મિક ભાઈઓની ભક્તિ કરશે, તેમનું વાત્સલ્ય કરશે, તેનું બહુમાન સાચવશે, જેઓ સાધર્મિકના ઉદ્ધારના રસ્તાઓ લેશે તે ખરેખર આ ભવ પરભવ કલ્યાણમાંગલિકમાળાને પામી મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

—: પ્રવચનકાર :—

પરમ પૂજ્ય શ્રી આગમોદ્ધારક મહારાજ સાહેબ

## શાસન મહેલની સીડી

હું જૈન છું અને જૈનત્વ પામ્યો છું એવી માન્યતામાં મગરૂર બનવા પહેલાં જૈનશાસનની કીઠ યાને ઉદ્દેશનું ઉંડાણ અવલોકવાની જરૂર છે.

## જૈન શાસનની ક્રીડ યાને ઉદ્દેશ.

જે જીવો જગતના સર્વ પદાર્થો પ્રત્યે જેવો પ્રેમ રાખે તેવો જ પ્રેમ નિર્ગ્રન્થ (ત્યાગમય) પ્રવચન પ્રત્યે રાખે તે શાસન મહેલના પ્રથમ "અર્થ" નામના પગથીઆ પર ચઢેલા છે.

જે જીવો જગતના કલ્પવૃક્ષ, ચિન્તામણિ, ચિત્રાવેલી વિગેરે સર્વોત્તમ પદાર્થો કરતાં પણ નિર્ગ્રન્થ (ત્યાગમય) પ્રવચનને અધિકપણે અંગીકૃત કરે તે "પરમાર્થ" નામના બીજા પગથીઆ પર ચઢેલા છે.

નિર્ગ્રન્થ પ્રવચન સિવાય વિશ્વમાં વિશ્વાસ પામેલા સર્વ પદાર્થો (જેવાં કે સ્ત્રી, માતા, બાપ, ભાઈ, ભાંડુ, ધન, ધાન્ય, કુટુમ્બ, ઋદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ, રાજા, મહારાજા, ચક્રવર્તિપણું યાવત્ ઇન્દ્રપણું) એ બધા ભયંકર જૂલમગાર છે!!! એવી ધારણા થાય ત્યારે જ "અનર્થ" નામના ત્રીજા પગથીઆ પર ચઢેલા છે. બલ્કે જૈન શાસન મહેલની યથાર્થ મોજ મઝા માણી રહ્યા એમ કહી શકાય, પરન્તુ "અર્થ—પરમાર્થ—અને અનર્થ રૂપ ત્રણ સોપાન સમજવા તે સહેલ નથી.

અર્થાત્—શાસ્ત્રકાર મહર્ષિઓએ શ્રાવકોનું સામાન્ય સ્વરૂપ જણાવતા સ્થાન સ્થાન ઉપર પ્રતિપાદન કરેલ છે, કે "ઇણમેવ નિગ્ગંથે પાવયણે અટ્ઠે પરમટ્ઠે સેસે અણટ્ઠે" એમ જણાવી ત્યાગમય પ્રવચન સિવાય

જગત્‌ભરના જગજાહેર પદાર્થો જાલીમ જુલમગાર છે ! ! !

મહારાજા શ્રેણિક, શાસનભક્ત શ્રીકૃષ્ણ, પ્રદેશી અને આનન્દ શ્રાવક સરખા મહાશયો એ શાસન મહેલની સીડીના ત્રીજા પગથીઆ પર મહાલતા હતા, અને તેથી જ તેઓ હરદમ ત્યાગમય પ્રવચનની હું શ્રદ્ધા કરૂં છું. પ્રતીતિ કરૂં છું, અને રુચિ કરૂં છું એવું બોલતા હતા. આ ઉપરથી અવિરતિ સમ્યગ્‌દૃષ્ટિઓ અને દેશવિરતિવાળાઓએ પણ ત્રણ પગથીઆના પરમાર્થમે સમજી અંતે અનર્થની ભૂમિકામાં જવાની જરૂર છે આથી સ્પષ્ટ થાય છે, કે ત્યાગમય પ્રવચનની શ્રદ્ધા પ્રતીતિ અને રૂચિમાં જૈનપણું અને જૈન શાસન રહેલું છે.

વસ્તુતઃ શાસન મહેલની સીડી પર તે જ શાસન સેવકો સુસ્થિત છે, કે જેઓનું જીવન અર્થ પરમાર્થ અને અનર્થરૂપ સોપાનની સુંદરતા સમજી શક્યા છે ! ! !

આગમોદ્ધારક પર્યુષણા અષ્ટાહ્નિકા વ્યાખ્યાન

પ્રવચનકાર :—પરમ પૂજ્યશ્રી આગમોદ્ધારક મહારાજ સાહેબ.

ભાદરવા શુદિ ૪ એ ભવો ભવની હોળી હોલવવાનો દહાડો. દુનિયામાં હોળી સળગાવવાનો દહાડો. આપણે હોલવવાનો દહાડો.

કર્યું તે કર્મોદયથી, એમ ખમાવવું જોઈએ, માફી લેવી એ ફરજ નથી. આપવી એ ફરજ છે.

પાંચમને દહાડે ચોથનો ગુહ્નો ન બોલાય. ફારગતિ થયા પછી દાવો ન કરાય જૂનું ખાતું માંડી વાળ્યું, ફારગતિની ફરીયાદી નહિ; માટે શાસ્ત્રકાર કહે છે, કે ધર્માર્થિએ સ્વયં શાન્ત થવું.

કોર્ટમાં ખૂની લાંચ આપી છૂટી જાય, પણ અહીં ન છૂટી જવાય, કર્મ ભોગવવું જ પડે. માટે પાપની પ્રશંસા ન કરવી, કિન્તુ પાપની નિંદા-ગર્હા કરીને તેનું ગુરુ મહારાજ પાસે પ્રાયશ્ચિત લઈને પાપને ધોઈ નાખીને શુદ્ધ થવું.

લુકખો રોટલો ખાતી વખતે જો આપવાની ટેવ પડી હશે, તો તે દૂધપાકના કઢાયા આપશે. ટેવ નથી પડી તેમે શક્તિ હશે છતાં પણ આપવા તરફ લક્ષ્ય નહીં જાય, તેમાં નિર્ધન હોય એણે આપેલું-દીધેલું સામાન્ય દાન મહાફળ આપનારૂં થાય છે.

આગમોદ્ધારક ભગવતી દેશના સંગ્રહ ભાગ બીજો પત્રાંક ૪૫૫થી અવતરણ.

—: પ્રવચનકાર :—

પરમ પૂજ્ય શ્રી આગમોદ્ધારક મહારાજ સાહેબ.

સંપ ટકાવવાના ત્રણ કારણો.

સંપ સારો કે કુસંપ ? તો સો એ સો ટકા સંપ

જ સારો લાગે, પણ તેના કારણો કેટલાને ખબર છે ? અને તેનો અમલ કેટલા કરે છે ? ત્રણ વસ્તુ હોય ત્યાં સંપ ટકી શકે.

૧. પોતે કોઈના ગુન્હેગાર બનવું નહિ.

૨. ગુન્હાની માફી આપવી.

૩. ઉપકારના પ્રસંગે ઉપકાર કર્યા વગર ન રહેવું. આ ત્રણ ચીજવાળો સંપ ટકાવી શકે. ઘરમાં બાઈઓ, ભાઈઓ, નાત જાતમાં સંપ ટકાવવો હોય, તો આ ત્રણ વસ્તુઓ અમલમાં જોઈએ સંપ પદાર્થની પ્રીતિ, શબ્દની પ્રીતિ છે, પણ પદાર્થની પ્રીતિ નથી. એવી રીતે ધર્મ શબ્દ જગતભરના દરેકને વહાલો છે, પણ ધર્મ પદાર્થ તેટલો વહાલો કરવો આકરો પડે છે.

## શ્રીમદ્ હરિભદ્રસૂરિ-વિરચિત શ્રી ધર્મબિન્દુ ગ્રંથ

( મૂળ ભાષાન્તર સાથે )

પ્રકાશક :—જૈન આત્માનંદ સભા ભાવનગર

પત્રાંક—૨૨૨ પંચમ અધ્યાય યતિધર્મ ગાથા ૨૯ના ભાષાંતરનું અવતરણ

જો કોઈ પુરુષ અપમાનમો કરનાર પ્રાપ્ત ન થાય તો, આશ્રય વિનાની ક્ષમા કેવી રીતે રાખવી ? ક્ષમા રાખવાની કોઈ પણ જગ્યા જોઈએ, એ માટે એ પુરૂષે મારૂં અપમાન કર્યું, તે ઠીક થયું કે, જેના આશ્રયથી મને ક્ષમા રાખવાનું ફળ મળશે, અને તે અપમાન કરનાર

પુરુષ સત્કાર અને કર્મને યોગ્ય નિશ્ચય નહિ થાય એટલે આ લોકમાં એમો સત્કાર કોઈ નહિ કરે. અને પરલોકમાં એનું સત્કર્મ પણ નહિ ગણાય માટે એની શી ગતિ થશે? એમ વિચારીને એની ઉપર અનુગ્રહ બુદ્ધિ કરવી.

## શ્રીમદ્ હરિભદ્રસૂરિ-વિરચિત શ્રી સંબોધ પ્રકરણ

અનુવાદક :—પન્યાસ પ્રવર શ્રી મેરુવિજયજી ગણિવર્ય

પ્રકાશક :—જૈન ગ્રન્થ પ્રકાશન સભા.

પત્રાંક ૧૬૧નું અવતરણ

પુનઃ શ્રાવક જે દેવદ્રવ્યાદિકની વૃદ્ધિ કરતો વળી (ચોપડા વિગેરે) અને ભૃત્યાદિય (નોકરાદિક) નો ભેળસેળ ન કરે (પોતાનું કામ તેઓની પાસે ન કરાવે) તેનું સંઘ સમક્ષ રક્ષણ કરે, અને જો નાશ પામે તો મૂળ ધન પાછું આપે. "એ પ્રમાણે તે (દેવદ્રવ્યના રક્ષણના) પુણ્યથી મહાશ્રાવક તીર્થંકર નામ કર્મ પ્રાપ્ત કરે છે, અને જે જીવ એ વિધિથી વિપરીત પ્રવર્તન કરે છે તે દુર્લભબોધિ થાય છે."

પત્રાંક ૧૬૩ નું અવતરણ

"શ્રી જિનેશ્વરોના કલ્યાણકોની તિથિઓમાં તથા પર્વોમાં અને પર્વતિથિઓમાં સમ્યક્ પ્રકારે જિનેન્દ્રની ભક્તિ તથા ધર્મ જાગરિકા (રાત્રિ જાગરણ) કરવી."

પરમ પૂજ્ય અધ્યાત્મિજ્ઞાનદિવાકર, યોગનિષ્ઠ સ્વ૦ આચાર્યદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના

પત્ર સદ્દઉપદેશ ગ્રન્થ ભાગ ૨ માંથી ક્ષમાપનાના મહત્વને સમજવાનો પત્ર. પૃષ્ટ ૪૪૬ થી ૪૫૨નું અવતરણ.

લેખક બુદ્ધિસાગર

મુ. મહેસાણા.

સં. ૧૯૭૮ ભાદ્રપદ શુદિ ૬

શ્રી......................તત્ર સંઘ સમસ્ત......................

યોગ્ય ધર્મલાભ વિ. તમારો સાંવત્સરિક ક્ષમાપના પત્ર આવ્યો. વાંચી સમાચાર જાણ્યા. ક્ષમાપના બે ભેદે છે, દ્રવ્યથી અને ભાવથી, ક્ષમા શબ્દનો અર્થ જાણે પણ જેની સાથે ક્ષમાપના કરવાની છે. તેની સાથે ભાવથી ક્ષમાપના ન થાય ત્યાં સુધી દ્રવ્ય ક્ષમાપના છે. ખમવું, ખમાવવું, ઉપશમવું અને ઉપશમાવવું એ ચારિત્રનો સાર છે. આત્મક્ષમાપવાના ઉપયોગે જે જે જીવોની સાથે વૈર વિરોધ થયા તેઓને ખમાવવું. અપરાધોની માફી માગવી અને બીજીવાર અપરાધ ન થાય એવો ભાવ રાખવો તે ભાવક્ષમાપના છે. સમ્યગ્દષ્ટિ આત્મા ભાવક્ષમાપના કરી શકે છે. અજ્ઞાની મિથ્યાદષ્ટિજીવ, ભાવક્ષમાપનાને પ્રાપ્ત કરી શકતો નથી. છદ્મસ્થદશામાં અનેક જીવોના અપરાધો, દોષો, ભૂલો થાય છે. તેથી સર્વજીવોની સાથે મિથ્યા દુષ્કૃત દેવાની જરૂર છે. અન્યજીવોને કોઈ પણ રીતે પીડા કરવાનો પોતાનો-હક્ક નથી. કોઇ પણ જીવને નુકશાન ન પહોચે

તેવી રીતે જેમ બને તેમ વર્તવું જોઇએ. અનુપયોગદશામાં થયેલા દોષોમે અપરાધોમો અંતઃકરણમાં પશ્ચાત્તાપ કરવાથી હૃદયની આત્માની શુદ્ધિ થાય છે. હૃદયમાં અત્યંત પશ્ચાત્તાપ થવાથી ક્ષમાપનાની યોગ્યતા પ્રગટે છે અનંતાનુબંધિ કષાયોના ઉપશમાદિભાવે ભાવક્ષમાપના પ્રગટે છે. સર્વદેહધારિઓને સામાન્યતઃ આત્મસાક્ષીએ ખમાવવાથી અનંતભવનાં કૃત્યકર્મોની નિર્જરા થાય છે.

> ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે ।
> મિત્તિ મે સવ્વજીવેસુ, વેરં મજ્ઝ ન કેણઇ ।।

હું સર્વ જીવોને ખમાવું છું, અને સર્વજીવો મ્હને ખમાવો, સર્વ જીવોની સાથે મારે મૈત્રી છે, કોઈની સાથે વૈર નથી. મૈત્રી ભાવથી વૈરની શાંતિ થાય છે. વૈરના વૈરરૂપ પ્રતિબદલાથી વૈરની વૃદ્ધિ થાય છે. શુદ્ધ પ્રેમથી વૈર શમે છે. ક્ષમાથી વૈર શમે છે, પાક્ષિક ક્ષમાપનાથી સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભનો ઉપશમ તથા ક્ષયોપશમ થાય છે. દૈનિક ક્ષમાપનાથી કષાયોની ઘણી મંદતા થાય છે, અને આત્માની અતિવિશુદ્ધિ થાય છે. ચાતુર્માસિક ક્ષમાપનાથી પ્રત્યાખ્યાની કષાય અત્યંત ઉપશમે છે. સાંવત્સરિક ક્ષમાપનાથી અપ્રત્યાખ્યાની કષાયનું ઘણું જોર ટળે છે, અને અનંતાનુબંધી કષાયનો ઉદય થતો નથી. આત્માની પેઠે સર્વાત્માઓને જાણવા અને ક્ષમાપના કરીને અહર્નિશ વર્તવું. સાધર્મિકોની સાથે ક્રોધાદિક કષાયો ન થવા જોઇએ, અને અનેક ક્ષુદ્ર કારણોથી થયા હોય તો તૂર્ત તેઓની માફી

માગી લેવી. જે માફી માગી ખમાવે છે તે આરાધક છે. અને જે સ્હામો ખરા શુદ્ધ અંતઃકરણથી ખમાવતો નથી તે વિરાધક છે. પોતાના પાડેલા નામની અને દેહાદિરૂપની અહંવૃત્તિ ટળે છે તોજ ક્ષમાપનાની બુદ્ધિ પ્રગટે છે. આત્માર્થિ જીવને ખમતા ખમાવતાં "ચંદનબાળાની" પેઠે કેવળ જ્ઞાન પ્રગટે છે. ક્ષમાપનાથી આત્માની અત્યંત વિશુદ્ધિ થાય છે. અને તેથી અશુદ્ધ આચારો અને પાપમય વિચારો ટળી જાય છે. અને ભવોભવ વૈર કર્મની પરંપરા રહેતી નથી. કુળાચારે વા રૂઢધર્માચારે ગાડરીયા પ્રવાહે "મિચ્છામિદુક્કડં" મિથ્યા મે દુષ્કુતમ્ એમ કહેવાથી અને પશ્ચાત્તાપ નહી થવાથી આત્માની શુદ્ધિ થતી નથી. જેઓની સાથે ક્લેશ થયા હોય તેઓને પ્રત્યક્ષમાં હોય તો રૂબરૂમાં ખમાવો! દૂર હોય તો પત્રથી વા સંદેશાથી ખમાવો. અહંકારનો ત્યાગ કરી લઘુતા ધારણ કરી ખમાવો એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય, સર્વ જીવોને આત્મોપયોગે ખમાવો. કોઈની નિંદા હેલના કરી હોય તેની માફી માગો દુષ્ટ શત્રુઓનું પણ અશુભ ચિંતવ્યું હોય, વાણીથી અશુભ બોલાયું હોય, કાયાથી અશુભ કર્યું હોય તેની માફી માગો, આત્માની સાક્ષીએ સર્વજીવોની માફી માગો. અશુદ્ધ બુદ્ધિનો ત્યાગ કરો. તરવું અને મરવું તે શુદ્ધ બુદ્ધિ અને અશુદ્ધ બુદ્ધિ પર આધાર રાખે છે. રાગ–દ્વેષવાળી તે અશુદ્ધ બુદ્ધિ છે. શુદ્ધ બુદ્ધિમાં વૈર વિરોધ પ્રગટતા નથી તમોગુણી અને રજો-ગુણી બુદ્ધિથી કરેલી ક્ષમાપનાથી આત્માની શુદ્ધિ થતી નથી.

સાત્વિક બુદ્ધિથી પ્રગટેલી ક્ષમાપના અનેક પાપકર્મોનો નાશ કરે છે, અને ભવિષ્યકાળમાં તેથી કર્મો બંધાતા નથી. જ્યારથી કોઈના પર વૈર થયું હોય ત્યારથી એક વર્ષમાં તેની સાથે ક્ષમાપના કરવી જોઈએ, એને જો એક વર્ષ પર્યંતમાં પણ ક્ષમાપના કરવામાં ન આવે તો સમ્યક્ત્વ ટળી જાય છે, અને મિથ્યાત્વનો ઉદય થાય છે, માટે સમ્યગ્દૃષ્ટિયોએ સાંવત્સરિક પ્રતિક્રમણ કરી સર્વ જીવોને ખમાવવા જોઈએ, સર્વ જીવોને આત્મ સરખા જાણીને તેઓની હિંસા તે તે સ્વાત્મહિંસા અને તેઓનું દુઃખ તે આત્મદુઃખ માનીને સર્વની સાથે આત્મભાવે વર્તવું તે જ મોક્ષનો મુખ્ય માર્ગ છે. ભાવ ક્ષમાપના તે જૈનધર્મ છે સર્વ વિશ્વવર્તિ મનુષ્યો ભાવ ક્ષમાપનાથી વર્તે તો દુનિયામાં અનેક દુષ્ટ યુદ્ધો મહાપાપો રહે નહિ. ક્ષમાપનામાં અહિંસા છે. જેનામાં અહિંસા પ્રગટે છે, તે જ ક્ષમાપના કરી શકે છે. અનેક પ્રકારના દુષ્ટ કામાદિ સ્વાર્થોને ટાળવાથી અહિંસા પ્રગટે છે. મોહને ઉત્પન્ન થવાના જેટલા હેતુઓ છે, તે સર્વે જ્યારે વૈરાગ્યરૂપે પરિણમે છે ત્યારે પૂર્ણક્ષમા પ્રગટે છે. ઉપશમભાવે અને ક્ષયોપશમભાવે ક્ષમાપના જાણીને સ્વાધિકારે ક્ષમાપના કરવી. હું સર્વ જીવોની સાથે મૈત્રીભાવના ઉપયોગથી વર્તું છું. કોઈના પર પ્રાયઃ દ્વેષ વૈરવૃત્તિ પ્રગટતી નથી. આત્મા જેવા સર્વ જીવો જણાય છે. આત્માના અસંખ્યપ્રદેશ તેજ હું છું. સર્વ જીવોના અસંખ્યાતપ્રદેશ છે તેઓની જ્યોતિના ઉપયોગમાં રહું છું. શુભાશુભકર્મના ઉદયે અન્યજીવો તો નિમિત્તહેતુભૂત છે એમ

જાણીને તેઓ પર હું રાગદ્વેષ કરતો નથી. મારા આત્મા વિના મારૂં અન્ય કોઈ બુરૂં વા ભલું કરવા સમર્થ નથી. મારા મનમાં અશુદ્ધપરિણતિ ન પ્રગટવા દઉં તો તેથી મારૂં સારૂં કરનાર હું પોતે સિદ્ધ ઠરૂં છું. નિંદામાં અને સ્તુતિમાં અન્યજીવો તો નિમિત્તમાત્ર છે એવા ઉપયોગથી રહું છું. હું અરૂપી છું તેથી મ્હને નિંદા સ્તુતિની અસર થતી નથી, અને સર્વદશામાં પ્રાયઃ સમભાવ રહે તે તેથી ક્ષણેક્ષણે ભાવક્ષમાપનાની દશા રહે છે. સર્વ જીવોની સાથે સમભાવથી વર્તન થાય છે. કદાપિ મોહનો ભાવ પ્રગટવાની તૈયારી થાય છે તો તૂર્ત તેનો ઉપશમભાવ થાય છે. નિંદા કરનાર ઉપર વૈર દ્વેષની લાગણી પ્રગટતી નથી. જે રુચે તે બેદરકારીથી ક્રોધ કરતાં આત્માની અશુદ્ધિ પ્રગટે છે. મનુષ્ય મનુષ્ય પ્રતિ વિચારાચારમાં મતભેદ હોય છે તેથી ક્લેશ વૈર કરતાં કંઈ તેઓનું ભલું કરી શકાય નહીં અને સ્વઆત્માનું પણ ભલું કરી શકાય નહીં એમ જાણી પ્રવર્તું છું. અને તમો પ્રવર્તશો. વૈર વિરોધ કરવાની જરૂર જણાતી નથી. મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ્ય, અને કારુણ્ય એ ચાર ભાવનાઓમે વારંવાર ભાવવાથી ક્ષમાપનાની દશામાં શુદ્ધિ થાય છે. આત્મા અને કર્મનું સ્વરૂપ વિચારતા સર્વ જીવો કર્મના વિશે શુભાશુભ-પ્રવૃત્તિ કરે છે તેમાં મૂળ જીવોનો દોષ નથી પણ તેઓના કર્મની પરિણતિનો દોષ છે તેમાં જીવોપર વૈરઝેર કરવાનું કંઈ કારણ નથી. દારૂની પેઠે કર્મ છે તે જીવોની અવળી બુદ્ધિ કરે છે માટે સર્વજીવોપર મૈત્રીભાવધારણ કરીને

સર્વ જીવોને ખમાવવા. પ્રભુ મહાવીર દેવે જેવી ચંડકૌશિકપર ક્ષમા ધારી હતી, તથા સંગમદેવપર ક્ષમા ધારી હતી તેવી ક્ષમા ધારણ કરીને અપરાધિઓનું શુભ ચિંતવવું. તેઓપર સમભાવ ધારણ કરવો. તેઓ અજ્ઞાન મોહ રૂપ શત્રુઓથી સંસારમાં બંધાએલા છે માટે તેઓ-પર શુભભાવ ધારણ કરવો અને શક્તિ હોય તો તેઓનો અજ્ઞાન મોહથી ઉદ્ધાર કરવો. અન્ય મનુષ્યો વગેરેના અપ-રાધો કર્યા હોય અને તેઓ જીવતા હોય તો છતી શક્તિએ તેઓ પાસે ગમન કરી તેઓની અપરાધમાટે માફી માગવી અને તે પ્રસંગે સ્હામા મનુષ્યોને કોપ થાય અને તેથી પોતાને કોપ અપરાધ કરવાનો પ્રસંગ ન આવે એવી રીતે અત્યંતલઘુતા ક્ષમાથી વર્તવું. ધર્મનું મૂળ ક્ષમા છે. ખમાવવા જતા અન્યોના આત્માઓ ઉપશાંત થાય તેવી મનવાણી કાયાની પ્રવૃત્તિ કરવી. તેઓ પોતાને ન ખમાવે અને વૈર રાખે તો તેઓનું તે જાણે પણ આપણે તો સાચાભાવથી ખમાવી પાછું વૈર ન રાખવું અને પુનઃ અપરાધો ન કરવા એમ વર્તવાથી અવશ્ય મુક્તિની પ્રાપ્તિ થાય છે. વૈરનો બદલો વૈરથી લેવો એવી પરમેશ્વરની આજ્ઞા નથી. વૈરનો બદલો શુદ્ધ પ્રીતિથી વાળો અને ઉપકારથી વાળો એવી શ્રી મહાવીર પરમેશ્વરની આજ્ઞા છે. વૈર અપરાધનો ઉપશમ કરવાથી શાંતિ છે. આપણે ક્ષમાપના કરીએ પણ અન્ય ન કરે તેથી આત્મ-શ્રદ્ધા ન ખોવો. આત્માની શુદ્ધિ, ક્ષમાપના કરવાથી છે એમ નિશ્ચય કરીને ક્ષમાપના કરો ! મનવાણી કાયાથી પ્રવૃત્તિથી

વૈર વિરોધ ક્લેશ ન વધે એવો ક્ષણે ક્ષણે ઉપયોગ ધારવો. બમે ત્યાં સુધી અન્યોના અપરાધો જે જે કર્યા હોય તે તે તત્કાલે ખમાવવા. અહંમમતા જેમ જેમ ટળે છે તેમ તેમ વૈર વિરોધ શમે છે. દેહનામ કીર્તિ આદિ વાસનાઓથી રહિત આત્માના ઉપયોગે વર્તવું. લોકવાસનાથી મુક્ત થતાં આત્માની શક્તિઓ ખીલે છે અને અનેક અશુભપ્રવૃત્તિઓ સ્વયમેવ બંધ પડે છે. જેમ જેમ દુનિયાની ઉપાધિથી મુક્તતા થાય છે તેમ તેમ આત્મા સ્વયં વૈર વિરોધ ક્રોધાદિકકષાયોથી ઘણો મુક્ત થાય છે અને તેથી આત્મ-સુખ અને આત્માનું સ્વાભાવિક જ્ઞાન પ્રગટ થાય છે. પોતાની ભૂલો અને પોતાના દોષોનો ત્યાગ કર્યા વિના કોઇ પણ આત્માની મુક્તિ થતી નથી. જ્યાં સુધી દોષોને ટાળવાની ઈચ્છા નથી, ત્યાં સુધી આત્માને પરમેશ્વર પણ તારવા સમર્થ થતા નથી. મોહને ટાળવામાં પરમેશ્વર ઉપદેશ આપી શકે, પરંતુ મોહને ટાળવો તે તો આત્માના પુરુષાર્થ ઉપર આધાર રાખે છે. ક્ષમાપના કરવી તે પણ આત્માનો પુરુષાર્થ છે. ભાવ ક્ષમાપનાથી આત્મ શુદ્ધિ થાય છે એમ સર્વ તીર્થંકરપરમાત્માઓએ ફરમાવ્યું છે. ક્ષમાપના વિના કોઈની મુક્તિ થઈ નથી, થતી નથી અને થવાની નથી, કોઈ જીવને દુઃખ પીડા સંતાપ ઉપદ્રવ કરવો નહિ, કરા-વવો નહિ, અને કરનારની અનુમોદના કરવી નહિ, તે ક્ષમાપના છે. તે મોક્ષની નિઃસરણિ છે. ક્ષમાપનામાં અમૃત છે. ક્ષમાપનામાં સ્વર્ગ અને મોક્ષ છે. ક્ષમાપનામાં

આત્મ સ્વરાજ્ય છે. અન્તરાત્મદશા પ્રગટવાથી ક્ષમાપના થાય છે આરાધકને ક્ષમાપના કરવાની ઇચ્છા થાય છે. ભાવથી ક્ષમાપના કરનાર ઉત્કૃષ્ટભાવે તદ્ભવમાં મુક્તિ પામે છે. વા ત્રીજાભવમાં મુક્તિ પામે છે. છેવટે સાત આઠભવમાં તો અવશ્ય મુક્તિપદ પામે છે. ક્ષમાપનામાં દૈવીબળ છે તેથી આત્માથી શુદ્ધિ વિજળી વેગે થાય છે. પોતાના હૃદયમાં વૈરદ્વેષ વિરોધભાવ ન રહેવો જોઇએ, પશ્ચાત્ પોતાના નિમિત્તે અવળી પરિણતિવાળાજીવો કર્મ બાંધે તેથી પોતાના આત્માની શુદ્ધિ થતી નથી. આત્માના ઉપયોગે વર્તતાં સહેજે ક્ષણે ક્ષણે ક્ષમાપના છે. અન્યો માટે પોતાનો આત્મા, ક્ષમાપના ભાવે નમી જવો જોઇએ. પોતાના દોષોમાટે પસ્તાય છે, તે ભવ્યજીવમે ક્ષમાપનાની દશા પ્રગટે છે. અમારે આત્મોપયોગે ક્ષમાપના થાય છે જેવું પરમેશ્વરની વિશ્વપર દૃષ્ટિ છે તેવી દૃષ્ટિના આરાધક અમે બનવા પ્રયત્ન કરીએ છીએ. અમુક મારો નિંદક શત્રુ છે એવો ખ્યાલ હૃદયમાં આવતો નથી સર્વજીવો કર્મોથી ઘેરાયેલા છે તેમાં તેઓના કર્મોનો વાંક છે. કર્મોપર અમે જીવોપર કષાય કરવાની જરૂર અંશમાત્ર જણાતી નથી. કોઇ જીવનું અશુભ ચિંતવવાનું નથી, એ સર્વ પ્રતાપ ખરેખર પ્રભુ મહાવીર દેવનો છે. તેમણે આત્માને જાગૃત કર્યો છે. તમે પ્રભુનું સ્મરણ ક્ષણે ક્ષણે કરો અને સર્વ-જીવોની માફી માગી કર્તવ્ય કરો અને શુદ્ધ થાઓ.

॥ ઈત્યેવં ૐ અર્હં મહાવીર શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥

**સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી મહારાજ સાહેબની નોંધપોથીનું પુસ્તક "પાથેય" પત્રાંક/૨૩૫/૨૩૬/૨૩૭માથી અવતરણ**

અમદાવાદ

તારીખ ૨૬-૬-૧૯૧૨

# ❋ વંદનનું વિવેચન ❋

શ્રી દેવેન્દ્રસૂરિજીએ દેવવંદન ભાષ્યમાં દેવવંદનનું સારી રીતે સ્વરૂપ સમજાવ્યું છે. અને ગુરુવંદન ભાષ્યમાં ગુરુવંદનથી થતાં લાભોનું સારી રીતે દિગ્દર્શન કર્યું છે. ગુરુનો વિનય કરવો અને ગુરુની આશાતનાઓ ટાળવી ઈત્યાદિ બાબતોનું સારી રીતે વિવેચન કર્યું છે. ગુરુવંદન કરવાની વિધિ ખરેખર અત્યુત્તમ છે.

ધર્મનું મૂળ વિનય છે. ગુરુના વિનયથી રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે. ગુરુની આજ્ઞામાં ધર્મ છે. ગુરુની આજ્ઞા વિના તપ સંયમનું ફળ પ્રાપ્ત થઈ શકતું નથી. ગુરુને બહુવેલ સંદિસાઉં એમ જે કહેવામાં આવે છે તેમાં રહસ્ય સમાયું છે. "જૈન શાસ્ત્રોમાં ગુરુ" ના વિનયનું સમ્યગ્ સ્વરૂપ દર્શાવ્યું છે. દેવેન્દ્રસૂરિજી મહારાજે અનેક સારા પુસ્તકો લખીને જૈનકોમ ઉપર અતુલ ઉપકાર કર્યો છે તેથી તેમની કીર્તિ સદાકાળ અમર રહેશે.

દરેક જૈને ગુરુવંદન ભાષ્યને એકવાર જરૂરથી વાંચવું યા સાંભળવું જોઈએ, શરીરના અવયવને અમુક બોલ કહીને મુહપત્તિ દ્વારા પડિલેહવામાં આવે છે, તેમાં યોગ વિદ્યાના ગુપ્ત રહસ્યો જણાય છે. યોગિઓ તે જાણે છે અને બીજાઓને સમજાવી શકે છે. પૂર્વના મુનિવરોને શરીરના અમુક અંગોના નિમિત્તે અમુક દુર્ગુણ ઉત્પન્ન થાય છે એવું જ્ઞાન હતું તે આ ઉપરથી સિદ્ધ થાય છે.

ગુરુને કેટલા કારણે વંદન કરવું જોઈએ તે પણ સારી રીતે દર્શાવ્યું છે. જૈનોએ જોગવાઈ મળે તો દરરોજ ગુરુ-વંદન કરવું જ જોઈએ. પેશાબ અને વડી નીતિનું આવશ્યક કાર્ય જેમ કરવું જ પડે છે. અને તે કર્યા વિના છૂટકો થતો નથી, આમ પેશાબ અને વડી નીતિની આવશ્યક્તા જે સમજી શક્તા હોય, પરંતુ ગુરુવંદનની આવશ્યક્તા જે સમજી શકતા ન હોય તે હજી શિષ્ય કે ભકત થવાને લાયક નથી.

ગુરુને વંદન કર્યા બાદ પ્રત્યાખ્યાન કરવું જોઈએ. શ્રીમદ્ દેવેન્દ્રસૂરિજીએ તે માટે પ્રત્યાખ્યાનનું સ્વરૂપ વર્ણવ્યું છે.

મનને જિત્યા વિના પ્રત્યાખ્યાન થઈ શકતું નથી. મનની ઈચ્છાઓને જિતનાર મનુષ્યો પ્રત્યાખ્યાન કરી શકે છે.

મન અને ઇન્દ્રિઓને કબજે રાખવા માટે પ્રત્યાખ્યાનની આવશ્યકતા છે.

પ્રત્યાખ્યાન એ પણ યોગનું એક અંગ છે. તેનો પ્રતિદિન અભ્યાસ વધારવો જોઈએ. દ્રવ્ય પ્રત્યાખ્યાન અને ભાવપ્રત્યાખ્યાન જાણવા જોઈએ.

પ્રત્યાખ્યાન ભાષ્યમાં પ્રત્યાખ્યાન સંબંધી એકંદરે સારું વિવેચન કરવામાં આવ્યું છે. સત્તરમાં સૈકામાં વિજયદેવસૂરિજીના રાજ્યમાં એ ત્રણ ભાષ્ય પર ભાષા ટબ્બો લખવામાં આવ્યો છે.

અંગ તથા ભૂમિ પૂંજી પ્રમાર્જી બેસી ત્રીજા આવશ્યકની મુહપત્તિનું પડિલેહણ કરી દ્વાદશાવર્ત્ત વંદન કરવું, તેમાં બીજી વાર વંદનસૂત્ર બોલી અવગ્રહ બહાર ન નીકળતાં અવગ્રહમાં જ રહેવું.

પછી " ઇચ્છાકારેણ સંદિહ ભગવન્ ! દેવસિઅં આલોઉં ? ગુરુ મહારાજ " આલોએહ " કહે ત્યારે આલોચકે " ઇચ્છં" કહી " આલોએમિ જો મે દેવસિઓ અઇઆરો કઓ " એ સંપૂર્ણ સૂત્ર બોલી " સવ્વસ્સવિ દેવસિઅ દુચ્ચિંતિઅ દુબ્ભાસિઅ દુચ્ચિટ્ઠિઅ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !" ગુરુ મહારાજ " પડિક્કમેહ " કહે ત્યારે " ઇચ્છં " તસ્સ મિચ્છામિ દુક્કડં " કહી અંગ તથા ભૂમિ પૂંજી પ્રમાર્જી વીરાસને બેસવું. વીરાસને બેસવું ન ફાવે તો, જમણો ઢીંચણ ઉંચો રાખી " નમસ્કાર મહામન્ત્ર " કરેમિભંતે સૂત્ર " " ઇચ્છામિ પડિક્કમિઉં જો મે દેવસિઓ અઇઆરો કઓ૦ સૂત્ર " કહી સાધુ મહારાજ " શ્રમણ સૂત્ર " બોલે અને શ્રાવક " વંદિત્તુ સૂત્ર બોલે. તેમાં " તસ્સ ધમ્મસ્સ કેવલિ પન્નતસ્સ. અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ વિરઓમિ વિરાહણાએ તિવિહેણ પડિક્કંતો વંદામિ જિણે ચઉવીસં " એ પદ બોલતાં ઉભા થઈ અવગ્રહની બહાર જઈને બાકીનું સૂત્ર પૂર્ણ કરવું. પછી દ્વાદશાવર્ત્ત વંદન કરવું. તેમાં બીજા વંદન સમયે અવગ્રહમાં રહીને ગુરુ મહારાજ પાસે "અબ્ભુટ્ઠિઓમિ" ખામવાની અનુજ્ઞા માગીને ' અબ્ભુટ્ઠિઓમિ

અભિંતર" સૂત્ર બોલતાં ગુરુ મહારાજને ખમાવવા. પછી અવગ્રહ બહાર નીકળું, પછી અવગ્રહમાં આવી દ્વાદશાવર્ત્ત વંદન કરવું, બીજીવારનું દ્વાદશાવર્ત વંદન સૂત્ર બોલી, અવગ્રહમાં જ ઉભા રહી "આયરિય ઉવજઝાએ" સૂત્ર બોલી અવગ્રહ બહાર નીકળી બાકીના સૂત્રો બોલી પ્રતિક્રમણને પૂર્ણ કરવું.

## ધર્મારાધન પ્રસંગે લાચારી યાને લૂલો બચાવ.

આજે પૂજા સેવા પ્રભુભક્તિ, તપ, જપ આદિ ધર્મ આરાધનના પુણ્ય પ્રસંગે લાચારી બતાવી લૂલો (અપંગ) બચાવ કરીએ છીએ. શું કરીએ પૂજા, સેવાભક્તિ કરવા ભાવના તો ઘણી છે. પરન્તુ સંયોગો ખૂબ પ્રતિકૂળ હોવાથી સવારે ૬—૭ વાગે કામધંધે જવું પડે છે, એટલે લાચાર છું, પૂજા, સેવા ભક્તિનો લાભ લઇ શકું તેમ નથી.

તપશ્ચર્યા કરવાનો અવસર આવે ત્યારે આપણે કહીએ છીએ કે, તપ કરવા મન તો ઘણું થાય છે, પણ તપ કરૂં તો પિત્ત ચઢે, વમન થાય, માથું દુઃખે, ચક્કર આવે, કમ્મરમાં દુઃખાવો ઉપડે, શ્વાસ અને દમ ચઢે, એટલે ખાધા વિના ચાલે તેમ નથી.

જ્ઞાનાભ્યાસ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય, ત્યારે બચાવ કરીએ છીએ કે ભણવાનું મન તો ખૂબ થાય છે કંઠસ્થ કરવા અતિપરિશ્રમ કરવા છતાં જ્ઞાન ચઢતું નથી, ગાથા કંઠસ્થ કરતાં માથું દુઃખવા આવે. કંઠસ્થ કરેલ ભૂલી જવાય એટલે ભણવા ઉપર ખૂબ કંટાળો આવે છે.

આ રીતના ઉત્તરો આપી આપણે આપણો બચાવ કરી આત્મસંતોષ માની લેતા હોઇએ છીએ.

ઘડીભર માની લઇએ કે આપણા સંયોગો એ જ રીતના છે. તો પછી આત્મસંતોષ માની લેવામાં કોઈ વાંધો નહિ ને ? ના આવો લૂલો (અપંગ બચાવ ન ચાલે, આપણે તો આર્ય હોવાથી ભવ ભવાન્તરમાં પૂર્ણ શ્રદ્ધા કરનારા, પ્રતિકૂળ સંયોગોમાં કર્મ તો નિમિત્ત કારણ હોવાથી ગૌણ કારણ છે. મુખ્ય એટલે મૂળભૂત કારણ તો આત્મા છે. પૂર્વ (ગત) ભવોમાં આત્મા આડો-અવળો વર્તી પાપ સંચિત ન કર્યું હોત ? તો આ ભવમાં પ્રતિકૂળતા ક્યાંથી આવત ? આજની પ્રતિકૂળતા અન્ય કોઈએ ઉભી કરેલી નથી. આપણા આત્માએ જ ઉભી કરેલી છે.

આડા અવળા વર્તનમાંથી આત્મા સહેજ વિરમીને આત્મશ્રેયના અસંખ્યયોગ (માર્ગ) પ્રત્યે અત્યલ્પાંશે પણ આરાધકભાવ કેળવીને આત્માને સંસ્કારિત કર્યો હોત ? તો આજે ધર્મારાધનનો પ્રસંગ ઉપસ્થિત થતાં. આત્મા પરમ ઉત્સાહી બની શકય તેટલી પણ ધર્મારાધનમાં પરમ ઉદ્યમશીલ બનત ? આ બધું જોતાં પ્રતિકૂળ સંયોગોના નિમિત્તનું ઓઠું ધરી લૂલો બચાવ કરવો તે સર્વથા અસ્થાને અને આત્માને છેતરવા જેવો ગણાય. એ ઉપરથી નિષ્કર્ષ એ નીકળેલ કે વિરાધકભાવોપેત આત્મા જ આત્માનો કટ્ટર મહારિપુ (મહાશત્રુ) છે.